સાપ્તાહિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 27

■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ અષાઢ સુદ- ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

રવિવાર, ૬ જુલાઈ, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# બાળાસાહેબ જે ન કરી શક્યા, તે ફડણવીસે કરી બતાવ્યું: રાજ ઠાકરે

**આ પુનઃમિલન ‘મરાઠી ગૌરવ’ના એજન્ડા પર છે - એક એવું સૂત્ર જે બાળ ઠાકરેએ પોતાનો આધાર બનાવવા માટે અપનાવ્યું હતું**




**એક મંચ પર:** બે પિતરાઈ ભાઈઓ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે મરાઠીના મુદ્દે ૨૦ વર્ષે મંચ પર આવ્યા હતા. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણના અત્યંત મહત્ત્વના દિવસે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ સંયુક્ત રેલીને સંબોધી હતી અને આ પ્રસંગે પિતરાઈ ભાઈ ઉદ્ધવ ઠાકરે સાથેની સંયુક્ત રેલીમાં બોલતા, મનસેના વડા રાજ ઠાકરેએ મહારાષ્ટ્રના ભાજપના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને એક એવી સિદ્ધિનું શ્રેય આપ્યું હતું જે તેમના મતે હજારો અન્ય લોકો કરી શક્યા નહોતા.

‘ઉદ્ધવ અને હું ૨૦ વર્ષ પછી સાથે આવી રહ્યા છીએ... જે બાળાસાહેબ ઠાકરે ન કરી શક્યા, તે હજારો અન્ય લોકો કરી શક્યા નહીં, તે દેવેન્દ્ર ફડણવીસે કરી બતાવ્યું,’ એમ રાજ ઠાકરેએ વરલીમાં એક વિશાળ કાર્યક્રમમાં મરાઠીમાં પોતાના ભાષણમાં કહ્યું હતું.

બાળ ઠાકરે જીવતા હતા ત્યારે પિતરાઈ ભાઈઓનો સંબંધ તૂટી ગયો હતો, કારણ કે તેમણે શિવસેનાના ઉત્તરાધિકાર માટે રાજ કરતાં તેમના પુત્ર ઉદ્ધવને પસંદ કર્યા હતા.

આ પુનઃમિલન ‘મરાઠી ગૌરવ’ના એજન્ડા પર છે - એક એવું સૂત્ર જે બાળ ઠાકરેએ પોતાનો આધાર બનાવવા માટે અપનાવ્યું હતું.

‘બાળકો પર હિન્દી શા માટે લાદવામાં આવી રહ્યું છે?’ એમ રાજે ભાજપની આગેવાની હેઠળની સરકાર દ્વારા શાળાઓમાં હિન્દીને ત્રીજી ભાષા તરીકે રજૂ કરવાના પાછળથી પાછા ખેંચાયેલા નિર્ણયનો ઉલ્લેખ કરતા કહ્યું હતું.

રાજ પછીના ભાષણમાં ઉદ્ધવે કહ્યું હતું કે, ‘જ્યારે મરાઠી ભાષાની વાત આવે છે, ત્યારે રાજ, હું અને અહીંના બધા લોકો એક છીએ.’

‘હા, અમે ગુંડા છીએ; જો ન્યાય મેળવવા માટે અમારે ગુંડા બનવું પડે, તો અમે ગુંડાગીરી કરીશું,’ એમ પણ ઉદ્ધવે ભારપૂર્વક કહ્યું હતું.

ઠાકરેના કાર્યકર્તાઓ દ્વારા મરાઠીમાં ન (જુઓ પાનું ૨) ▸▸

# અમેરિકાના ટેક્સાસમાં પૂરમાં ૨૭નાં મોત







**અણધારી આફત:** ટેક્સાસના સેન્ટ્રલ કેર કાઉન્ટીમાં એક જ રાતમાં વરસેલા ૧૦ ઈંચ વરસાદને કારણે ગ્વાડાલૂપ નદી બે કાંઠે વહેતાં પૂરની પરિસ્થિતિ નિર્માણ પામી હતી. માત્ર બે જ કલાકનાં ટૂંકા ગાળામાં નદીનાં જળસ્તરમાં બાવીસ ફૂટનો વધારો થયો હતો. અનેક વિસ્તાર પર પૂરનાં પાણી ફરી વળ્યાં હતાં. ભારે વરસાદને કારણે ઓછામાં ઓછાં ૨૭ જણનાં મોત થયાં હતાં. બચાવ કામગીરી માટે બૉટ, હેલિકૉપ્ટર અને ડ્રોનની મદદ લેવામાં આવી હતી. હેલિકૉપ્ટર મારફતે ૧૬૭ સહિત કુલ ૨૩૭ લોકોને સુરક્ષિત રીતે ઉગારી લેવામાં આવ્યા હતા. (એજન્સી)

## સમર કેમ્પમાં આવેલી ૨૦થી વધુ છોકરીઓ ગુમ

કેરવિલે (અમેરિકા) : અમેરિકાના ટેક્સાસના ટેક્સાસ હિલ કન્ટ્રી વિસ્તારમાં થોડા કલાકોમાં જ ભારે વરસાદ વરસ્યો હતો જેમાં ૨૭ લોકોનાં મોત થયાં હતાં અને અનેક લોકો ગુમ થયા હતા જેમાં એક સમર કેમ્પમાં સામેલ થયેલી ૨૦થી વધુ છોકરીઓ પણ સામેલ છે. રેસ્ક્યૂ ટીમોએ પૂરના પાણીમાં બોટ અને હેલિકોપ્ટર દ્વારા અનેક લોકોને બચાવ્યા હતા. પૂર ક્ષેત્રમાં ફસાયેલા લોકો વિશે માહિતી મેળવવા માટે પરિવારજનોએ સોશિયલ મીડિયા પર અપીલ કરી હતી. સેન્ટ્રલ કેર કાઉન્ટીમાં રાત્રિ દરમિયાન ઓછામાં ઓછો ૧૦ ઇંચ (૨૫ સેન્ટિમીટર) વરસાદ વરસ્યો હતો જેના કારણે ગ્વાડાલૂપ નદીમાં અચાનક પૂર આવ્યું હતું.

શુક્રવારે મોડી રાત્રે એક પત્રકાર પરિષદમાં કેર કાઉન્ટી શેરિફ લૈરી લીથાએ જણાવ્યું હતું કે ૨૭ લોકોનાં મોત થયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૨૩૭ લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જેમાંથી ૧૬૭ લોકોને હેલિકૉપ્ટર મારફતે બચાવાયા છે. ગુમ થયેલા બાળકો હન્ટના નાના શહેરમાં ગ્વાડાલૂપ નદીના કિનારે એક ખ્રિસ્તી શિબિર, કેમ્પ મિસ્ટિકમાં હાજરી આપી રહ્યા હતા. ૧૩ વર્ષીય એલિનોર લેસ્ટરે જણાવ્યું હતું કે તેણી અને તેના સાથીઓને હેલિકૉપ્ટર દ્વારા સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા.

લેસ્ટરે કહ્યું હતું કે રાત્રે ૧:૩૦ વાગ્યાની આસપાસ એક ભયાનક વાવાઝોડું તેમના કેબિન પર ત્રાટક્યું અને જ્યારે બચાવ ટીમ ત્યાં પહોંચી ત્યારે તેમણે છોકરીઓ માટે દોરડું બાંધ્યું જેથી તેઓ પુલ પાર કરી શકે. તેમના કેબિનમાં બાળકો પૂરના પાણીમાં તણાઇ રહ્યા હતા. કેમ્પ સંપૂર્ણપણે નાશ પામ્યો હતો. તેમણે કહ્યું હતું કે એક હેલિકૉપ્ટર ઉતર્યું અને લોકોને સુરક્ષિત સ્થળે લઇ જવાની શરૂઆત કરી હતી. પરિસ્થિતિ હજુ પણ વણસી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃત્યુઆંકમાં વધારો થઇ શકે છે. ગુમ થયેલા લોકોને શોધવા માટે બચાવ કામગીરી ચાલુ છે. અધિકારીઓ હજુ પણ મૃતકોની ઓળખ માટે કામ કરી રહ્યા છે. નેશનલ વેધર સર્વિસના ઓસ્ટિન/સાન એન્ટોનિયો (જુઓ પાનું ૨) ▸▸

## પશ્ચિમ રાજસ્થાનમાં ભારે વરસાદ, ઈન્દ્રગઢમાં પાંચ ઈંચથી વધુ વરસાદ વરસ્યો

જયપુર : રાજસ્થાનમાં અનેક વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ખાસ કરીને પશ્ચિમ રાજસ્થાનમાં ભારે વરસાદ વરસ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં બુંદીના ઇન્દ્રગઢમાં સૌથી વધુ ૧૪૪ મિ.મી વરસાદ વરસ્યો હતો. હવામાન કેન્દ્ર જયપુર અનુસાર, રાજ્યમાં હજુ પણ વરસાદ યથાવત રહેશે.

તેમાં કહેવામાં આવ્યું છે કે શનિવારે સવારે ૮:૩૦ વાગ્યા સુધી છેલ્લા ૨૪ કલાકમાં ઇન્દ્રગઢમાં ૧૪ સેમી, ધૌલપુરના બાડીમાં ૭ સેમી, જયપુરના ફાગીમાં પાંચ સેમી, રાજસમંદના આમેટ, અલવરના કઠૂમર, બારાંના કિશનગંજ, બાડમેરના સેડવા અને ટોંકના માલપુરામાં ત્રણ-ત્રણ સેમી વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે આ ઉપરાંત બિકાનેર, નાગૌર, ભીલવાડા, ડુંગરપુર, ઉદયપુર, ઝૂંઝુનુ અને સવાઈમાધોપુર સહિત વિવિધ જિલ્લાઓમાં ઘણી જગ્યાએ એક સેન્ટિમીટરથી વધુ વરસાદ નોંધાયો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે પૂર્વી રાજસ્થાનના કોટા, અજમેર, જયપુર, ભરતપુર અને ઉદયપુર વિભાગના કેટલાક ભાગોમાં આગામી ત્રણથી ચાર દિવસ સુધી વરસાદ વરસવાની સંભાવના છે અને કેટલાંક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી.

## ભારતીય મહિલા ટીમે પચીસ બૉલમાં નવ વિકેટ લીધી, નવો વર્લ્ડ રેકૉર્ડ રચ્યો

ઓવલ (લંડન): હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતની મહિલા ટીમ શુક્રવારે અહીં ઇંગ્લૅન્ડ સામેની ત્રીજી ટી-૨૦માં છેલ્લા બૉલ પર ફક્ત પાંચ રનના તફાવતથી પરાજિત થઈ હતી, પણ એ પહેલાં ભારતીય ટીમે એવો વિશ્વ વિક્રમ રચ્યો જે પુરુષો અને મહિલાઓ, બન્નેની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અત્યાર સુધી નહોતો થયો. ભારતે ઇંગ્લિશ ટીમની નવ વિકેટ માત્ર પચીસ બૉલમાં લીધી હતી જે અગાઉ ક્યારેય કોઈ ઇન્ટરનૅશનલ મૅચમાં નહોતું બન્યું.

ઇંગ્લૅન્ડે બૅટિંગ લીધા બાદ ખૂબ જ સારી શરૂઆત કરી હતી. ૭૫ રન બનાવનાર ઓપનર સૉફી ડન્ક્લી અને ૬૬ રન કરનાર સાથી ઓપનર ડૅની વ્યૉટ-હૉજ વચ્ચે પ્રથમ વિકેટ માટે ૧૩૭ રનની ભાગીદારી થઈ હતી. આ પાર્ટનરશિપ ૧૫.૧ (જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પે ટૅક્સ બ્રૅક્સ ઍન્ડ સ્પૅન્ડિંગ કટ બિલ પર સહી કરી

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચાર જુલાઈએ એટલે કે અમેરિકાના સ્વાતંત્ર્ય દિને લોકોની સમક્ષ ટૅક્સ બ્રૅક્સ ઍન્ડ સ્પૅન્ડિંગ કટ બિલ પર સહી કરતાં શુક્રવારથી તે કાયદો બની ગયો છે.

સ્થાનિક પ્રાથમિકતાને ધ્યાન પર લઈને ટૅક્સ બ્રૅક્સ ઍન્ડ સ્પૅન્ડિંગ કટ બિલને રિપબ્લિકનોએ પણ સર્વાનુમતીથી ટેકો આપ્યો હતો જે ટ્રમ્પની અમેરિકાના પ્રમુખ તરીકેની બીજી મુદતને બળ મળશે. આ ખરડા પર સહી કરીને ટ્રમ્પે ઐતિહાસિક સિદ્ધિ મેળવી હતી.

બિલ પર સહી કરતાં અગાઉ ટ્રમ્પે બાવીસ મિનિટનું ભાષણ આપ્યું હતું. ઈરાનના અણુ કાર્યક્રમ પર લગામ તાણવા કરવામાં આવેલા બૉમ્બમારાનો ઉલ્લેખ કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા અગાઉ ક્યારેય ન બન્યું હોત તે રીતે વિજેતા, વિજેતા, વિજેતા બની રહ્યું છે. અમે વચનો આપ્યાં, વચનો પાળ્યાં અને ભવિષ્યમાં પણ અમે તેનું પાલન કરીશું, એમ તેમણે કહ્યું હતું.

ટીકાકારોએ કહ્યું હતું કે ટ્રમ્પે અમેરિકાના ઈતિહાસના સૌથી ખરાબ એવા નોકરી છીનવી લેતાં અને ધનવાનોની તરફદારી કરતા ખરડા પર સહી કરી છે.

અમેરિકાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે વ્હાઈટ હાઉસ પરથી ફાઈટર જૅટ અને સ્ટીલ્થ બૉમ્બર ઉડતા જોવા મળ્યા હતા. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી માટે વ્હાઈટ હાઉસને અમેરિકાના રાષ્ટ્રધ્વજની પતાકાઓથી શણગારવામાં આવ્યું હતું. (એજન્સી)

## આણંદમાં ₹ ૫૦૦ કરોડના ખર્ચે બનનારી દેશની પ્રથમ સહકારી યુનિવર્સિટીનું અમિત શાહે ભૂમિપૂજન કર્યું




**શિલારોપણ વિધિ:** ગુજરાતના આણંદ જિલ્લામાં શરૂ કરવામાં આવેલી ભારતની સૌપ્રથમ નેશનલ યુનિવર્સિટી ફૉર કોઓપરેટિવ્સની શનિવારે યોજાયેલી શિલારોપણ વિધિ દરમિયાન કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ અને ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ. (એજન્સી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહના વરદ્ હસ્તે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની ઉપસ્થિતિમાં આણંદના વાલ્મી ખાતેથી દેશની પ્રથમ રાષ્ટ્રીય સ્તરની સહકારી યુનિવર્સિટી ત્રિભુવન સહકારી યુનિવર્સિટીનું ભૂમિપૂજન અને શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. અમિત શાહે ત્રિભુવન સહકારી યુનિવર્સિટી તથા ત્રિભુવન પટેલના સહકારીતા ક્ષેત્રમાં કરેલ પ્રદાનને દર્શાવતી તકતીનું અનાવરણ પણ કર્યું હતું. કેન્દ્રીય (જુઓ પાનું ૨) ▸▸

## ભાગેડુ નીરવ મોદીના ભાઇ નેહલની અમેરિકામાં ધરપકડ

**૧૩ હજાર કરોડના કૌભાંડમાં છે આરોપી**

નવી દિલ્હી: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ) દ્વારા પ્રત્યર્પણ કરવાની અપીલના આધારે અમેરિકાના અધિકારીઓએ ભાગેડુ હીરા વેપારી નીરવ મોદીના નાના ભાઈ નેહલ મોદીની ધરપકડ કરી છે. અધિકારીઓએ શનિવારે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે અમેરિકાના અધિકારીઓએ ભારતને જાણ કરી હતી કે નેહલ મોદીને શુક્રવારે કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે કેસની આગામી સુનાવણી ૧૭ જુલાઈના રોજ યોજાશે અને તે સુનાવણીમાં નેહલ જામીન (જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૬-૭-૨૦૨૫ થી તા. ૧૨-૭-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ સિંહ રાશિમાં સમગતિએ ભ્રમણ કરે છે. માર્ગી બુધ કર્ક રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં મંદ ગતિએ ભ્રમણ કરે છે. શુક્ર વૃષભ રાશિમાં સમગતિએ ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તા. ૬ઠ્ઠીએ વૃશ્ચિક રાશિમાં પ્રવેશે છે. તા. ૯મીએ ધનુ રાશિમાં પ્રવેશે છે. તા. ૧૧મીએ મકર રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં નિયમિતતા અને સફળતાનો અનુભવ કરશો. નોકરી માટે તા. ૯, ૧૦, ૧૧ શુભ છે. ધાર્યા મુજબના કામકાજના પ્રશ્નનો ઉકેલ આવશે. તા. ૧૧મીએ કાર્યક્ષેત્રની વિશિષ્ટ વાટાઘાટો સફળ થશે. પ્રવાસ દ્વારા નાણાં ઉઘરાણીનાં કામકાજ સફળ પુરવાર થશે. કુટુંબના સભ્યો સાથેના મતભેદોનો ઉકેલ મહિલાઓને પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાય.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકશો. નોકરીમાં પરિવર્તનો સ્વીકારી શકશો. નોકરીની બદલી શક્ય છે. તા. ૭, ૮મીએ નોકરીના સહકાર્યકરો સાથેનો વિવાદ દૂર થશે. કુટુંબીજન સાથેનો વિવાદોનો ઉકેલ આવે. મહિલાઓને આ સપ્તાહમાં અપેક્ષા મુજબ નોકરીની પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના નિર્ણયો લેવા માટે અનુકૂળતા જણાશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આત્મવિશ્વાસ, કાર્યદક્ષતા, અનુભવ અને ગોચરગ્રહફળ શુભ પુરવાર થશે. નોકરીમાં તા. ૬, ૭, ૮ શુભ જણાય છે. નાણાંના આયોજનો અનુકૂળ પુરવાર થશે. નાણાંની પ્રવાહિતા જળવાશે. કારોબારની નાણાંની આવક સફળ પુરવાર થશે. કુટુંબના સભ્યોમાં મહિલાઓને માન-પાનનો અનુભવ થશે. પ્રગતિ જળવાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં વાંચન અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કારોબાર, નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. નોકરી માટે તા. ૯, ૧૦, ૧૧ શુભ જણાય છે. નોકરીમાં જૂનાં અધૂરા કાર્ય પૂર્ણ કરી શકશો. ભાગીદારના સંબંધોમાં વધુ ગહનતા, એકવાક્યતા આવશે. કારોબારની નાણાંની આવકની વૃદ્ધિ થશે. કિંમતી ચીજોની ખરીદી શક્ય જણાય છે. મહિલાઓના કામકાજમાં પરિવર્તનો આવે તેમ છે. વિદ્યાર્થીઓને શાળા-કોલેજના અભ્યાસમાં સફળતાનો અનુભવ થશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! શૅરબજાર માટે આ સપ્તાહના ગોચરફળ શુભ જણાય છે. નોકરીમાં આ સપ્તાહમાં સ્થળની બદલી શકય છે. તા. ૧૦, ૧૧, ૧૨મીએ નોકરી અર્થે સફળ પ્રવાસ જણાય છે. ભાગીદારીના મતભેદોનો ઉકેલ આવે. સંતાનના અભ્યાસના મૂંઝવતા પ્રશ્નનો ઉકેલ આવે. મહિલાઓને પરિવારના પ્રાસંગિક જવાબદારીના કામકાજમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અનુકૂળતાઓ અને સફળતાનો અનુભવ થાય.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે-વેંચના વેપારમાં સફળતા જણાશે. નોકરીમાં છુપા હરીફની ઓળખ થાય. તા. ૧૧, ૧૨ નોકરીની મહત્ત્વની જવાબદારી પૂર્ણ થતી દર્શાવે છે. અધિકારીનો સહયોગ મેળવશો. ભાગીદારનો સહયોગ કાર્યક્ષેત્રે મેળવશો. કુટુંબના સદસ્યોમાં સંપ જળવાશે. ગૃહિણીઓનો પ્રસંગ સફળ પુરવાર થશે. વિદ્વાનોમાં વિદ્યાર્થીઓની ગણના માન-સન્માન થાય. તેજસ્વિતામાં ઉમેરો થશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સફળતા જણાય છે. નોકરીમાં ૧૦, ૧૧, ૧૨ શુભ પુરવાર થશે. નવી નોકરી પ્રારંભ પણ થાય. મકાન-જગ્યા મિલકત માટે સપ્તાહ સાનુકૂળ પુરવાર થશે. વાહન તથા કાર્યાલય માટે જરૂરી સાધન-સગવડતાઓ પ્રાપ્ત કરશો કારોબારમાં પ્રગતિ અનુભવશો. ગૃહિણીઓને પરિવાર માટે કિંમતી ચીજોની ખરીદી માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શાળા કોલેજના અભ્યાસમાં પ્રગતિ જાળવી શકશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયનું રોકાણ શક્ય છે. નોકરી માટે આ સપ્તાહના ગોચરફળ શુભ પુરવાર થશે. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. મિલકત, વાહનની ખરીદી માટે આ સપ્તાહ અનુકૂળ જણાતું નથી. વેપારમાં યશસ્વી અનુભવ થાય. કારોબારની આવક જળવાઈ રહેશે. મહિલાઓને સંતાનના શૈક્ષણિક જવાબદારીના કામકાજમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસના વિષયનો પ્રારંભ કરી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાંરોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. તા. ૧૦, ૧૧, ૧૨મીએ નોકરીના ક્ષેત્રે પ્રગતિની સફળતા દર્શાવે છે. નાણા અધ્યયના સાધનો અધિક છતાંય આ સપ્તાહમાં નાણાંની આવક જળવાઈ રહેશે તેમ દર્શાવે છે. વેપાર માટે જરૂરી સાધનો મેળવી શકશો. સરકારી કાયદાકીય કામકાજ પૂર્ણ કરી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયનું નાણારોકાણ અપેક્ષાનુસાર કરી શકશો. નોકરીમાં તા. ૬, ૭, ૮ શુભ પુરવાર થશે. તથા નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય છે. ધાર્યા મુજબના વેપારના કામકાજમાં વાટાઘાટો તા. ૧૦, ૧૧, ૧૨મીએ સંપન્ન થતી જણાશે. આત્મવિશ્વાસ અને કાર્યદક્ષતા દ્વારા કારોબારમાં મહિલાઓ પ્રગતિ સાધી શકશે. વિદ્યાર્થીઓનું મનોબળ અધ્યયચન ક્ષેત્રે જળવાઈ રહેશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણારોકાણના નિર્ણયો સફળ બની રહેશે. નોકરીમાં તા. ૭, ૮, ૯ સફળતાસૂચક છે. નોકરીમાં નવીન કાર્યપદ્ધતિની જાણકારી મેળવી શકશો. કાર્યક્ષેત્રે નાણાઆવકની વૃદ્ધિ થશે. અપેક્ષિત કામકાજ સમયાનુસાર પૂર્ણ કરી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં નવી નોકરી, નવા કામકાજના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં વાંચન-અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અનુકૂળતા અનુસાર સફળ તકો મેળવશો. દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૧૦, ૧૧, ૧૨ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો સાથેના કામકાજમાં ઉત્સાહ અનુભવશો. વ્યવસાયમાં પ્રગતિનો અનુભવ કરશો. નાણાંની આવકની અનુકૂળતા અનુભવશો. મહિલાઓને નિજી પ્રવૃત્તિઓમાં સફળતાનો અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો સફળ પુરવાર થતાં જણાશે.

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ પ્રારંભ, રવિવાર, તા. ૬-૭-૨૦૨૫, દેવશયની એકાદશી, ચાતુર્માસ્યારંભ, પંઢરપુર યાત્રા

ભારતીય દ્નિાંક ૧૫, માહે અષાઢ, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ-૧૧

જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ-૧૧

પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪

પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪

પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૭

મીસરી રોજ ૧૧મો, માહે ૧લો મોહરમ,સને ૧૪૪૭

નક્ષત્ર વિશાખા રાત્રે ક. ૨૨-૪૧ સુધી, પછી અનુરાધા

ચંદ્ર તુલામાં સાંજે ક. ૧૬-૦૦ સુધી, પછી વૃશ્ચિકમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત),વૃશ્ચિક (ન, ય)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૧, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-

ભરતીઃ સવારે ક. ૦૯-૩૧, રાત્રે ક. ૨૦-૧૯

ઓટઃ બપોરે ક. ૧૫-૦૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૪ (તા. ૭)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,

‘વિશ્વાવસુ’નામ સંવત્સર, અષાઢ શુક્લ - એકાદશી. દેવશયની એકાદશી (દ્રાક્ષ) ચાતુર્માસ્યારંભ, પંઢરપુર યાત્રા, સૌરાષ્ટ્રમાં મોળાકાત પ્રારંભ. રવિનારાયણ એકાદશી (ઓરિસ્સા), મોહરમ તાજિયા (મુસ્લિમ), ભદ્રા સવારે ક. ૦૮-૦૮ થી ૨૧-૧૫. વિંછુડો પ્રારંભ સાંજે ક. ૧૬-૦૦. સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુમાં વાહન અશ્વ

શુભાશુભ દ્નિશુદ્ધિઃ સવારે ક. ૦૯-૦૩થી રાત્રે ક. ૧૫-૪૦.

મુહૂર્ત વિશેષઃ દેવશયની એકાદશી ઉત્સવ, ઉપવાસ, વિઠ્ઠલ-રુકમિણી મંદિર, લક્ષ્મીનારાયણ મંદિર, હવેલી મંદિરમાં વિશેષ ઉત્સવ, ઈન્દ્રપૂજા, અગ્નિપૂજા, નવા વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.

આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ કર્મઠ સ્વભાવ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ વિવાદાસ્પદ વર્તન.

ખગોળ જયોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ (તા. ૭), સૂર્ય પુનર્વસુ પ્રવેશ,

ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૬-૭-૨૦૨૫ થી તા. ૧૨-૭-૨૦૨૫

રવિવાર, અષાઢ સુદ-૧૧, વિ. સં. ૨૦૮૧, તા. ૬ઠ્ઠી જુલાઈ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર વિશાખા રાત્રે ક. ૨૨-૪૧ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં સાંજે ક. ૧૬-૦૦ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. અષાઢ શુક્લ - એકાદશી. દેવશયની એકાદશી (દ્રાક્ષ) ચાતુર્માસ્યારંભ, પંઢરપુર યાત્રા, સૌરાષ્ટ્રમાં મોળાકાત પ્રારંભ. રવિનારાયણ એકાદશી (ઓરિસ્સા), મોહર્રમ તાજિયા (મુસ્લિમ), ભદ્રા સવારે ક. ૦૮-૦૮ થી ૨૧-૧૫. વિંછુડો પ્રારંભ સાંજે ક. ૧૬-૦૦. (સવારે ક. ૦૯-૦૩થી રાત્રે ક. ૧૫-૪૦. શુભ કાર્ય વર્જ્ય છે.)

સોમવાર, અષાઢ સુદ-૧૨, તા. ૭મી. નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૧૧ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વામન પૂજા, ગુરુ પૂર્વોદય, વિંછુડો. શુભ દિવસ.

મંગળવાર, અષાઢ સુદ-૧૩, તા. ૮મી, નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૪ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૪ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. ભોમપ્રદોષ, ગુજરાતમાં મોળાકાત અને જયાપાર્વતી વ્રતારંભ, વિંછુડો સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૪. (તા. ૯) શુભ દિવસ.

બુધવાર, અષાઢ સુદ-૧૪, તા. ૯મી, નક્ષત્ર મૂળ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૪૯ સુધી (તા. ૧૦), પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. શિવશયન ચતુર્દશી (ઓરિસ્સા), મેલા જવાલામુખી (કાશ્મીર), ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૫-૩૬ (તા. ૧૦). શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, અષાઢ સુદ-૧૫, તા. ૧૦મી, નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૫ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, અષાઢી પૂર્ણિમા, ગુરુપૂર્ણિમા, વ્યાસપૂર્ણિમા, સૌરાષ્ટ્રમાં મોળાકાતનું જાગરણ, સંન્યાસીના ચાતુર્માસ્યારંભ. વાલ્મીકિ નગરયાત્રા, મન્વાદિ, અન્વાધાન, કોકિલા વ્રતારંભ, શિવશયનોત્સવ (ઓરિસ્સા) ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૩-૫૪. શુભ દિવસ.

શુક્રવાર, અષાઢ વદ-૧, તા. ૧૧મી, નક્ષત્ર ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં બપોરે ક. ૧૨-૦૮ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, સૌરાષ્ટ્રમાં મોળાકાતના પારણા, પારસી ૧૨મો સ્પેન્દાર્મદ માસારંભ. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, અષાઢ વદ-૨, તા. ૧૨મી, નક્ષત્ર ઉત્તરાષાઢા સવારે ક. ૦૬-૩૫ સુધી પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. ગુજરાતમાં મોળાકાત અને જયાપાર્વતી વ્રતનું જાગરણ, હિંડોળા પ્રારંભ, અશૂન્યશયન વ્રત. શુભ દિવસ.

# બિહારમાં ઉદ્યોગપતિની હત્યા બાદ એક્શનમાં મુખ્ય પ્રધાન, કડક કાર્યવાહીના નીતીશ કુમારે આપ્યા આદેશ

પટના : બિહારના જાણીતા ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની પટનામાં તેમના નિવાસસ્થાન નજીક મોટરસાઇકલ પર સવાર હુમલાખોરે ગોળી મારીને હત્યા કરી હતી. પોલીસે શનિવારે આ માહિતી આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે આ ઘટના શુક્રવારે રાત્રે લગભગ ૧૧:૪૦ વાગ્યે ગાંધી મેદાન વિસ્તારમાં બની હતી.

પોલીસ અધિક્ષક (પટના સેન્ટ્રલ) દીક્ષાએ પત્રકારોને જણાવ્યું હતું કે, સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને પેટ્રોલિંગ વાહનોમાં પોલીસકર્મીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ફોરેન્સિક નિષ્ણાતો પુરાવા એકત્રિત કરી રહ્યા છે. તપાસ ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે, ‘‘સીસીટીવી ફૂટેજ સ્કેન કરવામાં આવી રહ્યા છે. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે ખેમકાને મોટરસાઇકલ પર આવેલા અજાણ્યા હુમલાખોરે ગોળી મારી હતી.’’ ખેમકાના પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, છ વર્ષ પહેલાં હાજીપુરમાં ગુનેગારોએ તેમના પુત્રની પણ ગોળી મારીને હત્યા કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવા માટે શનિવારે મુખ્ય પ્રધાન નીતીશ કુમારે એક બેઠકનું નેતૃત્વ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે બેઠકમાં ખેમકાના હત્યા કેસની પણ ચર્ચા કરવામાં આવી હતી. બિહારના પોલીસ મહાનિર્દેશક વિનય કુમાર અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા હતા.

મુખ્યપ્રધાન કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ‘‘મુખ્ય પ્રધાને ભાર મુક્યો હતો કે કાયદો અને વ્યવસ્થા એનડીએ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને બેદરકારીના કિસ્સામાં પોલીસકર્મીઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી.’’ નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ‘‘નીતિશે સંબંધિત અધિકારીઓને ખેમકાની હત્યાની તપાસ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાના નિર્દેશ આપ્યા હતા.’’

ખેમકાના કેટલાક સંબંધીઓ અને પરિવારના સભ્યોએ આરોપ લગાવ્યો હતો કે પોલીસકર્મીઓ ઘટનાના લગભગ બે કલાક પછી ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

બિહારના પોલીસ મહાનિર્દેશક વિનય કુમારે પીટીઆઇ સાથેની વાતચીતમાં આ આરોપને નકારી કાઢ્યો હતો. કુમારે કહ્યું હતું કે, ‘‘પોલીસ કાર્યવાહીમાં વિલંબનો કોઈ પ્રશ્ન જ નથી. વાસ્તવમાં આ ઘટનાની માહિતી શુક્રવારે રાત્રે લગભગ ૧૨:૩૦ વાગ્યે પોલીસને મળી હતી. શુક્રવારે રાત્રે ૧૧:૪૦ વાગ્યે ફાયરિંગ થયા બાદ પરિવારના સભ્યો તેમને (ખેમકા) કાંકરબાગ વિસ્તારની એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા, જેમાં લગભગ ૩૦ થી ૩૫ મિનિટ લાગી હતી. હોસ્પિટલના અધિકારીઓએ પોલીસને જાણ કરી હતી. વરિષ્ઠ અધિકારીઓ લગભગ ૧૨.૪૦ વાગ્યે ઘટનાસ્થળે પહોંચ્યા હતા.’’

તેમણે કહ્યું હતું કે ઉદ્યોગપતિની હત્યા કેસની તપાસ પર નજર રાખવા માટે એક સીટની રચના કરવામાં આવી છે. ■

## બંગાળમાં ક્રૂડ બૉમ્બ વિસ્ફોટમાં એકનું મોત, એક ઘાયલ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના પૂર્વ વર્ધમાન જિલ્લામાં એક ક્રૂડ બોમ્બ વિસ્ફોટમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જ્યારે એક વ્યક્તિ ઘાયલ થયો હતો. આ માહિતી પોલીસે શનિવારે આપી હતી.

આ ઘટના કટવા સબ-ડિવિઝનના રાજાઓ ગામમાં રાત્રે લગભગ ૮-૩૦ વાગ્યે બની હતી. ત્યારબાદ રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો. તેમણે જણાવ્યું કે વિસ્ફોટ એટલો તીવ્ર હતો કે જે ઘરમાં બોમ્બ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું ત્યાં ટીનની છત ઊડી ગઇ હતી. સ્થાનિકોએ જણાવ્યું કે વિસ્ફોટ એક ખાલી ઘરમાં થયો હતો. જ્યાં અવારનવાર અસામાજિક તત્ત્વો ક્રૂડ બોમ્બ બનાવવા માટે આવતા રહે છે.

એક રહેવાસીએ જણાવ્યું કે સતત બે મોટા વિસ્ફોટ થતાં સમગ્ર વિસ્તાર કંપી ઉઠ્યો હતો. વિસ્ફોટથી નજીકનાં ઘરોના બારી-દરવાજા ખળભળી ગયા હતા. માહિતી મળતાની સાથે જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘરની અંદરથી એક બળી ગયેલી લાશ મળી આવી હતી. જ્યારે તુફાન ચૌધરી નામનો બીજો વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ હાલતમાં મળી આવ્યો હતો. તેને સ્થાનિક હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે વિસ્ફોટ સમયે એક સ્થાનિક અસામાજિક તત્ત્વ ઘરની અંદર ક્રૂડ બોમ્બ બનાવવા માટે બદમાશોના એક જૂથને લઇને આવ્યો હતો.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે અમે તપાસ કરી રહ્યા છીએ કે શું ઘરનો ઉપયોગ બોમ્બ બનાવવાની સુવિધા તરીકે થઇ રહ્યો હતો કે અન્ય કોઇ સંબંધ છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલવામાં આવ્યો છે અને ફોરેન્સિક ટીમ વિસ્ફોટ સ્થળની તપાસ કરે તેવી શક્યતા છે. ■

## જમ્મુ-કાશ્મીરમાં પાંચ બસ વચ્ચે ટક્કરઃ ૩૬ યાત્રીને ઈજા

રામબન/જમ્મુઃ રામબન જિલ્લામાં શનિવારે પાંચ બસો વચ્ચે ટક્કર થતાં ૩૬ અમરનાથ યાત્રીઓ ઘાયલ થયા હતા. તેઓને સામાન્ય ઇજાઓ થઇ હતી. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

આ બસો જમ્મુના ભગવતી નગરથી દક્ષિણ કાશ્મીરના પહલગામ બેઝ કેમ્પ તરફ જઇ રહેલા કાફલાનો ભાગ હતી. અધિકારીઓએ જણાવ્યું કે આ અકસ્માત સવારે ૮ વાગ્યાની આસપાસ જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ચંદ્રકૂટ નજીક થયો હતો. કાફલામાં રહેલી એક બસની બ્રેક ફેલ થવાથી આ અકસ્માત થયો હોવાનું તેમણે જણાવ્યું હતું.

રામબનના ડેપ્યુટી કમિશ્નર મોહમ્મદ અલ્યાસ ખાને જણાવ્યું કે પહલગામ કાફલાના છેલ્લા વાહને નિયંત્રણ ગુમાવ્યું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### બાળાસાહેબ જે ન કરી શક્યા

બોલવા બદલ શેરી વિક્રેતાઓ સહિત લોકોને મારપીટ કરતા અને ધમકાવતા હોવાના અત્યારે આરોપ કરવામાં આવી રહ્યા છે તેનો જવાબ આપતાં તેમણે આમ કહ્યું હતું.

‘તમારી શક્તિ વિધાનસભામાં છે. અમારી પાસે શેરીમાં શક્તિ છે,’ એમ તેમણે જાહેર દબાણ વચ્ચે નિર્ણય પાછો ખેંચવાનો શ્રેય લેતા ઉમેર્યું. ‘શિક્ષણ નિષ્ણાતોની સલાહ લીધા વિના આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ફક્ત તમારી પાસે સત્તા હોવાથી તમે આ દબાણ કરવા માગતા હતા,’ એમ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના નેતા રાજ ઠાકરેએ ઉમેર્યું હતું. ■

### અમેરિકાના ટૅક્સાસમાં પૂર

ઓફિસના હવામાનશાસ્ત્રી બોબ ફોગાર્ટીના જણાવ્યા અનુસાર, હન્ટમાં નદીના જળસ્તરમાં લગભગ બે કલાકમાં ૨૨ ફૂટનો વધારો નોંધાયો હતો. કેર કાઉન્ટી શેરિફ ઓફિસના ફેસબુક પેજ પર લોકોએ પ્રિયજનોના ફોટા પોસ્ટ કર્યા અને તેમને શોધવામાં મદદ માટે વિનંતી કરી હતી. પેટ્રિકે જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ૪૦૦ લોકો જમીન પર હતા અને પ્રતિભાવમાં મદદ કરી રહ્યા હતા. નવ બચાવ ટીમો, ૧૪ હેલિકૉપ્ટર અને ૧૨ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો, જેમાં કેટલાક લોકોને ઝાડ પરથી બચાવવામાં આવ્યા હતા. કેમ્પ મિસ્ટિકમાં સામેલ આશરે ૭૫૦ છોકરીઓમાંથી લગભગ ૨૩ છોકરીઓ ગુમ થઇ હતી.

એરિન બર્ગેસે કહ્યું હતું કે સવારે ૩:૩૦ વાગ્યે ગાજવીજ અને વરસાદથી તે જાગી હતી. માત્ર ૨૦ મિનિટમાં નદીનું પાણી તેના ઘરમાં ઘૂસી ગયું હતું. તેણીએ એક ઝાડ પર લટકીને પાણી ઓછું થાય તેની રાહ જોઇ હતી. તેણે કહ્યું કે હું, મારો દીકરો જે ઝાડ પર આશરો લઇ રહ્યા હતા ત્યાં સુધી પાણી પહોંચી ગયું હતું. મારો બોયફ્રેન્ડ અને શ્વાન તણાઇ ગયા હતા. તેઓ થોડા સમય માટે ખોવાઇ ગયા હતા પરંતુ અમે તેમને શોધી કાઢ્યા હતા.

કેરવિલેના ૪૪ વર્ષીય મેથ્યુ સ્ટોને જણાવ્યું હતું કે પોલીસે સવારે ૫:૩૦ વાગ્યે દરવાજો ખટખટાવ્યો હતો પરંતુ તેને તેના ફોન પર કોઈ એલર્ટ મળ્યું ન હતું. અમને કોઈ ઈમરજન્સી એલર્ટ મળ્યું ન હતું. સ્ટોને કહ્યું હતું કે પોલીસે પાડોશીને બચાવવા માટે તેની પેડલ બોટનો ઉપયોગ કર્યો હતો. કેર કાઉન્ટીમાં લોકોને કેવી રીતે સૂચના આપવામાં આવી હતી જેથી તેઓ સલામત સ્થળે પહોંચી શકે તે અંગે પૂછવામાં આવતા કાઉન્ટીના મુખ્ય ચૂંટાયેલા અધિકારી ન્યાયાધીશ રોબ કેલીએ કહ્યું હતું કે ‘‘અમારી પાસે એલર્ટ આપવા માટેની કોઇ સિસ્ટમ નથી.’’ ■

### ભારતીય મહિલા ટીમે

ઓવરમાં થઈ હતી અને તેઓ ૨૦૦-પ્લસનો સ્કોર નોંધાવશે એવી પાકી સંભાવના હતી. જોકે ભારતની પીઢ સ્પિનર દીપ્તિ શર્માએ પોતાના જ બૉલમાં ડન્કલીનો કૅચ ઝીલીને બ્રિટિશ ટીમનો ધબડકો શરૂ કર્યો હતો અને ત્યાર પછી થોડી-થોડી વારે વિકેટ પડવા લાગી હતી. ઇંગ્લૅન્ડે ફક્ત પચીસ બૉલમાં ૩૪ રન બનાવ્યા હતા અને કુલ નવ વિકેટ ગુમાવી દીધી હતી. યજમાન ટીમનો સ્કોર ૧૫.૧ ઓવર વખતે ૦/૧૩૭ હતો અને છેવટે ૨૦મી ઓવરને અંતે તેમનો દાવ ૯/૧૭૧ રનના સ્કોર પર પૂરો થયો હતો.

આંતરરાષ્ટ્રીય મૅચમાં કોઈ ટીમે પચીસ બૉલમાં હરીફ ટીમની નવ વિકેટ લીધી હોય એવું આ પહેલાં ક્યારેય નહોતું બન્યું અને એ વર્લ્ડ રેકૉર્ડ ભારતે પોતાના નામે કર્યો છે.

ભારત શુક્રવારની આ મૅચ છેલ્લા બૉલ પર હારી ગયું હતું. ૧૭૨ રનના લક્ષ્યાંક સામે ભારતે આખરી બૉલ પર જીતવા છ રન કરવાના હતા. કૅપ્ટન હરમનપ્રીત કૌર અંતિમ બૉલ પર સિક્સર મારવામાં સફળ થવાને બદલે આઉટ થઈ ગઈ હતી અને ભારતની પાંચ રનથી હાર થઈ હતી.

ઇંગ્લૅન્ડની મુખ્ય કૅપ્ટન નૅટ સિવર-બ્રન્ટ ઈજાને લીધે આ મૅચમાં નહોતી રમી. તેની ઇન્જરી ગંભીર છે અને તે હવે સિરીઝની બાકીની બન્ને મૅચમાં પણ નહીં રમે. તેની ગેરહાજરીમાં ટૅમી બ્યૂમૉન્ટ સુકાન સંભાળશે. ■

### આણંદમાં ₹ ૫૦૦ કરોડના ખર્ચે

ગૃહ પ્રધાને જણાવ્યું કે, આગામી દિવસોમાં સહકારી પ્રવૃત્તિનો વ્યાપ વધવાનો છે. સહકારી ધોરણે ટેક્સી સેવા અને વીમા સેવા શરૂ કરવાના આયોજન વચ્ચે આ ક્ષેત્રને જરૂરી કુશળ માનવ સંસાધન આ યુનિવર્સિટીમાંથી મળી રહેશે. કેન્દ્રીય ગૃહ અને સહકારીતા પ્રધાન અમિત શાહે ગુજરાતમાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના શિલાન્યાસ પ્રસંગે સહકારી ક્ષેત્રના ઉજ્જવળ ભવિષ્ય અને તેના મહત્ત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સહકાર મંત્રાલયની સ્થાપના એ ગરીબ અને ગ્રામીણ લોકોના આર્થિક સશક્તિકરણ માટે એક ઐતિહાસિક પગલું છે. આ મંત્રાલયે દેશભરના ૧૬ અગ્રણી સહકારી નેતાઓ સાથે બેઠકો યોજી હતી અને તેમના મંતવ્યો જાણવામાં આવ્યાં હતાં. સહકારી ક્ષેત્રના વિકાસમાં રહેલી ખામીઓ ઓળખી અને તેના વિકાસ માટે સાત નવા પગલાં અમલમાં મૂકવામાં આવ્યા છે. સહકારી પ્રવૃત્તિને વ્યાપક બનાવવા માટે આ સાત પહેલ આ ક્ષેત્રને પારદર્શક, લોકતાંત્રિક અને સર્વસમાવેશી બનાવવા માટે છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના એ સહકારી ક્ષેત્રની તમામ ખામીઓને દૂર કરવાની એક પહેલ છે. આ યુનિવર્સિટી ૧૨૫ એકરમાં રૂ. ૫૦૦ કરોડના ખર્ચે બની રહી છે અને તે નીતિ નિર્માણ, ડેટા વિશ્લેષણ, સંશોધન અને લાંબા ગાળા માટેની વિકાસ રણનીતિ ઘડવાનું કામ કરશે. આ યુનિવર્સિટી ફક્ત પ્રશિક્ષિત કર્મચારીઓ જ નહીં, પરંતુ ત્રિભુવનદાસ પટેલ જેવા સમર્પિત સહકારી નેતાઓ પણ તૈયાર કરશે તેમ કહી શાહે ઉમેર્યું કે, સહકારી ક્ષેત્રમાં થતી ભરતીમાં યુનિવર્સિટીમાંથી શિક્ષણ લેનારાઓને નોકરીઓ મળશે. આવું થવાથી સહકારી સંસ્થામાં ભરતીમાં લાગતા ભાઈ-ભત્રીજાવાદના આક્ષેપો દૂર થશે અને પારદર્શિતા વધશે. આ યુનિવર્સિટી ટેકનિકલ કૌશલ્ય, હિસાબની કુશળતા, વૈજ્ઞાનિક અભિગમ અને સહકારી સંસ્કારોનું શિક્ષણ આપશે.

ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહે ત્રિભુવનદાસ પટેલના યોગદાનને યાદ કરતાં જણાવ્યું કે તેમણે ૧૯૪૬માં ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘની સ્થાપના કરી હતી. જે આજે અમૂલ બ્રાન્ડ તરીકે વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત બ્રાન્ડ બની છે. ૩૬ લાખ મહિલાઓ થકી રૂ. ૮૦ હજાર કરોડનો વ્યવસાય અમૂલ થકી થાય છે. આ પહેલ પોલસન્સ ડેરી દ્વારા થતાં અન્યાય સામેની લડત હતી. તેમણે જણાવ્યું હતું કે, આ યુનિવર્સિટીને ત્રિભુવનદાસ પટેલના નામ આપવાનું યથાર્થ છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજકીય પક્ષાપક્ષીથી પર ઉપર જઇને સહકારી પ્રવૃત્તિમાં તેમના યોગદાનને ધ્યાને રાખીને આ નામાભિધાન કરવામાં આવ્યું હતું. ત્રિભુવનદાસ પટેલ જ્યારે અમૂલમાંથી નિવૃત્ત થયા ત્યારે છ લાખ મહિલાઓએ એક-એક રૂપિયો એકત્ર કરી રૂ. ૬ લાખની ભેટ આપી, તે ભેટને પણ તેમણે સેવાકીય પ્રવૃત્તિ માટે દાન કરી દીધી હતી. ડો. વર્ગીસ કુરિયનને તેમણે જ વિદેશમાં વધુ અભ્યાસ માટે મોકલ્યા હતા. ડો. કુરિયનનું પણ યોગદાન મહત્ત્વનું છે. અમિત શાહ, ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો દ્વારા એનસીઇઆરટીના સહકારિતાના પાઠ્યપુસ્કતના બે મોડ્યુઅલનું વિમોચન કરવામાં આવ્યું હતું અને આ મોડ્યુઅલની જેમ ગુજરાતના શૈક્ષણિક અભ્યાસક્રમમાં સહકારી પ્રવૃત્તિનો સમાવેશ કરવા શાહે પ્રેરક સૂચન કર્યું હતું. ■

### ભાગેડુ નીરવ મોદીના ભાઇ

માટે વિનંતી કરી શકે છે, પરંતુ અમેરિકાના પ્રોસિક્યુટર્સ તેનો વિરોધ કરશે. આ કાર્યવાહી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને સીબીઆઇ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવેલી પ્રત્યાર્પણ વિનંતી પર કરવામાં આવી છે. અમેરિકન પ્રોસિક્યુટર્સ દ્વારા પ્રત્યર્પણની કાર્યવાહી બે આરોપો પર શરૂ કરવામાં આવી હતી જેમાં એક પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ), ૨૦૦૨ની કલમ ત્રણ હેઠળ મની લોન્ડરિંગ અને બીજો ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦-બી (ગુનાહિત કાવતરું) અને ૨૦૧ (ફરાર) હેઠળ ગુનાહિત કાવતરું કરવાનો આરોપ છે.

નેહલ (૪૬) પંજાબ નેશનલ બૅન્ક સાથે સંકળાયેલા ૧૩,૦૦૦ કરોડ રૂપિયાના કથિત કૌભાંડના કેસમાં આરોપી છે. આ કેસ અત્યાર સુધીના સૌથી મોટા છેતરપિંડીના કેસોમાંનો એક છે. બંને ભાઈઓ (નીરવ અને નેહલ મોદી) અને તેમના સંબંધી મેહુલ ચોક્સી પર છેતરપિંડીનો આરોપ છે.

બેલ્જિયમના એન્ટવર્પમાં જન્મેલો અને ઉછરેલા અને અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષા જાણનાર નેહલ દીપક મોદી ગુનામાંથી મળેલા પૈસાને લોન્ડરિંગ કરવાના આરોપમાં ભારતમાં વોન્ટેડ છે. નીરવ મોદી લંડનની જેલમાં બંધ છે અને ભારતની વિનંતી પર બ્રિટન તરફથી પ્રત્યર્પણની કાર્યવાહીનો સામનો કરી રહ્યો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે નેહલે ભારતીય કાયદાઓનું ઉલ્લંઘન કરીને નકલી કંપનીઓ અને વિદેશી વ્યવહારો દ્વારા મોટી માત્રામાં ગેરકાયદેસર નાણાં છૂપાવવામાં અને ટ્રાન્સફર કરવામાં મદદ કરી છે. તેમણે કહ્યું હતું કે આ કેસમાં ઈડી દ્વારા દાખલ કરાયેલ ચાર્જશીટમાં નેહલનું નામ સામેલ છે અને તેના પર પુરાવાનો નાશ કરવાનો અને નીરવ મોદીને તેના કથિત ગેરકાયદે કૃત્યોમાં જાણી જોઈને મદદ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

ઈડીનો આરોપ છે કે પંજાબ નેશનલ બેન્ક કૌભાંડ પ્રકાશમાં આવ્યા પછી નેહલે નીરવના નજીકના વિશ્વાસુ અને એક્ઝિક્યુટિવ મિહિર આર ભણસાલી સાથે મળીને દુબઈથી ૫૦ કિલો સોનું અને મોટી રકમ રોકડ લીધી હતી અને નકલી ડિરેક્ટરોને સૂચના આપી હતી કે તેઓ તેનું નામ અધિકારીઓને જાહેર ન કરે. ■

# બાળકોમાં ડાયાબિટીસનું પ્રમાણ વધતાં તમામ સ્કૂલોમાં શુગર બોર્ડ સ્થાપવા સરકારનો આદેશ

અમદાવાદઃ ગુજરાતમાં બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો.ગુજરાત શિક્ષણ બોર્ડે ખાંડના અતિશય સેવનને ઘટાડવા અને તેની જાગૃતિ લાવવા માટે રાજ્યની તમામ સ્કૂલોમાં સુગર બોર્ડ સ્થાપવાનો આદેશ આપ્યો હતો.આ નિર્ણયથી બાળકોને ખોરાકમાં ખાંડની માત્રા અને તેનાથી થતાં જોખમો વિશે બાળકોને જાણકારી મળશે, જે તેમના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક બની શકે છે. ગુજરાત શિક્ષણ બોર્ડે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ (ડીઈઓ)ને પરિપત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે કે, રાજ્યની દરેક સ્કૂલમાં સુગર બોર્ડ લગાવવા. આ બોર્ડમાં ખોરાક અને પીણામાં ખાંડનું પ્રમાણ, તેનાં જોખમો અને ખાંડની રોજિંદી લિમિટ વિશે માહિતી આપવામાં આવશે. આ પગલું બાળકોમાં ટાઈપ-૨ ડાયબિટીસ, દાંતની સમસ્યાઓ અને મેટાબોલિક વિકૃતિઓને ઘટાડવાના લક્ષ્યને સાધવા માટે લેવામાં આવ્યું છે, ઉલ્લેખનીય છે કે આ બિમારીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

શિક્ષણ બોર્ડના જણાવ્યા મુજબ, ૪થી ૧૦ વર્ષનાં બાળકો દૈનિક કેલરીના ૧૩ ટકા અને ૧૧થી ૧૮ વર્ષના ૧૫ ટકા સુધી ખાંડનું સેવન કરે છે, જેને ૫ ટકા સુધી ઘટાડવાની જરૂર છે. આ બોર્ડ સ્કૂલોમાં યોગ્ય જગ્યાએ લગાવીને બાળકોને વધુ પડતા ખાંડનાં જોખમોની માહિતી આપશે. ખાસ કરીને ચોકલેટ, શરબત અને બિસ્કિટ જેવા પદાર્થોમાં ખાંડનું પ્રમાણ દર્શાવવામાં આવશે.

# પંચમહાલમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના કેસ નોંધાતા ખળભળાટઃ ત્રણ બાળકનાં મોત

અમદાવાદઃ પંચમહાલ જિલ્લામાં સેન્ડ ફ્લાય માખીઓથી ફેલાતો શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસ ફરી સક્રિય થતા ખળભળાટ મચી ગયો છે. છેલ્લા૭ દિવસમાં ચાર કેસ નોંધાયા હતા, જેમાંથી ત્રણ બાળકોના મોત થયા હતા.પંચમહાલ જિલ્લામાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ કેસોના કારણે આરોગ્ય વિભાગ દોડતું થયું છે. જો કે આ ત્રણેય દર્દીમાં ચાંદીપુરા વાઈરસના કોઇ લક્ષણ દેખાયા ન હતા, પરંતુ તાવ સાથે ખેંચના કારણે મૃત્યુ નીપજ્યાં હતાં. આ તમામ દર્દીઓને વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જે પૈકી ગોધરા તાલુકાના ડોકવા ગામનું એક બાળક તાવ સાથે ખેંચની બીમારીની સારવાર હેઠળ છે. આ બાળકનું સેમ્પલ લઇ તપાસ અર્થે મોકલાયું છે. સ્થિતિની ગંભીરતા જોતા, પુડુચેરીની એક હેલ્થ ટીમ અને પુણે સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીની ટીમ પંચમહાલ આવી પહોંચી છે. રાજ્યના આરોગ્ય વિભાગની ટીમ સાથે આ ટીમો વાઈરસના ફેલાવા, તેનાં કારણો અને તેને નિયંત્રિત કરવા માટેનાં પગલાં અંગે તપાસ કરી રહી છે. ટીમો દ્વારા સેમ્પલો લેવાઈ રહ્યા છે.

ચાંદીપુરા વાઇરસ મુખ્યત્વે બાળકોને અસર કરતો ગંભીર વાયરલ ચેપ છે. તેનાં લક્ષણોમાં તાવ, માથાનો દુખાવો, ઊલટી, ઝાડા અને કેટલાક કિસ્સાઓમાં મગજનો સોજો જોવા મળે છે. આ વાઈરસ મચ્છર કરડવાથી ફેલાય છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન તેનો પ્રકોપ વધવાની શક્યતા રહે છે.

# પી.ટી જાડેજાની પાસા હેઠળ ધરપકડથી ક્ષત્રિય સમાજ લાલઘૂમઃ સરકારને ૪૮ કલાકનું અલ્ટિમેટમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ક્ષત્રિય આંદોલનનો ચહેરો રહેલા પ્રવીણસિંહ જાડેજા ઉર્ફે પી.ટી.જાડેજા પર કાયદાકીય ગાળિયો કસવામાં આવી રહ્યો છે. રાજકોટના અમરનાથ મહાદેવ મંદિરમાં આરતી ન કરવા માટે ધમકી આપવા મામલે પી.ટી.જાડેજાની પાસા હેઠળ અટકાયત કરવામાં આવી હતી.

પોલીસે ૪ જુલાઈ-૨૦૨૫ની રાત્રે પી.ટી.ની અટકાયત કરી હતી અને પોલીસ મથકે લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પીટી જાડેજાની અટકાયતને પગલે રાજકોટમાં બહુમાળી ભવન ચોક ખાતે ૧૦૦ જેટલા ક્ષત્રિય સમાજના લોકો એકઠા થયા હતા અને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રેલી યોજી આવેદનપત્ર પાઠવ્યું હતું. આ રેલીમાં જય ભવાની તેમજ 'પી.ટી.બાપુ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈ'ના નારા લગાવ્યા હતા, સાથે જ સરકારને રજૂઆત કરવામાં આવી હતી કે આ રીતે કિન્નાખોરી રાખવાને બદલે જે સાચા ગુનેગારો હોય તેમની સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી માગ છે. હવે આખા ગુજરાતમાં દરેક જિલ્લામાં આગેવાનો સાથે ચર્ચા કરી આ અંગે રણનીતિ નક્કી કરવામાં આવશે.

પી.ટી જાડેજાની ધરપકડના પડઘા સુરેન્દ્રનગરમાં પણ પડ્યા હતા. સુરેન્દ્રનગરમાં ક્ષત્રિય સમાજના આગેવાનો એકત્રિત થયા હતા અને સરકારને ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. ક્ષત્રિય સમાજના આગેવાનોએ પાસા રદ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. આ સાથે જ આક્ષેપ કર્યો હતો કે, ક્ષત્રિય અસ્મિતા આંદોલનને લઈ કિન્નાખોરી રાખી સરકાર કાર્યવાહી કરી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ક્ષત્રિય સમાજના આગેવાન પી.ટી જાડેજાનો રાજકોટના અમરનાથ મંદિરમાં મહા આરતી ન કરવા બાબતે ધમકી આપતો ઓડિયો વાઈરલ થયો હતો.

જેમાં તેમની વિરુદ્ધ જસ્મિન મકવાણાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના અનુસંધાને પોલીસ દ્વારા શુક્રવારે રાત્રે તેમની પાસા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી અને તેમને સાબરમતી જેલ ખાતે રાખવામાં આવ્યા છે.

# રાજ્યની પ્રાથમિક શાળાઓમાં બેગલેસ ડેનો આંશિક આરંભઃ ધોરણ- એકથી આઠના તમામ વિદ્યાર્થીઓ બેગ વગર પહોંચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના અંતર્ગત શનિવાર(૫ જુલાઈ)થી પ્રાથમિક શાળાઓમાં 'બેગલેસ ડે'નો અમલ શરૂ થયો હતો. વિવિધ શાળાઓમાં ૧ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓ બેગ વગર પહોંચ્યા હતા. બેગ વગર શાળાએ પહોંચેલા બાળકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. શાળાઓમાં શિક્ષણ સિવાયની રચનાત્મક પ્રવૃત્તિમાં રસ લે માટે નવીન પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં શનિવારે 'બેગલેસ ડે' જાહેર કરવામાં આવ્યો હતો. જો કે, અમદાવાદની શાળાઓ સુધી શિક્ષણ વિભાગનો નિર્ણય પહોંચ્યો ન હોય અથવા અમદાવાદ કક્ષાએથી સ્કૂલને જાણ ન કરાઈ હોય એવું જોવા મળ્યું હતું. શહેરની માત્ર ખાનગી સ્કૂલો જ નહીં, સરકારી સ્કૂલોમાં પણ વિદ્યાર્થીઓ બેગ સાથે જતા જોવા મળ્યા હતા. તે સિવાય રાજ્યમાં અન્ય શહેરોમાં બેગલેસ ડેનો અમલ થયો હતો. ન્યુ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અને એનસીએફ-એસઈ ૨૦૨૩ મુજબ સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓનાં ધોરણ ૧ થી ૮નાં બાળકોના મનોશારીરિક વિકાસ તેમજ રમત-ગમત, શારીરિક કસરતો, યોગ, સૂર્યનમસ્કાર, ચિત્ર, બાલસભા, સંગીત વગેરે બાબતોનો સમાવેશ કરવા માટે તેમજ બેગલેસ ડે અને આનંદદાયી શનિવારની પ્રવૃત્તિઓ દર શનિવારે કરવાના શાળાઓને આદેશ અપાયા હતા. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ બાળકોનો સર્વાંગી વિકાસ થાય, તેમની સર્જનાત્મક શક્તિઓ બહાર આવે તે હેતુથી આ નિયમ બનાવવામાં આવ્યો છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ રોજિંદા અભ્યાસના ભારણમાંથી બહાર આવીને જીવન કૌશલ્ય અને શારીરિક કસરતો પર પણ ધ્યાન આપતા થશે. ગુજરાત પહેલા પણ કેટલાંક રાજ્યોમાં બેગલેસ સેટરડેની શરૂઆત કરી છે. આ અગાઉ મહારાષ્ટ્ર, કર્ણાટક અને દિલ્હીમાં પણ 'બેગલેસ ડે'ની સફળ અમલવારી થઈ ચૂકી છે. આ રાજ્યોના શિક્ષણ વિભાગ મુજબ, બેગલેસ ડેના પરિણામે વિદ્યાર્થીઓમાં શાળા પ્રત્યે રુચિ અને હાજરી દર બંનેમાં વધારો નોંધાયો છે.

# ૪૦ મેડિકલ કૉલેજો પર સીબીઆઈના દરોડાઃ કલોલ ખાતેની સ્વામિનારાયણ મેડિકલ કૉલેજના સંચાલક સામે પણ ફરિયાદ

અમદાવાદઃ ફાર્મસી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના અધ્યક્ષ મોન્ટુ પટેલની દિલ્હી સ્થિત ઓફિસ તેમજ અમદાવાદ સ્થિત પ્રોપર્ટી પર સીબીઆઈએ બુધવાર મોડી રાત્રે દરોડા પાડ્યા હતા. આ જ રીતે સીબીઆઇએ ૪૦ મેડિકલ કોલેજો પર દરોડા પાડ્યા હતા. લાખો રૂપિયાની કેશ જપ્ત કર્યા બાદ ૬ની ધરપકડ કરી હતી. ઉચ્ચસ્ત ૨ સુધી પહોંચેલી ફરિયાદના અનુસંધાનમાં સીબીઆઇ દ્વારા કર્ણાટક, રાજસ્થાન, છત્તીસગઢ, ઉત્તર-દેશ, ન્યુ દિલ્હી, મધ્ય પ્રદેશ અને ગુજરાતમાં દરોડા પાડ્યા હતા. નેશનલ મેડિકલ કમિશન અને કેન્દ્રજ સરકારના આરોગ્યદ વિભાગના ૧૧ અધિકારીઓ સહિત કુલ ૩૬ વ્યયક્તિ સામે સીબીઆઇ દ્વારા ભ્રષ્ટાચાર બદલ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. મેડિકલનું સમગ્ર કૌભાંડ ૧૩૦૦ કરોડ રૂપિયાથી વધારેનું હોવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાતના કલોલ ખાતેની સ્વામિનારાયણ મેડિકલ કોલેજના સંચાલકનું નામ પણ ફરિયાદમાં સામેલ છે. ફાર્મસી કાઉન્સિલમાં જે પ્રમાણે કરોડો રૂપિયાનું કૌભાંડ બહાર આવ્યું છે, તે જ રીતે મેડિકલમાં સીબીઆઇ દ્વારા તપાસ શરૂ કરવામાં આવતાં રૂપિયા લઇને કોલેજની મંજૂરી આપવામાં આવતી હોવાનું બહાર આવ્યું હતું. ૩૬ આરોપીમાં કેન્દ્રા સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાકણ વિભાગના ૧૧ અધિકારી, નેશનલ મેડિકલ કમિશનના જોઇન્ટન ડાયરેક્ટગર અને યુજી અને પીજીને મંજૂરી આપતાં બોર્ડના સિનિયર મેમ્બર ડો.જે. એલ. મીનાનું નામ પણ સામેલ છે. જોઇન્ટે ડાયરેક્ટર પાસેથી ૫૦ લાખ રૂપિયાની કેશ જપ્ત કરવામાં આવી છે. એફઆરઆઇ દાખલ કરવામાં આવી છે તેમાં ગુજરાતની કલોલ ખાતેની સ્વામિનારાયણ મેડિકલ કોલેજના સંચાલક સ્વામી ભગતવાત્સમલદાસજી, રાયપુર છતીસગઢના ધાર્મિક ગુરુ રવિશંકરજી મહારાજ, ચેરમેન રાવતપુરા સરકાર ઇન્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ, રાયપુરનું નામ પણ સામેલ છે. સીબીઆઇની તપાસમાં નેશનલ મેડિકલ કમિશનના આઇટી વિભાગ અને યુજી-પીજી બોર્ડના અધિકારીઓ તેમજ કેન્દ્રી સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યારણ વિભાગના અધિકારીઓની સાંઠગાંઠમાં વ્યવસ્થિત રેકેટ ચલાવવામાં આવતું હોવાનું ખૂલ્યું હતું. મેડિકલ કોલેજમાં ભૂતિયા ફેકલ્ટી, અપૂરતા પેશન્ટ, માળખાકીય સુવિધાઓનો અભાવ હોવા છતાં લાખો રૂપિયાની લાંચ લઇને મેડિકલ કોલેજોને મંજૂરી આપતાં હતા.

હાલમાં સીબીઆઇ દ્વારા છ વ્યક્તિઓ કે જેમાં ત્રણ ડોક્ટરો સામેલ છે તેમની ધરપકડ કરીને રિમાન્ડ પર લઇને તપાસ શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં નેશનલ મેડિકલ કમિશન અને કેન્દ્રીય આરોગ્ય વિભાગના અનેક ઉચ્ચ અધિકારીઓના નામ બહાર આવવાની શકયતા છે. એક સાથે ૪૦થી વધુ મેડિકલ કોલેજ પર સીબીઆઇના દરોડોના કારણે હાલમાં સમગ્ર દેશમાં મેડિકલ વર્તુળમાં ખળભળાટ મચી ગયો હતો.

# વડોદરામાં મહિલા સાથે ઈન્વેસ્ટમેન્ટ ટિપ્સના બહાને ₹ ૧.૫૦ કરોડની છેતરપિંડી આચરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં મહિલા સાથે ઈન્વેસ્ટમેન્ટ ટિપ્સના બહાને ૧.૫૦ કરોડની છેતરપિંડી આચરવામાં આવી હતી. મળતી વિગત પ્રમાણે, તેજસ્વી ગાંધી નામની મહિલા જીએસટી અને આઈટી રિટર્નનું કામ કરે છે. થોડા દિવસ પહેલા તેમને એક મેસેજ મળ્યો હતો, જેમાં ઝીરોધાના સ્પેશિયલ ગેસ્ટ વિજયસિંહ ફ્રી વીઆઈપી વૉટસઍપ સ્ટોક શેરિંગ ગ્રૂપ ચાલુ કરવાનો છે અને માર્કેટને લગતી માહિતી આપવાના છે તેમ જણાવીને એક લિંક આપવામાં આવી હતી. આ લિંક ઉપર ક્લિક કરતા મહિલા વિજયસિંહ રોકાણ સેશનમાં એડ કરવામાં આવી હતી. આ ગ્રૂપમાં ૧૦૧ જેટલા મેમ્બર્સ હતા. વિજયસિંહ ટિપ્સ આપતો હતો અને ગ્રુપના મેમ્બર્સ સારો નફો થાય તેના સ્ક્રીનશોટ મૂકતા હતા. જેથી એક મહિના સુધી મહિલાએ વોચ કરી હતી. ત્યાર બાદ આ ગ્રૂપમાં યુએસ સ્ટોક અને ઇન્ડિયન સ્ટોપમાં ટ્રેડિંગ કરવું હોય તો સ્ટોક બ્રોકર હીરા કેપિટલ કોર્પોરેશનનું સ્પેશિયલ એકાઉન્ટ ઓપન કરાવવું પડશે તેવો મેસેજ મૂકવામાં આવ્યો હતો, જેથી મહિલાએ ડોક્યુમેન્ટ મૂકી ઇન્વેસ્ટમેન્ટની ઈચ્છા કરતા આ ગ્રુપના એડમિનના મોબાઈલ નંબર ઉપરથી લિંક મોકલવામાં આવી હતી. તેમાં આઈડી પાસવર્ડ બનાવી એપ ચાલુ કરાવવામાં આવી હતી. ત્યારબાદ બેંક એકાઉન્ટમાં રૂપિયા ભરવા માટે કહેવાતા તેણે વાંધો ઉઠાવ્યો હતો. જેથી આ એકાઉન્ટ સેબી ડેઝિકનેટેડ છે કેમ કહી તમારા ભરેલા પૈસા તમારા એકાઉન્ટમાં દેખાશે તેમ કહેવામાં આવ્યું હતું. રૂ.૧ લાખ ભરતા બે દિવસમાં તેને ૧.૧૫ લાખ મળ્યા હતા. આ પૈકી ૧૦૦૦ રૂપિયા ઉપાડતા તે ઉપડ્યા હતા જેથી તેને વિશ્વાસ બેઠો હતો.

# સામાન્ય એન્ટિબાયોટિક્સની પણ કેટલાક બેક્ટેરિયા પર અસર થતી નથીઃ ગુજરાતની હૉસ્પિટલોમાં સર્વે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની હોસ્પિટલોમાં સરકાર દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં એક ચિંતાજનક ટ્રેન્ડ સામે આવ્યો હતો. સામાન્ય બેક્ટેરિયલ ઈન્ફેકશન સામે સૌથી વધુ પાવરફૂલ એન્ટિબાયોટિકિસની પણ અસર થતી નથી. રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે ૪૦ ટકાથી થી વધુ ઈ. કોલી અને ક્લેબસિએલા બેક્ટેરિયા-બે મુખ્ય એન્ટિમાઇક્રોબાયલ-પ્રતિરોધક પેથોજેન્સ છે. તેઓ ગંભીર ચેપ માટે વારંવાર જવાબદાર હોય છે. તે હવે કાર્બાપેનેમ્સ માટે પ્રતિરોધક બની ગયા છે. કાર્બાપેનેમ્સ એક ઉચ્ચ સ્તરની એન્ટિબાયોટિક છે જેનો ઉપયોગ સામાન્ય રીતે ત્યારે થાય છે જ્યારે અન્ય તમામ દવાઓ નિષ્ફળ જાય છે.

ગુજરાત રાજ્ય એન્ટિમાઇક્રોબાયલ રેઝિસ્ટન્સ સર્વેલન્સ નેટવર્કના સર્વેલન્સ રિપોર્ટના આ મુખ્ય તારણો પૈકી એક છે. આ રિપોર્ટમાં ૧ જુલાઈથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ વચ્ચે એકત્રિત કરાયેલા ૧૪,૬૮૫ એએમઆર આઇસોલેટ્સનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ આઇસોલેટ્સ ૨૨ નેટવર્ક લેબોરેટરીમાં લેવામાં આવ્યા હતા, જેમાં છ સરકારી મેડિકલ કોલેજો, ૧૩ જીએમઈઆરએસ મેડિકલ કૉલેજો અને ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત મેડિકલ કૉલેજોની માઇક્રોબાયોલોજી લેબનો સમાવેશ થતો હતો. કોલિસ્ટિન સહિતની અન્ય દવાઓ હજુ પણ ઉપલબ્ધ છે. આ દવા ખૂબ જ ગંભીર બેક્ટેરિયલ ચેપ માટે અંતિમ ઉપાય છે. ત્યારે કાર્બાપેનેમ્સ પ્રત્યેનો પ્રતિકાર દર્શાવે છે કે ગંભીર ચેપ માટે આપણે ઝડપથી કાર્યક્ષમ એન્ટિબાયોટિક વિકલ્પો ગુમાવી રહ્યા છીએ. ઉચ્ચ શ્રેણીની એન્ટિબાયોટિક્સ પર સ્વિચ કરવાથી ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની આડઅસરો પણ થાય છે. રાજ્યના આરોગ્ય વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે ગુજરાત સમર્પિત એએમઆર સર્વેલન્સ નેટવર્ક ધરાવતા કેટલાક ભારતીય રાજ્યો પૈકી એક છે. એન્ટિમાઇક્રોબાયલ પ્રતિકારને ચોક્કસ એન્ટિબાયોટિક્સમાં ઓળખવાથી લઈને આઇસોલેટ્સની જાણ કરવા સુધીના તમામ પગલાં પ્રમાણભૂત છે. આ રિપોર્ટ પ્રાથમિકતાવાળા પેથોજેન્સ પર આધારિત હતો, જેને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા હાલની એન્ટિબાયોટિક્સ પ્રત્યેના તેમના પ્રતિકારને કારણે માનવ સ્વાસ્થ્ય માટે સૌથી મોટો ખતરો ગણાવ્યો છે. ૪૨ ટકા એએમઆર આઇસોલેટ્સ પેશાબના નમૂનાઓમાંથી હતા. લગભગ ૬૨ ટકા આઇસોલેટ્સ હોસ્પિટલમાં દાખલ દર્દીઓમાંથી આવ્યા હતા, અને ૧૬ ટકા ઇન્ટેન્સિવ કેર યુનિટ્સના દર્દીઓમાંથી હતા.

# ગુજરાતમાં સાત દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી વચ્ચે ૧૫૮ તાલુકામાં મેઘમહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાએ જમાવટ કરી છે. રાજ્યમાં છેલ્લા ૧૨ કલાકમાં ૧૫૮ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. બે તાલુકામાં ચાર ઈંચથી વધારે, ૧૧ તાલુકામાં ત્રણ ઈંચથી વધારે, ૧૪ તાલુકામાં બે ઈંચથી વધારે વરસાદ વરસ્યો હતો. ૨૩ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. દ્વારકામાં ૪.૪૫ ઈંચ, કપરાડામાં ૪.૧૩ ઈંચ, કલ્યાણપુરમાં ૩.૮૨ ઈંચ, જેતપુર પાવીમાં ૩.૬૨ ઈંચ, ધરમપુરમાં ૩.૫૪ ઈંચ, વ્યારામાં ૩.૪૬ ઈંચ, વાંસદામાં ૩.૪૩ ઈંચ, ડાંગ-આહવામાં ૩.૩૧ ઈંચ, વઘઈમાં ૩.૨૭ ઈંચ, ડેડિયાપાડામાં ૩.૨૩ ઈંચ, વાપીમાં ૩.૧૫ ઈંચ, સોનગઢમાં ૩.૧૫ ઈંચ અને ડોલવણમાં ૩.૧૧ ઈંચ વરસાદ વરસ્યો હતો. અમદાવાદમાં સૌથી વધારે વરસાદ નિકોલ, ઓઢવ, વિરાટનગર, કઠવાડા, જશોદાનગર, સીટીએમ સહિતના વિસ્તારોમાં પડ્યો હતો. નિકોલ વિસ્તારમાં દોઢ ઇંચ જેટલો વરસાદ પડતાં પાણી ભરાઈ ગયા હતા. વરસાદી પાણી ભરાવાના કારણે વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કચ્છના નખત્રાણામાં ખોમ્ભડીની નદીમાં ૨૦ ગાય તણાઈ હતી તેમ જ કચ્છના ગ્રામ્ય વિસ્તારમાં બજારોમાં કેડસમા પાણી ભરાયાં હતાં. આ ઉપરાંત બોટાદનું વહિયા ગામ સંપર્કવિહોણું બન્યું હતું. વડોદરામાં પણ વરસાદના પગલે માર્ગો નદીઓમાં ફેરવાઇ ગયા હતા. હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી હતી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, સૌરાષ્ટ્ર અને કચ્છ પર વરસાદી સિસ્ટમ સક્રિય છે, જેથી ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

# વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન સ્મશાન બાદ હવે ઢોર ડબા આઉટસોર્સિંગથી ચલાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને વધુ એક ચોંકાવનારો નિર્ણય કર્યો હતો. વડોદરા કોર્પોરેશનના શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ૩૧ સ્મશાનોનું સંચાલન અને નિભાવણી આગામી ૭ જુલાઇ, ૨૦૨૫થી ખાનગી સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે. આ નિર્ણય બાદ હવે કોર્પોરેશન દ્વારા ચાર ઢોર ડબાનું આઉટસોર્સિંગ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઢોર ડબાની કામગીરી આઉટસોર્સિંગથી કરવા સ્ટેન્ડિંગ સમિતિએ દરખાસ્ત મંજૂર કરી હતી.

મળતી વિગત પ્રમાણે, ઢોર ડબાની કામગીરીમાં ઢોરોની દેખરેખ, સાર સંભાળ, સારવાર, એનિમલ ટેગિંગ, અન્ય પાંજરાપોળ અને ગૌશાળામાં પશુઓને શિફ્ટ કરવાની કામગીરી, ઢોર ડબાની સફાઈ વગેરેનો સમાવેશ થાય છે. લાલબાગ ઢોર ડબા માટે ૪૮ લાખ, ખાસવાડી માટે ૪૪.૪૬ લાખ, ખટંબા-૧ માટે ૪૧ લાખ અને ખટંબા-૨ માટે ૪૧.૩૯ લાખ મળી કુલ વાર્ષિક ખર્ચ ૧.૭૪ કરોડ થવાનો છે. કોર્પોરેશન દ્વારા શહેરમાં રખડતા ઢોર પકડવા માટે ૧૮ ટીમો કાર્યરત કરવામાં આવી હતી અને ઢોર પકડવાનું પ્રમાણ પણ વધતા કોર્પોરેશન માટે ઢોરના જીવન નિર્વાહનો ખર્ચ વધ્યો હતો. સરકારની સહાયના આધારે કોર્પોરેશન ખટંબા ખાતે વધુ બે ઢોરવાડા બનાવશે. અહીં ૧૦૦૦ ઢોરને રાખી શકાશે. તાજેતરમાં સ્ટેન્ડિંગ કમિટીમાં કોર્પોરેશનના ઢોરવાડા માટે ૧.૫૬ કરોડનું ઘાસ ખરીદવાના કામને મંજૂરી આપવામાં આવી હતી.

# રિયલ એસ્ટેટ રોકાણમાં પાંચ જિલ્લાનો દબદબોઃ ₹ ૫.03 લાખ કરોડનું રોકાણ આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૧૭ માં રિયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ (રેરા) ના અમલીકરણ પછી ગુજરાતના રિયલ એસ્ટેટ ક્ષેત્રે ૫.૦૩ લાખ કરોડ રૂપિયાનું રોકાણ આકર્ષ્યું છે. જોકે, આ રોકાણનો ૯૪ ટકા હિસ્સો ફક્ત પાંચ જિલ્લાઓમાં કેન્દ્રિત છેઃ અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા અને રાજકોટ, જે મુખ્યત્વે ઝડપી શહેરીકરણ, સારી માળખાગત સુવિધાઓ અને રહેઠાણ અને વાણિજ્યિક જગ્યાઓના કારણે રહેઠાણ માટે લોકપ્રિય બન્યા છે.

તેનાથી વિપરીત, બાકીના ૨૮ જિલ્લાઓ, જ્યા ગુજરાતની લગભગ બે તૃતીયાંશ (૬૪ ટકા) વસ્તી રહે છે, તેમને કુલ રોકાણના માત્ર ૬ ટકા રોકાણ મળ્યું છે. જોકે, નિષ્ણાતોએ સંસાધન કેન્દ્રીકરણ પર ચિંતા વ્યક્ત કરી છે અને ગુજરાતના નાના શહેરોમાં વધુ સમાન માળખાકીય વિકાસની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો છે.

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજરેરા) દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આંકડા મુજબ, આ પાંચ શહેરી કેન્દ્રો રાજ્યના કુલ રજિસ્ટર્ડ પ્રોજેક્ટ્સના ૮૬ ટકા અને કુલ હાઉસિંગ યુનિટ્સના ૮૯ ટકા હિસ્સો ધરાવે છે. એકલા અમદાવાદમાં જ રૂ. ૨.૧ લાખ કરોડ એટલે કે, કુલ રોકાણના ૪૨ ટકા જેટલું રોકાણ આવ્યું છે, જેનાથી રાજ્યની રિયલ એસ્ટેટ રાજધાની તરીકે તેનું સ્થાન મજબૂત બન્યું છે. નોંધાયેલા પ્રોજેક્ટ્સમાં ૩૧ ટકા અને અને તમામ હાઉસિંગ યુનિટ્સમાં ૩૫ ટકા હિસ્સો માત્ર અમદાવાદનો જ છે. ક્રેડાઈ ગુજરાતના પ્રમુખ દિપક પટેલે જણાવ્યું હતું કે, ઝડપી માળખાગત વિકાસ અને રોજગાર સર્જનને કારણે અમદાવાદ ભારતના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંના એક તરીકે ઊભરી આવ્યું છે.

જોકે, રાજ્યનો વિકાસ શહેરી કેન્દ્રો સુધી મર્યાદિત રહ્યો છે, જે ઘણા અંશે જોવા પણ મળે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા આધારે, ગુજરાતની વસ્તીના માત્ર ૩૬ ટકા લોકો તેના ટોચના પાંચ જિલ્લાઓમાં રહે છે, જે રાજ્યની રિયલ એસ્ટેટ પ્રવૃત્તિનો મોટો હિસ્સો ધરાવે છે. બાકીના ૬૪ ટકા, નાનાં શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં ફેલાયેલા છે, જ્યાં રોકાણ અને પ્રોજેક્ટ પ્રવૃત્તિનો માત્ર એક અંશ જોવા મળ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રેરાનો અમલ થયો ત્યારથી ગુજરાતમાં ૧૩.૧૧ કરોડ ચોરસ મીટર ક્ષેત્રફળમાં ૧૫,૨૬૦ પ્રોજેક્ટ્સનું રજિસ્ટ્રેશન થયું છે. જે ૧૮.૨૦ લાખ રેસિડેન્સિયલ યુનિટના બરાબર થાય છે. તેમાંથી ૮,૪૦૦થી વધુ પ્રોજેક્ટ્સ પુર્ણ પણ થયા છે.

# પાટણમાં નકલી કૉલેજનો પર્દાફાશ, બીબીએ-એમબીએના નકલી સર્ટિફિકેટ આપી દેવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખાનગી યુનિવર્સિટીઓ અને કોલેજોનો રાફડો ફાટ્યો છે. સરકારે બેફામપણે ખાનગી કોલેજોને મંજૂરી આપતા શિક્ષણ સ્તર ઘટ્યું છે. આ ખાનગી કોલેજો પૈસા કમાવાની દુકાનો બની ગઈ છે. તેમાં પણ નકલી કોલેજો ચિંતાનો વિષય બની ગઈ છે. પાટણમાં નકલી કોલેજનો પર્દાફાશ થયો હતો. જ્યાં નકલી કોલેજે નકલી સર્ટિ. આપી વિદ્યાર્થીઓ સાથે ઠગાઈ કરવામાં આવી હતી.

દરેક વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે આંખ ઉઘાડતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. જ્યાં નકલી કોલેજ, નકલી સર્ટિફિકેટનું મોટું કૌભાંડ બહાર આવ્યું હતું. પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (એચએનજીયુ)ના દસ્તાવેજોની ચકાસણીમાં ખુલાસો થયો હતા. જ્યાં વેબસાઈટ પર નકલી કોલેજ ઊભી કરી દીધી હતી. આટલું જ નહીં, નકલી કોલેજમાં બીબીએ-એમબીએનો અભ્યાસ કરી સર્ટિફિકેટ આપી દેવાયાં હતાં. અગાઉ વડોદરામાં પંચજન્ય ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ નામની કોલેજ ઓનલાઇન બતાવી વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી કરવામાં આવી હતી.

# ગુજરાતમાં સાતમી જુલાઈથી ફેસલેસ લર્નિંગ લાઈસન્સનો આરંભ થશે

અમદાવાદઃ રાજ્યમાં વાહનોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. વાહનો વધવાની સાથે લાયસન્સ માટે પણ લોકો મોટી સંખ્યામાં અરજી કરી રહ્યા છે. મળતી વિગત પ્રમાણે, રાજ્યના પરિવહન વિભાગે હોમ-મેડ લર્નિંગ લાયસન્સ માટેની પ્રક્રિયા ૭ જુલાઈ, સોમવારથી કરશે. જેમાં અરજદારોને ઘરે બેઠા લેપટોપ દ્વારા તેમની ડ્રાઇવિંગ થિયરીની પરીક્ષા ઓનલાઇન આપવાની મંજૂરી આપવામાં આવશે. વાહન વ્યવહાર કમિશનરની કચેરીના જણાવ્યા મુજબ, લર્નિંગ લાયસન્સ મેળવવાની કામગીરીનું સરકાર દ્વારા સરળીકરણ કરવામાં આવ્યું છે. આ પ્રક્રિયાના ભાગરૂપે અરજદારો ફેસલેસ લર્નિંગ લાયસન્સની સેવા આધાર બેઝ્ડ ઈ-કેવાયસી થકી કોન્ટેક્ટલેસ (ફેસલેસ) થકી મેળવી શકે તે ઉમદા હેતુથી વાહન વ્યહાર કમિશનરની કચેરી દ્વારા ૦૭-૦૭-૨૦૨૫થી અમલ થશે. જો અરજદાર નોન-ફેસલેસ અરજી કરવા માંગે તે કિસ્સામાં આટીઓ, એઆરટીઓ, આઈટીઆઈ, પોલિટેક્નિક કચેરી ખાતે લર્નિંગ લાઇસન્સની અરજીની ચકાસણી તથા ટેસ્ટની કામગીરી અર્થે મુલાકાત લેવાની રહેશે. હોમ-મેડ લર્નિંગ લાઇસન્સનો વિચાર ગયા વર્ષે જ રજૂ કરવામાં આવ્યો હતો. એક નિષ્ણાત પેનલે ડિસેમ્બર ૨૦૨૪માં ભલામણો સબમિટ કરી હતી.

પાંચમા પાનાનું ચાલુ

## શરદ પવારને જે ન

અજીત પવારની નીલકંઠેશ્વર પેનલે વિપક્ષને હરાવીને ૨૧માંથી ૨૦ બેઠકો પર વિજય મેળવ્યો હતો. શરદ પવાર જૂથની બલિરાજા પેનલના એક પણ ઉમેદવાર ચૂંટાયા ન હતા.

## શિવસેના-એનસીપીના

જણાવ્યું હતું. આ અઠવાડિયાની શરૂઆતમાં જીએડીએ અન્ન અને નાગરી પુરવઠા ખાતાના પ્રધાન છગન ભુજબળ (એનસીપી), પ્રવાસન પ્રધાન શંભુરાજ દેસાઈ, માટી અને જળ સંરક્ષણ પ્રધાન સંજય રાઠોડ અને પાણી પુરવઠા પ્રધાન ગુલાબરાવ પાટીલ (ત્રણેય શિવસેના)ના પીએને તાત્કાલિક તેમના મૂળ વિભાગોમાં પાછા ફરવાના પત્રો પાઠવ્યા હતા, એમ વિભાગના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું. આમાંથી બે પહેલાથી જ તે વિભાગોમાં પાછા આવી ચૂક્યા છે જ્યાંથી તેમની પ્રધાનો દ્વારા ભરતી કરવામાં આવી હતી.

## ‘રુદાલી ભાષણ’

પ્રદેશોમાં, ખાસ કરીને રાજસ્થાનમાં અંતિમ સંસ્કાર દરમિયાન જાહેરમાં શોક વ્યક્ત કરવા માટે મગાવવામાં આવતી વ્યાવસાયિક રૂદન કરનારી વ્યક્તિ એવો થાય છે.

ફડણવીસે કહ્યું કે કાર્યક્રમમાં મરાઠી વિશે એક પણ શબ્દ બોલવામાં આવ્યો ન હતો અને (ઉદ્ધવ દ્વારા આપવામાં આવેલ) ભાષણ તેમની સરકાર કેવી રીતે પડી ભાંગી અને તેઓ ફરીથી સત્તા કેવી રીતે મેળવી શકે તેના પર કેન્દ્રિત હતું.

તેમણે કહ્યું હતું કે મુંબઈ મહાનગરપાલિકા પર પચીસ વર્ષ શાસન કરવા છતાં, તેઓ (અવિભાજિત સેના) વિકાસ લાવવામાં નિષ્ફળ ગયા હતા.

‘તેનાથી વિપરીત, મોદીના નેતૃત્વમાં, અમે મુંબઈનું પરિવર્તન કર્યું છે. અમે મરાઠી લોકોને બીડીડી અને પત્રા ચાલ (ઘર)માં તેમના હકનાં ઘર આપ્યાં, જેનાથી તેઓ (ઉદ્ધવના નેતૃત્વ હેઠળ) ઈર્ષ્યા કરતા હતા,’ એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે કહ્યું કે તેમને મરાઠી અને હિન્દુ હોવાનો ગર્વ છે. ‘બધા મરાઠી અને બિન-મરાઠી લોકો અમારી સાથે છે.’

## ઓફિસમાં તોડફોડ બાદ

કહ્યું હતું કે હું મુંબઈમાં ૩૦ વર્ષથી રહું છું છતાં મરાઠી લોકો બોલે એવી રીતે કડકડાટ મરાઠી બોલી શકતો નથી અને એવી રીતે બોલી શકીશ પણ નહીં. કોઇ પણ પ્રકારની મૂંઝવણ ટાળવા માટે પોતાના બહુ નજીકના લોકો હોય તથા એવી કોઇ પરિસ્થિતિ હોય ત્યારે જ મરાઠી ભાષામાં બોલવાનું થાય છે.

‘અન્ય સાત ભારતીય ભાષાના ઉપયોગ વખતે મારી સાથે આવું થતું નથી જે હું સમયની સાથે શીખી શકું છું’, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

હું રાજ ઠાકરેનો આદર કરું છું તથા બહુ મજબૂત મુદ્દાઓ ઉઠાવવા માટે તેમની પ્રશંસા પણ કરવી જોઇએ. હનુમાન ચાલીસા ઝુંબેશ (ઉદ્ધવ ઠાકરે જ્યારે મુખ્ય પ્રધાન હતા ત્યારની ઝુંબેશ), હિન્દુત્વ અને રાષ્ટ્રવાદની લડત ચલાવવા જેવા મજબૂત મુદ્દાઓ તેમણે ઉઠાવ્યા છે, એમ કેડિયાએ જણાવ્યું હતું.

મરાઠી બોલતા ન આવડતું હોય એવા વેપારીઓની મનસેના કાર્યકરો દ્વારા કરાયેલી મારપીટની પોસ્ટ સોશ્યલ મીડિયા પર વાઇરલ થયા બાદ કેડિયાએ શુક્રવારે સોશ્યલ મીડિયા એક્સ પર પોસ્ટ કરીને પોતાનો ગુસ્સો ઠાળવ્યો હતો અને કહ્યું હતું કે હું મુંબઈમાં છેલ્લા ૩૦ વર્ષથી રહું છું અને હજી પણ મરાઠી બોલતા આવડતું નથી. હવે સંકલ્પ કરું છું કે જ્યાં સુધી મરાઠી ભાષાના નામે આવી દાદાગીરી બંધ નહીં થાય ત્યાં સુધી હું મરાઠી શીખીશ પણ નહીં, અબ ક્યાં કરના હૈ બોલ?

આ પોસ્ટની પ્રતિક્રિયા શનિવારે સવારે જોવા મળી હતી. મનસેના કાર્યકરોએ શનિવારે ઠાકરે અને મરાઠી ભાષા વિશે નારા લગાવ્યા હતા તથા નાળિયેર ફેંકીને કેડિયાની ઓફિસનો કાચનો દરવાજો તોડી નાખ્યો હતો. આ હુમલાનો વીડિયો પણ વાઇરલ થયો હતો જેમાં ત્યાં તહેનાત સિક્યોરિટી ગાર્ડ આ હુમલાને રોકવાનો પ્રયાસ કરતા દેખાયો હતો જ્યારે ઓફિસના સ્ટાફે શટર જ લગાવી દીધું હતું જેથી કોઇને પણ નાળીયેર વાગી ન જાય. આ પ્રકરણે પાંચ જણની ધરપકડ કરવામાં આવી છે અને તપાસ હજી ચાલી રહી છે, એમ વરલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## રાજકીય આધાર

ભાઈનું જાહેરમાં તુષ્ટિકરણ હતું. પાલિકાની ચૂંટણીમાં ભાજપની તાકાતના ડરથી તેમને ભાઈની યાદ આવી ગઈ છે, એમ ભાજપે કહ્યું હતું.

ઠાકરે પરિવાર શહેરમાં પોતાનું કુશાસન ફરી શરૂ કરવા માટે બીએમસી પર ફરીથી નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે, એમ ભાજપે ઉમેર્યું હતું.

મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ ઉદ્ધવ ઠાકરે પર મરાઠી ભાષા પરના તેમના વલણમાં બેવડા વલણનો આરોપ લગાવ્યો.

‘મરાઠીના સમર્થનના આડમાં ઉદ્ધવ ઠાકરેએ વરલીમાં સત્તા ગુમાવવા બદલ શોક વ્યક્ત કર્યો, પરંતુ તેમણે એ સમજાવ્યું નથી કે ૨૦૨૨માં મુખ્ય પ્રધાન તરીકે, તેમણે પહેલા ધોરણથી હિન્દી ફરજિયાત કરવાની ભલામણ કરતો અહેવાલ કેમ સ્વીકાર્યો હતો,’ એમ બાવનકુળેએ એક્સ પરની તેમની પોસ્ટમાં જણાવ્યું હતું. ભાજપના વરિષ્ઠ નેતાએ દાવો કર્યો હતો કે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનનો વાસ્તવિક એજન્ડા મરાઠી માટે ‘મ’ નહીં, પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે ‘મ’ હતો.

‘મુંબઈમાં સત્તામાં હતા ત્યારે, તેમણે મરાઠીભાષી લોકોને બાજુ પર રાખ્યા હતા. હવે, તેઓ સત્તા પાછી મેળવવા માટે મરાઠી પ્રત્યે પ્રેમનો દેખાવ કરી રહ્યા છે. મરાઠી પ્રત્યેનો તેમનો પ્રેમ એક રાજકીય નાટક છે જે ચૂંટણી નજીક આવે ત્યારે જ બહાર આવે છે. લોકો હવે આ બેવડાપણામાંથી પસાર થઈ ગયા છે,’ એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

ભાજપના વિધાન સભ્ય પ્રવીણ દરેકરે એવો દાવો કર્યો હતો કે રેલી સ્પષ્ટ રાજકીય હેતુથી બોલાવવામાં આવી હતી.

‘રાજ ઠાકરે મુખ્યત્વે મરાઠી ભાષાના મુદ્દા પર બોલ્યા હતા અને અગાઉના આરોપો સામે પોતાનો બચાવ કર્યો હતો, પરંતુ ઉદ્ધવ ઠાકરેનો સ્વર લાચારીનો હતો. સત્તા ગુમાવવા બદલ તેમનો અફસોસ સ્પષ્ટ હતો,’ એમ તેમણે કહ્યું હતું.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે નવેમ્બર ૨૦૨૪માં યોજાયેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં મરાઠી લોકોએ ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધનને પોતાનો ટેકો બતાવી દીધો હતો.

‘શું પાકિસ્તાનીઓએ અમને મત આપ્યો?... મરાઠી મતદારોએ મહાયુતિને પ્રચંડ જનાદેશ આપ્યો હતો. મુંબઈમાં પણ ભાજપ, શિવસેના અને એનસીપીના સના મલિક મરાઠી લોકોના સમર્થનથી જીત્યા હતા,’ એમ તેમણે કહ્યું હતું.

પક્ષના ધ્વજ અને ખાસ આમંત્રણો અંગે મંચ પર મૂંઝવણ હતી, જે સાબિત કરે છે કે તે કોઈ સાંસ્કૃતિક કાર્યક્રમ નહીં પરંતુ ગણતરીપૂર્વકનો રાજકીય કાર્યક્રમ હતો. તેમણે જાણવા માંગ્યું કે ઠાકરે સત્તામાં હતા ત્યારે કેટલા મરાઠી બિલ્ડરોને ફાયદો થયો હતો. દરેકરે મરાઠી ભાષાને પ્રોત્સાહન આપવા માટે ભાજપના પ્રયાસો પર પણ પ્રકાશ પાડ્યો હતો.

‘ફડણવીસ જ કેન્દ્ર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે સતત ચર્ચા કરતા રહ્યા હતા જેમણે મરાઠીને અભિજાત ભાષાનો દરજ્જો આપ્યો હતો. આ વાત ભૂલવી ન જોઈએ,’ એમ તેમણે કહ્યું હતું.

ઉદ્ધવના આરોપ પર કે ભાજપ તેના સાથી પક્ષોનો ઉપયોગ કર્યા પછી તેમનો ત્યાગ કરે છે, દરેકરે વળતો જવાબ આપતા કહ્યું કે તે સેના (યુબીટી)ના વડા હતા જેમણે પોતે જ પોતાના નેતાઓનો ત્યાગ કર્યો હતો.

‘(અવિભાજિત) શિવસેનાને બીએમસીમાં મેયર બનાવવાની મંજૂરી ભાજપે આપી હતી, પરંતુ ઉદ્ધવ ઠાકરે જ હતા જેમણે નારાયણ રાણે, છગન ભુજબળ, રામદાસ કદમ, ગણેશ નાઈક અને રાજ ઠાકરે જેવા સેનાના નેતાઓ સાથે ઉપયોગ કરો અને ફેંકી દોની નીતિનો ઉપયોગ કર્યો હતો,’ એમ તેમણે કહ્યું હતું.

‘વિરોધની આડમાં, જો ભાષા, જાતિ અથવા ધર્મના આધારે વિભાજન કરવાનો પ્રયાસ કરવામાં આવે છે, તો તેને ટાળવું જોઈએ,’ એમ તેમણે કહ્યું હતું.

## માહિમ સ્ટેશન કાઉન્ટર

નજર રાખી હતી. રાતે ૮.૩૦ કલાકે સ્ટેશન માસ્ટર સાથે બુકિંગ ઓફિસમાં દાખલ થતા એક વ્યક્તિ કાઉન્ટર પરથી ટિકિટનું વેચાણ કરી રહી હતી અને કોઇ પણ સત્તા વગર સરકારના નાણાં સંભાળી રહી હતી.

તપાસ ટીમે નોંધ્યું હતું કે તમામ બુકિંગ સ્ટાફ અંદરની રૂમમાં સાથે મળીને જમી રહ્યા હતા અને બહારની વ્યક્તિ ટિકિટનું વેચાણ કરી રહી હતી.

વિનોદે તપાસ ટીમને કહ્યું હતું કે રેગ્યુલર સ્ટાફે જ તેને ટિકિટનું વેચાણ કરવાનું કહ્યું હતું. તપાસ ટીમને તેની પાસેથી ૨,૬૫૦ રૂપિયા મળી આવ્યા હતા અને સરકારી તિજોરીમાં તે નાણાં જમા કરાવાયા હતા.

સસ્પેન્ડ કરાયેલા સ્ટાફમાં અંગત દેવિદાસ ધવાલે (સીબીએસ/જનરલ), રમાશંકર આર. (સીબીએસ/સાંજના ઇન્ચાર્જ), ગણેશ પાટીલ (સીબીએસ) અને વિજય દેવાડિગા (સીબીસી)નો સમાવેશ થાય છે. (પીટીઆઇ)

## હવે સાથે રહેવા

રાજ ઠાકરેએ મનસેની રચના કરી અને તેને ભૂમિ પુત્રોની પાર્ટી તરીકે રજૂ કરી રહ્યા છે. અલગ થયેલા પિતરાઈ ભાઈઓ ભેગા થવાથી બંને પક્ષોના કાર્યકરોમાં ઉત્સાહ જ નહીં, બંને પક્ષોને જીવનદાન પણ મળી શકે છે, જેઓ ગયા વર્ષે વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ ફરીથી પોતાનું સ્થાન મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. સેના (યુબીટી)એ ચૂંટણીમાં ૨૦ બેઠકો જીતી હતી જ્યારે એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ ૫૭ બેઠકો જીતી હતી. મનસે એકેય બેઠક જીતી શક્યું નહોતું. બાળ ઠાકરેના કરિશ્મા અને સામાન્ય મરાઠી લોકો સાથેના તેના ભાવનાત્મક જોડાણથી વાકેફ, આ રેલીમાં પ્રતીકવાદ સ્પષ્ટ હતો, જેમાં ફક્ત ઉદ્ધવ અને રાજ જ મંચ પર હતા. ભાષણની શરૂઆત કરતા, મનસે પ્રમુખે કહ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા લાદવામાં આવેલ ત્રણ ભાષાનું સૂત્ર મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાની તેની પુરોગામી યોજનાનો ભાગ હતો. તેમણે કહ્યું હતું કે સરકારે પ્રસ્તાવિત વિરોધ કૂચના વિચાર પર જ વિવાદાસ્પદ જીઆર પાછા ખેંચવા પડ્યા હતા. રાજે કહ્યું કે, ભાષા વિવાદ પછી, રાજકારણમાં સરકારનું આગામી પગલું લોકોને જાતિના આધારે વિભાજિત કરવાનું હશે.

‘ભાજપની યુક્તિ ભાગલા પાડો અને રાજ કરોની છે,’ એમ તેમણે ઉમેર્યું હતું. વિપક્ષ દ્વારા તેમના પુત્ર પર કરવામાં આવેલા ‘કોન્વેન્ટ શિક્ષણ’ના ઉપહાસને નકારી કાઢતા રાજે કહ્યું હતું કે દક્ષિણ ભારતમાં ઘણા રાજકારણીઓ અને ફિલ્મ સ્ટાર્સ અંગ્રેજી શાળાઓમાં અભ્યાસ કરે છે, પરંતુ તમિલ અને તેલુગુ ભાષાઓ પર ગર્વ અનુભવે છે. ‘બાળાસાહેબ ઠાકરેએ અંગ્રેજી શાળામાં અભ્યાસ કર્યો હતો, અંગ્રેજી અખબારમાં કામ કર્યું હતું, પરંતુ તેમણે ક્યારેય મરાઠીના દરજ્જા સાથે સમાધાન કર્યું નથી,’ એમ રાજ ઠાકરેએ કહ્યું હતું. તેમણે કહ્યું કે ભાજપના વડા લાલકૃષ્ણ અડવાણીએ પણ કોન્વેન્ટ શાળામાં અભ્યાસ કર્યો છે, તેથી શું તેમના હિન્દુત્વ પર પ્રશ્ન ઉઠાવવો જોઈએ? ઉદ્ધવે કહ્યું કે તેઓ સરકારને લોકો પર હિન્દી લાદવા દેશે નહીં. ‘આપણી તાકાત આપણી એકતામાં હોવી જોઈએ. જ્યારે પણ કોઈ સંકટ આવે છે ત્યારે આપણે ભેગા થઈએ છીએ અને પછી ફરી એકવાર આપણે અંદરોઅંદર લડવાનું શરૂ કરીએ છીએ,’ એવો ખેદ ઉદ્ધવે વ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે વિધાનસભા ચૂંટણી દરમિયાન ભાજપનો ‘બટેંગે તો કટેંગે’ (વિભાજિત થવાથી પરાજિત થવાશે) સૂત્ર હિન્દુઓ અને મુસ્લિમોને વિભાજિત કરવા માટે બનાવવામાં આવ્યું હતું. જોકે, વાસ્તવમાં, ભાજપે મહારાષ્ટ્રીયનોને વિભાજીત કરવા માટે તેનો ઉપયોગ કર્યો, એવો દાવો કરતાં તેમણે ભાજપને ‘રાજકારણમાં વેપારીઓ’ ગણાવ્યા હતા. ‘મરાઠી માણસો (લોકો) એકબીજા સાથે લડ્યા અને દિલ્હીના ગુલામો આપણા પર રાજ કરવા લાગ્યા,’ એમ તેમણે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પર કટાક્ષ કરતા કહ્યું હતું. તેમણે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા હાજરી આપેલા કાર્યક્રમમાં ‘જય ગુજરાત’નો નારો લગાવવા બદલ શિંદેની પણ ટીકા કરી અને તેને હતાશાનું કૃત્ય ગણાવ્યું હતું. જોકે એનસીપી (એસપી)ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળે અને અન્ય નેતાઓ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા, પરંતુ ફક્ત રાજ અને ઉદ્ધવ સ્ટેજ પર હતા અને સભાને સંબોધિત કરી હતી.

## ઠાકરે ભાઈઓ સાથે આવતા હોય તો અમારી શુભેચ્છાઃ કૉંગ્રેસ

શાળામાં પહેલા ધોરણથી હિન્દી ભાષા ‘લાદવા’ સંબંધી સરકારના જીઆર પાછા ખેંચવાનું શ્રેય લેવા માટે ઉદ્ધવ અને રાજ ઠાકરેએ સંયુક્ત રેલીનું આયોજન કર્યા પછી, કોંગ્રેસે બંને પિતરાઈ ભાઈઓને યાદ અપાવ્યું હતું કે રાજ્યભરના વિવિધ વર્ગો દ્વારા સરકારના આ પગલાનો વિરોધ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ બંને પિતરાઈ ભાઈઓ વચ્ચે સંભવિત રાજકીય જોડાણ અંગે શંકાસ્પદ દેખાઈ હતી. મહારાષ્ટ્રની શાળાઓમાં પહેલા ધોરણથી પાંચમા સુધી હિન્દી ભાષા શીખવવા સામેના ઉગ્ર વિરોધ વચ્ચે રાજ્ય પ્રધાન મંડળે ૨૯ જૂને ત્રિભાષી નીતિના અમલ અંગે બે જીઆર (સરકારી આદેશો) પાછા ખેંચી લીધા હતા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા પૃથ્વીરાજ ચવાણે જણાવ્યું હતું કે પહેલા ધોરણથી ત્રીજી ભાષા તરીકે હિન્દીનો સમાવેશ કરવાનો રાજ્યવ્યાપી વિરોધ થયો હતો.

રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે જીઆર પાછું ખેંચવાનું શ્રેય લે તો ઠીક છે. જો તેઓ રાજકીય રીતે સાથે આવે તો અમારી શુભેચ્છાઓ, એમ ચવાણે જણાવ્યું હતું. ઉદ્ધવ ઠાકરે અને તેમના પિતરાઈ ભાઈ રાજ, જે અનુક્રમે શિવસેના (યુબીટી) અને મનસેના વડા છે, તેમણે પહેલા ધોરણથી ત્રીજી ભાષા તરીકે હિન્દીનો ઉપયોગ કરવાના બે જીઆર પાછા ખેંચવાની ઉજવણી કરવા માટે સંયુક્ત ‘વિજય’ રેલીનું આયોજન કર્યું હતું. ‘જો ઠાકરે પરિવાર જીઆર પાછા ખેંચવાની ઉજવણી કરવા માગે છે, તો તે સારું છે,’ રાજ્ય કોંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાળે જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હિન્દી ભાષાના જીઆર પાછા ખેંચવાની ઉજવણી અને બંને પિતરાઈ ભાઈઓ વચ્ચે સંભવિત રાજકીય જોડાણ બે અલગ અલગ મુદ્દાઓ છે. સપકાળે દાવો કર્યો હતો કે તેમણે જીઆરના વિરોધમાં એક થવા માટે વિવિધ વર્ગોના ૬૦૦ લોકોને પત્રો લખ્યા હતા અને શિક્ષણવિદો અને મરાઠી ભાષાના નિષ્ણાતોની શ્રેણીબદ્ધ બેઠકોનું આયોજન કર્યું હતું. ‘દરેક વ્યક્તિએ પહેલા ધોરણથી (રાજ્યની શાળાઓમાં) હિન્દી (ભાષા) લાદવાની વિરુદ્ધ લડત આપી હતી,’ એમ તેમણે કહ્યું હતું.

## જેહાદી અને હિન્દુ વિરોધી મેળાવડોઃ નિતેશ રાણે

મહારાષ્ટ્રના પ્રધાન નિતેશ રાણેએ મુંબઈમાં ઠાકરે પિતરાઈ ભાઈઓ - ઉદ્ધવ અને રાજ - ની સંયુક્ત રેલી પર પ્રહારો કર્યા હતા અને તેને સમાજને વિભાજિત કરવા અને રાજ્યને નબળું પાડવાના હેતુથી ‘જેહાદી અને હિન્દુ વિરોધી મેળાવડો’ ગણાવ્યો હતો. રેલીના એક દિવસ પહેલા શુક્રવારે પત્રકારો સાથે વાત કરતા રાણેએ કહ્યું હતું કે, ‘અમે હિન્દુ છીએ અને ગર્વથી મરાઠી પણ છીએ. જે રીતે જેહાદીઓ આપણા સમાજને વિભાજિત કરવાનો પ્રયાસ કરે છે, આ લોકો પણ એ જ કરી રહ્યા છે. પછી ભલે તે (પ્રતિબંધિત) પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ) હોય કે સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મુવમેન્ટ ઓફ ઈન્ડિયા (સીમી) હોય, જે હિન્દુ રાષ્ટ્રના વિચાર વિરુદ્ધ કામ કરે છે, આ બંને (ઠાકરે) અલગ નથી. તેઓ રાજ્યને નબળું પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.’ ઠાકરે પરિવારની સંયુક્ત રેલી અંગે, ભાજપના નેતાએ કહ્યું હતું કે, ‘વરલી સભાનો હેતુ હિન્દુઓ અને મરાઠી લોકોને વિભાજીત કરવાનો છે. તેને ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ), પીએફઆઈ અથવા સીમીની રેલીઓ સાથે સરખાવી શકાય છે. તેનાથી રાજ્યમાં હિન્દુઓને સૌથી વધુ નુકસાન થશે. રેલી પછી નળ બજારમાં (મુંબઈમાં મુસ્લિમ બહુમતી ધરાવતો વિસ્તાર) મીઠાઈઓ વહેંચવામાં આવશે અને ફટાકડા ફોડવામાં આવશે.’

## શિંદે-સેનાના વિધાનસભ્યની જીભ લપસી

લાતુરઃ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે મુંબઈમાં ભેગા થયા એની ટીકા કરતી વખતે શિવસેનાના વિધાન સભ્ય સંજય ગાયકવાડની જીભ લપસી ગઈ હતી. મરાઠી ભાષાના મુદ્દે બોલતાં અને ઠાકરેની ટીકા કરતી વખતે તેમણે છત્રપતિ સંભાજીરાજે અને શિવાજી માટે અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો. છત્રપતિ સંભાજીરાજે ૧૬ ભાષા શીખ્યા હતા તો શું તેઓ મૂર્ખ હતા? એવો સવાલ સંજય ગાયકવાડે કર્યો હતો. લાતુર જિલ્લાના હાડોળતી ખાતે આપેલા સંજય ગાયકવાડના આ નિવેદનથી વિવાદ વકરે તેવી શક્યતા છે.

## જૈન મરણ

દેવળિયા નિવાસી હાલ મુલુંડ સ્વ. રતિલાલ કેશવજી દોશીનાં જયેષ્ઠ પુત્ર નરેન્દ્રભાઇ રતિલાલ દોશીના ધર્મપત્ની અ.સૌ. દક્ષાબેન (દીનુબેન) (ઉં. વ.૭૩) તા. ૪-૭-૨૫ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. વૈભવ, પારુલ હર્ષિતકુમાર દોશી, જિજ્ઞા હિરેનકુમાર શાહ, ભાવિકા વિશાલકુમાર મહેતા, દર્શિતા તેજસકુમાર ગાંધી, અંકિતા દર્શનકુમાર મહેતાના માતુશ્રી. અ. સૌ. પૂજાનાં સાસુ. દિલીપભાઇ, રાજેશભાઇ, સ્વ. સ્મિતાબેન, જયશ્રીબેન, વાસંતીબેનના વડીલ ભાભી. પિયરપક્ષે સ્વ. છોટાલાલ હરીચંદ શાહના દીકરી. માતૃવંદના તા. ૬-૭-૨૫ રવિવારે સવારના ૧૦થી ૧૨. ઠે. ટીપટોપ પ્લાઝા, રિગલ બેન્કવેટ હોલ, ૨જે માળે, મુંબઇ-થાણા ચેકનાકા, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

રતનપર (પાલીતાણા) હાલ ભાયંદર શશીકાન્ત પોપટલાલ શાહના ધર્મપત્ની અ. સૌ. મીનાબેન (મૃદુલા) (ઉં. વ. ૬૮) તા. ૪-૭-૨૫ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે ધર્મેશ-ચૈતાલીના માતુશ્રી. પૂજા તથા દર્શનકુમારના સાસુ. જૈનમના દાદી. રાજેશ, રોહિત, કમલેશ તથા વર્ષા (વૈશાલી) જિતેન્દ્રકુમાર ગાંધીના ભાભી. પક્ષે દાઠાવાળા સ્વ. નેમચંદ વીરચંદ ગાંધીના સુપુત્રી. ઠે. એ/૪૦૪, શિવકૃપા, ૧૫૦ ફૂટ રોડ, મેકસસ મોલ પાસે, ભાયંદર (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભરૂડીયના માતુશ્રી મીઠીબેન કાનજી દેવશી ડાઘા ના સુપુત્ર ખેરાજ (ઉં.વ. ૬૪) તા. ૦૩.૦૭.૨૫, ગુરૂવારના દેશમાં અવસાન પામેલ છે. કસ્તુરના પતિ. દિપક, મયુર, ભારતી, ઈના, કલ્પના, સ્વ. કેતન, શિલ્પા ના પિતાશ્રી. શૈલેષ, દેવ, જીતેન, શિતલ, નેહાના સસરા. રવજી, શામજી, ચાંપશી, ધીરજ, નવિન, ગૌરી, ભાવલના ભાઈ. સુવઈના સ્વ. હીરૂબેન જીવરાજ હાજા નિસરના જમાઈ. પ્રાર્થના સભા : તા. ૦૬.૦૭.૨૫, રવિવાર. સમય : બપોરે ૩ થી ૪.૩૦. સ્થળ : શ્રી થાણા વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, થાણા (વે). ઠે.: ૪૦૩, આનંદવન, એદલજી રોડ, ચરઈ, થાણા (વે).

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ હલરા હાલે આધોઈના સ્વ.જોમાબેન શામજી લખમણ છેડા (ઉં.વ.૮૮) ગુરુવાર તા.૦૩.૦૭.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. શામજીના ધર્મપત્ની. મંજુલાબેન, સ્વ. નેમચંદ્ર, જયંતિલાલ, દિપકના માતુશ્રી. જયંતિલાલ ગાલા, શાંતીબેન, રમીલાબેનના સાસુ. નિધી, ચિંતન,રિધ્ધી અને શુભના દાદી. સ્વ. કરમાબેન કોરશી ગડાની પુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે.અનમોલ બ્લોક નં.૩૦૨, ઉંમર પાર્ક, વોર્ડન રોડ, મુંબઈ-૩૬.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સણોસરાના કલ્યાણજી નરશી વાલજી નાગડા (ઉ.વ. ૭૬) તા. ૨-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. મા. ગંગાબાઇ નરશીના સુપુત્ર. કસ્તુરબેનના પતિ. દિપા (અક્ષિતા), હીના, વીનીત, રૂપલના પિતા. પ્રેમજી, રવજી, ખીંયશી, લખમશી, ધનજી, આસબાઇ, સુંદરબેન, અમૃતબેનના ભાઇ. મોથારાના માલબાઇ કેશવજીના જમાઇ. ગુણાનુવાદ શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરસન લધુ નિસર હોલ, ૧લે માળે, ૪.૦૦ થી ૫.૩૦. દાદર (વેસ્ટ).

મોટી ઉનડોઠના શાંતીલાલ ગાંગજી ખીમસરીયા (ઉં.વ.૮૧) ૩-૭-૨૫ના અવસાન પામેલ છે. દેવાબાઈના પુત્ર. દમયંતીબેનના પતિ. શૈલેષ, રશિલા, સ્મીતા, ભાવના, ડો. નયનાના પિતા. વીરજી, મોહનના ભાઈ. મોટી ઉનડોઠ નાથાબાઈ ધનજી ગડાના જમાઈ. પ્રા. શ્રી જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, મુલુંડ (વે), બપોરે ૪ થી ૫.૩૦.

નવિનારના કલ્યાણજી પ્રેમજી વોરા (ઉં.વ. ૮૮) તા. ૪-૭-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. સાવિત્રીના પતિ. જાગૃતિ, દીપિકા, સ્વ. છાયા અને સ્વ. રાકેશના પિતા. સ્વ. મહેન્દ્ર, સ્વ. શાકર, સ્વ. જયંતી, સ્વ. શાંતિ, સ્વ. ચંચલના ભાઈ. પ્રતાપરના સ્વ. મોંગીબાઈ નાનજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. રહેઠાણ : કલ્યાણજી વોરા, ૧૪, મહાજન ચાલ, ગોગ્રાસ વાડી, ડોમ્બીવલી (પૂર્વ).

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

વિંછીયા નિવાસી હાલ બોરીવલી, સ્વ. ચંચળબેન વીરચંદ વોરાનાં સુપુત્ર ભૂપેન્દ્રભાઈ (ઉં.વ.૮૩) તે ભાનુમતીનાં પતી. રાજીવ - ભાવીનાં પિતા. ઉમા - ભાવેન દિલીપભાઈ શાહનાં સસરા. સ્વ. અનંતરાય, સ્વ. શશીકાંતભાઈ, સ્વ. શારદાબેન, ધીરજબેન ધીરજલાલ ગોસાલિયા, ભારતીબેન બિપીનચંદ્ર શાહનાં ભાઈ, સ્વ. ચંપાબેન ભીમસી ગોવર ગડાનાં જમાઈ. તા. ૪-૭-૨૫નાં શુક્રવારે અરીહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા બંને પક્ષ તરફથી બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી, ઇન્દિરાબેન પ્રીતમલાલ મહેતા (ઉં.વ.૯૨) તે તારાબેન અને શિવલાલભાઈ ઘાટલિયાના પુત્રી. પરેશ, લીના, પલ્લવી અને બિમલના માતૃશ્રી. મિશાલ, પ્રાચી, પલકના દાદી. સ્વ. કાંતિભાઈ લાલચંદ, સ્વ. વસંતબેન રવિચંદ, સ્વ. નવલબેન દેવચંદ, સ્વ. લાભુબેન અનુલાલ, સ્વ. વનિતાબેન રતિલાલ, સ્વ. ચંપાબેન હરેશભાઈ, સ્વ. સુશીલા રમેશચંદ્ર, સ્વ. મંજુલા ભાનુચંદ્રના ભાભી. સ્વ. મંજુબેન ધીરજલાલ, સ્વ. હંસાબેન રતિલાલ, સ્વ. નરોતમભાઈ, સ્વ મહેન્દ્રભાઈ, સ્વ. જયંતભાઈ, સ્વ. જયસુખભાઈ, બકુબેન રસિકલાલ, અશોકભાઈના બેન તા. ૩/૭/૨૫ના પૂના મુકામે અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

વખતજીની શેરી ફોફલિયા વાડો હાલ મુંબઇ સ્વ. શાંતિલાલ નગીનદાસ શાહના સુપુત્ર ચીનુભાઇ શાહ (ઉં. વ. ૮૭) તા. ૫-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શીલાબેનના પતિ. નીપા, આશિષ, અમીના પપ્પા. મનીષભાઇ, અમિષા અને આશિષભાઇના સસરા. સ્વ. ચંપકલાલ કેસરીચંદ પત્રાવાલાના જમાઇ. સ્વ. મહેન્દ્રભાઇ, સ્વ. જયંતીભાઇ, સ્વ. મંજુબેન નવીનચંદ્ર શાહના ભાઇ. પ્રાર્થનાસભાઃ સોમવાર તા. ૭-૭-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. એફ. પી. એચ. હોલ, લાલા લાજપત રાય માર્ગ, હાજી અલી, મુંબઇ, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. મનહરલાલ કેશવલાલ બદાણીના ધર્મપત્ની રંજનબેન બદાણી (ઉં.વ.૮૫) ગુરુવાર, તા. ૩/૭/૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે ડૉ. કેતન, નિકેતનના માતુશ્રી. ડૉ. મોના, કવિતાબેનના સાસુ. રુશાંત - આકાંક્ષા, શૌનક, વિદિત, કિયાના, આવ્યાંના દાદી. સ્વ હરસુખભાઈ, સ્વ. રસિકલાલ, સ્વ. પ્રવિણભાઇ કરસનજી પારેખના બેન. પ્રાર્થનાસભા તા. ૬-૭-૨૫ રવિવારના ૧૦ થી ૧૨. સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી દશા ઓશવાળ જૈન**

ગામ સાંયરા કચ્છ હાલ માટુંગા, વિજય મોમાયા (ઉં.વ.૭૨) ગુરુવાર, તા. ૩-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. ગંગાબેન લીલાધર નરશી મોમાયાના પુત્ર. સ્વ. નવલબેન નરશી નેણશી સોનીના જમાઈ. કલ્પનાબેનના પતિ. રૂપાલી ધનેશ મોમાયા, ઉર્વી જયેશ મોમાયાના સસરા. આદિત્ય, નિહાલ અને દેવના દાદાશ્રી. સ્વ. નવીનચંદ્ર લીલાધર મોમાયા તથા હરીશભાઈ લીલાધર મોમાયાના ભાઈ સ્મરણાંજલી સભા રવિવાર, તા. ૬-૭-૨૫ના ૩થી ૪.૩૦. શ્રી માટુંગા કચ્છી મૂર્તિ પૂજક જૈન શ્વેતાંબર સંઘની, શ્રી નારાણજી શામજી મહાજન વાડી, ભાઉદાજી રોડ, માટુંગા, સેંટ્રલ રેલવે.

**વિશા પોરવાલ જૈન**

પેથાપુર નિવાસી હાલ બોરીવલી સોનલબેન શાહ (ઉં. વ. ૬૬) તા. ૫-૭-૨૫ના શનિવારના દેવગત થયેલ છે. તે નીતિનકુમાર સેવંતીલાલ શાહના ધર્મપત્ની. આકોલા નિવાસી ગુણવંતીબેન સૂર્યકાંતભાઇ શાહની પુત્રી. કીન્નરીબેનના માતુશ્રી. નૈનેશકુમાર પ્રવીણભાઇ શાહ (લીચનિવાસી હાલ બોરીવલી)ના સાસુ. નીષ્ક અને સાનવીના નાની. ભાવયાત્રા તા. ૭-૭-૨૫ના સોમવારે સવારના ૧૦થી ૧૨. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, એલ. ટી. રોડ, ડાયમન્ડ ટોકીઝની સામે, બોરીવલી સ્ટેશનની બાજુમાં, બોરીવલી (વેસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

વઢવાણ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. અમૃતલાલ ત્રિભોવનદાસ સપાણીનાં ધર્મપત્ની વિમળાબેન સપાણી (ઉં. વ. ૯૫) તા. ૨-૭-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે યોગેશ-વિપુલ-હર્ષાના માતુશ્રી. રીટા-અવની, રાજેશ મહેતાના સાસુ. પિયર પક્ષે સ્વ. દિપચંદભાઇ મૂળજીભાઇ શાહ હારીજવાળાના દીકરી. જય-નિશીતા-સારવ-શ્રેણી-અમીષા-રીમા રોનકનાં દાદી/નાની. તે શ્વેતા-સોનીયા, ચિરાગ-મનનનાં દાદી-સાસુ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## બીકેસી બુલેટ ટ્રેન સ્ટેશનનું

સ્લેબ કાસ્ટિંગ શરૂ થઈ ગયું છે. વિક્રોલી (૫૬ મીટર ઊંડા) અને સાવલી શાફ્ટ (૩૯ મીટર ઊંડા) ખાતે બેઝ સ્લેબ કાસ્ટિંગ પૂર્ણ થઈ ગયું છે. આ શાફ્ટ ટનલ બોરિંગ મશીનો શરૂ કરવા અને ભૂગર્ભ કાર્યને સરળ બનાવવા માટે જરૂરી છે, એમ પ્રકાશનમાં જણાવાયું છે. મહારાષ્ટ્રમાં થાણે, વિરાર અને બોઈસર એલિવેટેડ સ્ટેશનો પર કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે, એમ કહેતા તેમાં જણાવાયું હતું કે અનેક સ્થળોએ પિયરનું કામ ચાલી રહ્યું છે, અત્યાર સુધીમાં આશરે ૪૪ કિ.મી.ના પિયર્સ નાખવામાં આવ્યા છે.

આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૧.૦૮ લાખ કરોડ રૂપિયા આંકવામાં આવ્યો છે, અને શેરહોલ્ડિંગ પેટર્ન મુજબ, ભારત સરકારે એનએચએસસીએલ ને ૧૦,૦૦૦ કરોડ રૂપિયા ચૂકવવાના છે, જ્યારે બે રાજ્યો, ગુજરાત અને મહારાષ્ટ્ર, દરેકે ૫,૦૦૦ કરોડ રૂપિયા ચૂકવવાના છે. બાકીની રકમ જાપાને ૦.૧ ટકાના વ્યાજ દરે લોન દ્વારા ચૂકવવાની છે.

## રાજની વાત મરાઠીના

માનુષને મુંબઈમાંથી કેમ હાંકી કાઢવામાં આવ્યા હતા. ‘એકે મરાઠીના ભલા માટે ઇચ્છા વ્યક્ત કરી, તો બીજાએ સત્તા માટે વિષવમન કર્યું. કેટલાક લોકોએ (રેલી પહેલા) કહ્યું હતું કે વિજયની ઉજવણીમાં કોઈ પક્ષનો ધ્વજ રહેશે નહીં. એક વક્તા (રાજ) તેનું પાલન કરતા હતા, બીજા (ઉદ્ધવ) પોતાનો એજન્ડા જણાવતા હતા. આ જ ફરક છે,’ એમ શિંદેએ કહ્યું હતું. ઉદ્ધવ ઠાકરે સામે બળવો કરનારા અને જૂન ૨૦૨૨માં શિવસેનાને તોડનારા શિંદેએ યાદ અપાવ્યું હતું કે રેલીની શરૂઆતમાં વગાડવામાં આવેલા ‘જય જય મહારાષ્ટ્ર માઝા’ ગીતને ‘રાજ્ય ગીત’ તરીકેની માન્યતા તેઓ મુખ્ય પ્રધાન હતા ત્યારે જ આપવામાં આવી હતી. તેમજ, તેમના કાર્યકાળ દરમિયાન કેન્દ્રે મરાઠીને અભિજાત ભાષાનો દરજ્જો આપ્યો હતો, એમ તેમણે કહ્યું હતું. શિંદેએ જણાવ્યું હતું કે ઉદ્ધવ ઠાકરે બીજા વ્યક્તિ (રાજ)ની મદદથી પોતાની સંભાવનાઓ સુધારવા માટે મરણિયા પ્રયાસ કરી રહ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે મુખ્ય પ્રધાન તરીકે ઉદ્ધવે આર.એ. માશેલકર સમિતિના અહેવાલને સ્વીકાર્યો હતો, જેમાં રાજ્યની શાળાઓમાં હિન્દી ‘ફરજિયાત’ બનાવવાની ભલામણ કરવામાં આવી હતી. શિંદેએ જણાવ્યું હતું કે વર્તમાન સરકારે તો ઉલટાનો ‘ફરજિયાત’ શબ્દ દૂર કર્યો છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરના અઠવાડિયામાં એવી અટકળો ચાલી રહી હતી કે શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના મુંબઈમાં આગામી પાલિકા ચૂંટણીઓ માટે રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સાથે જોડાણ કરવાનો પ્રયાસ કરી રહી છે. સેનાના નેતા ઉદય સામંત, જે મરાઠી ભાષાના પ્રધાન પણ છે, તેમણે શિંદેનો સૂર પકડતાં કહ્યું હતું કે, ‘રાજનું એક ભાષણ મરાઠીના ભલા માટે હતું અને બીજું (ઉદ્ધવનું) મુંબઈમાં સત્તા પ્રાપ્ત કરવા માટે હતું.’ ‘લોકોએ જોયું છે કે બીજું ભાષણ સત્તા માટે હતું,’ એમ સામંતે કહ્યું હતું.

## પાયદસ્ત

હોમી રૂસ્તમજી પટેલ તે રોશનના ધની. તે મરહુમો મક્કી રતન પટેલના દીકરા. તે રતન, લઇલા ને સાઇરસના પપા. તે જમશેદ ને કૈનાઝના સસરા. તે જહાંગીરના ભાઇ. તે દારાયશ, નાઇરીકા, જેહાન ને કીયાનના બપાવાજી. (ઉં. વ. ૮૦) રે. ઠે. એડનવાલા બાગ, ૨૮૫ જે. દાદાજી માર્ગ, તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૭. પાયદસ્ત તા. ૭-૭-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૭-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

## હિન્દુ મરણ

સુનીલભાઇ એન. દલાલ તા. ૩-૭-૨૫ના દેવલોક પામ્યા છે. તે રાજલ દલાલના પતિ. રાહુલ, બીંદી, તોરલના પિતાશ્રી. ડો. રશ્મીકાંત, ડો. અક્ષય દલાલના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૬-૭-૨૫ના ખડાયતા ભુવન, ૩૨ હનુમાન રોડ, વિલેપાર્લે (પૂર્વ) સાંજે ૫થી ૭.

**હાલાઇ બ્રહ્મક્ષત્રિય**

અંજના લલિત કકૈયા (ઉં. વ. ૭૦) તે બુધવાર, તા. ૨-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે લલિતભાઇ રતિલાલ કકૈયાના ધર્મપત્ની. તે અર્ચના, દર્શન, અને નૈનેષના માતુશ્રી. મિતલ, અમી, ઉર્વીના સાસુ. જન્મેજય કલ્યાણજી શનિશ્વરાના દીકરી. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૭-૭-૨૫ના સ્વામિનારાયણ મંદિર, યોગીનગર, બોરીવલી (વેસ્ટ) સાંજે ૫થી ૭.

**પાવરાઇ ભાટીયા**

કચ્છ નિરોણા હાલ મુંબઇ ગોરધનદાસ મુલાણી (ઉં. વ. ૮૬) તે સ્વ. દેવકાબાઇ હંસરાજ હરીદાસ મુલાણીના પુત્ર. સ્વ. દેવજી ગોવિંદજી આશરના જમાઇ. માલતીબેનના પતિ. અજય, ઇલા આશરના પિતા. ભાવિકા, હિતેશ આશરના સસરા. ડો. તૃપ્તી જસાપરા, ડો. સ્વાતિ ઉદેશીના કાકા તા. ૩-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૬-૭-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. રવજી જીવરાજ ચાંગદાઇવાળા હોલ, એસ. એન. ડી. ટી. કોલેજ, માટુંગા, મુંબઇ-૧૯. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટીયા**

અ. સૌ. દક્ષાબેન (ઉં. વ. ૬૩) તે વિજય મનુભાઇ નેગાંધીના ધર્મપત્ની તા. ૨૭-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે આશા પ્રજ્ઞેશ વેદના માતુશ્રી. પ્રજ્ઞા પ્રતાપ સિંહ આશર, ભારતી મહેન્દ્ર કાપડીયા, રીતીકા (રાજુ) વિજય ગોયલ, નરેશ મનુભાઇ નેગાંધીનાં ભાભી. તે ચંદન નરેશ નેગાંધીના જેઠાણી. સ્વ. વાસંતીબેન લીલાધર લાલજી ઉદેશીનાં પુત્રી. સ્વ. હરેન્દ્રભાઇ, સ્વ. જયંતીભાઇ, ગં. સ્વ. રક્ષાબેન મરચન્ટના બેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

ગં. સ્વ. અનિલાબેન (ઉં.વ.૮૫) હાલ થાણા સ્વ. શશીકાંત મણિયારના ધર્મપત્ની. ભાવનગર નિવાસી સ્વ. ભગવાનદાસ ધનજીભાઈ મણિયારના પુત્રવધૂ. મોરબી નિવાસી સ્વ. ભીખાલાલ કસ્તુરચંદ મહેતાના દીકરી. અસ્મિતા મયુર પારેખ, કેતકી આશિષ શાહ, અમી જીગર ત્રિવેદીના માતુશ્રી. પ્રતીક, સોહમ, ઉર્મિ, વૈષ્ણવીના નાની. તા. ૪/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

ગામ ભૈરાઈ હાલ વિરાર, ગં. સ્વ. સરલાબેન સતીકુંવર (ઉં.વ.૬૬) તે સ્વ વિનોદકુમાર જમનાદાસ સતીકુંવરના ધર્મપત્ની. સ્વ. સારિકા રાજેશકુમાર ધકાણ, નીતિન, વૈશાલી ધનશ્યામકુમાર થડેશ્વરના માતૃશ્રી. સ્વ. શારદાબેન ભાસ્કરભાઈ સુરુ (દાઠા) વાળાના દીકરી. ક્રિશ વંશ દીયા, ધ્રુમિલના નાની. ૩ જુલાઈ ૨૫ના ગુરુવાર શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે. ટેલિફોનિક બેસણું સોમવાર, તા. ૮ જુલાઈ ૨૫ના ૪.૦૦ થી ૬.૦૦.

**દશા મોઢ માંડલિયા વણિક**

અ. સો. ઉષા સુખડીયા (ઉં.વ.૭૦) તે મહેશ સુખડીયાના ધર્મપત્ની. સ્વ. રમણિકલાલ, સ્વ. કાન્તાબેન સુખડિયાના પુત્રવધૂ. સ્વ. વિઠ્ઠલદાસ અને સ્વ. લીલાવતીબેન દોશીના પુત્રી. પરેશના ભાભી. ઉર્વશીબેનના જેઠાણી. પ્રવીણ અને ડૉ. મહેન્દ્રના બેન તા. ૨-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સાદડી અને લૌકિક પ્રથા બંધ રાખેલ છે. ફ્લેટ નં. ઈ ૨ /૩૩૭. ગુજરાત સોસાયટી, વિલેપાર્લા ઇસ્ટ.

**કપોળ**

શિહોરવાળા હાલ ભાયંદર નિવાસી સ્વ. ભાનુમતી પ્રવીણચંદ્ર દોશીના સુપુત્ર સમીર (ઉં. વ. ૫૯) તે મીતાબહેન (મોહીની) શૈલેનભાઇ મહેતા, સ્વ. તૃપ્તીબેન જયંતભાઇ મહેતાના ભાઇ. લજ્જા દિવ્યેશ ઓઝા, દર્શન તથા જયમીનના મામા. સ્વ. નવનીતભાઇ, સ્વ. નટવરભાઇ, સ્વ. ચંદ્રકાન્તભાઇ, નલીનભાઇ, હર્ષદભાઇ, ગં. સ્વ. હંસાબેન રમણભાઇ વોરા, સ્વ. જયોત્સનાબેન, કિશોરભાઇ શાહના ભત્રીજા. મોસાળ પક્ષે ચિત્તળવાળા સ્વ. હરીલાલ ત્રિકમજી મોદીના ભાણેજ. તા. ૨-૭-૨૫ના બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

અ. સૌ. મંજુલાબેન (ઉં. વ. ૮૪) હાલ બોરીવલી તે નરેન્દ્રભાઇ મહેતાના ધર્મપત્ની. તે રાજકોટ નિવાસી ગુલાબચંદ નાનચંદ મહેતાના પુત્રવધૂ. ભગવાનલાલ ધનજી મણિયારના સુપુત્રી. તે રાજેશ, હિતેષના માતુશ્રી. દર્શના, સોનલના સાસુ. એકતા ધાર્મિક પટેલ, કાજલ આદિત્ય જરીવાલા, વિધિ, તાન્યાના દાદી. તા. ૫-૭-૨૫ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ફ્રેન્ડસ બેન્કવેટ હોલ, એચ. ટી. દેસાઇ કમ્પાઉન્ડ, જે. એસ. સાવંત રોડ, દહીંસર (વેસ્ટ), તા. ૭-૭-૨૫ના સાંજે ૫થી ૭.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# હવે સાથે રહેવા ભેગા થયા છીએ: ઉદ્ધવ ઠાકરે

**રાજ ઠાકરે સાથે વરલીમાં સંયુક્ત સભાને સંબોધતા આગામી દિવસોમાં પણ મરાઠી મુદ્દે હુમલા ચાલુ રહેશે એવી ચેતવણી ઉચ્ચારી: 'મ'થી મરાઠી, 'મ'થી મનપા અને 'મ'થી મહારાષ્ટ્રમાં સરકાર**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ શનિવારે કહ્યું હતું કે તેઓ અને મનસે વડા રાજ ઠાકરે એક થવા માટે ભેગા આવ્યા છે કારણ કે મરાઠી ઓળખ અને હિન્દી ભાષાના 'લાદવાના' મુદ્દે બે દાયકા પછી પિતરાઈ ભાઈઓએ પહેલી વાર રાજકીય મંચ શેર કર્યો હતો.

ભાજપની આગેવાની હેઠળની સરકાર દ્વારા હિન્દી ભાષાના જીઆર (સરકારી આદેશ) પાછા ખેંચવામાં આવ્યા તેની ઉજવણી માટે અહીં વરલીમાં એક 'વિજય' રેલીને સંબોધતા, ઉદ્ધવે આગામી પાલિકા ચૂંટણીઓ સાથે લડવાનો સંકેત આપ્યો હતો.

'અમે સાથે રહેવા માટે ભેગા થયા છીએ. અમે સાથે મળીને મુંબઈ અને મહારાષ્ટ્રની પાલિકાઓ અને મહારાષ્ટ્રમાં સત્તા કબજે કરીશું,' એમ તેમણે કહ્યું ત્યારે ખચાખચ ભરેલા એનએસસીઆઈ ડૉમમાં ભીડે જોરદાર જયઘોષ કર્યો હતો.

મુંબઈમાં હાઇ-પ્રોફાઇલ પાલિકામાં દાયકાઓથી શિવસેનાનો દબદબો રહ્યો છે, અને અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીઓ આગામી મહિનાઓમાં થવાની શક્યતાઓ છે.

સ્ટેજ પર બેઠેલી એકમાત્ર વ્યક્તિ ઉદ્ધવની સામે બોલતા રાજ ઠાકરેએ એવો કટાક્ષ કર્યો હતો કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરે અને અન્ય લોકો ન કરી શક્યા તે બંને પિતરાઈ ભાઈઓને એકસાથે લાવવાનું કામ કરી દેખાડ્યું છે.

૨૦૦૫માં પોતાના પિતરાઈ ભાઈ સાથેના સ્પષ્ટ મતભેદોને કારણે શિવસેના છોડી દીધા પછી, (જુઓ પાનું ૪) ▶▶








**હમ સાથ સાથ હૈ...:** હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત લાદવાના નિર્ણયને રદ કરવામાં આવ્યો તેના જલ્લોષ માટે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે દ્વારા શનિવારે વરલીમાં એક વિજય સભા યોજવામાં આવી હતી જેમાં બંને ઠાકરે પરિવાર એક જ જાહેર મંચ પર બે દાયકા પછી સાથે દેખાયા હતા. ઠાકરેઓની આગામી પેઢી આદિત્ય અને અમિત. આ સભામાં ખાસ હાજર રહેલાં એનસીપી (એસપી)નાં સાંસદ સુપ્રિયા સુળેએ સંભારણારૂપે મોબાઈલથી તસવીર લીધી હતી. (અમય ખરાડે)

## ઓફિસમાં તોડફોડ બાદ સુશીલ કેડિયાએ માગી રાજ ઠાકરેની માફી



**ભાષા તોડફોડની:** ઇન્વેસ્ટમેન્ટ એડવાઈઝર સુશીલ કેડિયાની ઓફિસની બહાર મનસેના કાર્યકરો દ્વારા તોડફોડ કરાઈ હતી.

મુંબઈ: 'હવે તો મરાઠી નથી જ શીખવી જે કરવાનું હોય તે કરી લો' એવી ખુલ્લી ધમકી સોશ્યલ મીડિયા પર આપ્યા બાદ મુંબઈના ઇન્વેસ્ટમેન્ટ સર્વિસના સ્થાપક સુશીલ કેડિયાની ઓફિસમાં શનિવારે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના કાર્યકરો દ્વારા તોડફોડ કરવામાં આવી હતી. આ પ્રકરણે પોલીસ પાંચ જણની ધરપકડ કરી છે.

આ હુમલાના કલાકો બાદ કેડિયાએ સોશિયલ મીડિયા પર પોતાની પોસ્ટ બદલ માફી માગી હતી અને દાવો કર્યો હતો કે તે વધુ પડતા ઉશ્કેરાઇ ગયા હતા. આ સિવાય તેમણે ઠાકરેની પ્રશંસા પણ કરી હતી.

કેડિયાએ કહ્યું હતું કે ગુસ્સામાં અને તાણ હેઠળ મેં તે પોસ્ટ અપલોડ કરી હતી, પણ ભૂલ ધ્યાનમાં આવતા હું તે સુધારવા માગતો હતો.

'જેઓને મરાઠી નથી આવડતું તેઓ પર થયેલા હુમલા જોઇને મારું મગજ ખરાબ થઇ ગયું હતું અને હું ઉશ્કેરાઇ ગયો હતો. ગુસ્સામાં મારાથી તે પોસ્ટ થઇ ગઇ. મગજ શાંત થયા બાદ મને મારી ભૂલ જણાઇ હતી અને વધુ પડતું બોલાઇ ગયું છે, તે પાછું ખેંચી લેવું જોઇએ તેનું મને ભાન થયું હતું', એમ કેડિયાએ જણાવ્યું હતું.

કેડિયાએ માફી માગતા વીડિયોમાં (જુઓ પાનું ૪) ▶▶

## રુદાલી ભાષણ: ફડણવીસે ઉદ્ધવ પર કટાક્ષ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પર અપ્રત્યક્ષ પ્રહાર કરતાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું કે મરાઠીઓ માટેની સંયુક્ત વિજય રેલીમાં 'રુદાલી' (વ્યાવસાયિક શોક વ્યક્ત કરનાર) જેવું ભાષણ આપ્યું હતું.

પંઢરપુરમાં અષાઢી એકાદશી પહેલાંની તેમની મુલાકાત વખતે તેમણે બે ઠાકરે પિતરાઈ ભાઈઓને ફરીથી ભેગા કરવાનું શ્રેય આપવા બદલ મનસે પ્રમુખ રાજ ઠાકરેનો 'આભાર' માન્યો હતો.

'બાળાસાહેબ ઠાકરે મને આશીર્વાદ આપી રહ્યા હશે. મને કહેવામાં આવ્યું હતું કે તે 'વિજય' રેલી હોવી જોઈએ, પરંતુ તેમાં 'રુદાલી' ભાષણ સાંભળવા મળ્યું,' એમ ફડણવીસે ઉદ્ધવનો આડકતરો ઉલ્લેખ કરતા કહ્યું હતું.

'રુદાલી' શબ્દનો અર્થ ચોક્કસ (જુઓ પાનું ૪) ▶▶

**ગરદી અંદરની અને બહારની:** વરલીમાં ઠાકરેઓની સભામાં હાજરી આપવા હજારોની સંખ્યામાં ટેકેદારો ઊમટી પડ્યા હતા. ગેટ બંધ કરાતા એ કૂદાવીને લોકો અંદર ગયા હતા. ડૉમ પણ ખીચોખીચ ભરાઈ ગયો હતો. (અમય ખરાડે)





## રાજની વાત મરાઠીના હિતમાં, ઉદ્ધવની વાત સત્તા માટેની: એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શનિવારે કહ્યું હતું કે રાજ ઠાકરે મરાઠીઓના હિતમાં બોલ્યા હતા, પરંતુ ઉદ્ધવ ઠાકરેએ શાળાઓમાં હિન્દી શીખવવાના મુદ્દા પર સરકારની પીછેહઠની ઉજવણી કરવા માટે પિતરાઈ ભાઈઓની રેલીમાં સત્તા ગુમાવવા બદલ પોતાની નિરાશા દર્શાવી હતી.

શિંદેની આગેવાની હેઠળની શિવસેના સાથે જોડાયેલા પ્રધાન ઉદય સામંતે પણ બે પિતરાઈ વચ્ચે ભેદ પાડવાનો પ્રયાસ કર્યો અને ફક્ત હરીફ શિવસેના (યુબીટી)નું નેતૃત્વ કરનારા ઉદ્ધવની ટીકા કરી હતી.

પત્રકારો સાથે વાત કરતા શિંદેએ ઉદ્ધવ ઠાકરેનું નામ લીધા વિના કહ્યું કે રેલીમાં સત્તા માટે તેમની સત્તાલાલસા અને ઈર્ષ્યા દેખાઈ રહી હતી અને તેમણે જવાબ આપવો જોઈએ કે આટલા વર્ષોમાં મરાઠી (જુઓ પાનું ૪) ▶▶

## રાજકીય આધાર ફરી મેળવવાનો મરણિયો પ્રયાસ: ભાજપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના ભાજપના નેતાઓએ શનિવારે કહ્યું કે ઉદ્ધવ અને રાજ ઠાકરેની મુંબઈમાં યોજાયેલી સંયુક્ત રેલી તેમના રાજકીય નસીબને પુનર્જીવિત કરવા અને પાલિકા ચૂંટણીઓ પહેલાં ખોવાયેલી જમીન પાછી મેળવવાનો 'મરણિયો પ્રયાસ' હતો અને ઉમેર્યું હતું કે આ કાર્યક્રમ 'પરિવારિક પુનઃમિલન' જેવો હતો.

ભાજપે વરલીના કાર્યક્રમને સેના (યુબીટી) દ્વારા પોતાનો ખોવાયેલો રાજકીય આધાર પાછો મેળવવા માટેનો એક મરણિયો પ્રયાસ ગણાવ્યો હતો.

આ ભાષા પ્રેમ માટેની રેલી નહોતી, પરંતુ એક વખત ઘરમાંથી કાઢી મુકાયેલા (જુઓ પાનું ૪) ▶▶

## શરદ પવારને જે ન જામ્યું એ અજિતદાદાએ કર્યું: સહકારી સાકર કારખાનાના અધ્યક્ષ બન્યા

મુંબઈ: બહુચર્ચિત માલેગાંવ કોઓપરેટિવ શુગર ફેક્ટરીનો અખ્યત્યાર કોને સોંપવામાં આવ્યો છે એ સ્પષ્ટ થઈ ગયું છે. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર બિનહરીફ ચૂંટાયા છે. શરદ પવાર સહિત પવાર પરિવારની વ્યક્તિએ સહકારી સાકર કારખાનાનું અધ્યક્ષપદ સ્વીકાર્યું હોય એવું પહેલી વાર બન્યું છે. આ વિજયને પગલે રાજ્યના સહકારી રાજકારણમાં તેમનું પુનરાગમન થયું છે. અજિત પવારની સંસ્થાને મત વિસ્તારમાંથી ૧૦૧માંથી ૯૧ મતથી વિજય મળ્યો છે. અજિત પવારને પ્રશાસન સાથે સહકારી ક્ષેત્રમાં ૩૫ વર્ષનો અનુભવ છે અને ઉપાધ્યક્ષની જવાબદારી સંગીતા કોકરેને સોંપવામાં આવી છે.

સંગીત કોકરેએ પચીસ વર્ષ સુધી માલેગાંવના સંચાલિકા તરીકે જવાબદારી સંભાળી છે. માલેગાંવમાં પંચવાર્ષિક ચૂંટણી ૨૫ જૂને યોજાઈ હતી. અજીત પવારની આગેવાનીમાં નિલકંઠેશ્વર પેનલે ૨૧માંથી ૨૦ સીટો પર જીત મેળવી હતી. આ રીતે પવાર માલેગાંવમાં સત્તા ફરી મેળવવામાં સફળ થયા છે.

અજીત પવારની નિયુક્તિ પહેલા ચંદ્રરાવ તાવરેએ અજીત પવારના નામ સામે વાંધો ઉઠાવ્યો હતો. તાવરેએ કહ્યું કે ઔરંગાબાદ ખંડપીઠે નિર્ણય લીધો છે કે વર્ગ બી-કેટેગરીની વ્યક્તિ અધ્યક્ષ બની શકશે નહીં. અજિત પવારની ચૂંટણી ગેરકાયદે હોવાની દલીલ કરવામાં આવી છે.

માલેગાંવ સહકારી ફેક્ટરી માટે બાવીસ જૂને મતદાન યોજાયું હતું. ત્યાર બાદ થયેલી મતગણતરીમાં (જુઓ પાનું ૪) ▶▶

## શિવસેના-એનસીપીના ચાર પ્રધાનોના અંગત સચિવોની બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની મહારાષ્ટ્ર સરકારના સામાન્ય વહીવટ વિભાગ (જીએડી)એ શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના ચાર પ્રધાનોના અંગત સચિવો (પીએ)ને તેમના મૂળ વિભાગોમાં ટ્રાન્સફર કર્યા છે, કેમ કે તેમની નિમણૂંક મુખ્ય પ્રધાનની કચેરી દ્વારા રદ કરવામાં આવી હતી.

ડિસેમ્બરમાં કાર્યભાર સંભાળ્યા પછી, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેમના કાર્યાલય દ્વારા પીએ અને પીએસના નામોને મંજૂરી આપવી ફરજિયાત બનાવી હતી.

આ પ્રધાનો દ્વારા નિયુક્ત કરાયેલા પીએ, જે ક્લાસ-વન સરકારી અધિકારીઓ છે, તેમની નિમણૂંકને મુખ્ય પ્રધાનની કચેરી (સીએમઓ) દ્વારા નકારી કાઢવામાં આવી હતી, છતાં તેઓ ઘણા મહિનાઓ સુધી પ્રધાનો માટે કામ કરતા રહ્યા હતા, એમ અધિકારીઓએ (જુઓ પાનું ૪) ▶▶

## ૩.૨ લાખ રૂપિયાની ગુમ થયેલી બેગ જીઆરપીએ મેળવી આપી

પાલઘર: જિલ્લામાં સરકારી રેલવે પોલીસ (જીઆરપી) ના કર્મચારીઓએ રૂ. ૩.૨ લાખ રોકડ ભરેલી બેગ શોધી, તેના માલિકને પરત કરી હતી. તે વ્યક્તિ લોકલ ટ્રેનમાં આ બેગ ભૂલી ગયો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અભિષેક શુક્લા (૩૦) શુક્રવારે સવારે ૮ વાગ્યે બોઈસર રેલવે સ્ટેશન પર ચર્ચગેટ જતી ટ્રેનમાંથી ઊતરતી વખતે બેગ ટ્રેનમાં ભૂલી ગયો હતો. તેણે તરત જ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરી દીધો હતો. સફાલે રેલવે સ્ટેશન પર જીઆરપીના કર્મચારીઓને જાણ કરવામાં આવી હતી, અને ટ્રેન ત્યાં પહોંચતા જ તેઓ બેગ મેળવવામાં સફળ રહ્યા હતા.

યોગ્ય પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી, બેગ શુક્લાને પરત કરવામાં આવી હતી, જેમણે તાત્કાલિક કાર્યવાહી માટે પોલીસકર્મીઓનો આભાર માન્યો હતો, એમ પ્રકાશનમાં જણાવાયું છે. ■

## બીકેસી બુલેટ ટ્રેન સ્ટેશનનું ૮૦ ટકા કામ પૂરું થઈ ગયું છે

થાણે: ઊંડા શહેરી શાફ્ટથી લઈને પર્વતીય ટનલ અને દરિયાઈ ક્રોસિંગ સુધી, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ઝડપથી આગળ વધી રહ્યો છે, આ સાથે મુંબઈના બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) સ્ટેશન પર ખોદકામનું ૮૦ ટકા કાર્ય પૂર્ણ થઈ ગયું હોવાનું એક સત્તાવાર પ્રકાશનમાં જણાવાયું છે.

થાણેમાં બીકેસી અને શિળફાટા વચ્ચે ૨૧ કિલોમીટર લાંબી ભૂગર્ભ અને દરિયાઈ ટનલમાંથી ૧૬ કિ.મી. ટનલ બોરિંગ મશીનોનો ઉપયોગ કરીને અને પાંચ કિ.મી. ન્યૂ ઓસ્ટ્રિયન ટનલિંગ પદ્ધતિની મદદથી ખોદકામ કરવામાં આવી રહ્યું છે, એમ નેશનલ હાઈ-સ્પીડ રેલ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ (એનએચએસસીએલ) એ રિલીઝમાં જણાવ્યું હતું. એનએચએસસીએલ એ જણાવ્યું હતું કે બીકેસી સ્ટેશન સાઇટના બંને છેડે, જમીનની સપાટીથી ૧૦૦ ફૂટ નીચે, બેઝ (જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રમાં આગામી ત્રણ દિવસ જોરદાર વરસાદની શક્યતા

મુંબઈ: અરબી સમુદ્રમાં તૈયાર થયેલા ચક્રવાત પવનોને કારણે મહારાષ્ટ્રમાં વરસાદનું જોર વધવાનું છે. રાજ્યમાં આજથી (છઠ્ઠી જુલાઇ) નવમી જુલાઇ દરમિયાન જોરદાર વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરાઇ છે. કોંકણ, મધ્ય મહારાષ્ટ્રના ઘાટવાળા વિસ્તારોમાં તથા મરાઠવાડાના મોટાભાગના વિસ્તારોમાં જોરદાર વરસાદ પડશે. કોંકણના સંપૂર્ણ તટવિસ્તાર દરમિયાન ઓરેન્જ અલર્ટ જાહેર કરાયો છે. ઉત્તર મહારાષ્ટ્ર તથા મરાઠવાડાના કેટલાક ભાગમાં યલો અલર્ટ રહેશે.

અરબી સમુદ્રમાં ચક્રવાત પવનોને કારણે પશ્ચિમ બંગાળ તથા આજુબાજુના વિસ્તારમાં ઓછા દબાણનો પટ્ટો તૈયાર થયો છે. તેની અસર મહારાષ્ટ્ર પર પણ પડશે ત્યારે કોંકણ, મધ્ય મહારાષ્ટ્ર તેમજ મરાઠવાડામાં આગામી ત્રણ દિવસ જોરદાર પવનો સાથે વરસાદ પડશે. પવનો ૪૫થી ૫૫ પ્રતિ કિલોમીટરે ફૂંકાશે. રવિવાર અને સોમવાર માટે પુણે ઘાટવિસ્તાર માટે રેડ અલર્ટ છે.

રવિવારે પુણે ઘાટવિસ્તારમાં રેડ અલર્ટ, મુંબઈને બાદ કરતા સંપૂર્ણ કોંકણ તટવિસ્તારમાં ઓરેન્જ અલર્ટ, કોલ્હાપુર, સાતારા, નાશિકના ઘાટવાળા વિસ્તારોમાં ઓરેન્જ અલર્ટ રહેશે. ■

## એરપોર્ટ પર પ્રવાસી પાસે ૪૫ પ્રાણી મળ્યાં: ગૂંગળામણથી અમુકનાં મૃત્યુ

મુંબઈ: મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે શનિવારે પ્રવાસી પાસેથી ઇગુઆના, રેકૂન્સ સહિત ૪૫ પ્રાણી જપ્ત કર્યાં હતાં. થાઇ એરવેઝની ફ્લાઇટમાં શનિવારે વહેલી સવારે મુંબઇ એરપોર્ટ પર આવેલા પ્રવાસીને શંકાને આધારે આંતરવામાં આવ્યો હતો.

કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ પ્રવાસીના સામાનની તલાશી લેતાં રેકૂન્સ, હાઇરેક્સિસ (જે સસલા જેવા દેખાય છે), કાળા શિયાળ અને ઇગુઆના સહિત ૪૫ પ્રાણી મળ્યાં હતાં.

જોકે આમાંના અમુક પ્રાણીઓ ગૂંગળામણ અને તેમની તસ્કરી કરવાની રીતને કારણે મૃત્યુ પામ્યા હતાં, એમ અધિકારીએ જણાવ્યું હતું.

રેસ્કિંક એસોસિયેશન ફોર વાઇલ્ડલાઇફ વેલ્ફેરના નિષ્ણાતોએ પ્રાણીઓની સંભાળ લેવામાં મદદ કરી હતી. વાઇલ્ડલાઇફ પ્રોટેક્શન એક્ટની જોગવાઇઓ અનુસાર પ્રાણીઓને તેમના મૂળ દેશમાં પાછા મોકલવામાં આવશે, એમ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ) ■

## માહિમ સ્ટેશન કાઉન્ટર પર અજાણ્યા શખસ દ્વારા ટિકિટનું વેચાણ

### રેલવેના ચાર કર્મચારીને સસ્પેન્ડ કરાયા

મુંબઈ: રેલવે સ્ટેશન પર અજાણી વ્યક્તિ ટિકિટ આપતા પકડાતા રેલવેના ચાર કર્મચારીને સસ્પેન્ડ કરાયા હોવાની ઘટના પશ્ચિમ રેલવેમાં બની હતી. કાઉન્ટર પર કોઇ બહારની વ્યક્તિ ટિકિટ આપી રહી હોવાની માહિતી મળતા રેલવેની વિજિલન્સ ટીમે માહિમ સ્ટેશન શુક્રવારે સાત વાગ્યે દરોડા પાડ્યા હતા ત્યારે વિનોદ નામનો માણસ નિયમિત રેલવે સ્ટાફની જગ્યાએ ટિકિટનું વેચાણ કરતો રંગેહાથે પકડાયો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ ઘટનાને રેલવેના નિયમોનો ગંભીર રીતે ભંગ ગણાવતા પશ્ચિમ રેલવેના ચાર કર્મચારીને સસ્પેન્ડ કરાયા હતા અને વિનોદને રેલવે પ્રોટેકશન ફોર્સ (આરપીએફ)ને સોંપવામાં આવ્યો હતો.

માહિમ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક પરના બુકિંગ ઓફિસમાં સરપ્રાઇઝ વિઝિટ આપતા વિજિલન્સ ટીમે સૌથી પહેલા દોઢ કલાક સુધી ત્રણ ટિકિટ કાઉન્ટર પર (જુઓ પાનું ૪) ▶▶

# ઇંગ્લૅન્ડમાં ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીનો જુનિયર ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ, યંગેસ્ટ સેન્ચુરિયનનો વર્લ્ડ રેકૉર્ડ

## એક જ મૅચમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશના ખેલાડીનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો



વુસેસ્ટર (ઇંગ્લૅન્ડ): ઇંગ્લૅન્ડના એજબૅસ્ટનમાં શુભમન ગિલના સુકાનમાં ટીમ ઇન્ડિયા યજમાન ટીમને મુસીબતના વધુને વધુ ઊંડા ખાડામાં ઊતારે છે અને બીજી બાજુ ભારતની મહિલા ખેલાડીઓ ઇંગ્લૅન્ડની વિમેન્સ ટીમ સામેની સિરીઝ જીતવાની તૈયારીમાં છે ત્યાં ત્રીજી તરફ ઇંગ્લૅન્ડના જ વુસેસ્ટરમાં ભારતના જુનિયર ખેલાડીઓ ધમાલ મચાવી રહ્યા છે જેમાં ખાસ કરીને ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીએ બધાનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું છે. વૈભવ અન્ડર-૧૯ એટલે કે જુનિયર ક્રિકેટરોની વન-ડે ફૉર્મેટનો ફાસ્ટેસ્ટ અને યંગેસ્ટ સેન્ચુરિયન બન્યો છે.

વૈભવ સૂર્યવંશીએ શુક્રવારે વુસેસ્ટરમાં ઇંગ્લૅન્ડની જુનિયર ટીમ સામેની વન-ડેમાં માત્ર બાવન બૉલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા. તેણે પાકિસ્તાનના કામરાન ગુલામનો વર્લ્ડ રેકૉર્ડ તોડ્યો છે. કામરાને ૨૦૧૩માં ૫૩ બૉલમાં (ઇંગ્લૅન્ડ સામે) સદી ફટકારી હતી.

૧૪ વર્ષના વૈભવે બાંગ્લાદેશના નજમુલ શૅન્ટોનો યંગેસ્ટ સેન્ચુરિયન તરીકેનો વિશ્વ વિક્રમ પણ તોડી નાખ્યો છે. નજમુલે અન્ડર-૧૯માં પહેલી વન-ડે સદી ફટકારી હતી ત્યારે તેની ઉંમર ૧૪ વર્ષ અને ૨૪૧ દિવસની હતી. ગઈ કાલે વૈભવે ૧૪ વર્ષ અને ૧૦૦ દિવસની ઉંમરે આ સિદ્ધિ મેળવી.

આઇપીએલમાં સૌથી નાની ઉંમરે સેન્ચુરી ફટકારવાના વિક્રમ બાદ વૈભવે એક જ અન્ડર-૧૯ વન-ડેમાં સૌથી વધુ નવ સિક્સર ફટકારવાનો ભારતીય વિક્રમ તાજેતરમાં કર્યો હતો અને હવે એક જ દિવસે બે મોટી સિદ્ધિ મેળવી.

શનિવારે વૈભવે ઇંગ્લૅન્ડ અન્ડર-૧૯ ટીમ સામે ૭૮ બૉલમાં ૧૦ સિક્સર અને ૧૩ ફોરની મદદથી ૧૪૩ રન કર્યા હતા. વિહાન (૧૨૯ રન, ૧૨૧ બૉલ, ત્રણ સિક્સર, પંદર ફોર) સાથે વૈભવની બીજી વિકેટ માટે ૨૧૯ રનની ભાગીદારી થઈ હતી અને ભારતીય અન્ડર-૧૯ ટીમે ૫૦ ઓવરમાં નવ વિકેટે ૩૬૩ રન કર્યા હતા. ■

# ૧૪૮ વર્ષના ટેસ્ટ-ઇતિહાસમાં ગિલનો અનોખો વર્લ્ડ રેકૉર્ડ

## ગૂચની બરાબરીમાં થયો, ગાવસકરનો વિક્રમ તોડી નાખ્યોઃ ૬૦૮ રનના લક્ષ્યાંક સામે ઇંગ્લૅન્ડના ૩ વિકેટે ૭૨ રન



એજબૅસ્ટનઃ શુભમન ગિલ ભારતની ટેસ્ટ ટીમનું સુકાન સંભાળતાની સાથે જ એક પછી એક વિક્રમ કરી રહ્યો છે. શનિવારે તે ૧૪૮ વર્ષના ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસનો એવો પ્રથમ બૅટ્સમૅન બન્યો જેણે એક જ ટેસ્ટમાં ડબલ સેન્ચુરી અને ૧૫૦-પ્લસ રન કર્યા છે. આ પહેલાં કોઈ પણ દેશના કોઈ પણ મહાન ખેલાડીથી આ સિદ્ધિ હાંસલ નહોતી થઈ શકી જે પચીસ વર્ષના ગિલે મેળવી છે.

ગિલે વર્તમાન ટેસ્ટના પહેલા દાવમાં ૨૬૯ રન કર્યા બાદ શનિવારે બીજા દાવમાં ૨૪૩ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને આઠ સિક્સર તથા તેર ફોરની મદદથી ૧૬૨ બૉલમાં ૧૬૧ રન કર્યા હતા. ૯૯.૩૮ તેનો સ્ટ્રાઇક-રેટ હતો. ભારતે ઇંગ્લૅન્ડને ૬૦૮ રનનો લક્ષ્યાંક આપ્યો છે અને ચોથા દિવસની રમતને અંતે એનો સ્કોર ૩ વિકેટે ૭૨ રન હતો.

ભારતે બીજો દાવ ૬/૪૨૭ના સ્કોર પર ડિક્લેર કર્યો હતો. ગિલે શનિવારે રિષભ પંત (૬૫ રન, ૫૮ બૉલ, ત્રણ સિક્સર, આઠ ફોર) સાથે ચોથી વિકેટ માટે ૧૧૦ રનની અને પાંચમી વિકેટ માટે રવીન્દ્ર જાડેજા (૬૯ અણનમ, ૧૧૮ બૉલ, ૧૩૫ મિનિટ, એક સિક્સર, પાંચ ફોર) સાથે ૧૭૫ રનની બહુમૂલ્ય ભાગીદારી કરી હતી. એ પહેલાં, કે. એલ. રાહુલ પંચાવન રન, કરુણ નાયર ૨૬ રન કરીને આઉટ થયો હતો. યશસ્વીએ ૨૮ રન કર્યા હતા, જ્યારે નીતીશ બીજા દાવમાં પણ એક રન બનાવીને આઉટ થયો હતો. પેસ બોલર જૉશ ટન્ગ બે વિકેટ અને સ્પિનર શોએબ બશીરે ગિલ સહિત કુલ બે વિકેટ લીધી હતી.

### શુભમન ગિલ બે રીતે ગ્રેહામ ગૂચ પછી બીજા ક્રમે

શુભમન ગિલ એક જ ટેસ્ટમાં ડબલ સેન્ચુરી અને સેન્ચુરી ફટકારનાર ઇંગ્લૅન્ડના ગ્રેહામ ગૂચ (ભારત સામે ૧૯૯૦માં લૉર્ડ્સમાં ૩૩૩ અને ૧૨૩ રન) પછીનો વિશ્વનો બીજો કૅપ્ટન બન્યો છે. એક જ ટેસ્ટમાં સૌથી વધુ વ્યક્તિગત રન બનાવનારાઓમાં પણ ગૂચ પછી ગિલ બીજા સ્થાને છે. ગૂચે ૧૯૯૦ની ભારત સામેની ટેસ્ટમાં કુલ ૪૫૬ રન કર્યા હતા અને ગિલે કુલ ૪૩૦ રન કર્યા છે. ગિલ એક જ ટેસ્ટમાં ૪૦૦ રન બનાવનાર પ્રથમ ભારતીય છે. તેણે સુનીલ ગાવસકરનો ૫૪ વર્ષ જૂનો વિક્રમ (૧૯૭૧માં પોર્ટ ઑફ સ્પેન ટેસ્ટમાં કુલ ૩૪૪ રન) તોડ્યો છે. ■

# નીરજ પોતાની જ ટૂર્નામેન્ટમાં જીત્યો ટાઇટલ, વર્લ્ડ ચૅમ્પિયનને હરાવ્યો



બેંગલૂરુઃ ભાલાફેંકમાં એક ગોલ્ડ સહિત ઑલિમ્પિકસના બે મેડલ જીતી ચૂકેલો નીરજ ચોપડા શનિવારે પોતાના નામની ઇવેન્ટ ‘ એનસી ક્લાસિક’માં ટાઇટલ જીત્યો હતો. અહીં તેણે આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાલો ૮૬.૧૮ મીટર દૂર ફેંકીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને વિજય હાંસલ કર્યો હતો. પંદર દિવસમાં નીરજનું આ કુલ ત્રીજું ટાઇટલ છે.

નીરજે આયોજિત કરેલી પોતાની આ પહેલી જ ઇવેન્ટ હતી જેમાં કેન્યાનો ૨૦૨૫નો વર્લ્ડ ચૅમ્પિયન જુલિયસ યેગો ૮૪.૫૧ મીટરના અંતર સાથે બીજા સ્થાને આવ્યો હતો.

શ્રીલંકાનો રુમેશ પથિરાગે ૮૪.૩૪ મીટરના અંતર સાથે ત્રીજા નંબરે રહ્યો હતો.

નીરજ ચોપડા ૨૦મી જૂને પૅરિસ ડાયમંડ લીગ અને ૨૪મી જૂને પોલૅન્ડની ગોલ્ડન સ્પાઇક ઇવેન્ટ જીત્યો હતો. એ જોતાં તે પંદર દિવસમાં ત્રણ ટૂર્નામેન્ટમાં પ્રથમ સ્થાને આવીને ટાઇટલ જીત્યો છે.

નીરજનું પોતાના જ નામની ઇવેન્ટ યોજવાનું વર્ષોનું સપનું હતું જે શનિવારે પૂરું થયું અને ખુદ એમાં ચૅમ્પિયન બન્યો. આ સ્પર્ધા મે મહિનામાં યોજાવાની હતી, પણ ભારત-પાકિસ્તાન વચ્ચેના જંગને લીધે એ ઇવેન્ટ ત્યારે મોકૂફ રખાઈ હતી. ■

# ૨૯ વર્ષે ફરી ભારતીય બોલર્સના હાથે છ બૅટ્સમેન ઝીરોમાં આઉટ!

## ૧૯૯૬માં અમદાવાદમાં આવું સાઉથ આફ્રિકા સામે બન્યું હતું

એજબૅસ્ટનઃ ટેસ્ટ મૅચના કોઈ એક દાવમાં ભારત સામે હરીફ ટીમના છ બૅટ્સમેન ઝીરોમાં આઉટ થયા હોય એવું ફક્ત બીજી વખત અને ૨૯ વર્ષ બાદ ફરી એકવાર બન્યું છે.

અહીં ચાલી રહેલી બીજી ટેસ્ટ મૅચના પ્રથમ દાવમાં ઇંગ્લૅન્ડના છ બૅટ્સમેન શૂન્યમાં વિકેટ ગુમાવી બેઠા હતા. આ પહેલાં ૧૯૯૬માં અમદાવાદમાં સાઉથ આફ્રિકાના બીજા દાવમાં છ બૅટ્સમેન ખાતું ખોલાવતાં પહેલાં જ આઉટ થઈ ગયા હતા. બીજા દાવમાં ઈંગ્લૅન્ડ મોટી મુસીબતમાં છે અને આ દાવમાં પણ વધુ બૅટ્સમેનના ઝીરો જોવા મળી શકે.





મોહમ્મદ સિરાજે (ઉપર) પ્રથમ દાવમાં છ વિકેટ અને આકાશ દીપે (જમણે) ચાર વિકેટ લીધી હતી. (બીસીસીઆઈ)

### ભારત સામે કોણ-કોણ શૂન્યમાં આઉટ

ઇંગ્લૅન્ડના જે છ બૅટ્સમેન ઝીરોમાં આઉટ થયા હતા એમાં બેન ડકેટ (૦), ઑલી પૉપ (૦), કેપ્ટન બેન સ્ટોક્સ (૦), બ્રાયડન કાર્સ (૦), જૉશ ટન્ગ (૦) અને શોએબ બશીર (૦)નો સમાવેશ હતો.

### સાઉથ આફ્રિકાના ક્યા છ પ્લેયરના ઝીરો

૧૯૯૬માં અમદાવાદમાં ભારત સામેની ટેસ્ટના બીજા દાવમાં હન્સી ક્રોન્યે (૪૮ રન)ની સાઉથ આફ્રિકન ટીમના આ છ બૅટ્સમેન ખાતું ખોલાવ્યા વગર પૅવિલિયનમાં પાછા ગયા હતા ઍન્ડ્રયૂ હડસન (૦), ડેરિલ કલિનન (૦), જૉન્ટી રહોડ્સ (૦), પૅટ સિમકૉક્સ (૦), ફેની ડિવિલિયર્સ (૦) અને પૉલ ઍડમ્સ (૦).

### શ્રીનાથની છ, કુંબલેની ત્રણ વિકેટ

ભારત ૧૯૯૬માં સાઉથ આફ્રિકા સામેની અમદાવાદની એ ટેસ્ટ ૬૪ રનથી જીતી ગયું હતું. સાઉથ આફ્રિકા સામે ત્યારે જાવાગલ શ્રીનાથે છ વિકેટ, અનિલ કુંબલેએ ત્રણ વિકેટ અને સુનીલ જોશીએ એક વિકેટ લીધી હતી.

### સિરાજની છ, આકાશની ચાર વિકેટ

શુક્રવારે ઇંગ્લૅન્ડના પહેલા દાવમાં મોહમ્મદ સિરાજે ૬ વિકેટ અને આકાશ દીપે ૪ વિકેટ મેળવી હતી.

ઇંગ્લૅન્ડના પ્રથમ દાવમાં બે બૅટ્સમેનના ૧૫૦-પ્લસ રન (હૅરી બ્રુક ૧૫૮ અને જૅમી સ્મિથ ૧૮૪ અણનમ) થવા છતાં તેમ જ બ્રુક-સ્મિથ વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૩૦૩ રનની વિક્રમજનક ભાગીદારી થવા છતાં ભારતને સિરીઝમાં જીતવાનો ફરી એક વખત મોકો મળ્યો. લીડ્સની પહેલી ટેસ્ટમાં ભારતે જીતવાની તક ગુમાવી હતી અને ઇંગ્લૅન્ડનો પાંચ વિકેટે વિજય થયો હતો.

### ભારતે બ્રિટિશ ટીમનું એના જ ઘરઆંગણે નાક કાપ્યું

ઇંગ્લૅન્ડ ૧૪૮ વર્ષથી ટેસ્ટ ક્રિકેટ રમે છે, પરંતુ આ પહેલાં ક્યારેય કોઈ ટેસ્ટના એક દાવમાં એના છ બૅટ્સમેન ઝીરોમાં આઉટ નહોતા થયા. શુક્રવારે એના જ ગઢ એજબૅસ્ટનમાં ઇંગ્લૅન્ડ સાથે ભારતના હાથે આવું પહેલી વાર બન્યું. ઇંગ્લૅન્ડના એક દાવમાં વધુમાં વધુ પાંચ બૅટ્સમેન શૂન્યમાં વિકેટ ગુમાવી બેઠા હોવાનું બે વાર બન્યું છે અને એવું છેલ્લે ૧૯૫૬માં લંડનના ઓવલમાં ઑસ્ટ્રેલિયા સામે બન્યું હતું. જોકે ભારતીય ટીમે બ્રિટિશ ટીમની ઑસ્ટ્રેલિયા કરતાં પણ બદતર હાલત કરી છે. ■

# હુમલો કરવા મારે ત્યાં તેં કેટલા ગુંડા મોકલ્યા હતા, બોલ? ભારતીય પેસ બોલરને ભૂતપૂર્વ પત્નીનો સવાલ





કોલકાતાઃ ભારતીય પેસ બોલર મોહમ્મદ શમીએ ડિવૉર્સ કેસમાં ભૂતપૂર્વ પત્ની હસીન જહાંને તેમ જ પુત્રી આઈરાને દર મહિને કુલ મળીને ચાર લાખ રૂપિયાનું વળતર ચૂકવવું એવો ચુકાદો તાજેતરમાં કોલકાતા હાઇ કોર્ટે આપ્યો એના ગણતરીના દિવસો બાદ હસીન જહાંએ ઇન્સ્ટાગ્રામ પરની એક પોસ્ટમાં સનસનાટીભર્યા આક્ષેપો શમી વિરુદ્ધ કર્યા છે.

હસીન જહાંએ એવો આક્ષેપ કર્યો છે કે શમીએ છેલ્લાં સાત વર્ષમાં ડિવૉર્સને લગતી કાનૂની લડાઈ દરમ્યાન તેને ઈજા પહોંચાડવા તેમ જ પરેશાન કરવા તેને ત્યાં ભાડૂતી ગુંડા મોકલ્યા હતા.

હસીન જહાંએ ભૂતપૂર્વ પતિ શમીને ચારિત્ર્યહીન પણ કહ્યો છે. હસીન જહાંએ તેને લાલચું અને મેલી મુરાદવાળો પણ ગણાવ્યો છે. હસીન જહાંએ આક્ષેપમાં કહ્યું છે કે જે પૈસા પરિવાર માટે હતા એ પૈસા શમીએ અપરાધીઓ તેમ જ દેહવ્યવસાય કરતી સ્ત્રીઓ પાછળ ખર્ચ કર્યા હતા.

હસીન જહાંએ ઇન્સ્ટાગ્રામ પરની પોસ્ટમાં શમીને ઉદ્દેશીને લખ્યું છે કે ‘તેં મારી મારપીટ કરવા તેમ જ મને બદનામ કરવા મારે ત્યાં કેટલા ભાડૂતી ગુંડા મોકલ્યા હતા, બોલ? તને કંઈ મળ્યું? તારે જે પૈસા ફેમિલી માટે વાપરવાના હતા એ તેં બેઈમાન વ્યક્તિઓ અને દેહનો વેપાર કરતી સ્ત્રીઓ પાછળ ખર્ચ કરી નાખ્યા હતા. એ જ પૈસા તેં તારી દીકરીના શિક્ષણ અને સારા ભવિષ્ય માટે ખર્ચ કર્યા હોત તો આપણા પરિવારનું કલ્યાણ થયું હોત અને અત્યારે આપણી સ્થિતિ, આપણા સંબંધો ખૂબ સારા હોત. તું પાપથી બચી ગયો હોત અને આપણે સારી અને સન્માનપૂર્વકની લાઇફ જીવી રહ્યા હોત. ઊલટાનું તેં તારા જ પરિવારને વિખેરી નાખ્યો. તને પુરુષપ્રધાન સમાજનો ટેકો મળ્યો છેએટલે તું ખુશ રહે છે. જોકે કેટલાંક સમાજવિરોધી તત્ત્વો મને ખોટી સાબિત કરી રહ્યા છે.’

શમી અને હસીન જહાંનાં ચાર વર્ષના લગ્નજીવનનો ૨૦૧૮માં અંત આવી ગયો હતો. જોકે હસીન જહાંએ શમી વિરુદ્ધ આક્ષેપો શરૂ કરીને વળતર માટે કાનૂની લડાઈ શરૂ કરી હતી.

શમીએ તમામ આક્ષેપો નકાર્યા અને પોતે નિર્દોષ છે એવું કહ્યું છે જેને પગલે તેણે ભારતીય ક્રિકેટ ટીમમાં સ્થાન જાળવી રાખ્યું છે તેમ જ તેને આઇપીએલના કેટલાક કોન્ટ્રેક્ટ પણ મળ્યા છે.

શમી ૩૪ વર્ષનો છે. તેનો જન્મ ઉત્તર પ્રદેશના અમરોહા ગામમાં થયો હતો. તે ભારત વતી ૨૦૦ જેટલી આંતરરાષ્ટ્રીય મૅચ રમ્યો છે જેમાં તેણે કુલ ૪૫૦-પ્લસ વિકેટ લીધી છે. આઈપીએલમાં તેણે ૧૧૯ મૅચમાં ૧૩૩ વિકેટ મેળવી છે. આઈપીએલમાં તે ગુજરાત ટાઇટન્સ સહિત કુલ પાંચ ટીમ વતી રમ્યો છે. ■

# ભારતીય ક્રિકેટરોનો બાંગ્લાદેશ પ્રવાસ ૧૩ મહિના માટે મોકૂફ

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટરો વન-ડે તેમ જ ટી-૨૦ સિરીઝ રમવા માટે આગામી ઑગસ્ટમાં બાંગ્લાદેશના પ્રવાસે જવાના હતા, પણ બીસીસીઆઇ અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ એવા એકમત પર આવ્યા છે જે મુજબ ટીમ ઇન્ડિયાનો આ પ્રવાસ હવે સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી (૧૩ મહિના માટે) મુલતવી રાખવામાં આવ્યો છે.

બાંગ્લાદેશમાં રાજકીય સ્થિતિ ઘણા મહિનાઓથી તંગ છે અને એ દેશના નાગરિકોના અમુક વર્ગમાં ભારત-વિરોધી સૂર હોવાના અહેવાલો પણ મળ્યા છે જે જોતાં ક્રિકેટરોને ત્યાં મોકલવામાં જોખમ હતું. બીસીસીઆઇનો આગ્રહ છે કે બાંગ્લાદેશમાં આગામી સામાન્ય ચૂંટણી થઈ ગયા બાદ પરિસ્થિતિ શાંત પડે અને ક્રિકેટરોની સલામતી માટેનો માહોલ સર્જાય ત્યાર પછી જ ટીમ ઇન્ડિયાને ઢાકા મોકલવામાં આવશે.

મૂળ શેડ્યૂલ મુજબ ભારતીય ક્રિકેટરો બાંગ્લાદેશમાં ૧૭-૩૧ ઑગસ્ટ દરમ્યાન ત્રણ વન-ડે અને ત્રણ ટી-૨૦ રમવાના હતા. હવે એ બે શ્રેણી સપ્ટેમ્બર, ૨૦૨૬માં રમાશે. બાંગ્લાદેશમાં આગામી ચૂંટણી ૨૦૨૬ની સાલ પહેલાં નહીં યોજાય એવી સંભાવના છે. હાલમાં બાંગ્લાદેશમાં મુહમ્મદ યુનુસની કાર્યકારી સરકારનું શાસન છે.રોહિત શર્મા અને વિરાટ કોહલી ટી-૨૦ તેમ જ ટેસ્ટમાંથી રિટાયર થઈ ગયા છે અને ફક્ત વન-ડે મૅચો જ રમશે. હવે ઑગસ્ટનો બાંગ્લાદેશ પ્રવાસ મોકૂફ થયો હોવાથી રોહિત-વિરાટ સીધા ઑક્ટોબર, ૨૦૨૫માં પર્થમાં ઑસ્ટ્રેલિયા સામેની વન-ડેમાં જોવા મળશે. ■

# મહિલાઓની મૅચમાં ભારતને છેલ્લા બૉલમાં સિક્સરની જરૂર હતી અને હરમનપ્રીત આઉટ થતાં ભારત હાર્યું

## જોકે વિમેન ઇન બ્લ્યૂ હજી સિરીઝમાં ૨-૧થી આગળ છેઃ ઇંગ્લૅન્ડની કૅપ્ટન શ્રેણીની બહાર






ભારતીય મહિલા ક્રિકેટરો (ડાબે) સિરીઝમાં ૨-૧થી આગળ છે. ઇંગ્લૅન્ડની ખેલાડીઓ બાકીની બે મૅચ પણ મુખ્ય કૅપ્ટન નેટ સિવર વગર રમશે.

ઓવલ (લંડન): ભારતની મહિલા ટીમ ઇંગ્લૅન્ડ સામે ત્રીજી ટી-૨૦માં છેલ્લા બૉલમાં હારી જતાં ૩-૦થી સરસાઈ લઈને ટ્રોફી પર કબજો કરવામાં નિષ્ફળ ગઈ હતી અને શ્રેણીને ૧-૨ના રેશિયોમાં જાળવી રાખીને બ્રિટિશ ટીમ શ્રેણીને જીવંત રાખવામાં સફળ થઈ હતી. કૅપ્ટન હરમનપ્રીત કૌર (૨૩ રન, ૧૭ બૉલ, બે ફોર)ને મૅચના અંતિમ બૉલ પર સિક્સર ફટકારીને ભારતને વિજય અપાવવાનો મોકો હતો, પણ તે પેસ બોલર લૉરેન બેલના બૉલમાં કૅચઆઉટ થઈ ગઈ હતી. ભારતીય ટીમ ૧૭૨ રનના લક્ષ્યાંક સામે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૬ રન કરી શકી અને પાંચ રનથી હારી ગઈ હતી.

ઇંગ્લૅન્ડની મુખ્ય કૅપ્ટન નૅટ સિવર-બ્રન્ટ ઈજાને કારણે આ મૅચમાં નહોતી રમી અને ટૅમી બ્યૂમૉન્ટે સુકાન સંભાળ્યું હતું. ટૅમી ટૉસ જીતી હતી અને બૅટિંગ પસંદ કરી હતી. તેના નેતૃત્વમાં ઇંગ્લૅન્ડની ટીમે જબરદસ્ત શરૂઆત કરી હતી. ઓપનર સૉફી ડન્ક્લી (૭૫ રન, ૫૩ બૉલ, એક સિક્સર, સાત ફોર) અને સાથી ઓપનર ડૅની વ્યૉટ-હૉજ (૬૬ રન, ૪૨ બૉલ, ત્રણ સિક્સર, સાત ફોર) વચ્ચે ૧૩૭ રનની ઓપનિંગ ભાગીદારી થઈ હતી. જોકે સ્પિનર દીપ્તિ શર્માએ સૉફીને આઉટ કરીને તેમની પાર્ટનરશિપ તોડી હતી અને પછી પેસ બોલર અરુંધતી રેડ્ડીએ ડૅની સહિત બે બૅટરની ઉપરાઉપરી બે વિકેટ લીધી હતી. ત્યાર બાદ કોઈ મોટી ભાગીદારી નહોતી થઈ અને દીપ્તિ તથા અરુંધતીની ત્રણ-ત્રણ વિકેટ અને સ્પિનર શ્રી ચરનીની બે વિકેટને કારણે ઇંગ્લૅન્ડનો દાવ ૯/૧૭૧ સુધી સીમિત રહ્યો હતો.

૧૭૨ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મળતાં ભારતે પણ સારી શરૂઆત કરી હતી. ઓપનર સ્મૃતિ મંધાના (૫૬ રન, ૪૯ બૉલ, દસ ફોર) અને શેફાલી વર્મા (૪૭ રન, પચીસ બૉલ, બે સિક્સર, સાત ફોર) વચ્ચે ૮૫ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. જોકે શેફાલીની વિકેટ કુલ ૮૫મા રને અને જેમાઇમા રૉડ્રિગ્સ (૨૦ રન, ૧૫ બૉલ, ત્રણ ફોર)ની વિકેટ ૧૨૩મા રન પર પડી હતી અને પછી કોઈ મોટી ભાગીદારી ન થતાં મામલો ૨૦મી ઓવરના અંતિમ બૉલ સુધી ગયો હતો.

કૅપ્ટન ટૅમીએ ૨૦મી નિર્ણાયક ઓવરની જવાબદારી ભારતની વિમેન્સ પ્રીમિયર લીગમાં યુપી વૉરિયર્ઝ વતી રમી ચૂકેલી પેસ બોલર લૉરેન બેલને સોંપી હતી. ઓવરની શરૂઆતમાં ભારતે જીતવા ૧૨ રન કરવાના બાકી હતા. કુલ સ્કોર ૪/૧૬૦ હતો. હરમનપ્રીત અને અમનજોત કૌરે ભેગા થઈને છ રન બનાવ્યા હતા અને આખરી બૉલમાં હરમનપ્રીત સ્ટ્રાઇક પર હતી ત્યારે જીતવા છ રન કરવાના હતા. સુપર ઓવરની સંભાવના જ નહોતી, કારણકે હરમનપ્રીતે ફોર ફટકારી હોત તો પણ ભારતનો એક રનથી પરાજય થયો હોત. જોકે એ અંતિમ બૉલમાં હરમનપ્રીત મિડ-ઑફ પર એકલ્સ્ટનના હાથમાં કૅચઆઉટ થઈ ગઈ હતી અને ભારતનો પાંચ રનથી પરાજય થયો હતો. ફાસ્ટ બોલર લૉરેન ફિલરે સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

ભારતીય મહિલા ટીમને પણ પુરુષોની ટીમ ઇન્ડિયાની જેમ ધબડકો નડ્યો હતો. ૧૨૩ રન પર માત્ર એક વિકેટ પડી હતી, પણ પછીની સાત ઓવરમાં ૪૩ રનમાં ભારતની ચાર વિકેટ પડી ગઈ હતી. ઇંગ્લૅન્ડને પણ ધબડકો નડ્યો હતો, કારણકે ૧૩૭ રન પર તેમની એકેય વિકેટ નહોતી પડી અને ૧૭૧મા રન સુધીમાં તેમણે નવ વિકેટ ગુમાવી હતી. બ્રિટિશ ટીમની ફીલ્ડિંગ પણ સારી નહોતી એમ છતાં તેમણે વિજય મેળવ્યો. ■

# વર્લ્ડ પોલીસ ગેમ્સમાં આસામ પોલીસનો સપાટો, આઠ મેડલ જીતી લીધા

ગુવાહાટીઃ અમેરિકાના (ઇંગ્લૅન્ડના નહીં) બર્મિંગમ શહેરમાં આયોજિત વર્લ્ડ પોલીસ ઍન્ડ ફાયર ગેમ્સમાં આસામ પોલીસે ભારતનું નામ રોશન કર્યું છે. આસામ પોલીસે વિવિધ સ્પર્ધાઓમાં પાંચ ગોલ્ડ અને ત્રણ સિલ્વર સહિત કુલ આઠ મેડલ જીતી લીધા છે. આ સ્પર્ધા હજી ચાલી રહી છે અને એમાં ભારતના પોલીસ દળના ઍથ્લીટો દેશને વધુ ચંદ્રકો અપાવશે એવી પાક્કી ધારણા છે. વર્લ્ડ પોલીસ ઍન્ડ ફાયર ગેમ્સ નામની સ્પર્ધા દર બે વર્ષે યોજાય છે. એમાં ઑલિમ્પિકસ આધારિત હરીફાઈઓનું આયોજન થાય છે અને અનેક દેશોના હજારો ઍથ્લીટો ભાગ લે છે.

આસામ પોલીસ દળે ખાસ કરીને રિસ્ટ રેસલિંગ હરીફાઈમાં મેડલ મેળવ્યા છે. ચાર પોલીસમાંથી કુન્દરપ્પા બોહરાએ જમણા અને ડાબા, બન્ને હાથની હરીફાઈમાં, અમલજિત બોર્ઠાકુરે જમણા હાથની હરીફાઈમાં ગોલ્ડ મેડલ જીતી લીધો છે. અમલજિતે ડાબા હાથની હરીફાઈમાં સિલ્વર મેળવ્યો છે. જુનમોની દાસે જમણા અને ડાબા, બન્ને હાથની હરીફાઈમાં સિલ્વર મેળવ્યો છે, જ્યારે લૉવિતા કોચે એક સિલ્વર અને એક ગોલ્ડ હાંસલ કર્યો છે. આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સર્માએ વિજેતા પોલીસોને સોશિયલ મીડિયા પર અભિનંદન પાઠવ્યા છે.

રવિવારે પૂરી થનારી આ સ્પર્ધાની વર્તમાન સીઝનમાં ભારત કુલ ૩૭૩ મેડલ સાથે ત્રીજા સ્થાને છે જેમાં ૧૭૪ ગોલ્ડ મેડલનો સમાવેશ છે. અમેરિકા ૩૫૧ ગોલ્ડ સહિત કુલ ૮૧૧ ચંદ્રક સાથે પ્રથમ નંબરે અને બ્રાઝિલ ૧૬૪ ગોલ્ડ સહિત કુલ ૪૬૯ મેડલ સાથે બીજા ક્રમે છે. ■




### ધોનીએ આપેલું ‘બહુમૂલ્ય’ જર્સી

એમએસ ધોનીએ ૨૦૧૪ની સાલમાં ઇંગ્લૅન્ડના ટ્રક ડ્રાઈવર અને ભારત-ઇંગ્લૅન્ડની વર્તમાન બીજી ટેસ્ટના સ્થળ એજબૅસ્ટન ગ્રાઉન્ડના સ્વયંસેવક ઍન્ડ્રયુ સાયકેસને તેમના ૫૦મા જન્મદિને ભારતીય ટીમનું જે વન-ડે જર્સી ભેટ આપ્યું હતું એ ઍન્ડ્રયુએ શનિવારે મીડિયાના કૅમેરામેન સામે બતાવ્યું હતું. (પીટીઆઇ)

મુંબઈ સમાચાર ઉત્સવ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
રવિવાર
તા. ૬-૭-૨૦૨૫



# ચીન શા માટે પોતાની કઠપૂતળી જેવા નવા દલાઈ લામા લાવવાના પેંતરા ઘડી રહ્યું છે?



**દલાઈ લામાના ઉત્તરાધિકારીની પસંદગીને લઈને અત્યારથી વાદ-વિવાદ અને વિખવાદ શરૂ થઈ ગયા છે ત્યારે વર્તમાન બૌદ્ધ ગુરુ દલાઈ લામાને અનુસરતા ૭૭ લાખ તિબેટિયન બૌદ્ધધર્મી પર વર્ચસ્વ મેળવવા ચીન પોતાના 'કહ્યાગરા' નવા દલાઈ લામા ધરાર લાદવા કાવાદાવા કરી રહ્યું છે. આ વિવાદમાં ભારત કઈ ભૂમિકા ભજવી રહ્યું છે?**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

ભારત અને ચીન વચ્ચે હવે તિબેટિયન બૌદ્ધ સંપ્રદાયના સર્વોચ્ચ ધાર્મિક વડા દલાઈ લામાના ઉત્તરાધિકારીના મુદ્દે વિખવાદ શરૂ થયો છે. પોતાની કઠપૂતળી જેવા કોઈ બૌદ્ધ સાધુને ચીન દલાઈ લામા બનાવવા માગે છે. જ્યારે એની વિરુદ્ધ ભારતે દલાઈ લામાની પસંદગીની વ્યક્તિને નવા દલાઈ લામા બનાવવા જોઈએ એ વાતને ટેકો આપતાં ચીન ભડક્યું છે. ચીને ચીમકી આપી છે કે, તિબેટના મુદ્દે ભારત કડછા મારવાનું બંધ નહીં કરે તો માઠાં પરિણામ ભોગવવાં પડશે. ભારતે પણ સામે જવાબ આપી દીધો છે કે, આ વાતમાં ચીનની મનમાની નહીં ચાલે અને વર્તમાન દલાઈ લામાની ઈચ્છા પ્રમાણે જ નવા દલાઈ લામા નિમાશે. ભારત- ચીનના વિખવાદ વચ્ચે સૌની નજર આજે દલાઈ લામા શું જાહેરાત કરે છે તેના પર મંડાયેલી છે.

દલાઈ લામાએ થોડા સમય પહેલાં પ્રસિદ્ધ થયેલા પુસ્તક 'વોઈસ ફોર ધ વોઈસલેસ'માં લખેલું કે, પોતાના ઉત્તરાધિકારીની જાહેરાત પોતાના ૯૦મા જન્મ દિવસે કરશે અને આજે એટલે કે રવિવાર ૬ જુલાઈએ દલાઈ લામાનો જન્મદિવસ છે.

૬ જુલાઈ,૧૯૩૫ના રોજ તિબેટના તાક્સ્તરમાં જન્મેલા દલાઈ લામાએ આજે જિંદગીનાં ૮૯ વર્ષ પૂરાં કરીને ૯૦મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. દુનિયાભરમાં દલાઈ લામાના જન્મદિવસની ઉજવણી ચાલી રહી છે ત્યારે એમના ઉત્તરાધિકારી તરીકે કોની પસંદગી થાય છે તેના પર સૌની મીટ છે. ચીને એમના ઉત્તરાધિકારીની પસંદગી પોતાની ઈચ્છા પ્રમાણે જ થવી જોઈએ એવી રેકર્ડ પાછી વગાડી છે, પણ દલાઈ લામા ચીનનું માનવાના નથી એ બહુ પહેલાંથી નક્કી છે તેથી આ વિવાદ ઉગ્ર બનશે એ સ્પષ્ટ છે.

ચીનને પોતાની વાતનાં 'હાજી...હાજી ' કરી શકે એવા કઠપૂતળી જેવા દલાઈ લામા કેમ જોઈએ છે એ સમજવા જેવું છે. વિશ્વમાં લગભગ ૫૦ કરોડ બૌદ્ધધર્મી લોકો છે. તેમાંથી ૭૭ લાખ તિબેટિયન બૌદ્ધધર્મી છે. દલાઈ લામા એમના સર્વોચ્ચ ધાર્મિક વડા હોવાથી આ ૭૭ લાખ તિબેટિયન બૌદ્ધધર્મીઓ માટે એમનો શબ્દ પથ્થર કી લકીર છે. તિબેટિયન બૌદ્ધ ધર્મનો પ્રભાવ માત્ર તિબેટમાં નથી, પણ બહુ મોટા વિસ્તારોમાં છે. તિબેટ, ભૂટાન અને મંગોલિયા ઉપરાંત હિમાલયની આસપાસના લદ્દાખ, દાર્જિલિંગ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશ સહિતના ભારતીય પ્રદેશો તેમજ નેપાળમાં પણ મોટી સંખ્યામાં દલાઈ લામાના અનુયાયી છે. ચીનના ઉત્તરપૂર્વ ચીન, શિનજિયાંગ, આંતરિક મંગોલિયા અને રશિયાના તુવા, બુરિયાટિયા અને કાલ્મીકિયામાં પણ એમના અનુયાયીઓ છે.

ચીન લાંબા સમયથી તિબેટ પર કબજો કરીને બેઠું છે, પણ દલાઈ લામા તિબેટને ચીનનો પ્રદેશ માનવા તૈયાર નથી. દલાઈ લામા ૧૯૫૯થી ભારતના હિમાચલ પ્રદેશ ખાતે ધર્મશાલામાં રહે છે. માઓત્સે તુંગના ચીને તિબેટ પર કબજો કરવા આક્રમણ કર્યું ત્યારે પોતાના ચુસ્ત અનુયાયીઓ સાથે નીકળી ગયેલા દલાઈ લામા ૬૬ વર્ષથી ભારતમાં જ રહે છે. ભારતમાં રહીને દલાઈ લામા તિબેટમાં ફરી તિબેટિયનોની સરકાર બનાવવા મથ્યા કરે છે. દુનિયાભરના બૌદ્ધધર્મીઓ એમને ટેકો આપે છે. તેથી તિબેટની આઝાદીની લડત દાયકાઓથી ચાલ્યા કરે છે. ચીને તિબેટ પર લશ્કરી તાકાતના જોરે કબજો કરેલો છે પણ દલાઈ લામાએ ચીનના શાસનને સત્તાવાર જાહેર કર્યું નથી તેથી તિબેટિયન પ્રજા ચીન સાથે નથી. તિબેટમાં દલાઈ લામાનો જોરદાર પ્રભાવ છે તેથી તિબેટમાં પણ ચીન સામે જંગ ચાલે જ છે.

## દલાઈ લામા મરતા નથી, પણ પુનર્જન્મ લે છે...



*તિબેટિયન બૌદ્ધધર્મની પરંપરા પ્રમાણે, દલાઈ લામા કદી મરતા નથી, પણ પુનર્જન્મ લે છે. વર્તમાન દલાઈ લામાના નિધન પછી એમના આત્મા ફરી જન્મ લેશે અને કોઈ નવજાત શિશુ તરીકે પૃથ્વી પર પાછા ફરશે. આ બાળકની શોધ અને ઓળખ માટે કેટલીક પરંપરા અને પ્રક્રિયા છે ને તેમાં સૌથી મહત્ત્વના સ્વપ્ન સંકેત છે. બૌદ્ધધર્મના વરિષ્ઠ ભિક્ષુ અને આધ્યાત્મિક ગુરુના સપનામાં ધાર્મિક સંકેત આવે છે.*

*આ સંકેતો અને સપનાનો અભ્યાસ કર્યા પછી 'ગાદેન ફોડરંગ ફાઉન્ડેશન'ની એક ટીમ સંભવિત સ્થળે જઈને બાળકને તત્કાલિન દલાઈ લામાની વસ્તુઓ બતાવે છે. જે બાળક આ વસ્તુઓ ઓળખી જાય અને 'આ મારી વસ્તુઓ છે' જેવો દાવો કરે એને ઉત્તરાધિકારી તરીકે દાવેદાર માનવામાં આવે છે. બાળકની આધ્યાત્મિક ક્ષમતા, વ્યવહાર અને અન્ય સંકેતોનો અભ્યાસ કરીને સંપ્રદાયના મુખ્ય સાધુઓ, ભિક્ષુઓને સંતોષ થાય પછી ઔપચારિક રીતે બાળકને નવા દલાઈ લામા જાહેર કરવામાં આવે છે. તિબેટિયન બૌદ્ધ સંપ્રદાય વરસોથી આ પરંપરાને અનુસરે છે અને આ વખતે પણ આ પરંપરાનું પાલન કરાશે એવું દલાઈ લામા સ્પષ્ટ કરી ચૂક્યા છે.*

ચીન હાલના દલાઈ લામાના સ્થાને પોતાના કહ્યાગરા કોઈ બૌદ્ધ સાધુને બેસાડવા માગે છે કે જે તિબેટને ચીનનો પ્રદેશ જાહેર કરીને તિબેટની આઝાદી માટેની લડતને કાયમ માટે બંધ કરી દે. ચીને વર્તમાન દલાઈ લામાને પોતાની તરફ વાળવા બહુ ફાંફાં માર્યાં પણ દલાઈ લામા ઝૂક્યા નહીં એટલે ચીન એની એક ને એક વાત વારંવાર કરતું રહે છે કે, દલાઈ લામાના ઉત્તરાધિકારીની નિમણૂક ચીની નેતાઓની મંજૂરીને આધિન હોવી જોઈએ.

બીજી તરફ, દલાઈ લામાના સમર્થક એવા તિબેટવાસીઓ, ધર્મગુરુઓ તથા અનુયાયીઓ માને છે કે, આ ધર્મને લગતો મુદ્દો છે તેથી તેનો નિર્ણય ધાર્મિક પરંપરા પ્રમાણે જ લેવાવો જોઈએ. દલાઈ લામાએ તો 'વોઈસ ફોર ધ વોઈસલેસ' પુસ્તકમાં સાફ શબ્દોમાં કહ્યું છે કે, 'ઉત્તરાધિકારીની નિમણૂક માટે 'ગાદેન ફોડરંગ ફાઉન્ડેશન'ના અધિકારીઓ કામ કરી જ રહ્યા છે અને એમનો ઉત્તરાધિકારી ચીનની બહાર જન્મ લેશે. દલાઈ લામાના વલણથી ચીન વધારે ભડક્યું છે.

તિબેટિયન બૌદ્ધધર્મમાં દલાઈ લામાની પરંપરા ગેડન દ્રુપાથી શરૂ થઈ કે જેમણે ૧૪૦૫માં ગેંડન મઠની સ્થાપના કરી હતી. હાલના દલાઈ લામા ૧૪મા દલાઈ લામા છે. આ દલાઈ લામાનો જન્મ ૬ જુલાઈ ૧૯૩૫ના રોજ ઉત્તર-પૂર્વ તિબેટમાં ખેડૂત પરિવારમાં થયો હતો. એમનું સાચું નામ લ્હામો ધોંડુપ છે. માત્ર બે વર્ષના હતા ત્યારે એમને સપનાં અને સંકેતો દ્વારા દલાઈ લામાના પુનર્વતાર તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા. ૧૯૪૦માં ૫ વર્ષની ઉંમરે લ્હામો ધોંડુપને તિબેટની રાજધાની લ્હાસાના પોતાલા મહેલમાં લઈ જવામાં આવ્યા કે જ્યાં સત્તાવાર રીતે તિબેટના લોકો અને બૌદ્ધ અનુયાયીઓએ એમનો પોતાના નવા ધર્મગુરુ તરીકે સ્વીકાર કર્યો....

હવે અત્યારના બધા વાદ-વિખવાદ વચ્ચે ચીને પોતાની પસંદગીના દલાઈ લામાને બેસાડવા માટે 'ગોલ્ડન અર્ન' એટલે કે સુવર્ણ પાત્રનો નવો તુક્કો પણ વહેતો કર્યો છે. 'ગોલ્ડન અર્ન' પધ્ધતિમાં સોનાના કળશમાં ચિઠ્ઠીઓ નાખીને તેમાંથી એક નામ પસંદ કરવામાં આવે છે.૧૭૯૩માં ચીનમાં કિંગ વંશનું શાસન હતું અને તિબેટ પર એનો કબજો હતો ત્યારે પોતાના કહ્યાગરા દલાઈ લામાને બેસાડવા રાજાએ આ દાવ કરેલો, પણ દલાઈ લામા તથા એમના સમર્થકો એને તિબેટિયન બૌદ્ધ ધર્મની પરંપરા માનતા નથી.

ચીન પોતાની મનમાની કરવા માટે જાણીતું છે એ જોતાં તિબેટિયન બૌદ્ધ સંપ્રદાયમાં ભાગલા પડવાનાં એંધાણ છે. દલાઈ લામાના સમર્થકો બૌદ્ધ પરંપરા પ્રમાણે દલાઈ લામા નક્કી કરશે, જ્યારે ચીન 'ગોલ્ડન અર્ન'નો તુક્કો અમલમાં મૂકશે તેથી હવે પછી દુનિયામાં બે દલાઈ લામા હોય એવું બને, પણ બૌદ્ધધર્મીઓ સરકારી દલાઈ લામાને નહીં સ્વીકારે એ જોતાં વર્તમાન દલાઈ લામાનો જ જય થશે એ પણ નક્કી છે. ■

---



અરાઉન્ડ દ વર્લ્ડ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

### ત્રણ શહેર, એક દેશ, અસંખ્ય યાદો

# ખરેખર, ઝિંદગી ના મિલેગી દોબારા!

તાજેતરમાં મને મારી પત્ની હેતા અને અમારી પુત્રી રાયા સાથે સ્પેનનો પ્રવાસ કરવાનો યોગ મળ્યો. આ ટ્રિપ વધુ વિશેષ બનવાનું કારણ આપણા જીવનના અલગ અલગ ખૂણાને તે સુંદર રીતે એકત્ર લાવે છે. મેડ્રિડમાં અમે યુકેના વહાલા ફ્રેન્ડ્સને મળ્યા. બાર્સેલોનામાં અમારી સાથે ક્વિક ગેટઅવે માટે આવેલા યુએસના ફ્રેન્ડ્સ જોડાયા. અને ઈબિઝામાં સાહસ, ખાણીપીણી અને મોજમસ્તીભરી રિટ્રીટ માટેઅદભુત વાયપીઓ સમુદાય અમારી સાથે જોડાયો.

ત્રણ શહેર. ત્રણ અનુભવ. અને છતાં એક દેશ, જે તેની ઉષ્મા, ઈતિહાસ, ઊર્જા અને જોશ સાથે મને સતત આશ્ચર્યમાં ગરકાવ કરે છે. દરેક સ્થળે અમને સ્પેનની સંપૂર્ણ અલગ બાજુ આપી. તો, આજના લેખમાં હું તે પ્રવાસે તમને સ્પેનના હાર્દ થકી લઈ જવા માગું છું. તો ચાલો, મેડ્રિડથી શરૂઆત કરીએ.

**મેડ્રિડ :** ભારતમાં આપણે મોટા ભાગના લોકો મેડ્રિડ સાથે પોતાને અસલી મેડ્રિડ, એટલે કે ફૂટબોલ ક્લબ ઓફ લીજેન્ડ્સ સાથે સાંકળતા હોઈએ છીએ. અને પ્રતીકાત્મક સાન્તિયાગો બર્નેબ્યુ સ્ટેડિયમની મુલાકાત તો ઘણા બધા લોકોની પ્રવાસ યાદીમાં ટોચે હોય છે.મેં આ વખતે સ્ટેડિયમ જતું કરવાનું નક્કી કર્યું. તેને બદલે હું સ્થાનિકની જેમ મેડ્રિડ જોવા માગતો હતો. અને તે પસંદગીએ મનેઆ સ્પેનિશની રાજધાનીનો સંપૂર્ણ નવો અનુભવ કરાવ્યો.

મેડ્રિડ દેખીતી રીતે જ સમકાલીન મનોહરતા ધરાવે છે. આ મનોહરતા બહુ સહજ રીતે માણી શકાય છે. અમારો સૌપ્રથમ સ્ટોપ રેટિરો પાર્ક,પાર્ક ડેલ બ્યુએનરેટિરો હતો, જે વિશાળ હરિયાળી જગ્યા એક સમયે સ્પેનિશ રાજઘરાણાની માલિકીની હતી. અમે ત્યાં લગભગ આખો દિવસ વિતાવ્યો. મને સૌથી સારી બાબતએ લાગી કે આ શહેર દરેક ખૂણે બાળકોનું સ્વાગત કરે છે. પ્લાઝામાં બનાવવામાં આવેલાં સુંદર પ્લેગ્રાઉન્ડ્સથી લઈને ખુલ્લી હરિયાળી જગ્યાઓ સુધી, રાયાએ મન મૂકીને આ સ્થળને માણ્યું, આસપાસ દોડાદોડ કરી, ક્લાઈમ્બિંગ કર્યું અને એક્સપ્લોર કર્યું. મોટાં શહેરોએ અદભુત હોવું જોઈએ એવું જરૂરી નથી, પરંતુ તે રમતિયાળ પણ હોવું જોઈએ તેની આ યાદગીરી હતી.

અમે સ્થાનિકોને જે ગમે તે જ કર્યું: એક તપસથી અન્ય બારમાં ગયા. મેડ્રિડમાં તપસ એ બોલ્ડ ફ્લેવર્સ સાથે નાની પ્લેટ્સમાં ક્યુલિનરી ખજાનો છે. અમારી સાંજ મોટે ભાગે ધીમે ધીમે ભટકવામાં વીતી, જેમાં સ્વર્ણિમ વાતાવરણ ધરાવતું અને આર્ચીસ હેઠળ વાદ્યો વગાડતા સંગીતકારો સાથેના પ્લાઝા મેયર, જ્યાં ઈતિહાસના પુસ્તકના પાનામાંથી બહાર આવ્યું હોય તેવું આ સ્થળ મન મૂકીને માણ્યું.

મેં જે શોધ્યું તે કાંઈક આ મુજબ છે: મેડ્રિડ સમુદ્રની સપાટીની ઉપર 667 મીટર પર વસેલું યુરોપનું સર્વોચ્ચ રાજધાની શહેર તરીકે બિરૂદ ધરાવે છે. અહીંની હવા અણધારી રીતે ક્રિસ્પ અને તાજગીસભર છે તેમાં કોઈ નવાઈ નહીં. વધુ આકર્ષક શું છે જાણો છો? આ શહેરમાં 2.50 લાખથી વધુ ઝાડ છે,જે તેના લોકો કરતાં પણ વધુ છે! આ પ્રકારના હરિયાળા કવચ સાથે મેડ્રિડ ખંડમાં સૌથી હરિત રાજધાનીમાં સ્થાન નહીં પામે તો જ નવાઈ.

અને આખરે મેડ્રિડની ગલીઓના ઊંડા ભીતરમાં પ્રાચીન ઈજિપ્શિયન મંદિર ટેમ્પલ ઓફ ડેબોડ વસેલું છે. 1968માં ઈજિપ્ત તરફથી ભેટમાં મળેલુંઆ મંદિર 2,200 વર્ષ પ્રાચીન છે અને તેના પથ્થર દર પથ્થર પ્લાઝા દ એસ્પાના નજીક તેના વર્તમાન ઘરમાં સ્થળાંતર કરાયા હતા.

અંતે મેડ્રિડ વિશે મને સૌથી વધુ યાદ રહી જાય તેવું કોઈ સીમાચિહ્ન હોય તો તે હેતા અને રાયા સાથે નિયોજન વિના મન મૂકીને ભટક્યાં તે લાગણી હતી. મેડ્રિડની આ ખૂબી છે. ભવ્ય છતાં જમીન પર. ઐતિહાસિક છતાં જીવનથી સમૃદ્ધ.

**બાર્સેલોના:** મેડ્રિડની મનોહર ખૂબીઓ પછી બાર્સેલોના શક્ય શ્રેષ્ઠ રીતે તેમાં વધુ સુખદ અહેસાસના ઉમેરા જેવું લાગ્યું. આ શહેર બેસી રહેતું નથી,તે સતત ધમધમે છે, નૃત્ય કરે છે, નિર્માણ કરે છે અને તેના લયનો હિસ્સો બનવા તમને સતત આમંત્રિત કરે છે.

અમે શહેરના હાર્દ એવા આયશેમ્પલના સ્વર્ણિમ પાડોશમાં મુકામ કર્યો હતો, જે તેના વિશાળ કુંજમાર્ગો, ગ્રિડ જેવી ગલીઓ અને નિર્માણ નહીં પણ કોતરકામ કરાઈ હોય તેવી જ દેખાતી ઈમારતો અને બાલ્કનીઓ માટે પ્રસિદ્ધ છે. આ લેઆઉટ સુંદર તો છે જ, પરંતુ તે દીર્ઘદ્રષ્ટા શહેરી નિયોજનના ભાગરૂપે 19મી સદીમાં



ડિઝાઈન કરાયું હતું, જેનો હેતુ વૃદ્ધિ પામતા શહેરમાં પ્રકાશ, હવા અને હરિયાળી લાવવાનો હતો. આજે પણ તે બાર્સેલોનાને સર્વ કળાત્મક કોલાહલ વચ્ચે સુંદર વ્યવસ્થાની ભાવના આપે છે.

હવે કળાકારીગરીની વાત કરીએ તો સ્પેનિશ આર્કિટેક્ટ, દીર્ઘદ્રષ્ટા અને આધુનિક આર્કિટેક્ચરમાં સૌથી મહત્ત્વપૂર્ણ હસ્તીમાંથી એક એન્ટોનીગાઉડીના જાદુને વશ થયા વિના બાર્સેલોનાની કોઈ પણ ટ્રિપ અધૂરી રહી જાય છે. તેમની કૃતિઓ ફક્ત ઈમારતો નથી, તે નિસર્ગ,શ્રદ્ધા અને કલ્પનાની કાવ્યાત્મક અભિવ્યક્તિ છે. અમે સાગ્રાડાફેમિલાયામાં સંધ્યા વિતાવી, જે પ્રતીકાત્મક નમૂનો 1882થી નિર્માણ હેઠળ હતોઅને હજુ પણ પૂર્ણ થયો નથી. જોકે અજાયબીની વાત એ જ છે. તમે તે ગગનચુંબી શિખરો અને રંગબેરંગી કાચની બારીઓની નીચે ઊભા રહોઅને તમને ભાન થશે કે તમે ચર્ચને જોઈ રહ્યા નથી, પરંતુ તમે એવું સપનું જોઈ રહ્યા છો જે હજુ ઉજાગર થઈ રહ્યું છે.

અહીં વિચિત્ર ટેકરીવાળો પાર્ક ગેલ પણ છે, જ્યાં જિંજરબ્રેડ ઘરો, સર્પાકાર બેન્ચ અને શહેરનો મનોરમ્ય નજારો અવાસ્તવ સંવાદિતામાંએકત્ર આવે છે. અમે યુએસથી આવેલા ફ્રેન્ડ્સ સાથે સુવર્ણ બપોર વિતાવી.

દેખીતી રીતે જ બીચ પર ગયા વિના બાર્સેલોનાની કોઈ વાર્તા પૂરી થતી નથી. બાર્સેલોનામાં અમને સમુદ્રના ખુલ્લા નજારા સાથેની ઉત્તમ સીફૂડ રેસ્ટોરાં મળી આવી. અહીંનું ખાદ્ય અવિસ્મરણીય તો હતું જ, પરંતુ તે એક અવસર હતો. રાયાએ પહેલી જ વાર બીચની મુલાકાત લીધી હતી અને તેના નાના પગ મેડિટરેનિયનમાં ડુબાડ્યા તે માઈલસ્ટોન જેવો અહેસાસ હતો. અમારા બધાના ચહેરા પર સ્મિત હતું અને અમે મન ભરીને આ સ્થળને માણ્યું.

અને અહીં જૂજ લોકો અજાણ બાબતો જાણે છે, જે બાર્સેલોનાને વધુ અદભુત બનાવે છે. બાર્સેલોના 9 યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ્સનું ઘર છે, જેમાંથી સાત ખુદ ગાઉડીએ ડિઝાઈન કરી હતી. લીજેન્ડ એવું પણ કહે છે કે આ શહેરે આઈફિલ ટાવર નકારી કાઢ્યો હતો. ગુસ્તાવ આઈફિલે તેના ટાવરની ડિઝાઈન પ્રસ્તાવિત કરી ત્યારે બાર્સેલોનાએ તે નકારી કાઢી. તે પછી પેરિસે સ્વીકારી અને બાકી ઈતિહાસ છે. અને આખરે બાર્સેલોનાની પોતાની ભાષા પણ છે. સ્પેનિશ વ્યાપક રીતે બોલાય છે ત્યારે કેટલેન અહીંની સ્થાનિક ભાષા છે અને તે સ્ટ્રીટ સાઈન્સથી મેનુથી રોજબરોજના વાર્તાલાપ સુધી દરેકમાં અજોડ રુચિનો ઉમેરો કરે છે.

**ઈબિઝા:** ઈબિઝા શબ્દ સાંભળતાં જ મોટા ભાગના લોકોના મનમાં તુરંત એક વાત આવે છે: પાર્ટીઓ. દુનિયાના ઉત્તમ ડીજે, સનસેટ બીચ ક્લબ,સવારમાં ફેરવાતી રાત્રિઓ અને હા, ઈબિઝાની તે બાજુ અસ્તિત્વમાં છે.

અમને નાઈટ આઉટ સાથે ફર્સ્ટહેન્ડ તેનો અનુભવ કરવાનો મોકો મળ્યો, જ્યાં લીજેન્ડરી ડીજે ડેવિડ ગુએટા આઈલેન્ડનાપ્રતીકાત્મક ક્લબમાંથી એકમાં પરફોર્મ કરતો હતો. જોકે આ ટ્રિપ પર મેં સંપૂર્ણ અલગ લય શોધી કાઢ્યો. તે મેં કલ્પના કરી નહોતી તેટલું ધીમું,ઊંડું અને અત્યંત પરિપૂર્ણ હતું.

અમે વાયપીઓ રિટ્રીટ માટે ઈબિઝામાં હતા અને આ ટાપુએ અનુભવો સાથે અમને આવકાર્યા, જે ખુદ નિસર્ગ દ્વારા ઘડવામાં આવ્યું હોય તેવું મહેસૂસ થતું હતું. એક સવારે અમે ટાપુ પર ટ્રેઝર હંટ માટે નીકળ્યા, જે તમારી લાક્ષણિક સ્કેવેન્જર ગેમ નથી, પરંતુ મજબૂત લેન્ડ રોવર ડિફેન્ડર્સમાં સુંદર, હેતુપ્રેરિત સાહસ છે. અમે દરિયાકાંઠાના રસ્તેથી, સુસ્ત વ્હાઈટવોશ્ડ ગામડાંઓ અને પાઈનની સુગંધ સાથેની ટેકરીઓ થકી પસાર થયાં,સિક્રેટ કોવ્ઝ, પ્રાચીન સોલ્ટ ફ્લેટ્સ અને સમુદ્રનો નજારો આપતા એકમાત્ર લાઈટહાઉસમાં પણ રોકાયાં હતાં.

યાદીમાં એક સૌથી રોમાંચક બાબત જાણો છો? ક્લિફ જમ્પિંગ. મેં પોતે નહીં કર્યું. જોકે આ વાતાવરણનો હિસ્સો બનવું તે પણ વિશેષ હતું.

મને ગ્રુપમાં યોટમાં ફરવાનું પણ બહુ ગમ્યું. અમે શાંત સમુદ્ર પરથી સેર કરી, જ્યાં અમે સ્નોર્કેલિંગ કર્યું, સમુદ્રમાં છલાંગો લગાવી,જેટ સ્કીઝ પર સવારી કરી અને સર્વ પ્રકારનાં વોટર ટોયઝ સાથે રમ્યાં પણ. તે સૌથી ઉત્તમ ઈબિઝાની બપોર હતી, સૂર્ય, સમુદ્ર અને કુ સાથે જીવનની ઉજવણી.

ઈબિઝાએ ક્યુલિનરી ઊંડાણથી પણ અમને ચકિત કર્યા. એક રાત્રે અમે કાંકરીઓવાળી ગલીમાં છુપાયેલા જૂના શહેરમાં મિશેલિન-સ્ટારવાળી રેસ્ટોરાંમાં ભોજન કર્યું. અહીંનું વાતાવરણ આહલાદક હતું, ખાવાનું સ્થાનિક, શોધાત્મક અને અત્યંત સ્વાદિષ્ટ હતું. ઘોંઘાટિયા પાર્ટીઓથી દૂરઆ ઈબિઝાની સૌથી શાંત બાજુ છે.

અને મોટા ભાગના લોકોને ભાન પણ નહીં થાય તે રીતે ઈબિઝાને વધુ અનોખું બનાવતું હોય તો તે છે આ ટાપુ પરના 50થી વધુ સુંદર બીચ,જે દરેક છૂપા ખડકોથી લાંબા રેતીદાર પટ્ટાઓ સુધી પોતાનું અજોડ વ્યક્તિત્વ ધરાવે છે. ઈબિઝાનું જૂનું શહેર ડેલ્ટ વિલા યુનેસ્કો વર્લ્ડ હેરિટેજસાઈટ છે, જેનું કિલ્લાકરણ 16મી સદીથી અગાઉનું છે. તમે સૂર્યાસ્ત સમયે તેની દીવાલો પાસેથી ચાલો ત્યારે તમને સદીઓ તમારી આસપાસ ગુસપુસ કરી રહી હોય તેવું મહેસૂસ થશે.

ત્રણ શહેર, એક દેશ, અગણિત યાદોમેડ્રિડ, બાર્સેલોના અને ઈબિઝાનો પ્રવાસ ફક્ત હોલીડે નહોતી, પરંતુ તેણે સમાન આત્મા સાથેની ત્રણ સંપૂર્ણ અલગ અલગ હસ્તીઓનોઅનુભવ જેવું મહેસૂસ કરાવ્યું. સ્પેન એક સ્થળ નથી, પરંતુ તે ઘણું બધું, જે ખુશી, લગની અને જીવન માટે જોશને એકતાંતણે બાંધે છે.જો તમે ત્યાં જઈ આવ્યા હોય તો ફરી જાઓ. તમને કશુંક નવું મળી રહેશે. જો તમે નહીં ગયા હોય તો ગમે ત્યાંથી શરૂઆત કરો,પરંતુ તમે તુરંત તેના પ્રેમમાં પડીને રહેશો.

અને કદાચ અમારી જેમ, તમે વાર્તાઓથી ભરચક સૂટકેસ અને કૃતજ્ઞતાથી ભરચક મન સાથે પાછા આવશો.

**નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.**

'ઓલા'! સ્પેન બોલાવે છે... લેટ્સ ગો!
આફ્ટરઓલ જિંદગી ના મિલેગી દોબારા
જ્યારે દુનિયામાં સૌથી વધુ પર્યટકો મુલાકાત લે છે તે દેશમાં સ્પેન બીજા નંબરે આવે છે. જીવન રસપૂર્વક અને મન મૂકીને કઈ રીતે જીવવું તેની ખૂબી સ્પેનિશ લોકો પાસેથી જાણવાનો પ્રયાસ કરીયે. ચાલો, આ વખતે સ્પેનમાં જઈએ, વીણા વર્લ્ડ સાથે!

| | | |
|---|---|---|
| બેસ્ટ ઓફ સ્પેન - 10 Days<br>Sep 11, Nov 5<br>270000 - 280000 | ઓલ ઓફ સ્પેન<br>15 Days | સ્પેન પોર્ટુગલ<br>(13D) Oct 8, Nov 11<br>315000 - 325000 |
| સ્પેન પોર્ટુગલ મોરોક્કો - 16 Days<br>Oct 16, 23, Nov 13 - 375000 - 385000 | | વુમન્સ સ્પેશિયલ સ્પેન<br>(10D) Sep 11 - 277000 |


T&C Apply
Book Online 365 days 24x7 Visit veenaworld.com



વીણા વર્લ્ડ
સ્પેન
ચાલો, બેગ ભરો, નીકળી પડો!
Email: travel@veenaworld.com
veenaworld.com | Toll-Free: 1800 313 5555 | 1800 22 7979
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# સાવ ખાનગી વાત (૪)



એ દિવસોમાં ગઝલપ્રવૃત્તિમાં પૈસા નહોતા, પણ પ્રેમ?! વાત્સલ્ય?! માર્દવ?! અધધધ અપરંપાર અનર્ગળ... વડીલોની એક જ ખ્વાહિશ કે ગઝલને સાહિત્યમાં મોટો મોભો આલા દરજ્જો મળે. અને સ્વભાવે બધા વડીલો કેવડા તમીજદાર! ખાનદાન! વિવેકી! એમના એ સ્વભાવનો ફાયદો ઉચાપત કરીને જ તો મરિયલ સરરીયલ દાઢીવાળા બુદ્ધિ વગરનાં હલેસાખોર હવાબાજ બાળકો કવિતાને અપહૃત કરવાની પેરવીમાં દાઢી પર સોનેરી લપેડા કરવા પર હતા કે અમારી ફોજ આવી ગઝલ બચાવવા. બહુ લાંબુ સંભાષણ નથી જ કરવું. પણ ક્યાં બધા ઈઝમ દટાઈ ગયા અને ગઝલ ક્યાંની ક્યાં પહોંચી ગઈ! આ તિકડમબાજોએ તો ગુજરાતી સાહિત્ય પરિષદને ય પક્ષાઘાતગ્રસ્ત કરી નાંખી હતી. આ તો ભલું થજો મતદારોનું કે એમણે લંપટ લોલુપ નીર્વિર્ય ટોળકીથી પરિષદને બચાવીને મૂકી દીધી પૂર્ણ સારસ્વત પ્રમુખ હર્ષદ ત્રિવેદીની ગતીશીલ, પ્રવૃત્તિથી ધમધમતી ટીમના હાથમાં. કોઈક કોઈક સદાના નાલાયક વિધ્વંસકના હોવા છતાં પરિષદ દ્વારા જે કામ થઈ રહ્યાં છે અત્યારે એ વર્ણવવા તો આખો અંક મૂકવો પડે.

આપણે આપણી ખાનગી વાત આગળ વધારીએ તો આજે તમારા કપાળે ગઝલનું તિલક કરવા સૌથી પહેલા આવી રહ્યા છે ગુજરાતી ગઝલના સૌથી માયાળુ સમર્થ શાયર ગની દહીંવાલા જેમણે સુરતીઓના વસ્ત્રો તો સુંદર સિવ્યાં જ, ગુજરાતી ગઝલના ભાતીગળ પોતને ય અદ્ભુત ભરતકામથી ગૂંથ્યું.

*દિવસો જુદાઈના જાય છે એ જશે જરૂર મિલન સુધી*
*મારો હાથ ઝાલીને લઈ જશે મુજ શત્રુઓ જ સ્વજન સુધી*

**ગની દહીંવાલાને અર્પણ**

* * *

*ન અડે છે ઝાળ કોઇ મને, સફર આદરું છું અગન સુધી*
*સૂર બાંગના ધરી હોઠ પર, હું જઉં છું હોમ-હવન સુધી*

*છે રિવાજ ખૂબ જૂના બધા, છે કટુતા રેડતી જિંદગી*
*ભલે રણથી રોજ હું નીકળું, છે જવાનું મારે ચમન સુધી*

*છું હું વસ્ત્ર સુસ્ત સીધું, સરળ અને આપ ભાત ગૂંથાયલી*
*બહુરંગી આપની ઓઢણી, હું પહોંચું શ્વેત કફન સુધી*

તેં ભરી પલક 'ને કરી અલગ, મને મોકલ્યો છે ધરા ઉપર
મને આવે તું જ મનાવવા, મને દોરને! એ પતન સુધી !

*ભલે તુચ્છ હું સીવું રોજનું, છતાં એક સત્યની જાણ છે*
*જે ક્ષણે વણીશ ગઝલ નવી, એ ક્ષણે જઇશ ગહન સુધી*

* * *

મધ્ય પ્રદેશના ભૈયા અને માતૃભાષા ગુજરાતી ન હોવા છતાંય ગુજરાતી ગઝલના અછોવાના કરનાર સવાયા ગુજરાતી કવિ કૈલાસ પંડિતે મનહર ઉધાસને ગુજરાતી ભાષામાં લઈ આવવાથી માંડીને સતત નવા કવિઓને મુશાયરામાં ઇન્ટ્રોડ્યુસ કરવાના સત્કર્મો કરતાં ૫૨ વર્ષે તો વિદાય લઈ લીધા .

*ચમન ! તુજને સુમન મારી જ માફક છેતરી જાશે*
*પ્રથમ એ પ્યાર કરશે ને પછી જખ્મો ધરી જાશે*

**કૈલાસ પંડિતને અર્પણ**

* * *

*જીવન ઉપર ન કરતો કોઇ દિ' હક છેતરી જાશે;*
*તને એ મોત થઇ મારી જ માફક છેતરી જાશે.*

*ખરીદી નહીં શકે તું યોગ્ય વસ્તુ વાજબી ભાવે*
*બજારોમાં તને મૂલ્યોની રકઝક છેતરી જાશે.*

*નથી ચાહોમ કરવાની હવે વૃત્તિ કોઇમાં પણ*
*ધરીને વેશ મર્દાના, નપુંસક છેતરી જાશે.*

*ભલે હો જીવદયાનો દાવો, મુદ્દો મુખ્ય છે વેપાર*
*બધાં છે ખાનગીમાં ખૂબ હિંસક, છેતરી જાશે.*

*નહીં એના વિના જીવી શકાશે એક પળ અહીંયાં*
*તને, એ વહોરવા આવેલો યાચક, છેતરી જાશે.*

* * *

આજે આખરે તમને બથ ભરીને ભેટવા આવી રહ્યો છે ગુજરાતી ગઝલનો ઘાયલગઢ... ગઝલને અનેક માઈલ દોડાવાનું કલમકર્મ જેમને નિમિત્તે બન્યું એ ગુજરાતી ગઝલને સોરઠી પાનો ચઢાવનાર અમૃત ઘાયલની આ ગઝલથી તો તમે પરિચિત છો જ.

*ગભરું આંખોમાં કાજળ થઈ લહેરાઈ જવામાં લિજ્જત છે*
*ચર્ચાનો વિષય જોકે એ નથી, ચર્ચાઈ જવામાં લિજ્જત છે*

પણ એમને અંજલિ આપતી આ ગઝલ તો જુઓ મારા સાહેબો !!!

* * *

*ના ભાળ મળે કોઇને પણ, છુપાઇ જવામાં લિજ્જ છે*
*જીવું છું સતત હું યાદ બની, ધરબાઇ જવામાં લિજ્જત છે*

*આવે તું મને જોવા ત્યારે હું સાજો-નરવો સુસ્ત બનું*
*થોડોક જ દેખાડાનો ઊથલો ખાઇ જવામાં લિજ્જત છે*

*એ ઇચ્છે એ પ્રતિસાદ દઇ શિશુઓને નમણાં સાચવજો*
*છો ચિંતાથી ઘેરાયા હો, હરખાઇ જવામાં લિજ્જત છે*

*નિજની મસ્તીનું ઓસડિયું ઘૂંટીને પવન સામે ઊડતાં*
*પાંખાળા પ્રેમના સંકેતો સૌ ગાઇ જવામાં લિજ્જત છે*

*ધારી લોને... ગમતાંને કોઇ!બીડું છું આંખ તમારી હું*
*બીજાના નામે પણ અમને પરખાઇ જવામાં લિજ્જત છે*

*નક્કામી જફામાં શું પડવાનું... કેસરિયો કે લીલો છે?*
*ધુળેટીના રંગેરંગે રંગાઇ જવામાં લિજ્જત છે*

*બાંહોમાં લઇ મારો ચહેરો, તું મર્માળું ફરકાવે સ્મિત*
*છેવટ હસતાં હસતાં બસ સંકેલાઇ જવામાં લિજ્જત છે*

આજે આટલું જ ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**શફીના**એ કોલ કર્યો પછી શક્ય એટલી ઝડપે અકબર અશોક ટંડનને લઇને અભિના બંગલે પહોંચી ગયો. શફીના, અકબર અને અશોક ટંડન ઊંડા આઘાત સાથે એકબીજાની સામે જોતાં બેઠાં હતાં. 'સીમા કાતિલ હોઇ શકે?' અશોક ટંડને મૌન તોડ્યું.

'આનો જવાબ પોલીસ તો શોધશે, પણ આપણને પણ એનો જવાબ જોઇએ છે,' અકબરે કહ્યું.

'પણ આમ જોઇએ તો આપણે જવાબનું કામ શું છે...પોલીસ 'ધી એન્ડ' કરી નાખશે. ફિલ્મ પૂરી, વાર્તા પૂરી.' અશોક ટંડને કહ્યું.

'અશોકભાઈ, તમને યાદ છે આપણી મીટિંગમાં આપણે ચૌબેજીને પૂછેલું કે તમે સ્ક્રિપ્ટ લખી છે તો એમણે ઉડાઉ જવાબ આપ્યો હતો.?'

'હા, એમણે સસ્પેન્સ કહીને વાત ઉડાવી દીધી હતી.'

'એમણે પિન્ટોને પણ સાચું કહ્યું નથી. મને લાગે છે કે આપણા સવાલનો જવાબ ચૌબેજી પાસેથી જ મળશે.'

'તો હવે કરવું છે શું?' અશોક ટંડને કહ્યું.

'સ્ક્રિપ્ટની અસલિયત જાણવા ચૌબેજીને મળવું પડશે,' અકબરે કહ્યું.

'તને લાગે છે કે સચ્ચાઇ સ્ક્રિપ્ટમાં છે?' અશોક ટંડને પૂછ્યું.

'હા.....કદાચ..'

'ક્યાં મળીશું ચૌબેજીને.?' અશોક ટંડને પૂછ્યું.

'એક્ટર્સ અડ્ડા.' અકબરે કહ્યું.

'શફીના તુમ યહીં પર રહો.....ઘર કો બહાદુર કે ભરોસે પે નહીં રખના' અકબરે કહ્યું.

****************

'જબ સે યે એક્ટર મરા હૈ, તબ સે વાટ લગ ગઇ હૈ. ના ખાના, ના પિના, ના સોના.' શિંદે દુઃખતું પેટ ને કૂટ તો માથું.....એને કરવી હતી પાર્ટી ને અપ્પા સાહેબે મજા બગાડી નાખી હતી.

'શિંદે, પાર્ટી કરેંગેં....ચલ મંગા દારૂ...તૂ ફિકર મત કર રે....મૈં હૈના' એસીપી મોરે બોલ્યા ને શિંદેનું મોઢું ચુરમાના લાડુ જેવું થઇ ગયું. ટેબલથી થોડે દૂર ઓર્ડરની રાહ જોઇને ઊભેલો વેઇટર દોડી ગયો. પેગ પર પેગ આવતા ગયા. ચખનામાં તંદુરી ચિકન અને પનીર ટીકા પીરસાતા ગયા. એસીપી મોરે, શિંદે અને પીએસઆઈ શાંતાબાઈ સાબડેની હલક હેઠળ દારૂ ઊતરતો ગયો, પણ નશાની જગ્યાએ અપ્પા સાહેબનો વિચાર ચડતો ગયો...જે નશાથી ય વધુ ખરાબ હતો.

*****************

એક્ટર્સ અડ્ડામાં આછા અજવાળામાં બેઠેલા ચૌબેજી અકબરના આગમનના કારણ વિશે વિચારમાં ખોવાયેલા હતા. અકબરની સાથે અશોક ટંડનને જોઇને એમને આશ્ચર્ય થયું. બંને બેઠા કે તરત જ અકબરે કહ્યું: 'સીમા કો પોલીસ પકડ કર લે ગઇ હૈ...આપકો પતા હૈ.?'

'ક્યા?' ચૌબેજી ચોંકી ઉઠ્યા. દોરીથી બાંધેલા એમના ચશ્માં નાકની દાંડી પરથી સરકીને છાતી પર લટકી ગયા.

'આપ ઇતના ક્યું ચૌંક ઊઠે. યે જો હો રહા હૈ વહ આપકી લિખી સ્ક્રિપ્ટ કે હિસાબ સે હો રહા હૈ યા આપકી સ્ક્રિપ્ટ કે હિસાબ સે નહીં હો રહા. દોનોં કેસ મેં આપકા ચૌંકના બનતા હૈ.' અકબરે કહ્યું.

ચૌબેજી પોતે આંચકો ખમી શકવાની હાલતમાં નહતા. અભિ મર્ડર કેસના આ નવા...તાજા ડેવલપમેન્ટથી તેઓ સાવ અજાણ હતા અને સાથે સાથે તેઓ અકબર અને અશોક ટંડનને એ પણ જણાવવા નહોતા માગતા કે ઇન્ટરવલ પછીની સ્ક્રિપ્ટ એમણે લખી છે.

'સચ ક્યા હૈ ચૌબેજી?' અશોક ટંડને પૂછ્યું.

'સચ એસીપી મોરે હી જાનતે હૈ......ઔર મુઝે ઉનસે મિલના હોગા.' ચૌબેજીએ કહ્યું.

'હમ સાથ ચલેંગેં અગર આપકો કોઇ તકલીફ ન હો તો.' અકબરે કહ્યું.

'સાથ ચલિયે લેકિન એસીપી મોરે સે બાત સિર્ફ મૈં કરુંગા. બાદ મેં આપકો સચ મૈં બતાઉંગા.?' ચૌબેજીએ કહ્યું.

*****************

રાતે લગભગ અગિયાર વાગ્યે એસીપી મોરે, શિંદે અને શાંતાબાઈ સાબડે પોલીસ જિમખાના કલબમાં ખાય-પીને જુહુ પોલીસ સ્ટેશનને પહોંચ્યાં ત્યારે એમના આશ્ચર્યની વચ્ચે ચૌબેજી, અકબર અને અશોક ટંડન એમની રાહ જોતાં બેઠા હતા. આ ત્રિપુટી અહીં આટલા વાગ્યે શા માટે આવી પહોંચી.? એમણે ત્રણેયની સામે નજર સુધ્ધાં કર્યા વિના કેબિનમાં જઇને સ્ટેશન ઇન્ચાર્જને બોલાવ્યો.

'યે તીનો યહાં ક્યા કર રહે હૈ?' એમણે પૂછ્યું.

'આપકી રાહ દેખ રહે હૈ..' એણે કહ્યું.

'ઉસકો કિસને બતાયા કી મૈં વાપિસ આને વાલા હું.?'

'મૈંને બતાયા.'

'નહીં બતાને કા થા કિસી કો ભી નહીં બતાને કા થા.' એસીપી મોરેનું મગજ છટક્યું.

'સોરી સાબ.'

'તુમ જાઓ...ઔર ઉસમેં સે સિર્ફ ચૌબેજી કો અંદર ભેજો.' મોરે અપ્પા સાહેબની ગુપ્ત મીટિંગની ખબર કોઇને પણ ન થાય એની મથામણમાં હતા. એમને સૌથી વધુ ભય પત્રકારોનો હતો. અકબર નામનું ફિલ્મી ફરફરિયું પત્રકારોમાં ફરી વળશે તો બાજી બગડી જશે. ચૌબેજીએ બે ટકોરા મારીને એન્ટ્રી કરી.

> **'કહાની હો યા જીવન....ઉસે રોમાંચક બનાને કે લિયે એક જબરજસ્ત ટ્વિસ્ટ ઝરૂરી હોતા હૈ.' ચૌબેજીના ડાયલોગે એસીપી મોરેને વિચારતા કરી મૂક્યા.**

'ચૌબેજી, ધ્યાન સે સુનો. યે સબ આપકી સ્ક્રિપ્ટ કે હિસાબ સે હો રહા હૈ. બાયોગ્રાફી ઔર ફિક્શન કા બેસ્ટ કોમ્બિનેશન. સીમાને ગુન્હા કબૂલ કર લિયા હૈ.....આપ અકબર ઔર અશોક ટંડન કો કૂછ નહીં બતાયેંગેં. થોડા ટાઇમ સસ્પેન્સ રખો.'

'મૈં ખુદ હેરાન હું કી મેરી ફિક્શન કે ઝરિયે આપને ખૂની કો પકડ લિયા.'

ચૌબેજીના ચહેરા પર આઘાત અને આશ્ચર્ય તગતગી રહ્યા હતા.

'આજ કી રાત મેરે લિયે બહુત ઇમ્પોર્ટન્ટ હૈ. કલ મિલેંગેં.' એસીપી મોરેએ હાથ મિલાવ્યા.

'કહાની હો યા જીવન....ઉસે રોમાંચક બનાને કે લિયે એક જબરજસ્ત ટ્વિસ્ટ ઝરૂરી હોતા હૈ.' ચૌબેજીના ડાયલોગે એસીપી મોરેને વિચારતા કરી મુક્યા.

******************

બરાબર બારને ટકોરે અપ્પા સાહેબ લાલબત્તી વગરની કારમાંથી ઊતર્યા. બહાર જ ઊભેલા એસીપી મોરેએ સેલ્યુટ કરી. હવાનું ઝોકું ચૂપચાપ પ્રવેશે એ રીતે બંને કેબિનમાં ગયા.

'કહાં હૈ વો?' અપ્પા સાહેબે નામ લીધા વિના પૂછ્યું.

'લોકઅપ મેં.'

'ચલો' અપ્પા સાહેબે કહ્યું મોરે વીજળીની ઝડપે ઊભા થઇને આગળ ગયા. કેબિનની બહાર ઊભેલો શિંદે જોડાયો. લોકઅપની બહાર ચોકી ભરતી શાંતાબાઈએ તાળું ખોલ્યું. બધાં અંદર પ્રવેશ્યાં.

અપ્પા સાહેબે સીમાને ઉપરથી નીચે સુધી જોઇ.

'મોરે, મૈં અકેલે મેં બાત કરેગા.' અપ્પા સાહેબ બોલ્યા.

સાંભળીને એસીપી મોરે આંચકો ખાઇ ગયા.

*******************

'તૂ બડી ચાલાક ઔર શાતિર હૈ......અપને પતિ કા મર્ડર કરને કા કામ તુને મોતી કો સોંપા થા. મરતે વક્ત ઉસને યે બાત બસ્તા કો બતાઇ.....ઔર મુઝે યે બાત ઉપર બૈઠે ભાઈલોગને બતાઇ. માન ગયા મૈં... મોતી જો કામ ન કર સકા વો તુને કર દિયા....વાહ. સીમા નીચું મોં કરીને ચુપચાપ સાંભળી રહી હતી.

અબ તુઝે કોઇ નહીં બચા સકતા, સિવાય મેરે.......અપ્પા સાહેબે કહ્યું. સીમાએ મોં ઊંચું કરીને અપ્પા સાહેબની સામે જોયું. બંનેની આંખ મળી. સીમાના ચહેરા પર રમતિયાળ સ્મિત હતું ને અપ્પા સાહેબની આંખમાં શૈતાની રાજકારણી હતો.

*****************

અપ્પા સાહેબ બહાર આવ્યા. લોબીમાં આંટા મારી રહેલા એસીપી મોરેને એમની જ કેબિનમાં લઇ ગયા.

'મોરે, અભી કા અભી સીમાદેવી કો છોડ દો. ઉસે પુલીસ કી ગાડી મેં શાંતાબાઈ કે સાથ પૂરી ઇજ્જત કે સાથે ઘર વાપસ ભેજ દો.'

'લેકિન સર' એસીપી મોરેએ વાત કરવાની કોશિશ કરી પણ...

'બાકી ક્યા કરના મૈં તુમકો સમઝાતા હું....પહેલે યે કામ કરો.....યે મેરા ઓર્ડર હૈ.'

'શાંતાબાઈ,' એસીપી મોરેએ ત્રાડ પાડી. કંઇક અજુગતું બન્યું હોવાની ધાસ્તી સાથે શિંદે પણ દોડી આવ્યો.

'શાંતાબાઈ, સીમાદેવી કો ઘર પર છોડ કર આઓ..' એસીપી મોરેના અવાજમાં ચચરાટ હતો. અપ્પા સાહેબે ફેરવી નાખેલી બાજી સામે ગુસ્સો હતો. સીમા એમની પર એક કાતિલ નજર ફેંકીને નીકળી ગઇ.

****************

એસીપી મોરે....અપ્પા સાહેબના રહસ્યમય ફેંસલાનું કારણ જાણવા કેબિનમાં પાછા ફર્યા.

'મોરે, કલ પ્રેસ કો બતા દો કી બસ્તા ઔર મોતી અભિ કા ખૂન કર કે ભાગ ગયે ઔર ઉધર હી એક દૂસરે કો ખતમ કર દિયા......કેસ બંધ કરો.'

'સાહબ, સબૂત ક્યા બતાયેંગેં...' એસીપી મોરેએ કહ્યું.

'મોરે, તુ ચૌબે સે સ્ક્રિપ્ટ લિખવા કે યે સબ ખડા કર સકા તો....યે તેરે લિયે બાંયે હાથ કા ખેલ હૈ.' એસીપી મોરેને અપ્પા સાહેબની સીમા સાથેની વાતચીતનો એક છેડો મળ્યો.

'હો જાયેગા સાહબ,' એમણે કહ્યું ને અપ્પા સાહેબ ઊભા થયા.

'સાહબ, સીમા કો બચાને કા કારન બતા દિજિયે બસ'

'તુમ્હે કલ પતા ચલ જાયેગા.'

મોરેએ સેલ્યુટ મારી. અપ્પા સાહેબે એક્ઝિટ કરી.

*******************

બીજે દિવસે એસીપી મોરેએ પ્રેસ કોન્ફરન્સ બોલાવીને બસ્તા અને મોતી ખૂની હોવાની જાહેરાત કરી અને પુરાવાઓ રજૂ કર્યા. બીજી બાજુ અપ્પા સાહેબે પ્રેસ કોન્ફરન્સ બોલાવીને સીમાને વિધિવત રીતે પાર્ટીમાં સામેલ કરતી ઘોષણા કરી. અપ્પા સાહેબે સીમાને પાર્ટીમાં આવકારતું ભાષણ શરૂ કર્યું. સીમા લોકઅપમાં અપ્પા સાહેબે મૂકેલી ઓફર વિશે વિચારવા લાગી.

(ફ્લેશબેક)

'સીમા, તુઝે સિર્ફ મૈં બચા સકતા હું.....મેરી પાર્ટી જોઇન કર લો. અભિ કી જગહ ઇલેક્શન લડો. અભિ કા સારા સિમ્પથી વોટ તુઝે મિલેગા....તુમ જીતોગી...મૈં જીતુંગા. આખિર અભિ કા સબકૂછ તુમ્હે મિલે એસા તુમ ચાહતી થી...મૈં તુમ્હે ઉસસે ભી ઝ્યાદા દે રહા હું. ક્યા પસંદ કરોગી મેરી ઓફર યા ફાંસી કા ફંદા?' (ફ્લેશબેક પુરો)

******************

એસીપી મોરેએ ટેબલ પર છાપું પછાડ્યું..... 'સબ સે ઉપર રાજનીતિ હૈ..' એમને અપ્પા સાહેબનું વાક્ય યાદ આવ્યું.

રાતોરાત સીમામાંથી સીમાદેવી બની ગયેલી સીમાના સમાચારો ચમકતા રહ્યા. અપ્પા સાહેબે અભિની જગ્યાએ સીમાને લઇને આગામી ચૂંટણીમાં મત લૂંટી લેવાનો વ્યૂહ રચ્યો હતો. સીમાને ચૂંટણીમાં ટિકિટ આપવાની જાહેરાતોએ અખબારોમાં શોર મચાવ્યો. એક સમયે જ્યાં અભિના હોર્ડિંગ્સ લાગતાં ત્યાં સીમાદેવીના પોસ્ટરો લાગ્યાં. સીમા વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઘોષિત થઇ. અપ્પા સાહેબ ખુશ હતા. ચૂંટણી પ્રચાર શરૂ થયો.....ને અચાનક એસીપી મોરેએ પ્રેસ કોન્ફરન્સ બોલાવીને સીમાએ કબૂલાત કરતી કેસેટ પત્રકારોને સંભળાવી. એસીપી મોરેએ અપ્પા સાહેબની બાજી પલટી નાખી.

સીમાની ફરી સભામાંથી ધરપકડ કરીને મોરેએ એને લોકઅપમાં નાખી.. અપ્પા સાહેબને ફોન કરીને કહ્યું: 'સબસે ઉપર રાજનીતિ નહીં, પોલીસ ફોર્સ હૈ, અપ્પા સાહેબ.' એમણે ફોન કાપી નાખ્યો.

*****************


છ મહિના બાદ

એક નાનકડા કોઝી થિયેટરના પડદા પર ધી એન્ડ સ્થિર થયું ને થિયેટરમાં ધીમે ધીમે પથરાયેલા પ્રકાશમાં એસીપી મોરે, સિનિયર ઇન્સ્પેક્ટર શિંદે, પીએસઆઈ શાંતાબાઈ સાબડે, ફિલ્મ ડાયરેક્ટર અશોક ટંડન, અકબર પીઆર, શફીના, પિન્ટો, પ્રિયા, શીલા, આકાંક્ષા, સુખી ગુલાટી, મહિન્દર મોહન અને નાટ્યલેખક- દિગ્દર્શક ચૌબેજી અને કેટલાક નામાંકિત ફિલ્મવિતરકો સહિતના ચહેરા સ્પષ્ટ દેખાયા.

ચૌબેજી દોડી જઇને એસીપી મોરેને કહ્યું: 'મોરે સાબ, મૈંને તો સિર્ફ સીમા કો કાતિલ ઠહેરાને તક કી ફિક્શનલ સ્ક્રીપ્ટ લિખ કર દી થી....આપને કહાની મેં જબરજસ્ત ટ્વિસ્ટ ડાલ દિયા.'

'ચૌબેજી, સબ સે ઉપર રાજનીતિ નહીં, પોલીસ ફોર્સ હોતા હૈ. અભિનય શ્રીવાસ્તવ કી અધૂરી ફિલ્મ કા ધી એન્ડ અબ હુઆ...થેન્ક્સ ટુ અશોક ટંડન.' (સમાપ્ત)■

આગામી રવિવારથી પત્રકાર-નવલકથાકાર
અનિલ રાવલની નવી રોમાંચક નવલકથા




થીજી ગયેલી પળમાં ફફડતા
જીવની રોમાંચક કથા

ફોકસ
શૈલેન્દ્ર સિંહ
feedback@bombaysamachar.com

# વૃક્ષોને પણ જોઈએ છે ખુલ્લું વાતાવરણ...



બીમાર વૃક્ષોને પર્યાવરણ ટ્રીટમેન્ટ દ્વારા તાજગી અપાય છે. આ ટ્રીટમેન્ટનું નામ 'ટ્રી ડી ચૌકિંગ' છે. ઝડપથી વધી રહેલા શહેરીકરણને કારણે માત્ર નાગપુર શહેરની જ વાત નથી, પરંતુ દેશના મુખ્ય રસ્તાઓ અને નાની નાની ગલીઓમાં આવેલાં વૃક્ષોની આજુબાજુ સિમેન્ટ અને કોંક્રીટ નાખી રસ્તાની સપાટી સરખી કરવામાં આવી છે. વાસ્તવમાં વૃક્ષોની તંદુરસ્તીથી અજાણ પીડબ્લૂડી અને મહાનગર પાલિકાના કર્મચારીઓએ આ વૃક્ષોને ચારેબાજુથી સિમેન્ટ અને લોખંડની જાળીથી બાંધી દીધાં છે જેથી કરી રસ્તાઓ સાફ અને ચોખ્ખા લાગે. પરંતુ તેમને બિલકુલ સમજાતું નથી કે વૃક્ષોને શ્વાસ લેવાની પ્રક્રિયામાં બાધા નાખી તે કઈ રીતે નુકશાન પહોંચાડી રહ્યા છે. હાલમાં જ નાગપુર શહેરમાં આ રીતે બાંધી દેવામાં આવેલાં વૃક્ષો સુકાઈને મુરઝાઈ ગયાં જાણે કોઈએ તેમની હરિયાળી ન છીનવી લીધી હોય.

જ્યારે નાગપુરના મહાનગર પાલિકાના ગાર્ડન વિભાગને આ જોખમનો ખ્યાલ આવ્યો ત્યારે જે વૃક્ષોને સીમેન્ટ અને કોંક્રીટ લગાડવામાં આવ્યા હતા તેને ખોલવાનું અભિયાન ચાલુ કર્યું છે, કે જે 'ટ્રી ડી ચૌકિંગ'ના નામે જાણીતું છે. એક મહિનાની અંદર શહેરનાં લગભગ ૫૫૦ વૃક્ષોની ટ્રી ડી ચૌકિંગ દ્વારા તેમને ફરીથી શ્વાસ લેવા માટે લાયક બનાવાયાં છે. આ કરવાથી જ સુકાયેલાં અને મુરઝાયેલા વૃક્ષોમાં પાછી રોનક આવી છે. મોટેભાગની મહાનગર પાલિકાએ હવે એ યોજના બનાવવાનો પ્રયત્ન કર્યો છે કે માણસોની જેમ જ વૃક્ષોને તરોતાજાં રાખવા માટે ખૂલીને શ્વાસ લેવાનું વાતાવરણ આપવું જોઈએ.

વાસ્તવમાં આ ખૂબ જ જરૂરી વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. માણસોની જેમ જ વૃક્ષોને પણ શ્વાસ લેવાની જરૂર પડતી હોય છે, કારણકે વૃક્ષો પણ ગેસનું આદાનપ્રદાન કરે છે તેથી તેમને પણ ખુલ્લું અને સ્વસ્થ વાતાવરણ જોઈતું હોય છે. વૃક્ષોના પાંદડાઓમાં નાનાં છિદ્રો હોય છે તેને સ્ટોમેટા કહેવાય છે. આ છિદ્રો દ્વારા વૃક્ષો કાર્બનડાયોક્સાઈડ અંદર લે છે અને ઓક્સિજન બહાર કાઢે છે. આ પ્રક્રિયામાં તે સૂર્યના પ્રકાશની હાજરીમાં પોતાનું ભોજન એટલે ફોટોસિંથેસિસ બનાવે છે. જો વૃક્ષ ઘણા વિકાસવાળી, પ્રદૂષિત કે દમઘોટૂ જગ્યા પર હોય તો તેમને હવામાંથી કાર્બનડાયોકસાઈડ લેવામાં અને ઓક્સીજન આપવામાં બાધા આવે છે. જે જગ્યામાં વૃક્ષોને જરૂરત પ્રમાણે સૂર્ય પ્રકાશ નથી મળતો ત્યાં ફોટોસિંથેસિસની પ્રક્રિયા પૂરી નથી કરી શકતા તેથી તે કમજોર અને બેરોનક લાગે છે. તેવી જ રીતે વૃક્ષોના મૂળની માટી, પાણી અને પોષક તત્ત્વોની સાથે હવાનો પ્રવાહ જોઈતો હોય છે. જો આ પોષક તત્ત્વ ન મળે તો વૃક્ષ મુરજાઈ જાય છે.

કુલ મળીને સમજવાની વાત એ છે કે, વૃક્ષોને હર્યાભર્યા અને તાજાં રાખવા માટે તેને નિયમિત રીતે તાજી હવા જોઈએ, ભરપૂર સૂર્ય પ્રકાશ જોઈએ, સારી માટી અને નિયમિતપણે પાણી જોઈએ તેમજ પાંદડાં, ડાળીઓ વગેરેમાં કીટાણું અને બીજા પરજીવીઓથી મુક્તિ જોઈએ છે. આ ત્યારે જ સંભવ છે જ્યારે વૃક્ષોને ખુલ્લું અને પ્રાકૃતિક વાતાવરણ મળે. જો આપણે આપણી સુવિધા માટે વૃક્ષોની જડોને સપાટ બનાવવા માટે જો તેને સિમેન્ટથી બાંધી દેશું તો વૃક્ષોને માત્ર શ્વાસ લેવામાં જ નહીં પરંતુ -

- તેમની વૃદ્ધિ અટકી જાય છે.
- પાંદડાં પીળાં પડી જાય છે.
- અલગ અલગ રોગોથી ઘેરાઈ જાય છે.
- પોતાની ઉંમર પહેલા જ સુકાઈને પડી જાય છે.

તેથી જ વૃક્ષોની આવી હાલાત ન થાય તેની માટે તેમને તાજી હવા, પ્રકાશ, ખુલ્લું વાતાવરણ અને તેમના મૂળમાં કોંક્રીટ અને સિમન્ટથી પૂર્ણ રૂપે મુક્તિ મળવી જોઈએ તે વાતનું ધ્યાન રાખવું જોઈએ. ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# તમે શરમાતા નથી પણ આ ચૂડીઓ શરમાય છે...

જૂની રંગભૂમિના નાટકો જનતાને અનહદ પ્રિય હોવાના અનેક કારણો હતા. એનાથી એમનું મનોરંજન થતું અને ક્યારેક મુશ્કેલીમાં માર્ગદર્શન આપતા પાઠ પણ શીખવા મળતા એ પ્રમુખ કારણો તો ખરા જ. સાથે સાથે નાટકનું કથાવસ્તુ ઉપરાંત એના ગીત, એના સંવાદનું રસિકોને આકર્ષણ થતું. જૂની રંગભૂમિના નાટકોમાં એક બેતબાજી નામનો પ્રકાર જોવા મળતો. શ્રી દેશી નાટક સમાજ સાથે જોડાયેલી હતી એ દિવસો દરમિયાન એક અનુભવી કલાકારે મને એના વિશે સમજાવ્યું હતું. બેત ફારસી શબ્દ છે જેનો અર્થ બે કડીની નાની કવિતા એવો થાય છે. બેતબાજી એટલે એવી ટૂંકી કવિતાઓ કરવી કે ગાવી. આ સમજણ આપી એ મુરબ્બી કલાકારે નાટકમાં ‘બેતબાજી’ના એક ઐતિહાસિક નાટકના ઉદાહરણની વાત કરી હતી, જે ‘મુંબઈ સમાચાર’ના કલા રસિક વાચકો માટે રજૂ કરું છું.

‘સમ્રાટ હર્ષ’ નામના ઐતિહાસિક નાટકમાં હર્ષનું પાત્ર માસ્ટર શનિએ ભજવ્યું હતું. માસ્ટર શનિ બેતબાજીમાં લલકારતા કે **દેખાવ બદલ્યે દુર્જનોના દાવ બદલાતા નથી, સમય બદલે છતાં સ્વભાવ બદલાતા નથી.** સામે ગૌડ રાજવી શશાંક દેવના પાત્રમાં લાજવાબ નટ મોહનલાલ જવાબ આપતાઃ **વાર્જિત્રના ઉસ્તાદના કંઈ તાલ બદલાતા નથી, સિંહ કેરી મૂછના કંઈ બાલ બદલાતા નથી. સર્પ છૂટ્યા પછી એના ખ્યાલ બદલાતા નથી, અમે બદલાશું અમારા હાલ બદલાતા નથી.** નાટકમાં કલ્યાણીના પાત્રમાં માસ્ટર પ્રહલાદ પતિ પર ફિટકાર વરસાવી કહેતાઃ **પત્ની તણો છે ન્યાય, સામે પતિનો અન્યાય છે, સ્ત્રીને મળે સન્માન ત્યાં નિંદા પતિની થાય છે. તમારી અપકીર્તિમાં ઈજ્જત અમારી જાય છે, તમે શરમાતા નથી પણ આ ચૂડીઓ શરમાય છે.** આ બેતબાજી પૂરી થાય અને આખું થિયેટર તાળીઓના ગડગડાટથી ગૂંજી ઉઠતું. દર્શકો ‘વન્સમોર’નો આગ્રહ પણ રાખતા. જોકે, જૂનાગઢના નાટ્યકાર નૃસિંહ વિભાકર બેતબાજીને કૃત્રિમ માનતા હોવાથી તેમના નાટકોમાં જીવંત સંવાદોને પ્રાધાન્ય જોવા મળતું હતું.



## અને મગનલાલ ‘માસ્ટર શનિ’ બની ગયા

મૂળ નામ પ્રાણસુખ હરિચંદ, પણ એમની અદાકારીની સરખામણી કેટલાક લોકોએ મૂક ચિત્રપટોના ઓસ્ટ્રિયન - અમેરિકન એક્ટર એડી પોલો સાથે કરી હોવાથી પ્રાણસુખ હરિચંદમાંથી હરિચંદની બાદબાકી થઈ ગઈ અને પ્રાણસુખ એડીપોલો તરીકે ઓળખ પામ્યા.‘ઉમા-દેવડી’માં ‘ગાંડિયા’ની ભૂમિકા ભજવી **‘સનેડો સનેડો શું કરે ને નદીએ નાવા જાય, નાતાં ને ધોતાં ન આવડે રે એ તો ગારામાં ગોથાં ખાય’** ગાઈને લોકપ્રિય બન્યા હતા. ખલનાયકની ભૂમિકામાં તેઓ ખીલી ઉઠતા. ‘સરસ્વતીચંદ્ર’ની એમની શઠરાયની ભૂમિકાની ખૂબ પ્રશંસા થઈ હતી. ખલનાયકની ભૂમિકા ભજવી અભિનેતા માસ્ટર શનિએ પણ લોકપ્રિયતા મેળવી હતી. બુલંદ અવાજ માટે જાણીતા આ અભિનેતાનું મૂળ નામ હતું મગનલાલ. ‘દેશી નાટક’માં હતા એ સમયે કંપની વડોદરા નાટક ભજવવા આવી હતી ત્યારે ત્યાં એક સરકસ આવેલું. એ સરકસના ઉપરી ગોરાની મુલાકાત વખતે તેમણે મગનલાલને ‘હેલો સની’ કહીને બિરદાવ્યા ત્યારથી અભિનેતા ‘મગનલાલ’ મટી ‘શનિ’ બની ગયા હતા. શનિ માસ્ટર પછી ‘આર્ય નૈતિક નાટક સમાજ’માં હતા અને ત્યારે મા. પ્રહલાદે પણ એક મશહૂર અભિનેતા તરીકે ખ્યાતિ મેળવી હતી. નાની ઉંમરમાં ગુજરી ગયેલા આ કલાકારે ‘સમ્રાટ હર્ષ’ નાટકમાં ‘કલ્યાણી’ની ભૂમિકામાં એવા પ્રાણ પૂરી દીધા કે તેમના અભિનય પર લોકો ઓવારી ગયા હતા અને તેમનું નામ જ ‘પ્રહલાદ કલ્યાણી’ પડી ગયું હતું. જૂની રંગભૂમિના કલાકારોના નામનો ઈતિહાસ અત્યંત રોચક છે.

અમેરિકા પહોંચતાની સાથે જ ‘કબૂતર’ ઉડી ગયાની ઘટનાએ આંચકો આપ્યો અને સાથે સાથે રમૂજ પણ થઈ. મારું મન ચકરાવે ચડી ગયું કે વિદેશની ઘેલછામાં માણસો નીતિમત્તાને નેવે મૂકી કેવા કેવા જોખમ ખેડવા તૈયાર થતા હોય છે. બેકસ્ટેજમાં કામ કરવાના બહાને યુએસમાં ગેરકાયદે ઘુસવા આવેલો પેલો ‘કબૂતર’ જો પોલીસના હાથમાં ઝડપાઈ ગયો હોત તો એની કેવી બૂરી વલે થઈ હોત એની કલ્પના કરવી અઘરી નથી. જોકે, એ બધા વિચારોને પૂળો મૂકી મેં સમગ્ર ધ્યાન પ્રવાસમાં કરવાના નાટકો પર કેન્દ્રિત કર્યું.

યુએસમાં અમારો પહેલો શો ન્યૂ જર્સીમાં હતો. અમેરિકાના કોઈ પણ રાજ્ય કરતા ન્યૂ જર્સીમાં સૌથી વધુ ભારતીય લોકોનો વસવાટ હું ગઈ ત્યારે હતો. એમાંય અહીં ગુજરાતીઓ પણ ખાસ્સી સંખ્યામાં જોવા મળે. નાટકની ટૂર પણ અહીંથી એટલે જ શરૂ કરવામાં આવતી હશે એવું મેં ધારી લીધું. અમને મોટેલમાં ઉતારો આપ્યો હતો. ભારતથી જે પટેલો યુએસ ગયા એમાંના ઘણા લોકોએ ત્યાં મોટેલ બાંધી એના બિઝનેસમાં સારી કમાણી કરી છે. મોટેલમાં અમે નાટકના રિહર્સલ પણ કર્યા. ખાસ તો છેલ્લી ઘડીએ આવેલા એક્ટર મહેશ ઉદેશીના ડાયલોગ તો વિમાન મુસાફરી દરમિયાન તૈયાર કરાવી દીધા હતા, પણ સ્ટેજ પરની મુવમેન્ટથી એને વાકેફ કરવાનો હતો. અનુભવી કલાકાર હતો એટલે બધું તરત સમજી ગયો.

શુક્રવારનો પહેલો શો સરસ ગયો અને એ પતાવી અમે મોટેલ પર પાછા ફર્યા. પછી શનિ - રવિ પણ શો હતા. શનિવારે અમારો શો એલ.એ. (લોસ એન્જલસ)માં હતો. હવે જો બાય રોડ બસમાં જઈએ તો બહુ લાંબું પડે. ચાલીસેક કલાક થઈ જાય. યુએસમાં ટ્રેનની મુસાફરી તો અત્યંત મર્યાદિત. પ્લેનમાં ફક્ત આઠ કલાક લાગે. એ સમયે અમેરિકામાં એક વિશિષ્ટ પ્રકારના પાસની સિસ્ટમ હતી જે લઈ ગમે એટલા અંતરની મુસાફરી કરવાની સગવડ હતી. સ્પોન્સરર તરફથી અમને બધાને એ પાસ આપવામાં આવ્યા હતા. પરિણામે બસની લાંબી અને કંટાળાજનક મુસાફરી કરવાનો વખત ન આવ્યો.

જોકે, સાંભળવામાં મીઠી ઘંટડી જેવી સગવડ ‘અમારે જાહોજલાલી હતી’ એવું માનવાની ભૂલ નહીં કરી બેસતા. વિમાનમાં બેસવા માટે પહેલા નોકરી ધંધા માટે જનારા મુસાફરોને પ્રાધાન્ય આપવામાં આવતું. હવે જો વિમાન એ મુસાફરોથી ભરાઈ જાય તો વિશિષ્ટ પાસ ધારકોએ બીજા વિમાનમાં જવું પડે. ક્યારેક એવું પણ બને કે અમે ૧૪ નંબરના ગેટ પર વિમાન પકડવા ઊભા હોઈએ અને એ વિમાનમાં જગ્યા ન મળે એટલે તમારે ૩૦ નંબરના ગેટ પરથી વિમાન પકડવાનું છે એમ અમનેકહેવામાં આવે. ૧૪ નંબરથી ૩૦ નંબર સુધી ચાલતા ચાલતા જવું પડે. ટૂંકમાં કહેવા માટે આ વિશિષ્ટ પાસ હતો, પણ એરપોર્ટ પર રીતસરની હડિયાપાટી કરવી પડતી હતી. જોકે, અમારી કોઈ ફરિયાદ નહોતી, કારણ કે મુસાફરીના સમયમાં ઘણો બચાવ થતો હતો. હા, ક્યારેક પ્લેન પકડવા બહુ રાહ જોવી પડે અને બહુ ચાલવું પડે ત્યારે થાક બહુ લાગતો હતો.

અમે રહેતા હતા ત્યાં એક મોટો હોલ હતો જેમાં બધા પુરુષ કલાકારો રહેતા અને સ્ત્રી કલાકારોને અલગ રૂમ ફાળવવામાં આવ્યા હતા. સવારે કિચનમાં ચા જાતે બનાવીને પી લેવાની. બપોરે સ્પોન્સરરનાં વાઈફ જમવાનું લઈને આવે એ જમી લેવાનું. ત્રણ દિવસ નાટકના શો થાય પછી પાંચ દિવસ ઘરમાં જ ગોંધાઈ રહેવાનું. બહાર નીકળવા પર કોઈ પ્રતિબંધ નહોતો, પણ એ વિસ્તાર ગામડા જેવો હતો અને વસ્તી પણ બહુ નહોતી. હરવા ફરવાના કોઈ આકર્ષણ પણ નહોતા. એટલે અમે બધા ક્યારેક પત્તા રમીએ, ક્યારેક અંતાક્ષરી જામે તો વળી કોઈ દિવસ ગામ ગપાટા થાય અને મૂડ આવે તો નાનકડી પાર્ટી પણ થઈ જાય. આ બધું વિગતે કહેવાનું તાત્પર્ય એટલું જ કે નાટકની વિદેશ ટૂર સાંભળવામાં ભલે ગ્લેમરસ લાગતી હોય, અસલી હકીકત ઘણી વાર વરવી હોય છે.

અમેરિકામાં બે મહિનામાં ૨૪ શો કર્યા. પણ નાટકના શો સિવાયના પાંચ દિવસ કોઈ જ પ્રવૃત્તિ ન હોવાથી ક્યારેક બહુ કંટાળો આવતો. પ્રાયોજક એક વાર અમને કસીનોમાં લઈ ગયા અને મને આફ્રિકા યાદ આવી ગયું. અમેરિકામાં સ્લોટ મશીનમાં મેં નસીબ અજમાવ્યું. લાભ થયો પણ આફ્રિકા જેવો નહીં. એકાદ દિવસ શોપિંગમાં ગયા. નાટકો કર્યા પણ અમારાં નાટકોની, ખાસ કરીને ‘વડીલોના વાંકે’ જેવા નાટકની ભાષા અમેરિકામાં વસતા ગુજરાતીઓને બહુ સમજાતી નહોતી એવું જાણવા મળ્યું. એકંદરે અમેરિકાની બે મહિનાની ટૂર યાદગાર અનુભવ તો નહોતો જ. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# વાંક કોનો... ‘પ્રાદા’નો કે આપણો?

ગયા અઠવાડિયે એક વૈશ્વિક બ્રાન્ડ ચર્ચામાં રહી, જેના કારણે એની ઇમેજ પર પણ ઘણી અસર થઇ. વાત ‘પ્રાદા’ (ઘણા એનો ઉચ્ચાર ‘પ્રાડા’ પણ કરે છે )

બ્રાન્ડની થઇ રહી છે, જેણે મહારાષ્ટ્રનો જાણીતો ચપ્પલનો પ્રકાર કોલ્હાપુરી પોતાના એક મોટા ફેશન શોમાં વાપર્યો. વાપર્યો તે વાત ઠીક છે, પણ એને બનાવનારાને કે દેશને પણ કોઈ પ્રકારની ક્રેડિટ ના આપી. ઉપરાંત તેની કિંમત આશરે એકાદ લાખની રાખી. ઘણો મોટો ઉહાપોહ થયો અને અંતે ‘પ્રાદા’એ સ્વીકાર્યું કે એ એની ભૂલ છે અને તેણે ફેશન શોમાં રજૂ કરેલા ચપ્પલ કોલ્હાપુરી ચપ્પલની ડિઝાઇનથી પ્રેરિત છે.

આવી કબૂલાત પછી અચાનક બધા જાગી ગયા કે કઈ રીતે આ લોકો આપણી કારીગરીના હક્ક છીનવી લે? ‘પ્રાદા’ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી થવી જોઈએ, વગેરે, વગેરે... સારી વાત છે- આવું થવું જોઈએ, પણ પ્રશ્ન તે છે કે અત્યાર સુધી આપણે ક્યાં હતા? પ્રશ્ન ફક્ત એક કોલ્હાપુરીનો નથી, આપણા દેશમાં ગામેગામ આવી કારીગરી વિવિધ ક્ષેત્રોમાં જોવા મળશે.

આ ઉપરાંત આપણી પાસે ભવ્ય સાંસ્કૃતિક વારસો છે- વિચારો છે- ઘણા બધા વ્યવસાયો પણ છે.

આપણો દેશ ‘જુગાડુ’ તરીકે ઓળખાય છે. આ નકારાત્મક વાત નથી, આને સકારાત્મકતાથી જુવો તો આપણી પાસે હરેક તાળાની ચાવી છે- દરેક સમસ્યાના સરળ ઉપાય છે. આ બધી વાતોનું અંતે શું? એ સારી વાતોનું પોટલું વાળી અભરાઈએ ચડાવી દો અને પછી વિચારો આમ કેમ બને છે?

આનું એકમેવ કારણ છે આપણે ક્યારેય આપણા કૂવામાંથી બહાર નથી આવ્યા. આપણે ક્યારેય આ બધી વાતોને દુનિયા સમક્ષ નથી મૂકી. આપણે ક્યારેય આ વાતોનો, ખાસ કરીને વ્યવસાય લક્ષી ઉત્પાદનોને વૈશ્વિક સ્તરની બ્રાન્ડ બનાવવા વિશે કે તેને પ્રમોટ કરવા માટે ક્યારેય નથી વિચાર્યું.

આપણી આજની સરકારનો અને ખાસ કરીને વડા પ્રધાન મંત્રીજીનો આભાર માનવાનો કે એ આપણા પ્રાચીન યોગને અને મિલેટને વૈશ્વિક સ્તર પર લઇ ગયા. મહત્ત્વ લઇ



ગયા તેનું તો છે જ, પણ એ બંને યોગ અને મિલેટ પર આપણો સિક્કો માર્યો કે’ આ અમારું છે ... ’ જેથી આવતી કાલે આના પર અન્ય કોઈ પોતાનો હક્ક અર્થાત કલેઇમ નહિં કરી શકે, કારણ આપણે તેને પોતાની વિરાસત બનાવી દીધી.

બ્રાન્ડની ભાષામાં જે પહેલા કહે છે-પહેલ કરે છે તે વાત કે વિચાર એની સાથે જોડાઈ જાય છે.

આપણો આટલી જંગી વસતિવાળા દેશની કઈ કઈ બ્રાન્ડ વૈશ્વિક સ્તરે જાણીતી છે? આવે છે તમારા ધ્યાનમાં? આની સામે, ૪ કરોડ જેટલી વસતિ ધરાવતો દેશ સ્પેઇન અને ત્યાંની ફેશન બ્રાન્ડ ‘ઝારા’ આજે હરેક યુવાનના મોઢે છે. એ હક્કથી પ્રીમિયમ ચાર્જ કરે છે અને લોકો હોંશે હોંશે પૈસા ચૂકવી ખરીદે પણ છે. આવા તો એક નહીં, ૨૧ ઉદાહરણ આપી શકાય. આવી ઘણી નાના દેશોની બ્રાન્ડ્સ આજે વૈશ્વિક સ્તરે રાજ કરે છે.



‘પ્રાદા’નો અનુભવ તે બધા માટે છે જે પોતાના દેશમાં પણ બ્રાન્ડ બનાવવા નથી માગતા અને જેમ ચાલે છે તેમાં ખુશ છે. એવા ઘણા વ્યવસાય છે, જેણે પોતે વસ્તુ બનાવી છે, પણ કોઈએ અને તેના પર અધિકાર જમાવી દીધો છે, કારણ કે એમણે ખુદે પોતાની વસ્તુને ક્યારેય બ્રાન્ડ બનાવવા તરફ ધ્યાન આપ્યું નથી. એને ફકત ફક્ત એક કમાવાના સાધન તરીકે જોયું છે, જયારે આ દિશામાં પશ્ચિમી દેશોએ ઘણું કામ કર્યું છે અને આથી એ બ્રાન્ડ બનાવવાની શરૂઆત પહેલે દિવસથી કરે છે. ફક્ત બ્રાન્ડ બનાવતા નથી, પણ તેને વૈશ્વિક સ્તરે લઇ જાય છે, જેથી પોતાનો હક્ક તેના પર સ્થાપિત કરી શકે.

ભારતમાં હસ્તકલાને ક્યારેય વ્યવસાયની દૃષ્ટિએ નથી જોવાયું તે સંસ્કૃતિ હતી, એક પારિવારિક વારસો છે. આ કારણે તેને ક્યારે પણ સ્કેલેબલ બિઝનેસ મૉડેલ તરીકે ધ્યાનમાં લેવામાં ન આવ્યું. પશ્ચિમી અર્થમાં એનું ક્યારેય માર્કેટિંગ ન થયું... હળદરવાળુ દૂધ ૧૦માં વેચાય, કોલ્હાપુરી સેન્ડલ, જે એક સમયે પ્રાદેશિક ઓળખનાં નમ્ર પ્રતીકો હતાં, હવે આંતરરાષ્ટ્રીય સ્તરે કોઈ બીજાની સફળતાની વાર્તા બની ગયા. આનું કારણ આપણે તેને વ્યૂહરચના સાથે પ્રમોટ કરવામાં નિષ્ફળ ગયા છીએ.

જો આપણે વૈશ્વિક સ્તરે આપણી કલાને, વારસાને, વ્યવસાયને અને વિચારોને લઇ જવા હશે તો આપણે બ્રાન્ડ સ્ટોરીટેલિંગમાં રોકાણ કરવું પડશે. આની સાથે સાથે રાષ્ટ્રીય ડિઝાઇન આર્કાઇવ્સનું નિર્માણ કરી, ગ્લોબલ રજિસ્ટ્રેશન દ્વારા માલિકી મેળવવી પડશે, જેથી તેનો કોઈ દુરુપયોગ ના કરે.

આ બધા વચ્ચે સૌથી મહત્ત્વનું, એ છે કે આપણે કોઈ વસ્તુનું માત્ર નિર્માણ કરવામાં નથી માનતા, પણ એ આપણી માલિકીની છે એ વાત પણ સ્થાપિત કરવી પડશે....

જ્ઞાન અને કારીગરીમાં ભારતનું યોગદાન ઘણું મોટું છે. આપણે અનેક શોધ કરી છે. આપણે જગતને ઘણું આપ્યું છે, પરંતુ આપણે ભાગ્યે જ બ્રાન્ડેડ થયા છીએ .... બસ, આ વાત જ્યારે થશે ત્યારે કોઈ પણ દેશ કે નામી બ્રાન્ડ આપણા પગરખામાં પગ નાખતા પહેલા લાખ વાર વિચારશે. ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ગુજરાતી-મરાઠી-તમિલ-બંગાળી... ભાષાને શું વળગે ભૂર?

**આંદામાન** નિકોબાર ટાપુસમૂહના સેન્ટિનેલીઝ આદિવાસીઓ સાથે સંપર્ક સાધવાની મનાઈ ફરમાવવામાં આવી છે. દુનિયા પાસે તે ટાપુ ઉપર વસતા આદિવાસીઓ વિષે ખાસ કોઈ માહિતી નથી. ત્યાં બહુ પાંખી વસતિ છે. એ લોકોની પણ કોઈ ભાષા હશે ને?

દુનિયાભરનાં જંગલોમાં જુદી જુદી જાતના આદિવાસીઓ રહે છે. દરેકની અલગ અલગ ભાષા છે. દુનિયાના ઘણા દેશોમાં એવા પ્રાંત પણ છે, જે પ્રાંતમાં કોઈ ચોક્કસ ભાષા બોલનારા બહુ ઓછા લોકો બચ્યા હોય શકે... સમય જતા ત્યાં બોલાતી ભાષા લુપ્ત થઇ જશે. ઘણી ભાષાઓ તો કયારની કાયમ માટે ભૂંસાઈ ગઈ છે.

જે ભાષા બોલતા લોકો ઓછા એમ એ ભાષા પાસે શબ્દો ઓછા ભાષાશાસ્ત્રનો એવો નિયમ છે. ભાષાશાસ્ત્ર એટલે કે લિંગ્વિસ્ટિક્સનો બીજો એક નિયમ એ પણ છે જેમ ભાષા વધુ જૂની એમ તેનું શબ્દભંડોળ વધુ હોવાની શક્યતા પ્રબળ, પણ જો કોઈ ભાષા કોઈ એક પ્રદેશ પૂરતી સીમિત રહી જાય તો એ ભાષાની વૃદ્ધિ અને વિકાસ અટકી જાય. આ ત્રણેય નિયમોને સાથે રાખીને ઉદાહરણ પૂરતું કોઈ ટાપુ પરની ભાષાનો અભ્યાસ કરીએ તો સમજાય કે તે વિસ્તારની ભાષામાં શબ્દો ઓછા છે અને તેમની ભાષા સમૃદ્ધ થઇ નથી. તેની સામે છેલ્લી બે સદીમાં સૌથી વધુ વિસ્તારમાં ફેલાયેલી ઈંગ્લિશ ભાષા જુઓ તો તે સતત સમૃદ્ધ થતી રહે છે- તેમાં નવા નવા શબ્દો ઉમેરાતા રહે છે.




ઈંગ્લિશ ભાષા ગ્રીક, લેટિન અને ફ્રેંચ કરતાં પ્રમાણમાં ઘણી નવી ભાષા કહેવાય તો પણ એની શબ્દસંખ્યા ઈંગ્લિશની મધર લેંગ્વેજિસ કરતાં વધી ગઈ છે. સંસ્કૃત પાસે જેટલા શબ્દો છે એટલા શબ્દો ભાગ્યે જ બીજી કોઈ ભાષા પાસે હશે, પણ સંસ્કૃતમાં છેલ્લા એકસો વર્ષમાં નવા શબ્દો કેટલા ઉમેરાયા? ફરીથી ભાષાશાસ્ત્રના આપણે ચર્ચેલા ત્રણ નિયમો યાદ કરો.

ભાષા વાતચીતનું માધ્યમ છે એ બધા જાણે છે, પણ એ સમજવાની જરૂર છે કે એ માધ્યમ માત્ર છે. ‘મારે બાથરૂમ જવું છે’ આ ચાર શબ્દોનું વાક્ય બોલવું કે ફક્ત પોતાની ટચલી આંગળી દેખાડીને ચાલતી પકડવી- બંનેનું અંતિમ પરિણામ એક જ આવે. ભાષાની જરૂર એટલા માટે પડે છે કે માણસની અંદર અભિવ્યક્તિની ઘણી બધી સરવાણીઓ ફૂટી છે, ઉત્ક્રાંતિના ચાકડે. વિકસિત દિમાગ ધરાવતા હોમો સેપીયન્સને જિંદગીમાં પ્રજનન અને આરોગવા સિવાય બીજું પણ ઘણું કરવું છે માટે એને ભાષાની જરૂર પડવાની. જે તે પ્રદેશમાં તબક્કાવાર બહુ ધીમી પ્રક્રિયાના પરિણામ સ્વરૂપ કોઈ ભાષા આકાર લેતી હશે. દરેક ભાષા તેના પ્રારંભિક તબક્કામાં તો ન સમજાય એવા એકસરખા લાગતા ધ્વનિનો સમૂહ જ હોય. ગળામાંથી નીકળતા જુદા જુદા અવાજ શબ્દરૂપે વિકસિત થયા અને ભાષા ઘડાતી ગઈ. ભાષા ઘડવામાં પૂર્વજોની અનેક પેઢીઓનો ફાળો છે, કોઈ એકલદોકલનો નહિ. ભાષાની જરૂર માણસને પડી માટે ભાષાની શોધ થઇ અગર તો કરવામાં આવી.

અહીં રજૂ કરેલા મુદ્દાઓમાં બીજી થોડી હકીકત ઉમેરીએ તો થોડી બોટમલાઈન મળે. (૧) ભાષા આદાનપ્રદાનનું માધ્યમ માત્ર છે. (૨) ભાષાના ઘડતરમાં અત્યારે હયાત એવી કોઈ પણ વ્યક્તિનો ફાળો નથી. (૩) દુનિયાના કોઈ પણ લોકશાહી દેશમાં એવો કાયદો નથી કે ત્યાં વસતા માણસને કોઈ એક ભાષા તો આવડવી જ જોઈએ. (૪) ભાષા શીખવી શોખ હોઈ શકે.

બીજી ભાષા શીખવી પોતાની કારકિર્દીનો એક ભાગ હોઈ શકે, પણ બીજી કે ત્રીજી ભાષા શીખવાની ફરજ ક્યારેય પાડી ન શકાય. (આજકાલ મહારાષ્ટ્રમાં હિન્દીને ત્રીજી ભાષા તરીકે શીખવવાને લઈને રાજકીય પક્ષો વચ્ચે ઢીશુમ ..ઢિશુમ ચાલી રહ્યું છે!)

કોઈ ભાષા ન આવડવી એ કોઈ પણ રીતે ગુનો ગણાય નહિં. સાથે સાથે ક્રૂર સત્ય એ પણ છે કે કોઈને એની માતૃભાષા આવડે છે તો એમાં કોઈ મોટું (કે નાનું પણ) અચિવમેન્ટ-સિદ્ધિ નથી, કારણ કે તે માતૃભાષા છે, ગળથૂથીમાં મળેલી ભાષા છે અને નાનપણથી એ જ ભાષાના શબ્દો વાક્યો કાને પડે છે માટે આ લખનારને કે કોઈને પણ ગુજરાતી ભાષા આવડે છે એનું અભિમાન ન હોવું જોઈએ, કારણ કે એના માટે ખાસ મહેનત કે વિશેષ પ્રયત્નો કરવા નથી પડ્યા.

ભારતની વાત કરીએ તો ભારતના નાગરિકને બંધારણ સમાન હક્કો આપે છે. ભારત દેશની કોઈ રાષ્ટ્ર ભાષા નથી. જગતની સૌથી પ્રાચીન ભાષાઓમાં તમિળનો ય સમાવેશ થાય છે, પણ સાઉથ ઇન્ડિયાના રાજ્યોની જીદ છે કે હિન્દી તો દાખલ નહિં જ થાય. જયારે ભારતમાં સૌથી વધુ બોલાતી અને શીખવામાં ઘણી સરળ એવી હિન્દી છે. હિન્દી પછી બંગાળી ભાષા સૌથી વધુ બોલાય છે, પણ એક જ દેશના નાગરિકોને સરેરાશ એક ભાષા કોમન આવડતી હોય તો વ્યવહારમાં એ બહુ સરળ પડે. જીદ્દી લોકોને આ સમજવું નથી.

રહી વાત ગુજરાતની તો ગુજરાતીઓ ભાષાને લઈને દરિયાદિલ માણસો છે. એક પણ ગુજરાતી એવો નહિં મળે જે બિનગુજરાતી સાથે ગુજરાતી ન આવડતી હોવાના કારણે ગેરવર્તન કરે. ઊલટાનું ગુજરાતી લોકો બિનગુજરાતીને વધુ માન આપે. બીજી ભાષા બોલવા માટે પ્રયત્ન પણ કરે. કોઈ બિનગુજરાતી ગુજરાતનું મહેમાન બને તો પણ ગુજરાતીઓ એની ભાષામાં વાત કરવાનો પ્રયત્ન કરશે અને જો મહેમાને ગુજરાતી ભાષાના ભાંગ્યા તૂટ્યા બે શબ્દો પણ બોલી નાખ્યા તો ગુજરાતી હરખાઇને એને ખભે બેસાડી દેશે.

મહારાષ્ટ્રથી પાટીલ સાહેબ ગુજરાતના સત્તાપક્ષના પ્રમુખ બને અને એક પણ ગુજરાતીને એના મૂળ ગુજરાતી નથી કે એમની માતૃભાષા ગુજરાતી નથી તે મુદ્દા પર બિલકુલ વાંધો ન હોય. ભાષાને લઈને કોઈને હેરાન કરે એ વૃત્તિ ગુજરાતીઓમાં આવી નથી. એ જે રીતે, ગુજરાતી પ્રજા ખોટા મિથ્યાભિમાનમાં રાચતા નથી માટે જ યહુદીઓ ઉપરાંતની એકમાત્ર વેપારી પ્રજા બનીને વિશ્વસ્તરે ડંકો વગાડી રહી છે. ■

મોર્નિંગ મ્યૂઝિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સીઝફાયરઃ

## બંદૂકો વચ્ચે આગ ઓલવવાની એક હજાર વર્ષ જૂની ઈસાઈ ધારણા...



A TRUCE—NOT A COMPROMISE, BUT A CHANCE FOR HIGH-TONED GENTLEMEN TO RETIRE GRACEFULLY FROM THEIR VERY CIVIL DECLARATIONS OF WAR




આપણે ત્યાં આજકાલ લોકોના મોઢે એક શબ્દ ચઢી ગયો છેઃ સીઝફાયર (સીસ-ફાયર ) થોડા સમય પહેલાં આપણા 'ઑપરેશન સિંદૂર' પછી ભારત-પાકિસ્તાન વચ્ચે જે ચાર દિવસ માટે સૈનિક ટકરાવ થયો ત્યારે આ શબ્દ ચર્ચામાં આવ્યો હતો અને હવે ઈરાન-ઇઝરાયલના બાર દિવસના યુદ્ધ પછી સીઝફાયરની જાહેરાત થઇ છે. બંને સીઝફાયરમાં અમેરિકાની વિવાદાસ્પદ ભૂમિકાના કારણે તે વિશેષ ચર્ચામાં છે.

ભારત-પાકિસ્તાનના ચાર દિવસના ટકરાર પછી ડોનલ્ડ ટ્રમ્પે પોતાની મેળે જ એવી જાહેરાત કરી હતી કે એમણે આ બે પરમાણુ પાડોશીઓ વચ્ચે સીઝફાયર કરાવ્યો છે. એવું એમણે એક નહીં, વીસ વાર કહ્યું હતું. ભારતે જો કે એવો ખુલાસો કર્યો હતો કે પાકિસ્તાન તરફથી સીઝફાયરનો પ્રસ્તાવ આવ્યો હતો.

ઈરાન-ઇઝરાયલના કિસ્સામાં પણ ટ્રમ્પે જ સીઝફાયરની ઘોષણા કરી હતી. ઈરાનની પરમાણુ યોજનાને રોકવા માટે ઈઝરાયલે હુમલા કર્યા હતા, જેના જવાબમાં ઈરાને મિસાઈલો અને ડ્રોનથી આક્રમણ કર્યું હતું. ઈરાનના તેવર જોતાં, અમેરિકાએ ઇઝરાયલની મદદ માટે ઈરાનના પરમાણુ ઠેકાણાં પર હુમલા કર્યા તો તેના જવાબમાં ઈરાને કતારમાં અમેરિકાના એરબેઝ પર હુમલો કર્યો હતો. તે હુમલાના થોડા જ કલાકોમાં ટ્રમ્પે ઈરાન - ઈઝરાયલ વચ્ચે સંઘર્ષ વિરામની જાહેરાત કરી હતી.

હવે એવું લાગે છે કે ટ્રમ્પ આ વખતનો શાંતિ માટેનું નોબેલ પુરસ્કાર લઇ જશે. વિડંબના કેવી છે કે પાકિસ્તાને જ એમને નોબેલ આપવાની ભલામણ કરી છે.... ટ્રમ્પ પણ સામેથી નોબેલ માગી રહ્યા છે! એક સોશિયલ મીડિયા પોસ્ટમાં એમણે પોતાની 'પીડા' વ્યક્ત કરતાં લખ્યું છે, 'મેં કાંગો અને રવાંડા વચ્ચે સમજૂતી કરાવી, ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ રોક્યું, સર્બિયા અને કોસોવોની વચ્ચે શાંતિ સ્થાપી, મિસ્ત્ર અને ઇથોપિયાની વચ્ચે ટકરાવ અટકાવ્યો અને મિડલ ઇસ્ટમાં સમજૂતી કરી. તેમ છતાં, મને શાંતિ પુરસ્કાર નહીં મળે.'

જોકે, અહીં આપણો વિષય નોબેલ નહીં, પણ સીઝફાયર છે. આ શબ્દ નવો નથી. રાષ્ટ્ર સુરક્ષા સાથે સંકળાયેલા લોકોમાં અને મીડિયામાં આ શબ્દ ઘણો પ્રચલિત છે, પરંતુ ટ્રમ્પે વીસ વખત એકનો એક દાવો દોહરાવે રાખ્યો કે 'મેં ભારત-પાક વચ્ચે સીઝફાયર કરાવ્યો છે' એટલે સામાન્ય લોકોમાં પણ એ મજાકનું પાત્ર બન્યા અને લોકો આ શબ્દ પર જોક્સ કરવા લાગ્યા.

મૂળ વાત પર આવીએ તો સીઝફાયર એટલે 'આગ ઓલવવી.' બે દેશ તેમના મતભેદો અને વિવાદોના પગલે સશસ્ત્ર સંઘર્ષ કરે તેને 'ઓપન ફાયર' કહે અને જ્યારે તેમનો હેતુ સિદ્ધ થઇ જાય અને શસ્ત્રો મ્યાન કરી દે તેને સીઝફાયર કહે. આ શબ્દ અથવા તેની ધારણા યુરોપમાંથી આવે છે. ગુજરાતી ભાષામાં તેને શસ્ત્ર-વિરામ કહે છે.

સીઝફાયર ત્યારે અમલમાં આવે જ્યારે સંઘર્ષ વખતે નુકસાન વધી જાય અને દુશ્મનો માટે જાનમાલને બચાવવાની પ્રાથમિકતા આવી જાય. બીજું, સીઝફાયરની સંભાવના ત્યારે વધી જાય જ્યારે દુશ્મનોને એકબીજા વિશે પૂરતી જાણકારી હોય અને સમજૂતી કરવા તૈયાર થાય. એક અંદાજ પ્રમાણે, ૧૯૮૯થી ૨૦૨૦ દરમિયાન ૬૬ રાષ્ટ્ર વચ્ચે કુલ ૧૦૯ સિવિલિયન સંઘર્ષોમાં ૨૨૦૨ સીઝફાયર થયા હતા. કાશ્મીરમાં ભારત-પાક સીમા પર છેક ૧૯૪૯થી અવારનવાર સીઝફાયર અને સીઝફાયરનું ઉલ્લંઘન થતું રહ્યું છે.

તમને એ જાણીને આશ્ચર્ય થશે કે સીઝફાયરની ધારણા ક્રિશ્ચિયન ધર્મ સાથે સંબંધિત છે. 'ઓક્સફર્ડ ઈંગ્લીશ ડિક્ષનરી' કહે છે કે સીઝફાયર શબ્દનો સૌથી પહેલો સાર્વજનિક ઉપયોગ ૧૮૪૪માં એડિનબરો-સ્કોટલેન્ડના એક સમાચારપત્ર 'કાલેડોનિયન મર્ક્યુરી'માં થયો હતો. તે પત્રની ૯મી ડિસેમ્બરની આવૃત્તિમાં એક મિલિટરી અધિકારીનું બયાન છપાયું હતું; 'મારા માણસો અશ્વદળને હાનિ પહોંચાડશે તેવા ભયથી મેં 'અટકવાનો' અને 'સીઝફાયર'નો આદેશ આપ્યો હતો.

'સીઝફાયર'ની ધારણા એથીય આગળ જાય છે. યુરોપિયન મધ્યયુગમાં તેના માટે Peace and Truce of God શબ્દ હતો અર્થાત ઈશ્વરની શાંતિ અને સંધિ. યુરોપ તો અત્યારે સૌથી શાંત અને સમૃદ્ધ છે, પરંતુ મધ્ય યુગમાં આ જગ્યા સૌથી ખૂંખાર અને લોહિયાળ હતી.

તે સમયે યુરોપમાં મૂળ જર્મનીના ફ્રેન્ક જાતિના લોકોનું કેરોલિન્જિયન સામ્રાજ્ય હતું. ૯મી સદીના મધ્યમાં આંતરિક વિખવાદોના પગલે આ સામ્રાજ્યનું પતન થયું હતું અને તેના પગલે પશ્ચિમ યુરોપમાં હિંસા ફેલાઈ ગઈ હતી. તેને રોકવા માટે કેથોલિક ચર્ચે લોકો પર આધ્યાત્મિક પ્રતિબંધોની બીક બતાવાનું શરૂ કર્યું હતું. ધીમે ધીમે લોકોનો આ આધ્યાત્મિક ચળવળમાં વિશ્વાસ વધતો ગયો હતો અને ઘણા આગેવાનોએ એવો તર્ક લોકપ્રિય બનાવ્યો હતો કે દુષ્કાળ, હિંસા અને સામાજિક અવ્યવસ્થાનો ઉકેલ ઈશ્વરની ઈચ્છાને તાબે થવાથી જ આવશે.

૯૮૯માં ફ્રાન્સના ક્રિશ્ચિયન મઠ 'ચારોક્સ એબી'માં યુરોપિયન કેથોલિક વડાઓની એક બેઠક મળી હતી. તેને 'પીસ ઓફ ગોડ' ચળવળની પહેલી બેઠક ગણવામાં આવે છે. આ બેઠકમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું વારંવાર ફાટી નીકળતી હિંસા અને યુદ્ધમાં પાદરીઓ, ખેડૂતો અને કામદારો જેવા સામાન્ય લોકોનો અને એમની સંપત્તિનો ભોગ લેવાય છે અને તેને બચાવવા માટે સક્રિય પ્રયાસ કરવા જોઈએ. આ સહમતીના પગલે આગામી વર્ષોમાં Peace and Truce of God councilsની રચના થઇ હતી.

તે પછી ૧૦૨૭માં 'પીસ ઓફ ગોડ'ની જાહેરાત કરવામાં આવી હતી. તેમાં વર્ષમાં ક્યા સમયે કેટલા દિવસો માટે યુદ્ધ કરવામાં આવશે તે નક્કી કરવામાં આવ્યું હતું, જેથી ધંધો-વેપાર કરવાવાળા અને સામાન્ય લોકો આગોતરું આયોજન કરી શકે. છેક ૧૩ સદી સુધી પીસ ઓફ ગોડની આ ચળવળ ચાલુ રહી હતી.

ટૂંકમાં, ચર્ચે હિંસાને 'સત્તાવાર' માન્યતા આપીને' લડવા' માટેનું એક-એક ટાઈમટેબલ બનાવી આપ્યું! આ ધારણાનું મૂળ પણ રોમન સામ્રાજ્યના ૨૦૦ વર્ષના સુવર્ણયુગ પરથી આવ્યું છે. તેને 'પાક્સ રોમના' (રોમન શાંતિ) કહે છે. આ સમય દરમિયાન અપાર શાંતિ અને સમૃદ્ધિ હતી. તે વખતે પોપ જેલેસિયસ અને મહારાજા અનાસ્તાસિયસ વચ્ચે એવી સમજૂતી થઇ હતી કે રાજાઓ એમના નિર્ણયો કરે તે પહેલાં ધાર્મિક વડાઓનાં સલાહ-સૂચન મેળવે. તે પછી એડોમનન નામના એક ધાર્મિક નેતાએ ફરમાન જારી કરીને રાજ્યો દ્વારા ચર્ચની જમીન પર બાળકો, પાદરીઓ, વિદ્યાર્થીઓ અને કિસાનોને મારવા પર પ્રતિબંધ મુક્યો હતો.

બીજા શબ્દોમાં કહો તો સત્તા જાળવી રાખવા માટે હિંસા કરવી અનિવાર્ય હતી એટલે ચર્ચે હિંસા ક્યારે કરવી અને કોની પર ન કરવી તેની એક વ્યવસ્થા બનાવી હતી. ચર્ચનું પતન થયું અને લોકતંત્રનો જન્મ થયો તે પછી આધુનિક સૈન્યોએ શાંતિ અને હિંસા વચ્ચેનું આ સંતુલન જાળવી રાખ્યું હતું અને તેમાંથી જ સીઝફાયરની આધુનિક ધારણાનો જન્મ થયો હતો.

'ધ હેન્રી સેશન્સ' નામની એક ઈરોટિક નવલકથામાં એક પાત્ર કહે છે, 'પણ તને ખબર છે? શાંતિ કાલ્પનિક છે. પૃથ્વી પર ક્યારેય શાંતિ નહીં હોય. હા, સીઝફાયર અને સંધિઓ હશે, પણ આપણને અસલી શાંતિનો અનુભવ ક્યારેય નહીં થાય. દુનિયાની આ નગ્ન સચ્ચાઈ છે.!' ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# વીમા પોલિસીમાં કયા કયા લાભ કવર થયા છે એ તમને ખબર હોય છે ખરી?




આપણા દેશમાં કોઈ ફાઈનાન્સિયલ પ્રોડકટ કહો કે યોજના કહો તેનું મિસ-સેલિંગ થતું હોય તો તેમાં વીમા પોલિસી (ઈન્સ્યુરન્સ પોલિસી) અગ્રક્રમે આવે. મોટાભાગના એજન્ટો-મધ્યસ્થીઓ મિસ-સેલિંગમાં માસ્ટર હોય છે. એ બધા એટલી કુશળતાથી પોલિસી વેચતા (પધરાવતા વાંચો!) હોય છે કે જાણે પોલિસી લેનાર પર બહુ મોટો ઉપકાર કરતા હોય !

અલબત્ત,આમાં અપવાદરૂપ સારા ને સાચા એજન્ટ પણ હોય છે, તેથી જ કોઈપણ વીમા પોલિસી લેતી વખતે પોલિસી એજન્ટની પસંદગી પણ બહુ જ મહત્ત્વ ધરાવે છે.

અહીં કરૂણતા એ છે કે આપણા સમાજમાં વીમા પોલિસીને લઈને એટલી બધી અજ્ઞાનતા કે અજાગૃતિ પ્રવર્તી રહી છે કે તેના લાભ કરતાં નુકશાનમાં રહેનારની સંખ્યા વધી જાય.

હજી આ વિષયમાં જાગૃતતા વધી રહી છે, છતાં અજ્ઞાનતાનું પ્રમાણ ઘણું ઊંચું છે ખાસ કરીને નાના-મધ્યમ શહેરોમાં અને ગામોમાં. એમાંય વીમા કંપનીઓ વચ્ચે આ ક્ષેત્રે સ્પર્ધા વધી રહી છે એટલે સહેજ છે કે અહીં ગેરરીતિ પણ વધી રહી છે.

ખાસ કરીને આરોગ્ય વીમા (હેલ્થ ઈન્સ્યુરન્સ-મેડિકલેમ પોલિસી) મામલે બહુ બધાં ગરબડ-ગોટાળા કે ગોરખધંધા ચાલી રહયા છે. ગ્રાહકો પોતે જ જાગ્રત નહીં બને તો કોઈ એમની રક્ષા નહીં કરે.

### સહી કરતાં પહેલાં વાંચો-સમજો...

વડીલો કાયમ કહેતાં હોય છે કે કોઈ પણ દસ્તાવેજ પર સહી કરતાં પહેલાં લખેલું વાંચવું...વાંચ્યા વગર સહી ન કરાય. જોકે આજના આ યુગમાં લોકોને પૂરુ વાંચ્યા વગર સહીઓ કરી દેવાની આદત પડી ગઇ છે. એમાં પણ એજન્ટો, વકીલો, દલાલો, બેન્ક કર્મચારીઓ ઇત્યાદિ સૌ કોઇ ગ્રાહક પૂછે તો પણ પૂરતી સમજ આપવા ટાઇમ નથીનું બહાનું કાઢીને કલાયન્ટને પૂરી વાત સમજાવ્યા વગર જ સહીઓ લઇને ધંધો વધારવાના ટાર્ગેટ પૂરા કરવા પ્રયત્નશીલ હોય છે. આ પરિસ્થિતિમાં 'આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય' એ ઉક્તિ યાદ કરીને જે કોઇ વીમાની પોલિસી હોય કે અન્ય કરાર હોય એની પૂરેપૂરી શરતો વાંચીને પછી જ સહીસિક્કા કરવા જોઇએ. એટલું જ નહીં એ વિશે કુટુંબના સભ્યોને પણ પૂરેપૂરી સમજાવવા જોઇએ, જેથી ખરેખરી ઘટના બને ત્યારે એ મળનારા લાભથી વંચિત ન રહી જવાય.

### કવરેજની જ ખબર નથી હોતી....

આવા દોડતા-ઉડતા સમયમાં એક સર્વેક્ષણમાં રસપ્રદ તારણ નીકળ્યું છે કે મોટાભાગના લોકો પાસે જાતજાતની વીમા પોલિસીઓ હોય છે, પરંતુ એમાં ઉલ્લેખ કરવામાં આવેલી ઘટના વખતે ગ્રાહકને કઈ અને કેટલી મદદ મળશે તે અંગે એ ખુદ સાવ અજાણ હોય છે.

આ સર્વેના તારણ મુજબ લગભગ ૮૦ ટકા ભારતીયોને ખબર નથી હોતી કે એમની વીમા પોલિસીમાં શું-શું કવર થયું છે, પરિણામે ખરા સમયે જાણકારીના અભાવે લાભ ન મળવાનું જોખમ રહે છે.

આ સર્વેક્ષણ કહે છે કે ૭૧ ટકા ભારતીયો પાસે બે થી પાંચ સક્રિય વીમા પોલિસી હોય છે, પરંતુ ફક્ત ૩૫ ટકા લોકોને જ તેની વિગતોની સંપૂર્ણપણે સમજ છે કે તેમાં શું-શું કવર થાય છે. સૌથી વધુ પોલિસીઓ લોકો લે છે એ જીવન વીમા (૬૩ ટકા), ત્યારબાદ આરોગ્ય વીમો (૨૪ ટકા) અને મોટર ઈન્સ્યુરન્સ (૧૩ ટકા) છે, પરંતુ સર્વેમાં જવાબ આપનારા આવા ૬૫ ટકા પોલિસીધારકોએ જણાવ્યું હતું કે એમને પોલિસીના લાભ, એમાં કઇ બાબતો કે રોગો કવર થયા નથી અથવા દાવાની પ્રક્રિયાઓ જેવી વિગતોનું બહુ ઓછું જ્ઞાન હતું, પરિવાર પણ તો સાવ જ અજાણ હતાં. ( ૬૦ % )

આવી જાગૃતિના અભાવને લીધે ઘણાં ક્લેમ્સ જ થતાં નથી. ઘણી વાર પોલિસી લેપ્સ થઇ જાય છે, પરિણામે વીમાનો હેતુ જ નિષ્ફળ રહે છે. દસ્તાવેજોની યોગ્ય જાળવણી અને તેનો વહીવટ ન થાય તો સમસ્યા વધે છે.

વીમા અંગે આવી સમસ્યા ઊભી થાય ત્યારે ૩૬ ટકા જેટલા ધારક વીમા અધિકારીઓ પાસેથી સલાહ લેવાનું પસંદ કરે છે અને ૨૬ ટકા ડિજિટલ મદદ લેવા તૈયાર હોય છે. નોંધપાત્ર મુદ્દો તો એ છે કે ૩૮ ટકા માને છે કે એમને વીમાની બાબતમાં કોઈ સહાયની જરૂર નથી, જે ખરા અર્થમાં ચિંતાજનક કહેવાય.

### હવે જરૂર છે વીમા સાક્ષરતાની....

કહે છે કે માત્ર ઈન્સ્યુરન્સ પેનિટ્રેશન પર ધ્યાન કેન્દ્રિત કરવું પૂરતું નથી. સાચું નાણાકીય રક્ષણ ત્યારે જ મળે જ્યારે પોલિસીધારકો અને એમના પરિવારો પોતાના વીમાને બરાબર સમજે.

તાજેતરમાં જ રાષ્ટ્રીય વીમા જાગૃતિ દિવસને અનુલક્ષીને બહાર પાડવામાં આવેલા આ સર્વેમાં મહાનગરો અને ટીયર- ૨ અને ૩ શહેરોમાં હજારો વ્યક્તિઓને સવાલો પુછાયા હતાં. વીમા રક્ષણ બહુ સરસ માર્ગ કે યોજના છે, પરંતુ તેનોલાભ ખરો ત્યારે જ મળે જયારે ગ્રાહકો પોતે જાગૃત અને સ્માર્ટ બને. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# યુવતીના આંચકાજનક પ્રયોગે અનેકને સાવ ઉઘાડા પાડ્યા...






Marina Abramovic.

હા, મરીના અબ્રામોવિક એક યુગોસ્લાવિયન કલાકાર છે. કલાકાર હોવા સાથે તેમણે ઊંડાણપૂર્વક મનોવિજ્ઞાન, ફિલોસોફી અને સંપૂર્ણ જીવન વિશે ખૂબ મનન કર્યું, વિચાર કર્યો. આ બધાના ફળસ્વરૂપે તેમણે એક પ્રયોગ કરવાનું વિચાર્યું. સર્બિયાના બેલગ્રેડમાં ૧૯૪૬ની ૩૦મી નવેમ્બરે જન્મેલાં મરીનાનું બાળપણ જરાય સુખદ નહોતું. એક તો મા-બાપમાં અણબનાવ અને પાછાં માનો મરીના સાથે અત્યાચારભર્યો વર્તાવ. આ બધાએ તેમનાં બાળ-મન પર ભારે અને ભૂંડી અસર કરી. માંડમાંડ બાળપણ વિતાવીને ફાઈન આર્ટસનું શિક્ષણ લીધું. સ્ટેજ પર પર્ફોર્મન્સ કરવા માંડ્યા. આના ભાગરૂપે ક્યારેક તેમને કલાકો સુધી પ્રેક્ષકો સામે ચૂપચાપ પૂતળાની જેમ ઊભાં રહેવું પડતું હતું.

આ અનુભવના પ્રતાપે તેમનાં મનમાં એક અકલ્પ્ય વિચાર સ્ફૂર્યો. હકીકતમાં એ પર્ફોર્મન્સ એક પ્રયોગ, ખૂબ અઘૂરો પ્રયોગ હતો. આ પ્રયોગે તેમને વિશ્વભરમાં જાણીતા બનાવી દીધા પણ આ માટે કેવું- કેટલું સહન કરવું પડ્યું એ જાણીને ય કમકમા આવી જાય તો મરીના પર શી વીતી હશે? આ પ્રયોગે માનવીની અંદરના સાચા માનવીને ઉઘાડા પાડી દીધા અને તેની શારીરિક, માનસિક નબળાઈ-ગંદકીને પણ ઉજાગર કરી આપી હતી.

મરીના અબ્રામોવિકે આ આંચકાજનક પ્રયોગ માટે પસંદગી ઉતારી ઈટલીના શહેર પર. તેમણે આ પ્રયોગને નામ આપ્યું 'રિધમ ઓ' (Rhythm O). મરીના છ કલાક પૂતળું બનીને ઊભાં રહી ગયાં. તેમણે બાજુમાં એક બોર્ડ પર લખ્યું: આગામી છ કલાકમાં આપ મારી સાથે જે ઈચ્છો એ કરી શકો છો. આ માટે આપનો કોઈ વાંક કે ગુનો ગણાય નહીં. આ સાથે તેમણે સામે એક ટેબલ પર ૭૨ (હા, છ ડઝન) ચીજ રાખી હતી. આમાં ફૂલ, સાબુ, રૂમાલ, વાળમાં નાખવાની ક્લિપ, બ્લેડ, ચાકુ, ચેન, હથોડો, કાતર, કોરડો અને પિસ્તોલ જેવી વસ્તુઓ હતી. જેનો કોઈ ઈચ્છે તો ઉપયોગ કરી શકે એવી મંજૂરી અપાઈ હતી.

'રિધમ ઓ'ના પર્ફોર્મન્સનો સમય હતો રાતે આઠથી બે વાગ્યાનો. કલ્પના કરો કે કોઈ યુવતી ઊભી છે, એની સાથે જે કરવું હોય એ કરવાની છૂટ છે, એ પ્રતિકાર કરવાની નથી, બૂમાબૂમ-ફરિયાદ પણ નહીં કરે. તમારા પર દોષારોપણ પણ નહીં થાય કે કોઈ સજા ન થવાની આગોતરી બાહેંધરી હોય. આવા સંજોગોમાં માનવી કેવું વર્તન કરે? મગજ પર ભાર મૂકો અને વિચારી રાખો પછી આગળ જાણો કે મરીના સાથે શું-શું થયું હતું.

શરૂઆતમાં કોઈકે એમને ઊંધા ફેરવી દીધાં. કોઈકે એના હાથને હવામાં ઉછાળ્યાં. તો કોઈકે શરીરના અયોગ્ય સ્થળે સ્પર્શ કરવાની ચેષ્ટાં કરી, પરંતુ મરીના કોઈ પ્રત્યાઘાત ન આપે. લોકોની હિમ્મત વધવા માંડી. કોઈકે એનાં વસ્ત્રો બ્લેડથી કાપી નાખ્યા. ચોથા કલાકમાં અમુક લોકો એનાં શરીર પર બ્લેડ ફેરવવા માંડ્યા, પછી નાના-મોટા જાતીય છમકલાં-કુચેષ્ટાં થવા માંડી, પરંતુ મરીના એકદમ ચૂપ રહ્યાં. કોઈ પ્રતિભાવ ન આપ્યાં.

છ કલાક વિત્યા એટલે કદાચ ઊભાં રહીરહીને થાકેલાં મરીના લોકોની વચ્ચે ચાલવા માંડ્યા, પરંતુ કોઈ એમની સાથે આંખ મિલાવવા તૈયાર નહોતું. ભલે સંપૂર્ણ છૂટ અને અભયવચન હોવા છતાં ઘણાંને મનોમન થતું હતું કે પોતે ખોટું કર્યું, ભૂલ કરી નાખી.

મરીનાએ પોતાના શરીરને સમાજ સમક્ષ એક નિર્જીવ સાધન તરીકે રજૂ કર્યું, જે અંદરોઅંદર બધું અનુભવતું હતું.

હકીકતમાં એમની નેમ સામાજિક મર્યાદા અને સ્વતંત્ર ઇચ્છાશક્તિની પરીક્ષા લેવાની હતી. આમાં સમય વીતવા સાથે પ્રેક્ષકો અસાધારણ વર્તન કરવા માંડ્યા અને હિંસક બનવા લાગ્યા હતા. એકે એની ડોક પર કાપો કર્યો, તો બીજાએ લિપસ્ટિકથી એના મસ્તક પર લખ્યું 'અંત'. આની પરાકાષ્ઠા તો એ હતી કે એક વ્યક્તિએ તો પિસ્તોલ લોડ કરીને મરીનાને ઈશારો કર્યોઃ મરવા તૈયાર થઈ જાઓ.

અલબત્ત, બધા દર્શકો ખરાબ નહોતાં. અમુક એમને નુકસાન પહોંચાડવા ઉતાવળા હતા, તો બાકીના એને બચાવવા તત્પર હતાં. આ પ્રયોગ હાથ ધરવા અગાઉ મરીના સુપેરે જાણતાં હતાં કે આમાં ખૂબ જોખમ છે.

આ પ્રયોગથી સાબિત થયું કે માનવ મનનું સ્તર કેટલું નીચું, નિંદનીય, છે. સંપૂર્ણ છૂટ મળે તો સામાજિક સ્તર બધી સીમા તોડી નાખે છે. આમાં માનવજીવનમાં સ્વતંત્રતા, જવાબદારી, અધિકાર અને સન્માનની આવશ્યકતા-અનિવાર્યતા પ્રતિબિંબિત થાય છે. આપણે પોતાની અંગત દબાવી રાખેલી ઈચ્છા અને પસંદગી પર કેટલી હદ સુધી અંકુશ રાખી શકીએ?


જો બેફામ છૂટ હોય, નિંદાનો ડર ન હોય અને સજાની ફિકર ન હોય તો માનવી (મોટાભાગના રાખીએ?) પશુથીય બદતર બની જાય છે. આમાં તો લાગે કે અંકુશ, કાયદા, સજા અને મુખવટા ભલે ગમે તેના હોય એ ખૂબ જરૂરી છે. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ગઝલના સ્વયં પ્રકાશિત સિતારા હરકિસન જોશી

કંઈ કેટલાય સર્જકો એક ખૂણામાં બેસીને સર્જનકાર્ય કરતા રહે છે. એમને નથી કોઈ ઈચ્છા ચંદ્રકો, એવોર્ડ કે ખિતાબ મેળવવાની નથી કોઈ ઝંખના પોતાની વાક્છટાથી ચોમેર તાળીઓ પડાવવાની. આવા ઘરદીવડાઓ પોતાના તેજથી પ્રકાશિત રહીને સર્જનની જ્યોતને જલતી રાખે છે. આવા સ્વયંપ્રકાશિત દીવડાઓ કોઈની દીપમાળાના દેદીપ્યમાન તેજથી અંજાઈ નથી જતા. ગઝલના વિશાળ ક્ષેત્રમાં અનન્ય પ્રદાન દેનારા આવા પરમ પામવાની અઠંગ ધૂણી ધખાવીને સર્જન કરતા રહે છે. આવા તેજસ્વી ઘરદીવડામાં હરકિસન જોશીનું નામ અને કામ અનોખું સ્થાન ધરાવે છે.


હરકિસન જોશી

હરકિસન જોશીએ આપણને 'ધુમ્મસથી આકાશ ભરી બેઠો છું' કાવ્યસંગ્રહ ૧૯૬૭માં આપ્યો અને પછી ૧૯૭૬ થી ૨૦૧૩ સુધીમાં ચાર ગઝલ સંગ્રહ અનુક્રમે મીણના સહવાસમાં, તારા નગરમાં, એની કૃપા છે ગઝલ અને દરવેશ તારા દ્વાર આપ્યા છે. કિસન દોહાવલી પુષ્પ ૧-૨ એ હિન્દી દોહરાના પુસ્તકો છે ચિંતનાત્મક નિબંધ 'કોર્ટ ફી ટિકિટના પેટ પરની સુકાઈ ગયેલી ચિકાશ' એમના વકીલના વ્યવસાય દરમિયાન નાના માણસોને વેઠવી પડતી અગવડોની વાત કરે છે. એમણે જામનગરમાં રહીને ઋણ ચુકવણી સ્વરૂપે 'નગર નવાનગર જામનગર' શહેરનો ઈતિહાસ આપ્યો છે. સાડા ત્રણસો પાનાનાં આ ઈતિહાસમાં સાડા ચારસો વર્ષના સમયના લેખાં-જોખાંની રસપ્રદ વાત છે. આપણી પવિત્ર નદી નર્મદાનો પરિચય 'અહો નર્મદા નીર ગંભીર ગાજે' નામે પ્રકાશિત થયો છે અને 'હાલો મારા હરિજનની હાટડીએ'માં પ્રતિનિધિ ભજનોનું સંપાદન છે. 'અંતર્યાત્રા' (૧ થી ૧૭ પત્રિકા અને દરેકમાં આધ્યાત્મિક વિષય પર નિબંધ છે.)

ગઝલમાં પ્રેમની વાત તો હોવાની અને પ્રેમને પગલે આવતો વિરહ અને બન્નેના પગલે આવતી પ્રતીક્ષા મહત્ત્વના વિષયો છે. તગઝૂઝલ એ ગઝલનો રંગ છે અને રંગના આ રંગીલા પટોળામાં ઈશ્કે-હકીકી એટલે સૂરી રંગ ભળે ત્યારે ગઝલ તેની ચરમસીમાએથી વાત કરે છે. હરકિસન જોશીમાં ઈશ્કે-મિજાજી છે પણ ઈશ્કે-હકીકીનો સૂદી રંગ વધારે ઘટ્ટ બન્યો છે. દરવેશ તારા દ્વારમાં ગઝલકારની પરમભણીની આરત વધારે સ્પષ્ટ અને ઊંડાણ માપતી જણાય છે.

એમના પ્રથમ સંગ્રહ 'મીણના સહવાસમાં શાયર પરંપરાના પોતને નિભાવીને પરંપરાગત થયા વગર પોતાના કલામને વિશિષ્ટ અંદાજથી પેશ કરે છે. પ્રેમ-વિરહ-ઝંખના વગેરેને આવરી લેતા એમના શરૂઆતના શેરો માણવા જેવા છે. આ કવિ હંમેશાં ડંખને, વ્યંગને અને ક્યારેક નિખાલસતાને ભૂલતા નથી. થોડાક શેરો માણીએઃ

પહેલો મિલનનો સ્પર્શ ને બીજો જુદાઈનો
*સ્પર્શે ઉઘડશે પુષ્પ ને સ્પર્શે ખરી જશે*

માણસ ફૂલને જેવો સ્પર્શે છે, તોડે છે ત્યારે એમ માની લે છે કે તેણે ફૂલને પામી લીધું છે પણ ફૂલ તો હાથમાં આવતાં જ કરમાઈ જાય છે. એક સ્પર્શથી કળીમાંથી ફૂલ થાય છે અને બીજા સ્પર્શે ફૂલ કરમાઈ જાય છે. વિરહમાં સ્મરણની વાત તો આવેજ જોઈએ થોડાક શેરઃ

આ તિરાડો ન જો ફેંકવા દે કિરણ!
તો પછી માંજીએ કેમ તારાં સ્મરણ!
કફનનો થયો સ્પર્શ કે સાંભરી ગઈ!
*તમારા રમાડેલા પાલવની વાતો!*
***
હું પછી ઊડું નહીં આકાશમાં
*તું મને લઈ લે જો બાહુપાશમાં*
***
એમને ભાખી લીધા છે એટલે,
*શબ્દ સંતાઈ ગયા છે શ્વાસમાં*

જીવનમાં સુખ, દુઃખ, સંવેદના અને સંબંધો પર કંઈક કહ્યા વગર કવિ કેવી રીતે રહી શકે. આ કવિએ પણ મનુષ્ય સંવેદના અને નાજુક સંબંધોની સાથે છેડછાડ જરૂર કરી છે.

આપણે જે ઘરમાં રહીએ છીએ તે મકાન છે, આવાસ છે, આશરો છે. ઘર એ ધરતીનો છેડો છે કે એક ધર્મશાળા છે નક્કી કરવામાં આખો જન્મારો વહી જાય છે. દરેકને ઈચ્છા હોય છે કે જે મકાનમાં એ રહે છે તે ઘર બની જાય ગુલામ રબ્બાની 'તાબાં' નામના ઉર્દૂના મશહૂર શાયર ઘર માટે સદાય યાદ રહી જાય એવા બે શેર આપે છે. પહેલા આપણે તેને માણીએ અને પછી આપણા શાયરના ઘર વિશેના શેરોની વાત કરીએ. જુઓ 'તાબાં'ના શેરઃ

મેરે ખુદા મુઝે ઈતના તો મોતબર કર દે
*જિસ મકાન મેં રહતા હૂં ઉસે ઘર કર દે*
***
સંગ-ઓ-ખિશ્ત કો તાબાં બામ-ઓ-દર નહીં કહતે
*રબ્ત-એ-ગમ ન હો જિસસે, ઉસકો ઘર નહીં કહતે*

સંગ એટલે પથ્થર અને ખિશ્ત એટલે ઇંટ. બામ-ઓ-દર એટલે છજા અને દરવાજાવાળુ સરસ મકાન બને ત્યારે તેને ઘર ન કહી શકાય, એ મકાન છે. ઘરમાં રહેવાવાળાં જો દુઃખના, દર્દના અને વ્યથાના સંબંધે બંધાયેલા હોય તો તેને ઘર કહી શકાય.

ઘરને વળગેલ પથ્થર ઉખડતા નથી
ખેસવું છું કમાડોય ખડતાં નથી
એ પ્રસંગોને શોધ્યા કરું છું સતત
*સાચવી જે મૂક્યા છે તે જડતા નથી*

ઘરમાં રહેનારાઓ વચ્ચે તિરાડ પડે, અંતર વધતું જાય અને દૂર થવાનું નામ પણ ન લે ત્યારે વિડંબના વધતી હોય છે. દીવાલો ખસેડવી શક્ય નથી અને મનની સંકડાશ ઘટતી નથી.

રુદન જેવું સંભળાય છે બ્હારથી તો
*હવા જો હસે છે દીવાલોની પાછળ*
***
મારાથી સંકડાશ સહન થાય પણ નહીં
*અંતર દીવાલો વચ્ચે વધારાય પણ નહીં!*
***
હું ગોઠવી શકું છું પુનઃ આ મકાન પણ
*આવી રીતે કદાચ ગોઠવાય પણ નહીં!*
***
ઘર આખું હું નાખત ઘૂંટી
*પણ પથ્થરની પાટી ફૂટી!*
***

ખુદાના ઘરની અને અલ્લાહના મકાનની કે દરગાહની વાત પણ આ કવિએ કરી છેઃ

બંધ દરવાજો હતો દરગાહનો
*આદમી પાછો વળ્યો અલ્લાહનો.*

ક્યારેક મઝહબના દરવાજાઓ ઢોંગી કે બંધ જણાય છે તે અવસરે પ્રાપ્ત થતાં દુઃખની વાત છે. આ કવિએ ઘર અને જીવન સાથે સાથે રાખીને અનેક આયામી ગઝલ 'પથ્થર' રદીફ લઈને લખી છે. તેના બે શેરઃ

સાંકળ ખખડ્યે ડરતા પથ્થર!
ખોલ્યું ઘર કે ખરતા પથ્થર
શયનગૃહના સાવ ધૂંધળા
*દૃશ્યોને સંઘરતાં પથ્થર*

હરકિસન જોશીની ગઝલમાં શહેરી જીવનની વ્યથા છે. ઝૂંપડપટ્ટીને ગોદમાં લઈને બેઠેલા આલિશાન મકાનોની વાત છે. બસ અને ટ્રેનમાં કચડાતા માનવની અને ઉદ્ભવતી ગૂંગળામણની પણ વાત છે. આ બધું 'તારા નગર'માં આવ્યું છે. ગ્રંથાલયોમાં ઈશ્વરનું કાંઈ છે જ નહીં, બાકી બધું છે. શહેરમાં નજરે પડતી વિરોધાભાસી સ્થિતિઓની જુદા જ અંદાઝમાં વાત થઈ છે.

ચોપાસ ચક્ષુદાનને માટે પડાપડી
*આ શ્હેરમાં પરંતુ લ્યો અંધો જ ક્યાં હતા*
***
ગ્રંથાલયોના થોકબંધ પુસ્તકોમાં પણ
*તારા વિશેના કોઈ નિબંધ જ ક્યાં હતા?*

ક્યારેક વિરહની વ્યથા તારસ્વરે સંગોપાય છે તો ક્યારેક દરવેશના વેશમાં નીકળેલો શાયર અગમ્યની ખોજમાં અને નિજાનંદના આશ્લેષમાં નિમજ્જન કરે છે. થોડા ક શેરોથી સમાપન કરીએ.

સમય તો સતત તારી પાછળ હશે
અને એનો પડછાયો આગળ હશે
***
પાળિયા પર છાંટણા સિંદૂરનાં
ઢૂંકડી નીંદર ને સપનાં દૂરનાં
***
મારી'ને એની વચ્ચે અક્ષર ખરી ગયા
શબ્દાર્થ પામવાનું હવે શક્ય પણ નથી
***
આ પહેલાં ક્યાંક આપણે મળ્યાંતા યાદ કર
દર્પણના કાચ જેવું ઝળહળ્યાંતા યાદ કર!
***
સરોવર કંઈ તરફ તારું અને મારી તરસ ક્યાં છે?
સમય કેવળ સમય એને દિવસ, રાતો, વરસ ક્યાં છે?
***
સાકી! સ્મરણ તમારું થતાં હોશ જાય છે
બેસીને સુરાલયમાં સુરાપાન શું કરું
***
તમારું મારા ભણી જોવું એ ગઝલ તો હતી
દિવસનું રાત મહીં ખોવું એ ગઝલ તો હતી
***
સંધ્યાની વેળા કોઈ સૂરજને લેવા આવ્યું
શ્વાસોના પંખીઓનું ટોળું બન્યું બિચારું
***
કદી ક્યાંક નાનકડી ક્ષણ એક વાવો
ઊગી જાય ઘેઘૂર વડલો સમયનો
***
એથી ઝિલાતું એ નથી શબ્દોના પાત્રમાં
અક્ષરની પાર આપણું અસ્તિત્વ હોય છે.
***
મારી આંખ સામે અતીતની ધરી આરસી ને ઊભાં તમે
એની ભીની ભીની સવાર છે એક ઝાંખો ઝાંખો પ્રસંગ છે.
***
કોઈ યાદ આવે તો શું કરું
કોઈ જો વિચારે તો શું કરું?
મારાં રોમ રોમે વસંત છે
મારા અંગ વૃક્ષોના અંગ છે
***
તું ના અવાજ થઈ શક્યો પડઘોય ના થયો
તારું આ મૌન મારે હવે કોને વેંચવું?
***
તમારા તરફથી તો અઢળક મળ્યું છે
જીવનવૃક્ષ સહરાના રણમાં ફળ્યું છે.
મને વ્યર્થ શબ્દોનો સર્જક ગણો છો
લખાયું તે એની કને સાંભળ્યું છે
***
હું તમારા નામમાં ડૂબી ગયો
એક દરિયો જામમાં ડૂબી ગયો. ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# ભવિષ્યની સલામતી માટે આજે અશાંતિ શા માટે?...

થોડા દિવસો અગાઉ દિલ્હીના એક યુવાને સોશિયલ મીડિયા પર લખ્યું કે 'હું મહિને જે કમાણી કરું છું એનાથી મને સંતોષ છે. દિલ્હીમાં ૭૦ હજાર રૂપિયામાં આરામથી જીવી શકાય છે. કદાચ હું વધુ કમાઉ છું! હું ૫૦ હજાર રૂપિયા કમાઈ લઉં છું અને મારી લિવ ઇન પાર્ટનર પણ નોકરી કરે છે. અમે બંને મળીને માસિક ઘરખર્ચ સહેલાઇથી સંભાળી લઈએ છીએ. અમે દક્ષિણ દિલ્હી સ્થિત બે બેડરૂમના ફ્લેટમાં રહીએ છીએ, જેનું ભાડું ૨૪,૦૦૦ રૂપિયા છે. ભાડાના ફર્નિચર માટે દર મહિને ૫,૦૦૦ રૂપિયા ખર્ચ થાય છે. જ્યારે હાઉસકિપિંગ અને રસોઈની સામગ્રી માટે વીસ હજાર રૂપિયા ખર્ચ થાય છે. ઓટીટીના સબ્સ્ક્રિપ્શન્સ તથા ઇલેક્ટ્રિસિટી બિલ જેવા અન્ય ખર્ચ માટે અમે ૫,૦૦૦ રૂપિયા ખર્ચીએ છીએ. બહાર જમવા જવા માટે, શોપિંગ તથા અન્ય વૈકલ્પિક ખર્ચ માટે ૧૦,૦૦૦ રૂપિયા ખર્ચીએ છીએ. અમારું કોઈ હોલી-ડે બજેટ નથી, પણ અમે એવું બનાવવાનું નક્કી કર્યું છે અને ભારત તથા નજીકના કેટલાક એશિયાઇ દેશોમાં ફરવાની અમારી ઇચ્છા છે. સારી રીતે જીવવા માટે અમને દર મહિને ૭ લાખ રૂપિયાની જરૂર નથી. અમે આ બધું ૭૦,૦૦૦ રૂપિયામાં કરીએ છીએ. અને ફરીથી કહી દઉં કે અમે ભાગ્યશાળી મધ્યમવર્ગી ભારતીય છીએ અને અમે આ રીતે જીવી શકીએ છીએ. મને આશા છે કે ગુડગાંવમાં રહેતા અને દર મહિને ૭ લાખ કમાતા લોકો પણ આ વાત સમજશે.'

આ યુગલ પાસે ત્રણ પાળેલાં પ્રાણી છે, પરંતુ હાલમાં એક જ એમની સાથે રહે છે. એ બન્ને ક્યારેક આવશ્યક તબીબી ખર્ચ પણ સહન કરી લે છે. એમની પાસે કાર નથી, કોઈ લક્ઝરી ગેજેટ્સ નથી, ક્રેડિટ કાર્ડ નથી અને એમણે કોઈ લોન લીધી નથી એટલે હપ્તાઓ ચૂકવવાની ચિંતા વગર તેઓ જીવે છે.

આ યુવાનની પોસ્ટ પર કેટલાય માણસોએ પ્રતિસાદ આપ્યો, જેમાં ઘણા માણસોએ આ યુગલની સાદગીપૂર્ણ જીવનશૈલી અને સમજદારીભર્યા નાણાકીય નિર્ણયોની પ્રશંસા કરી. ઘણા લોકોએ વખાણ કરતાં પ્રતિભાવ આપ્યો કે 'તમે અમારા માટે પ્રેરણા આપનારા છો. કાશ! આવો સંતોષ અમે પણ રાખી શકતા હોત! પણ અમને ભવિષ્યની ચિંતા સતાવે છે એટલે અમે અમારું ગુજરાન ચલાવવા માટે જરૂરી હોય એટલા પૈસા ઉપરાંત વધુ પૈસા કમાવા માટે વલખાં મારી છીએ, જેથી ભવિષ્ય માટે બચત કરી શકીએ.'




જોકે એ લોકોથી વિપરીત રીતે ઘણા માણસોએ પેલા યુવાનની ઠેકડી ઉડાવતા કહ્યું કે 'ભાઈ, તું મહાન લાગે છે! વાસ્તવમાં તું મૂર્ખાઈ કરી રહ્યો છે. જેટલા પૈસાની કમાણી થાય એટલા પૈસા મહિને ખર્ચાઈ જતાં હોય તો પછી તારા ભવિષ્યનું શું? તું કાલે નિવૃત્ત થઈશ ત્યારે તારું ગુજરાન કઈ રીતે ચાલશે? કાલે ઊઠીને તને કોઈ મોટી બીમારી આવશે તો તું હોસ્પિટલનું બિલ કઈ રીતે ચૂકવીશ?'

કેટલાક માણસોએ એવી ચેતવણી પણ આપી કે 'તમે બે મેડિકલ ઈમર્જન્સી ફંડ, કોઈ પ્રકારના રોકાણ કે ભવિષ્યની આર્થિક સલામતી વિના પગારથી પગાર સુધી જીવી રહ્યા છો. કોઈ એક અણધારી ઘટના પણ તમારું જીવન ઉથલપાથલ કરી શકે છે.'

તો વળી કોઈએ કહ્યું કે 'ઈમર્જન્સી માટે બચત જરૂરી છે, પરંતુ દર મહિને એકથી દોઢ લાખ રૂપિયા બચાવવાનો પ્રયાસ કરીને પણ પોતાને મધ્યમવર્ગી ગણાવવા એ ખોટું છે.'

લોકો જે કહે તે પણ આવા માણસો સંતોષ સાથે પોતાને ગમે એવી જિંદગી જીવી જતાં હોય છે. એ ભવિષ્યની ચિંતા કર્યા વિના વર્તમાનને માણી લેતા હોય છે. બીજી બાજુ, ઘણા માણસો ભવિષ્યમાં શાંતિથી જીવવા માટે વર્તમાન વેડફી નાખતા હોય છે. એવા માણસો માટે એક જોક બરાબર ફિટ બેસે છે.

એક માણસ ઘરના વરંડામાં હીંચકે બેઠા-બેઠા મસ્તીથી ઝૂલી રહ્યો હતો. અચાનક એનો એક પૈસાવાળો મિત્ર તેને મળવા આવી ચડ્યો. બંને જૂના મિત્રો હતા અને પૈસાવાળા મિત્રને આ લહેરી લાલા જેવા મિત્રનું કંઈ કામ પડ્યું એટલે એ ઘરે આવ્યો હતો. ધનાઢ્ય મિત્રએ હીંચકે બેઠાં-બેઠાં ઝૂલી રહેલા મિત્રની સાથે કામની વાત કરી લીધી. અને પછી નીકળતી વખતે એને ટપાર્યો કે 'ભલા માણસ, આમ બેઠાંબેઠાં હીંચકા ખાય છે એના કરતાં કંઈક કામધંધો કર.'

હીંચકે બેઠેલા મિત્રે સામે પૂછ્યું, 'કામધંધો કર્યા પછી શું?'

ધનાઢ્ય મિત્રે વધુ ભારપૂર્વક કહ્યું, 'અલ્યા ભાઈ, કામધંધો કરીશ તો બે પૈસા રળીને બચત જમા કરી શકીશ.'

'પછી શું?'

'પછી પછી શું કરે છે? તું પણ મારી જેમ ધનાઢ્ય બની જઈશ અને પાંચ જણામાં પુછાવા માંડીશ.' ધનાઢ્ય મિત્રએ અકળાઈને કહ્યું .

હીંચકે બેઠેલા મિત્રે પૂછ્યું, 'પછી?'

હવે પેલો મિત્ર કંટાળ્યો હતો. એણે કહ્યું,

'પછી તું તારે નિરાંતે હીંચકે બેસીને ઝૂલતો રહેજે ને!'

હીંચકે ઝૂલતા મિત્રે ઠંડા કલેજે ધનાઢ્ય મિત્રને કહ્યું,

'તો અત્યારે હું શું કરી રહ્યો છું?! '

આ તો એક જોક છે અને અહીં એવું કહેવાનું તાત્પર્ય નથી કે માણસે કામધંધો છોડીને જલસા જ કરવા જોઈએ, પણ ભવિષ્યની જે માનસિક સલામતી કે માનસિક શાંતિ માટે આપણે વર્તમાનમાં હાયવોય કરીએ છીએ એ માનસિક અશાંતિને નોતરવા સમાન સાબિત થાય છે. ભવિષ્યની સલામતી માટે વર્તમાનમાં માનસિક અશાંતિ નોતરી ન લેવી જોઈએ. ભવિષ્યની બહુ ચિંતા કર્યા વિના વર્તમાનમાં જીવવું જોઈએ. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# શ્યામ રંગ સમીપેઃ આપણે સૌ ચામડીનાં ગણવેશમાં...

**ટાઇટલ્સઃ**

ગમે એનું બધું ગમે. (છેલવાણી)

*'યશોમતી મૈયા સે બોલે નંદલાલા,*
*રાધા ક્યું ગોરી? મૈં ક્યું કાલા?'*

આ ગીત, ખરેખર તો ગુજરાતનાં મહાન ગીતકાર-સંગીતકાર નીનુ મઝુમદારે ૧૯૪૦-૫૦ દાયકામાં લખેલું અને ધૂન પણ બનાવેલી પછી છેક ૧૯૭૭માં રાજ કપૂરે એને 'સત્યમ શિવમ સુંદરમ' ફિલ્મમાં ફરી વાપરેલું. આજે પણ રૂપરંગનો વિષય એનો એ જ રહ્યો છે.

રૂપ પણ કમાલનો વિષય છે. કેમ આપણે ત્યાં ગોરા થવાનાં ક્રીમ, ટ્રીટમેંટોની વણઝાર જોવા મળે છે? કેમ ગૌરવર્ણ પર લોકો વધારે 'ગૌર' ફરમાવે છે? હજી યે લગ્નની જાહેરાતોમાં કન્યા માટે ગોરી, સુંદર, પાતળીની વ્યાખ્યા છાપવામાં આવે છે? જેને લીધે યંગ કન્યાઓ ને નવવધૂઓ અસંભવ અપેક્ષાઓનાં ભાર નીચે દટાઇ જાય છે. કેમ? શા માટે? અરે, જે દેશમાં કૃષ્ણ જેવો કામણગારો ઇશ્વર શ્યામ હોય, કાલિ માતા પૂજાતી હોય ત્યાં 'શ્યામ રંગ'ને સેકન્ડ સિટીઝન કેમ માનવામાં છે?


પ્રતીકાત્મક તસવીર

જ્યોતિર્લતા ગિરીજા નામનાં તામિલ લેખિકાએ સત્યઘટના પરથી એક સુંદર વાર્તા લખેલી, જેમાં એક દિવસ પિતા રામભદ્રએ, પત્ની અને દીકરી વિમલાને કહ્યું કે ફોટા પરથી દક્ષિણ આફ્રિકાના એક વિદ્વાન છોકરાને આપણી વિમલા ગમે છે ને બે મહિનામાં છોકરો ભારત આવશે ત્યારે ફટાફટ લગન થઈ જશે- એવું છોકરાના પિતાએ પત્રમાં લખ્યું છે.

છોકરી વિમલા તો ખુશ થઇને શરમાઇ ગઇ પણ ત્યાં તો એને અચાનક યાદ આવ્યું કે ૧૦ જ દિવસ અગાઉ એણે એક તમિળ મેગેઝિનમાં જલદ લેખ વાંચેલો કે- દક્ષિણ આફ્રિકામાં મુઠ્ઠીભર અંગ્રેજ શાસકો ત્યાનાં લોકલ કાળા લોકોને અછૂત બનાવીને કેવો અસહ્ય ત્રાસ ગુજારતા હતા. એનું રુંવાડા ઊભું કરતું વર્ણન એ લેખમાં તેજાબી ભાષામાં લખેલું. લેખકે દલીલ કરેલી કે ભારતમાં જે આભડછેટની પ્રથા છે એ અહીં દક્ષિણ આફ્રિકાના ગોરાઓના રંગભેદના અત્યાચાર સામે કંઈ જ નથી! સૌ મનુષ્યના શરીરમાં લોહીનો રંગ લાલ જ છેને? તો ચામડીની કાળાશ જોઈને કોઈની અવગણના કરવી એ માનવતાની વિરુદ્ધ છે.'

એ લેખ લખનાર 'એ.એન.એ.સામી' બીજો કોઈ નહીં, પણ દક્ષિણ આફ્રિકાનો મુરતિયો 'અય્યાસ્વામી' જ છે! આટલો સુંદર અને પ્રગતિશીલ લેખ લખનાર, પોતાનો ભાવિ પતિ હશે એ વિચારીને વિમલા ખૂબ ખુશ હતી.

લગભગ બે મહિના પછી અય્યાસ્વામી ભારત આવ્યો ને વિમલા સાથે મુલાકાત કરી. વિમલાને તો એ બહુ જ ગમ્યો. પણ છોકરાના મા-બાપે, વિમલાના પિતાને ગંભીર સ્વરમાં જણાવ્યું, 'વેલ, ઉતાવળ ના કરશો. અમે વિચારીને ફાઇનલ જણાવીશું!' થોડા દિવસ પછી પત્ર આવ્યો કે છોકરાએ લગ્ન માટે ના પાડી છે! કારણ? એ કેઃ 'છોકરીનો રંગ કાળો છે!' એટલે કે જે માણસ, દક્ષિણ આફ્રિકાનાં રંગભેદ વિશે મોટી મોટી હાંકતો હતો એ પોતાની જિંદગીમાં થનાર પત્નીના શ્યામ રંગ વિશે કેવા 'ડબલ સ્ટાંડર્ડ' ધરાવે છે!

જો કે હવે લગ્ન માટે ગોરા હોવું ને પાતળી કાયાની વ્યાખ્યા બદલાઇ રહી છે. હવે છોકરીઓ આત્મવિશ્વાસ ધરાવતી અને 'ચોકલેટી કે કેરેમલ' રંગની ત્વચાને અપનાવીને જુનવાણી વિચારમાંથી રૂઆબ સાથે મક્કમ પગલે આગળ વધી રહી છે. વ્હાય નોટ?

**ઇન્ટરવલઃ**

*અબ મૈં સમઝા, તેરે રૂખસાર પર તિલ કા મતલબ,*
*દૌલતે હુસ્ન પર દરવાન બિઠા રખા હૈ!* (કમર મુરાદાબાદી)

હમણાં એક સર્વેમાં ૨૩ વર્ષની રિયાએ (બધાં નામ બદલ્યાં છે) કહ્યું 'પહેલાં મને લાગતું કે મારા આ 'શ્યામ' રંગને કારણે મને કોઇ પરણશે નહીં તો? પણ હવે લાગે છે કે મારી આ ચોકલેટી કે કેરેમલ ત્વચા જ મારી ખૂબસૂરતી છે, ઓળખ છે, તાકાત છે. જે મને ખરેખર ચાહશે એને મારા રંગથી કોઇ ફરક નહીં પડે.'

૧૫ વરસની પ્રિયા પણ એનાં ડાર્ક રંગને અને ભરાવદાર શરીરને અપનાવતા કહે છેઃ 'મને થતું કે મોટી થઇને મારે અમુક જ પ્રકારનાં કપડાં પહેરવા પડશે. પણ હવે સમજાય છે કે એ વિચારો કેટલા ડિપ્રેસિવ હતા. હવે મેં આઇનામાં ખુદને તાકીને હું જેવી છું તેવી- પર્સનાલિટીને સ્વીકારવાનું નક્કી કર્યું છે.'

૧૯ વર્ષની સ્ટુડન્ટ નઝમાએ કહ્યું કે, 'વર્ષોથી મેં લગ્નની જાહેરાતોમાં ગોરા ને પાતળા હોવા વિશે વાંચ્યું હતું. મને ફિલ્ટર કર્યા વગરના ફોટાઓ સોશિયલ મીડિયા પર મૂકવામાં વર્ષો લાગ્યા. આપણે જાડા હોઈએ અથવા આપણી ચામડીનો રંગ થોડો કાળો હોય તો એના પર નકલી મુખવટો પહેરીને સારા દેખાવાનું! તો યે લોકો તો વાત કરવાના જ છે. માટે બધાં ફિલ્ટર કાઢીને જેવા છીએ એવા જ રહેવાનું!'

ફોરેનની ગૌરવર્ણી કન્યાઓ જાતને તડકામાં શેકી શેકીને 'ટેન' કરીને બ્રાઉન થવાની કોશિશ કરે છે ને આપણે ત્યાં ડાર્ક છોકરીઓ ગોરી બનવા માટે વ્રત, એકટાણાં, બાધા રાખે છે. જેનીફર લોપેઝ જેવી રોકસ્ટાર કે હેલી બેરી જેવી બ્લેક ફિલ્મસ્ટારને વિદેશમાં સેક્સી ગણવામાં આવે છે, પણ ભારતમાં અદ્ભુત અભિનેત્રી સ્મિતા પાટીલને બોલિવૂડમાં સ્વીકારવામાં વરસો લાગી ગયેલાં. એવું જ રજનીકાંત કે કમલ હાસન વિશે બોલિવૂડમાં હતું. સત્ય એ છે કે આજેય મિડલક્લાસની છોકરીઓ લોન લઇને ચામડીનાં સ્પેશ્યાલિસ્ટો પાસે જઇને ટ્રીટમેંટ કરાવે છે. પોતાની ઓળખ જેવો ચામડીનો રંગ છોલાવી છોલાવીને સફેદ બનવા ધમપછાડા કરે છે.

ઘણાં વખત પહેલા 'ડાર્ક ઇઝ બ્યુટીફૂલ' (કાળી એટલે બદસૂરત નહીં) નામે એક ચળવળ ગુજરાતીનાં ખ્યાતનામ લેખક મોહનલાલ મહેતા 'સોપાન'ની દોહિત્રી નંદિતા દાસે શરૂ કરેલી. ગોરો કે કાળો, ખૂબસૂરત કે સાધારણ કોઇપણ પ્રકારનો કોમપ્લેક્સ જાનલેવા છે. અર્થાત ગોરી છોકરીઓ જેટલી જ 'ડાર્ક છોકરીઓ પણ બ્યુટીફૂલ' હોય જ છે, પણ જો રૂપ જોવાની દ્રષ્ટિ હોય તો...

**એંડ-ટાઇટલ્સઃ**

**આદમઃ તને મારો દેખાવ ગમે છે?**
**ઈવઃ ચાલશે.** ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# લીલોછમ્મ ગરવો ગઢ ગિરનાર!





ઋતુઓની રાણી વર્ષા જ્યારે એના અસ્સલ મિજાજમાં આવે ત્યારે આખીયે અવનીને સજાવવા માટેની ટેક લઈને આવી હોય એમ વરસી પડે છે અને એના મિજાજમાં ભીંજાવા માટે પણ પ્રકૃતિનાં દરેક તત્ત્વો મન મૂકીને એનામાં ઓતપ્રોત થતા દેખાય છે તો આપણે સહુ કેમ બાકી રહીએ? એ વરસે ત્યારે માટીની મહેક બનીને ડોલવા લાગે છે, ઝાડવાનાં પાંદડાઓ વરસાદની બૂંદો પર પડતા જ નાચવા લાગે છે અને નવાં ખીલેલાં પાંદડાઓ પણ ભૂલકાઓ પગમાં ચંપલ વિનાના શેરી ફરવા નીકળ્યા હોય એમ ગમે ત્યાંથી રસ્તો કરીને ડોકિયું કરતા દેખાય છે. પતંગિયાઓ નાનકડું આયુષ્ય લઈને નવાં જ ખીલેલાં પર્ણો અને ફૂલો પર પોત પોતાની જગ્યા રોકી લે છે તો દેડકાંઓ પોતાની આગવી અદામાં કૂદાકૂદ કરી મૂકે છે. સોરઠનાં ગઢ એવા જૂનાગઢમાં હજારો વર્ષોથી તપસ્યામાં લીન એવા જોગી ગિરનારને મળવા વર્ષા કેટલાયે સમયથી આતુર હોય એમ વરસી પડે છે. ત્યારે ગિરનારનાં પગથિયાં જે ન ચઢ્યા હોય એમણે ક્યારેય ગિરનારનો અસ્સલ રૂઆબ નથી જોયો એવું ચોક્કસપણે કહી શકાય. ચોમાસામાં સામાન્ય રીતે આપણે કોઈ હિલ-સ્ટેશન તરફ ભાગતા હોઈએ છીએ પણ અહીં વાદળોની આખી ફોજ ગિરનારની ધૂનમાં જટાળાં જોગીને મળવા દોટ લગાવે છે.

વહેલી સવારે ભવનાથમાં પગ મૂકતા જ જાણે ગિરનાર તમને એની તરફ ખેંચતો હોય એવું ગજ્જબનું આકર્ષણ થાય. વાદળોની હાજરી મોટાભાગે ગિરનારની ટોચને ઘેરી વળેલી જ હોય છે. જીવનમાં ગમે તેટલી વાર ગિરનાર જાઓ પણ આ પ્રકારનું ખેંચાણ ન અનુભવો એવું ક્યારેય બન્યું નથી. એક તરફ ગિરનાર વન્યજીવ અભયારણ્ય અને એને ચોતરફ વનરાજીએ શિવની જટા માફક ઘેરી લીધો હોય એમ ગરવો ગિરનાર જાણે દરેક જનોને અંગત રીતે આવકારતો હોય કંઈક એવી જ ભાવના અનુભવાય. વહેલી સવારે ગરમાગરમ રજવાડી ચ્હા મળી રહે તો ચૂસ્કી મારીને જય ગિરનારી કરતાં કરતાં શરૂઆત કરી શકાય. ગઢનાં દાદરા ચઢતા જ ગણપતિ દાદાનાં દર્શન કરીને ધીરે ધીરે અંબાજી સુધી પહોંચવાનો લક્ષ્યાંક નક્કી કરીને નીકળીએ કે વચ્ચે વચ્ચે વિરામ સ્થળોએથી ગિરનારની ગોદમાં વસેલાં શહેરની ઝલક દેખાય. સાગનાં ઘટ્ટ જંગલમાં ઠેર ઠેર વાંદરાઓ ગમ્મત કરતા દેખાય એમને નિહાળતાં નિહાળતાં પળવારમાં સઘળો થાક ગાયબ થઇ જાય. પક્ષીઓનો કલરવ સંભળાય એટલે પંખીદર્શનમાં રસ ધરાવતા લોકોની આંખો આપોઆપ ચકોર થઇ જાય કે એક ડાળેથી બીજી ડાળીએ ઉડતું બ્લેક નેપ્ડ મોનાર્ક એની અદાથી કોઈને પણ વશમાં કરી લે. જરાક આગળ વધો કે મોર અને ઢેલ ઝડપથી દોડતાં નજરે પડે અને ત્યાં નજર સ્થિર થઇ જાય. વચ્ચે એકાદી છત્રીમાં વિરામ લીધા પછી જરાક જેટલું ચાલીએ કે થાક લાગ્યો હોય એવું લાગે એટલામાં કોઈ વૃદ્ધ વ્યક્તિ માથા પર સામાન લઈને યુવાન જેટલી ત્વરાથી ઉપરની તરફ ભાગતો દેખાય કે ફરી આપણામાં જોમ આવી જાય અને પગલાં માંડીએ. અહીં રસ્તામાં જ પાણી અને ખાટી આંબલી, આમળાં, મકાઈ વગેરે મળી રહેશે આ ઉપરાંત લીંબુ શરબત પણ ઠેર ઠેર મળશે. કોલ્ડ ડ્રીંક્સની પ્લાસ્ટિક બાટલીઓને નકારીને લીંબુ શરબતની લિજ્જત માણીએ અને ધીરે ધીરે પ્રકૃતિનાં સથવારે ગિરનાર દર્શન કરીએ એટલે અલગ જ રોમાન્ચ અનુભવી શકાય.

આભમાં ઊંચે જુઓ અને નજર પહોંચે ત્યાં સુધી વાદળાઓની દોટમ દોટ, ક્યારેક નજર ચપળ હોય તો વિશાળ પાંખો ફફડાવીને સ્થિર ઉડાન ભરતું ગિરનારી ગીધ નજરે ચઢે અને વાદળાઓમાં અચાનક ક્યાંક ખોવાય જાય, શ્વાસમાં ઊંડે સુધી ભરી લો તો પણ ન થાકો એવી લીલોતરીની મહેંક અને તાજી જ હવા, ક્યારેક ચહેરા પર વાદળી તાજા જ છાંટા વરસાવી જાય ત્યારે સ્પર્શતી બૂંદ સાથે જાણે વર્ષો પુરાણું વહાલ હોય એવું જ કંઈક, વાદળાઓ વચ્ચે સંતાયેલા અવધૂત સામો ગિરનાર મરક મરક હસતો હોય એમ ક્યારેક અચાનક જ દેખાઈ આવે અને ફરી ગુમ, કોઈ તપસ્વી યોગીની વધેલી જટા માફક ઠેર ઠેરથી વહેતા ઝરણાંઓ પહાડ ચઢી આવ્યા હોય એમ આનંદ વહેંચતા સંભળાય અને છેલ્લે વાદળો મારી સાથે દત્તાત્રેયની ટૂંક ચઢવાની હરીફાઈ લગાવીને બેઠા હોય એમ લાગે. ચોમાસાની ઋતુમાં ગુજરાતના ગરવા ગિરનારને નથી ચડ્યા તો શું તમે ધૂળ ગુજરાતમાં રહો છો?

કાલિદાસની રચના મેઘદૂત યાદ આવ્યા વિના ન રહે.

तस्मिन्नदौ कतिचिदबलाविप्रयुक्तः स काजमी जीत्वा मासान्कनकवलयभ्रंशरित्त्कप्रकोष्ठ :।

आषाढस्य प्रथमदिवसे मेघमाश्लिष्टसानु वप्रक्रीडापरिणतगजप्रेक्षणीयं ददर्शा ।।

अर्थात તે પર્વત પર સુંદર પત્નીથી વિયોગમાં મહિના પસાર કરનાર, કૃશ થઈ જતાં સોનાના કડાં પડી જવાથી ખાલી કાંડાવાળો, પત્ની ને મળવા ની ઇચ્છા કરવા વાળા યક્ષે રમત કરતાં હાથી જેવા વાદળ ને પર્વતને આશ્લેષમાં લીધો હોય એમ જોયો.

આશરે ૩૦૦૦ પગથિયાં પછી પહેલી ટૂક પર જૈન ધર્મની આસ્થાનું મુખ્ય સ્થળ એવું ભવ્ય નેમિનાથ જૈન દેરાસર આવે અને ત્યાંથી બીજા ૧૦૦૦ પગથિયાં ચઢીએ કે હિંદુ ધર્મનું આસ્થાનું અદ્‌ભુત સ્થાનક અંબાજી આવે, ત્યાં મસ્તક નમાવીને ધન્યતા અનુભવીએ એટલે અરધો ગિરનાર સર કર્યો કહી શકાય. હાલમાં અહીં સુધી પહોંચવા માટે રોપવેની વ્યવસ્થા પણ છે અને રોપવેમાંથી જૂનાગઢ શહેરનો મનમોહક નજારો મન ભરીને માણી શકાય પણ રોપવે કરતા દાદરાઓ ચઢતાં ચઢતાં પ્રાકૃતિક દશ્યોની મોજ માણીએ તો ગિરનારની યાત્રા સાર્થક ગણાય. જેમ ગમતી ક્ષણને ઘણા સમય સુધી મમળાવવી જોઈએ એમ જ ગમતા સમયને અને ગમતા રસ્તાને લાંબા સમય સુધી જાળવી રાખવો જોઈએ. આ રસ્તે જેટલું ચઢાણ કરીશું એટલા જ સુંદર દશ્યો આગળ જતા મન અને આંખોને તૃપ્તિ આપશે. અહીં સુંદર અંબાજીનું મંદિર છે અને હવે થોડું ઉતરાણ છે, ચોતરફ વિશાળ પ્રાકૃતિક શિલાઓ પડુ પડું થતી ઊભી હોય એમ ભાસે પણ વર્ષોથી એ એમની એમ જ છે. આ શિલાઓને જોતા જ આશ્ચર્યચકિત થઇ જવાય. થોડા ઉતરાણ પછી ફરી સીધું ચઢાણ અને વાદળો વચ્ચે ગિરનારની મુખ્ય ટૂક ગુરુ દત્તાત્રેયનું સ્થાનક દેખાશે કે બધો જ શારીરિક થાક વાદળો સાથે ક્યાંય હવામાં ઓગળી જશે અને મન પ્રફુલ્લિત થઇ ઉઠશે જાણે કોઈ દિવ્ય શક્તિનો સંચાર થયો હોય. મુખ્ય ટૂંક પર ચઢતા પહેલા જ ગિરનારની સાથે સાથે ક્ષિતિજ પર સૂરજની પહેલી રોશની નારંગી રંગથી અવનીને રંગવા થનગની રહી હોય, આછો ભૂખરો રંગ ધીરે હવામાં ઓગળીને નવી જ સ્ફૂર્તિનો સંચાર કરતો હોય એવું સ્પષ્ટ રીતે જોઈ અને અનુભવી શકાય ત્યારે જરા તરા સર્જનહારની દિવ્ય શક્તિનો પરિચય અને ઠંડા પવનનાં અછડતાં સ્પર્શથી પ્રકૃતિનાં વ્હાલની અનૂભૂતિ સુધી પહોંચી શકાય.

થોડી ક્ષણો પોતાના માટે ફાળવીને ગિરનાર પર બેસીને જૂનાગઢ નગર સાથે હવામાં વાતો કરીએ તો જાણે જૂનાગઢ પોતાની કથની કહેતો હોય એવું લાગે. ગરવા ગિરનારમાં વરસાદની મહેકને માણવી, ભવનાથની ભૂમિ પરથી પ્રકૃતિને નિહાળવી, હરખમાં દોટ લગાવીને જતા વાદળો સાથે વાતો કરવી, ખીલી ઉઠેલા સાગડાઓ સાથે કુદરતની તાજગીને ગજવે ભરવી એથી રૂડું શું હોઈ શકે આ સમામાં? કાળા ડિબાંગ વાદળો જાણે ગિરનારની આંખનું કાજળ બન્યા હોય એવું કંઈક દીસે છે. અહીંથી પરત ફરવાનું મન તો ન થાય પણ ધીરે ધીરે નીચે ઉતારવા માટે પગલાં માંડીએ અને અંબાજી સુધી જ્યાંથી આવ્યા હતા એ જ રસ્તે દાદરા ઉતરતા ઉતરતા જુના દાદર તરફ વળીએ એટલે જંગલનો અલગ જ માહોલ પામી શકીએ. અહીં ઠેર ઠેર નવાં જ ખીલેલાં પાન પર ગોકળગાય તો વળી ક્યાંક પતંગિયાઓ ઉડતાં જોઈ શકાય. સામાન્ય રીતે લોકો નવા રસ્તાનો ઉપયોગ કરતા હોય અહીં બહુ જ ઓછા લોકો હોય છે એટલે અહીં પ્રકૃતિના સુમધુર સંગીતમય માહોલને પણ માણી શકાય. પક્ષીદર્શન અને શાંત માહોલની તરફેણમાં હોય એવા જનો માટે આ રસ્તો સ્વર્ગસમો છે. નજર ચકોર હોય તો આ રસ્તા પર પસાર થતી વખતે કોઈ વૃક્ષની ડાળી પર ઘુવડ તો વળી ક્યાંક કોઈક સાપમાર ગરુડ નજરે ચઢી જાય. સાંજ ઢળ્યા પછી આ રસ્તે દિપડાની અવર જવર પણ થતી હોય છે એટલે સૂર્યાસ્ત પહેલા નીચે પહોંચી શકાય એમ હોય તો જ આ રસ્તો લેવો જોઈએ. માર્ગમાં વચ્ચે કોઈ શિલા પર બેસીને વાદળો સાથે વ્હાલ કરતા શહેરને જોયા કરવું એની એક અલગ જ મોજ છે. આ રસ્તા પર વચ્ચે થાક જેવું લાગે તો ચોમાસાની ઋતુમાં અહીં ઘણા પ્રાકૃતિક ઝરણાઓ વહેતા જોવા અને સાંભળવા મળે અને વળી પાછા દૂધરાજ તો ત્યાં અમસ્તાં જ ઊડતા ઊડતા પોતાની અદાઓને આડંબર પાથરતા મળી જાય. જટાશંકર મહાદેવનાં મંદિર નજીક પહોંચતા સુધી સોનરખ નદીની ધારાઓ સુધી પહોંચી જવાય. છેક નીચે ઉતરીએ એટલે ગિરનારને અનાયાસે ફરી જલ્દી મળવાનું વચન પણ આપોઆપ અપાઈ જ જાય એમાં કોઈ જ શંકા નથી. સોનરખનું સ્નાન સોનું મેળવ્યાં કરતાં પણ વધુ વૈભવી છે હો.


ગિરનારથી નીચે ઉતાર્યા પછી ઠેર ઠેર ગરમ ગરમ ગિરનારી કાહવાની લારીઓ જોવા મળે. અહીં આદુ-મરી મસાલા અને ફૂદીના સાથેના દેશી કાહવાની લિજ્જત માણવાની તક કોઈ સંજોગોમાં ચૂકાઈ એવી નથી. હવે તો અહીં સિંહને મહાલતા જોવાનો મોકો પણ સરળતાથી મળે છે. ગિરનાર વન્યજીવ અભ્યારણ્યમાં જીપ્સી સફારી કરીને ગિરનારની ગોદમાં વસતા વન્યજીવોને કુદરતી માહોલમાં નિહાળી શકાય, જો કે ચોમાસાને લઈને સફારી ૧૫ જૂન સુધી બંધ હશે. ગુજરાતનાં સહુથી ઊંચાઈએ આવેલા શિખર એવા ગરવા ગિરનારનું મહત્ત્વ જેટલું આંકીએ એટલું ઓછું છે, એક કે બે દિવસ માટે રૂટિનથી બ્રેક લઈને પોતાની જાતને કુદરતી માહોલ આપવો હોય તો ગિરનારથી શ્રેષ્ઠ કોઈ જ જગ્યા ન હોઈ શકે. ■

ફોકસ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

વર્ષાઋતુઃ

# ગ્રીન-યલ્લો-ઓરેન્જ ને રેડ એલર્ટ શું છે?





જો તમે હવામાન સંબંધી ખબરો સાંભળતા હોવ કે વરસાદની આગાહી પર નજર રાખતા હોવ તો તમે નોંધ્યું હશે કે, હવામાન વિભાગ તરફથી અલગ અલગ કલરના એલર્ટ સાંભળવામાં આવે છે એટલે કે, રેડ, યેલો, ઓરેન્જ અને રેડ એલર્ટ. આજથી પંદર વર્ષ પહેલાં આવી હવામાન સંબંધી ચેતવણી નહોતી સાંભળવામાં આવતી. હવે તો ટીવીમાં, રેડિયોમાં, મોબાઈલમાં અને બીજા અનેક ડિવાઈઝમાં વરસાદ સંબંધી જાણકારી હંમેશાં ફ્લેશ થતી હોય છે. મોટાં શહેરોના ચોક પર, મોટા પેટ્રોલ પંપ પર અને જાણીતા સાર્વજનિક સ્થળો પર પણ હંમેશાં સ્ક્રીન પર તે સમયનું તાપમાન અને વચ્ચે હવામાન સંબંધી ચેતવણીઓ ફ્લેશ થતી હોય છે. શું તમે આનો અર્થ જાણો છો?

હકિકતમાં ભારતીય હવામાન વિભાગ છેલ્લા એક દાયકાથી વરસાદની આગાહી માટે ઘણું સફળ થઈ ગયું છે. જાણવા જેવી વાત તો એ છે કે, જ્યાં અમેરિકા અને યુરોપ ઓછામાં ઓછા ૨૦ કિલોમીટરના ત્રિજ્યામાં હવામાનની આગાહી કરી શકે છે, જ્યાં ભારતીયો હવામાન વિભાગના હાલની એક ખબરને આધારે માત્ર ૬ કિલોમીટરના ત્રિજ્યામાં હવામાન સંબંધી ભવિષ્યવાણી કરવામાં સક્ષમ છે. આ જ કારણોને આધારે હવામાન વિભાગ એક જ સમયમાં ભારતના ઓછામાં ઓછાં ૧૦૦થી વધારે ક્ષેત્રોની વરસાદ સંબંધી આગાહી કરી લે છે. એજ કારણ છે કે જ્યારે પંજાબ ગર્મીમાં તપી રહ્યું હોય છે, બિહારમાં વીજળી અને સૂકા વાવાઝોડાનો ડર છે, તે જ વખતે આસામની બરાક ઘાટી મોસમ સંબંધી ખતરનાક ચેતવણી હેઠળ હોય છે અને ભોપાલ, પંચમઢી,ઈંદોર વગેરેમાં ઠંડક આપવાવાળો ધીમો ધીમો વરસાદ હોય છે. તો ગોવા, કેરળમાં મૂસળધાર અને રત્નાગિરિમાં યેલ્લો એલર્ટ હોય છે. એનો અર્થ એ થયો કે, ભારતીય હવામાન વિભાગ દેશના અલગ અલગ વિસ્તારમાં થયેલ જુદી જુદી રીતે કરવામાં આવેલી આગાહી એટલે કે, રેડ, યલ્લો, ઓરેન્જ, ગ્રીન એલર્ટ ચોક્કસ ટાઈમમાં કરવામાં સક્ષમ છે. આજ કારણ છે કે, આપણે રેડિયો, ટેલિવિઝન અને બીજાં પ્રસારણોમાં હંમેશાં અલગ અલગ કલરની ત્રણ ચાર ચેતવણી દેખાય છે.

જો કોઈ વિસ્તારમાં ભારે વરસાદ,પૂર, તોફાન કે અન્ય ગંભીર હવામાનના જોખમની શક્યતા હોય છે ત્યારે હવામાન વિભાગ આમજનતાને હવામાનની આગાહી આપવા માટે કોડિડ એલર્ટ આપે છે. આ એલર્ટ મોસમની ગંભીરતાને દર્શાવે છે. જો આપણે શહેરોમાં સુરક્ષિત જગ્યાએ કામ કરી રહ્યા હોય તો આપણને લાગે કે આટલી ચેતવણીનો શું અર્થ? પરંતુ કોઈ માછીમાર હોઈ કે પછી ખેતરોમાં કામ કરવાવાળા ખેડૂત, રસ્તા પર ચાલી રહેલા ડિલિવરી બોય, લાંબા અંતરનો ટ્રક ડ્રાઈવર હોય ત્યારે જ આ ક્લર કોડિડ ચેતવણીઓ ખાસ કામ લાગે છે. આનાથી દેશના ખુલ્લા ભાગમાં રહેવાવાળા ખેડૂતો અને માછીમારોને ઘણો ફાયદો થાય છે.

હવામાન વિભાગ ચાર ટાઈપની ચેતાવણી આપે છે અને આ ચાર અલગ અલગ કલરમાં હોય છે. વરસાદને સંબંધિત પહેલી ચેતવણી ગ્રીન કલરમાં હોય છે જેનો અર્થ એ છે કે સ્થિતિ સામાન્ય છે, ચિંતાની કોઈ વાત નથી અને કોઈ વિશેષ કાર્યવાહી અથવા સાવધાનીની જરૂર નથી. ત્યાર બાદ બીજા એલર્ટનો રંગ યેલ્લો છે. આનો અર્થ એ છે કે ઘરથી બહાર નીકળવાવાળાઓને થોડી પરેશાની થઈ શકે. શહેરોના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ શકે તેથી સાવધાન રહેવું અને વરસાદ સંબંધી અપડેટ લેતા રહેવું. ત્રીજા એલર્ટનો રંગ ઓરેંજ હોય છે. આનો અર્થ એ થાય કે, મોસમ બેકાબૂ થઈ શકે છે એટલે કે, હવામાન ધાર્યા કરતા વધારે બગડી શકે. જળબંબાકારની સ્થિતિ સર્જાઈ શકે છે, પૂર પણ આવી શકે છે, ટ્રાફિક જામ પણ થઈ શકે છે અથવા તો વીજળી પડવાની પણ આશંકા હોય છે. જરૂરી સાવધાની રાખવી. હવામાન વિભાગની ચોથી ચેતવણી રેડ એલર્ટ હોય છે. રેડ એલર્ટ એટલે જોખમની નિશાની. એટલે કે સ્થિતિ ખૂબ જ ગંભીર છે. જીવન અને સંપત્તિ માટે જોખમ થઈ શકે છે. ગંભીર પૂરની સમસ્યા પણ થઈ શકે છે અને મોટા પાયા પર નુકશાન થઈ શકે છે. તત્કાલ કાર્યવાહી કરવી અને લોકોને સુરક્ષિત જગ્યા પર લઈ જવા અને એલર્ટ મોડ પર રહેવું.

ભારતમાં આ રંગીન ચેતવણી ૨૦૦૦ના દાયકાના મધ્ય ભાગથી શરૂ થયો છે. ઔપચારિક રીતે સાલ ૨૦૦૭- ૦૮ ની આસપાસ શરૂ કર્યો હતો. પહેલા માત્ર સમાચાર દ્વારા જ માહિતી મળતી હતી. પરંતુ જ્યારે મોબાઈલ અને બીજા ડિજિટલ ડિવાઈસનો યુગ આવ્યો તો એમએમએસ, વ્હોટ્સઅપ, બીજી ઘણી એપ, વેબસાઈટ અને જાહેરસ્થળો પરના ડિસપ્લે બોર્ડ જેવા તમામ સાધનો મોસમ સંબંધી ત્વરિત સૂચનાઓ મેળવવા માટે ઉપલબ્ધ છે. તેથી જ આ ચેતવણીનો ફાયદો પણ થયો અને અસર પણ થઈ. સવાલ એ છે કે, હવામાનની પેટર્નથી આમજનતાને કઈ રીતે ફાયદો થાય છે. હવામાન વિભાગને પહેલેથી જ બધી માહિતી હોય છે. તેથી જ આ ચેતવણીઓ આમજનતા માટે ખૂબ જ કામની હોય છે. આનાથી પરિસ્થિતિ ખરાબ થવા પહેલાના પગલાં લઈ શકાય જેમકે, જો સ્થિતિ બગડવાની હોય તો પહેલેથી જ શાળાઓ બંધ કરવાનો આદેશ અપાય છે. ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવે છે, ઓફિસોમાંથી જલદી છોડી દેવામાં આવે છે અને ચેતવણી મળતા લોકો પોતાની યાત્રાઓના પ્લાન બદલી શકે છે. આ એલર્ટ ચેતવણી એટલી મહત્ત્વપૂર્ણ સાબિત થઈ છે કે, આમજમતા ઘરની બહાર નીકળતા પહેલા કે કોઈ પ્રોગ્રામ બનાવતા પહેલા હવામાન ચકાસણી જરૂર કરે છે. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# પ્રીમિયમ એકાઉન્ટઃ ચાર્જિસ ભલે ચૂકવો, પણ ચીટિંગથી સાવધાન!

ઈન્ટરનેટ ડેટા સસ્તા ભાવે મળી રહેતા હવે દરેક મનોરંજન મોબાઈલની સ્ક્રીન પર પ્રાપ્ય છે. ઈન્ટરનેટ પર મફતમાં મળતું મનોરંજન, માહિતી અને મૂલ્ય કમાવી આપતી દરેક વસ્તુ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રત્યેક વ્યક્તિની દૈનિક જીવનશૈલીને અસર કરે છે.

ઓનલાઈન ખરીદીથી લઈને ચુકવણી સુધી દરેક વસ્તુ ઓનલાઈન શક્ય બની છે. જે ઘણી સારી વાત છે. મનોરંજન માટેની એપ્લિકેશન પાર વિનાની છે. ઢગલાબંધ ફ્રી એપ્લિકેશનથી પ્લેસ્ટોર ઊભરાઈ રહ્યું છે. એને એકવાર ઈન્સ્ટોલ કર્યા બાદ એમાં પણ જે ફ્રી છે એ સૌની નજર સામે છે. ઘઝઝ પ્લેટફોર્મનો ઉપયોગ કરનારા એક વર્ગને ખ્યાલ હશે કે, ઈન્ટરનેટ ઉપર પણ બધું મફત નથી. પ્રીમિયમ કોન્ટેન્ટ જોવા માટે જે તે ઓટીટી પર પૈસા ભરવા પડે છે. ફ્રી કોન્ટેન્ટમાં જાહેરાતોના અસહ્ય મારાથી કંટાળેલો યુવાવર્ગ હવે ઓટીટીમાં મોટી રકમ પે કરે છે. કોન્ટેન્ટ આપતા, તૈયાર કરતા અને એ માટે વિશાળ માધ્યમ પૂરા પાડતા વિતરકો પણ આવા OTT પ્લેટફોર્મ સાથે ક્યાંકને ક્યાંક જોડાયેલા હોય છે. જે તૈયાર કોન્ટેટને પેડ પ્લેટફોર્મ પર મૂકીને રોકડા કમાતા હોય છે.

ગીત સાંભળવાની એપ્લિકેશનથી લઈને મુવી માટે અનેક એવા પ્લેટફોર્મ ચાર્જિસ વસુલ કરે છે અને પછી જે તે કોન્ટેન્ટ જોવા-જાણવા અને માણવા આપે છે. આવા OTTમાં એકવાર પૈસા ભર્યા બાદ પિક્ચર ક્વોલિટીથી લઈ નવી ફિલ્મો સુધીના એક્સેસ મળે છે. હવે શું જોવું એ યુઝર્સ પર નિર્ભર છે. આ એક એવી માર્કેટ છે, જેમાં મારધાડ કોન્ટેન્ટથી લઈને મદમસ્ત ને મદહોશ કરતા કામુક કોન્ટેન્ટ પણ છે. જ્યારે કોઈ યુઝર્સ એમાં એકવાર પે કરે છે એ પછી વારંવાર એના બીજા સબસ્ક્રિપ્શનમાં પે કરવા માટે લોભામણી જાહેરાત એ એપ્લિકેશન ખોલતા જ આવે છે.

બસ, ફ્રોડ અહીંથી શરૂ થાય છે. સાયબર ગઠિયા આવી એપ્લિકેશનની આબેહુબ લિંક તૈયાર કરી અંગ્રેજી અક્ષરમાં સાવ નજીવો ફેરફાર કરીને ખેલ પાડે છે. પ્રીમિયમ ભર્યા બાદ ઓટો રિન્યૂઅલ ઓપ્શનથી ઓટોમેટિક પૈસા કપાય છે. જેમ જેમ આ તારીખ નજીક આવે એમ સાયબર ગઠિયા આવી લિંક મોકલી ફરી પે કરવા દબાણ કરે છે. ક્યારેક એના ફોન પણ આવે છે. આને સાયબરની ભાષામાં 'ટેપિંગટ્રેપ' કહે છે. જ્યારે કોઈ યુઝર્સ પહેલીવાર OTT પર આવે છે ત્યારે કંપની યુઝર્સને ટકાવી રાખવા ઓફર્સ મૂકે છે અને સસ્તામાં પ્લાન એક્ટિવ કરાવે છે. પછી આ નંબર પરની સર્વિસ કોઈ પણ જુગાડથી સાયબર ગઠિયા સુધી પહોંચે છે અને પછી ખેલ શરૂ થાય છે. એકવાર પૈસા ભર્યા બાદ એક વર્ષ સુધી કંઈ થતું નથી. પછી પ્લાન ફરીથી એક્ટિવ કરાવવા કે સબસ્ક્રિપ્શન પૂરું થાય તેની પહેલાં એક લિંક આવે છે, જેમાં ઓટો પે ઓપ્શન નથી હોતો. આવી લિંકમાં સાવ નાના અમથા સ્પેલિંગ મિસ્ટેકથી યુઝરનું ખાતું ખાલી કરાવવા બેંકની વિગત ભરવાનું ફોર્મ હોય છે અથવા પે કરવા માટે QR કોડ આપે છે. જો કોઈ યુઝર આને એકવાર સ્કેન કરે છે પછી એનો સ્કેનકોડ ગઠિયા સેવ કરી સમયાંતરે ખાતાનું તળીયું દેખાડી દે છે. આવું ન થાય એ માટે પહેલાં તો મોબાઈલમાં આવેલી લિંકને શાંતિથી વાંચવી. ક્લિક કર્યા બાદ જો ડાયરેક્ટ જે તે ઓટીટી એપ્લિકેશન ખુલે તો એ લિંક ખરી છે. મોટાભાગના કેસમાં ઓટીટી કંપનીઓ એસએમએસ મોકલે છે આવી કોઈ લિંક મોકલતા નથી. જ્યારે ઓટીટી કંપની પેમેન્ટ ઓપ્શન એમની એપ્લિકેશનમાંથી જ આપે છે. જેમાં આગળ વધતા મોબાઈલમાં જ પેમેન્ટ એપ્લિકેશનથી પૈસા ચૂકવવા ડાયરેક્ટ કરે છે.


એમેઝોન પે, યુપીઆઈ, ફોન પે, ગૂગલ પે, ભીમ જેવી પેમેન્ટ એપ્લિકેશન ક્યારેય કોઈ ઓટીટીની ઓફરનું પ્રમોશન કે પ્રમોટ કરતા નથી. જ્યારે ઓટીટી પેમેન્ટ કરવાનું આવે ત્યારે આ એપ્લિકેશનમાં ખાસ કોઈ ઓપ્શન પણ આપતા નથી. ડીઝની હોસ્ટાર, નેટફ્લિક્સ, ગાના, સ્પોટીફાય, સોની લીવ, ડિસ્કવરી પ્લસ જેવી ઓટીટી એપ ઘણી કોન્ટેન્ટ ફ્રીમાં આપે છે. આવી તમામ એપ્લિકેશનમાં પે માટે ખાસ ઓપ્શન અલગ હોય છે. ઓટીટી પ્લેટફોર્મ આવા યુઝર્સના સબસ્ક્રિપ્શનમાંથી તો કમાય છે પણ કોન્ટેન્ટ બનાવનારાઓને વિશાળ વ્યૂઅર્સ આપી દેવાની વાત કહીને પણ એના ચાર્જ વસૂલ કરે છે. આ ઉપરાંત જે તે ફિલ્મોને ઓટીટી પર રીલિઝ કરવા માટે પણ પૈસા લે છે એટલે યુઝર્સનું સબસ્ક્રિપ્શન તો આ રકમ સામે મામૂલી છે. બીજી બધી વીડિયો એપ્લિકેશન સામે ટકી રહેવા યુટ્યુબે પણ પોતાની સબસ્ક્રિપ્શન સર્વિસ શરૂ કરી છે. આ બધા વચ્ચે સૌથી ખાસ વાત એ છે કે, પ્રીમિયમ કોન્ટેન્ટ એકદમ શ્રેષ્ઠ હોય છે. એવી માહિતી સામાન્ય રીતે કોઈ સરળતાથી મળતી નથી. ખાસ કરીને 'નેશનલ જીઓગ્રાફિક્સ'ની કેટલીક ડોક્યુમેન્ટ્રી. આ માટે એ ચાર્જ કરે છે. ચીટિંગ ત્યાં પણ થાય છે કે, એના પ્રોમો વીડિયો કે રીલ્સમાં થોડું ઘણું એડિટ કરીને વાયરલ કરી દેવામાં આવે છે, જેમાંથી પછી વિવાદ થાય છે. ■

## આઉટ ઓફ ધ બોક્સ

*ઓટીટી એપ 'હોટ સ્ટાર' સૌથી વધારે એશિયામાં જોવાય છે. એમાં સૌથી વધારે પ્રાદેશિક કોન્ટેન્ટ દર્શકો વધુ જુએ છે.*

ઝબાન સંભાલ કે
હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ગુરુ કહે તેમ કરવું, ગુરુ કરે તેમ ન કરવું



ગુરુ. બે અક્ષરનો આ શબ્દ વિશાળ પરિમાણ ધરાવે છે. **વિદ્યાભ્યાસ કરાવી જીવન ઉત્કર્ષમાં નિમિત્ત બનતા ગુરુથી લઈને લુચ્ચા કે નાલાયક ગુરુ ઘંટાલ સુધી** આ શબ્દના અર્થ સામ્રાજ્યનો વિસ્તાર છે. યોગાનુયોગ ૧૦મી જુલાઈએ ગુરુવારના દિવસે જ ગુરુ પૂર્ણિમા છે તો એ નિમિત્તે ભાષામાં ગુરુ કેવા વણાઈ ગયા છે એ જાણવા અને સમજવાની કોશિશ કરીએ. અઠવાડિયાના સાત વાર છે એમાં એક ગુરુવાર આવે છે. અઠવાડિયાનો આ પાંચમો દિવસ બૃહસ્પતિવાર પણ કહેવાય છે. ગુરુ અથવા બૃહસ્પતિ સૂર્યમાળાનો એક ગ્રહ છે. બધા ગ્રહોમાં સૌથી મોટો હોવાને કારણે જ ગુરુ કહેવાયો હશે, કારણ કે સૌથી મોટું કે સૌથી વજનદાર માટે ગુરુ શબ્દ વપરાય છે. ભગવદ્ગોમંડલ લખે છે કે **ગુરુ એટલે આચાર્ય કે શિક્ષક અને ગુરુ એટલે પૂજ્ય, વડીલ, માન આપવા લાયક વ્યક્તિ.** જોકે, સાથે ગુરુ એટલે **શઠ અથવા ધૂર્ત માણસ** એવો અર્થ પણ કરવામાં આવ્યો છે.

સાક્ષરો દ્વારા ગુરુ વિશે ભિન્ન મત વ્યક્ત થયા છે. કબીરના દોહામાં આદર વ્યક્ત કરી કહેવામાં આવ્યું છે કે **ગુરુ ગોવિંદ દોઉ ખડે કાકે લાગૂ પાય, બલિહારી ગુરુ આપને ગોવિંદ દિયો બતાય.** અહીં ગુરુને ગોવિંદ એટલે કે ઈશ્વર કરતા વિશેષ દર્શાવ્યા છે. ગુરુ વિના ઉદ્ધાર નથી એવી ભાવના વચ્ચે હવે અખો શું કહે છે એ જાણો: **ગુરુ થા તારો તું જ, જૂજવા કો નથી ભજવા; બાહેર બુદ્ધિ તું ટાળ, વળ અંતર પેસવા.** અખો બાહ્ય બુદ્ધિ ટાળી અંતર્મુખ બનવાની સલાહ આપે છે. ગુરુને શોધવાને બદલે આત્મનિર્ભર થવાની વાત અખો કરે છે.

ગુરુ વિશે એક અત્યંત પ્રચલિત કહેવત છે કે **ગુરુ કરતા ચેલો સવાયો.** ગુરુએ આપેલી શિક્ષા મેળવી ચેલો જ્યારે ગુરુ કરતા આગળ વધી જાય ત્યારે આ કહેવત વપરાય છે. ઈતિહાસના પૃષ્ઠો પરથી આના અનેક ઉદાહરણો મળી આવશે. એક માર્મિક કહેવત પણ જાણવા જેવી છે કે **ગુરુ કહે તેમ કરવું, ગુરુ કરે તેમ ન કરવું.** ગુરુએ આપેલી વિદ્યાને અનુસરવું, પણ ગુરુના આચરણને નહીં એવી સ્પષ્ટતા આ કહેવતમાં કરવામાં આવી છે. ગુરુ પૂર્ણિમા નિમિત્તે શું કરવું એ શીખવનારા ગુરુજન અને શું નહીં કરવું એ બતાવનારા 'સવાયા ગુરુ'ને નમસ્કાર.

## ENગ્લિશ વિંGLISH — Idioms About Teachers

ગુરુની ભાવના અંગ્રેજીમાં નથી, કારણ કે ગુરુ - શિષ્ય પરંપરા, ગુરુકુળ એ આપણી સંસ્કૃતિ છે. એટલે ગુરુ કે શિક્ષક માટે અંગ્રેજીમાં એક જ શબ્દ છે ટીચર. One who teaches is a Teacher. Teacher is a neuter gender. ક્લાસમાં સર અને ટીચર ભણાવે છે એ નર્યું અજ્ઞાન છે. ટીચર એટલે મહિલા શિક્ષિકા અને સર એટલે પુરુષ શિક્ષક એ ખોટી સમજણ છે. ટીચર એટલે ભણાવનાર વ્યક્તિ જે પુરુષ કે મહિલા એ બેમાંથી કોઈ પણ હોઈ શકે. Teachers play an important role in the lives of students as they teach so many useful lessons to them. વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષકનું મહત્ત્વનું યોગદાન હોય છે, કારણ કે ઘણા પાઠ તેમની પાસેથી ભણવા મળે છે. Experience is the best teacher. અનુભવ એ સર્વશ્રેષ્ઠ શિક્ષક ગણાય છે. You will learn more from things that happen to you in real life than you will from hearing about or studying things that happen to other people. જીવનના ૨૦ - ૨૨ વર્ષમાં શિક્ષકો પાસેથી મેળવેલા જ્ઞાન સામે ક્યારેક વ્યવહારુ જીવનના એક વર્ષમાં શીખેલી વાત ચડિયાતી સાબિત થાય એવું બને છે. Teacher's Pet એટલે શિક્ષકનો લાડકો કે માનીતો એવો એનો ભાવાર્થ છે. Siddhesh is the teacher's pet. He always gets special treatment. સિદ્ધેશ શિક્ષકનો ખાસમખાસ છે. એને કાયમ સ્પેશિયલ ટ્રીટમેન્ટ મળે છે.Teaching Moment એટલે એવી ક્ષણ કે એવો સમય જ્યારે વિદ્યાર્થીને જ્ઞાન, માર્ગદર્શન કે જીવનનો પાઠ શીખવવાની તક શિક્ષકને મળે. An opportunity to impart knowledge, guidance, or a life lesson to a student. બાળકને ગોળ ખાવાની ના પાડતા પહેલા ગુરુજીએ ગોળનો ત્યાગ કર્યો એ વાર્તા તમે સાંભળી હશે. Practice What You Preach કહેવતમાં એ જ વાત સિદ્ધ થાય છે. સામી વ્યક્તિને આપેલી સલાહ કે સિધ્ધાંતનું સ્વયં પણ પાલન કરવું જોઈએ એના પર ભાર આપવામાં આવ્યો છે




## રાષ્ટ્ર ભાષા — गुरुजी बैंगन खाएं

એક ગુરુના ઘરે કેટલાક શિષ્યો ભણવા આવતા હતા. ગુરુ એકલા રહેતા હતા. એમની પાસે એક નાનકડી વાડી હતી અને એમાં એક કુટિરમાં તેઓ રહેતા હતા. વાડીમાં ફળફળાદિ ઉપરાંત મોસમ અનુસાર શાકભાજી પણ ઉગાડવામાં આવતા હતા. શિયાળો બેસતા રીંગણ આવવા લાગ્યા. ગુરુજીને આ શાક પ્રિય હતું, પણ રીંગણ લેવા ગયા તો ખબર પડી કે શિષ્યો તોડી લઈ ગયા છે. શિષ્યોને કેમ સમજાવવા કે વત્સ, એ મારા ભોજન માટે છે, તમે તોડીને ન લઈ જાવ. સીધી ના પાડી દે તો ગુરુ કંજૂસ છે કે એવું બીજું કહી શિષ્યો બહાર બદનામી કરશે એવી ડર તેમને લાગ્યો. બીજા દિવસે શિષ્યો ભણવા આવ્યા ત્યારે ગુરુજીએ રીંગણ પર એક લાંબું લેક્ચર આપ્યું કે 'રીંગણનું શાક મનુષ્યના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે અને કિશોરો અને યુવાનોને વધુ નુકસાન કરે છે. એટલે ભણતા વિદ્યાર્થીઓએ રીંગણના શાકનું સેવન ન કરવું જોઈએ.' આટલું કહ્યા પછી બીજા નિયમિત વિષય શીખવવાનું શરૂ કર્યું. શિષ્યો ઘરે જવા નીકળી ગયા પછી ગુરુજીએ વાડીમાં આંટો માર્યો અને રીંગણ હેમખેમ જોઈ મનોમન મલકાયા કે યુક્તિ કામ કરી ગઈ. તેમણે એકાંતરે રીંગણનું શાક બનાવવાનું શરૂ કર્યું અને શિષ્યો આવે એ પહેલાં જમવાનું પતાવી દેતા. એક દિવસ અમુક શિષ્યો વહેલા પહોંચી ગયા. ગુરુજી સહેજ આઘાપાછા થયા એટલે શિષ્યો રસોડામાં ઘૂસી શાકના તપેલામાં નજર નાખી. **शिष्य ने देखा तो बैंगन की सब्जी बन रही थी. यह देखकर सब हैरत में पड गए. एक बोल उठा की 'भई वाह! खुद गुरुजी बैंगन खाए. औरन को उपदेश सुनाएं.'** ગુરુજી પોતે રીંગણ ખાય છે અને આપણને નહીં ખાવા ઉપદેશ આપે છે. ગુરુજીની વાણી અને વર્તનમાં ભેદભાવ ન હોવો જોઈએ.

## સગ્ગી બહિણ — गुंरुच्या म्हणी

મરાઠીમાં ગુરુના વિશેષ માનપાન હોય છે. સંત જ્ઞાનેશ્વર, સંત તુકારામ, સંત નામદેવ... આ એવા ગુરુજી છે જેમણે મરાઠી ભાષા અને સંસ્કૃતિના વિકાસમાં મહામૂલું યોગદાન આપ્યું છે. ગુરુજી વિશે ઘણી કહેવતો છે. **या महणींमधून गुरुचे महत्त्व, त्यांचे कार्य आणि शिष्यासाठी त्यांनी केलेले मार्गदर्शन स्पष्ट होते.** આ કહેવતો દ્વારા ગુરુનું મહત્ત્વ, એમનું કાર્ય અને શિષ્યોને આપેલા માર્ગદર્શનનું મહત્ત્વ સમજાય છે. **गुरुर्देवांची गुरुकिल्ली ।** ગુરુને દેવ કરતા ઊંચું સ્થાન આપ્યું છે. ગુરુ દેવતાને પણ માર્ગદર્શન આપે છે એ આ કહેવતનો ભાવાર્થ છે. બીજી કહેવત છે **गुरुवीण कोण दाखवील वाट?** અહીં પણ માર્ગદર્શનની જ વાત થોડી અલગ રીતે માંડવામાં આવી છે. યોગ માર્ગ પર આગળ વધવાની સલાહ ગુરુ સિવાય કોણ આપે એ દ્વિધા અહીં વ્યક્ત થઈ છે. **गुरु तोच जो ज्ञान देई, अज्ञान दूर करी ।** ગુરુના નામનો એવો મહિમા છે કે એ શિષ્યના અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી એને જ્ઞાનરૂપી ઉજાસ તરફ લઈ જાય છે. શિક્ષણનો સાચો સાર એ જ છે. જીવનના કોઈ પણ તબક્કે ગુરુની હાજરી એ બહુ મોટું સાંત્વન હોય છે એ આપણે જાણીએ છીએ. આ વાત **गुरु तो ज्याचे चरणी, शांती आणि समाधाना** કહેવત દ્વારા સુપેરે પ્રગટ થાય છે. એ જ સાચો ગુરુ કહેવાય જેના ચરણમાં અને શરણમાં શાંતિ અને સંતોષ પ્રાપ્ત થાય. ગુરુજી ભણતરની સાથે ગણતરનું પણ ધ્યાન રાખે અને એટલે જ કદાચ **गुरु तो जो करी उद्धार, भवसागरातून भवतारा** કહેવતે આકાર લીધો હશે. ગુરુજીને કારણે સમગ્રપણે ઉદ્ધાર થાય અને ભવસાગર ટ્રાઇ જવાય.આવો જ ભાવાર્થ **गुरु तो जो दे ज्ञान, घडली उत्थाना** વ્યક્ત થાય છે. જ્ઞાન આપી શિષ્યના ઉત્કર્ષમાં નિમિત્ત બનતા હોય છે ગુરુજી.

ઊડતી વાત
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# રાજુ રદ્દીને 'તગડું' પ્રમોશન કઈ રીતે મળી ગયું?!




'લો લઇ લો, આ તમારો લબાચો.'

રાજુ રદી આવેશભર 'બખડજંતર' ચેનલના માલિક બાબુલાલ બબુચકની બખોલ ચેમ્બરમાં ઘૂસી ગયો.

બહાર પટાવાળા ગણપત ગાંગડાએ 'સાહેબ અગત્યની મીટિંગમાં છે.... થોડીવાર પછી આવવાનું સૂચવ્યું.' તેમ છતાં, રાજુ ધરાર ચેમ્બરમાં ઘૂસી ગયો. બાબુલાલ સ્ટેનોગ્રાફર કમ પર્સનલ પત્ની સમાન સ્ટેલા સાથે ઇલુ ઇલુ કરતા હતા. બાબુલાલની આ અગત્યની મીટિંગ હતી.

'વોટ નોનસેન્સ? વ્હાય યુ એન્ટર ઇન માય ચેમ્બર.? આઇ એમ એગેન્જડ વીથ ઇમ્પોર્ટન્ટ ઇસ્યુઝ.'

બાબુલાલે ચોરી પકડાઇ જવાથી રાજુને આંગ્લ ભાષામાં ફાયર કરી સ્ટેલાની નજરમાં એંગ્રી યંગ મેન થવાની કોશિશ કરી, રાજુ જુદા ખોરડાનું પ્રાણી હતું.

'એય બાબુલાલ બબૂચક, અંગ્રેજીમાં ફાડ ફાડ ન કર. અહીં બધું ઉપર ઉપરથી બાઉન્સર જાય છે. તું ગુસ્સે થયો છે એટલી ખબર પડે છે. ગરમ તવા પર પાણી છાંટીએ અને જેવો તડતડ અવાજ આવે એવું તારી ફાટ ફાટ થતી ખોરડામાં થાય છે. બટ આઇ ડોન્ટ કેર.'

સ્ટેલા અને બાબુલાલ રાજુના રૌદ્રાવતારથી ડઘાઇ ગયા. બાબુલાલે સ્ટેલાને ઇશારો કરી બહાર જવા ઇશારો કર્યો. સ્ટેલા અસ્તવ્યસ્ત ડ્રેસ સરખો કરતી માખી મીઠાઇ પરથી ઊડી જાય તેમ ભાગી.

'રાજુડા, આ બધું શું છે?' બાબુલાલના મગજનો ફાટેલો બાટલો હજુ શાંત થયો ન હતો.

'આ તમારો કેમેરો, ટ્રાઇપોડ, કેબલ, ચાર્જર, બેટરી, માઇક ઈત્યાદિ બધો ડામચો લઇ લો.' આટલું કહી રાજુએ બધું ટેબલ પર પછાડ્યું . રાજુની ખોપરી પણ ફુગાવાની માફક ઉકળેલી હતી.

'આ મારો લબાચો છે?' બાબુલાલે ડઘાઇને પૂછયું. રાજુનું વર્તન અશિસ્તની કેટેગરીમાં આવે. બાબુલાલ ગમ ખાઇ ગયા હતા.

'હા, તમારો જ કહેવાય. ચેનલની માલિકી તમારી છે. તેના શૂટિંગનો ડામચિયો મારો કહેવાય કે તમારો કહેવાય?' રાજુએ ફાઇટર વિમાનમાંથી ફેંકાતા બોમ્બ જેવો વેધક સવાલ ફટકાર્યો...

'રાજુ, હું માની લઉં છું કે આ લબાચો મારો છે, પણ તું કરિયાવરની જેમ અહીંયા શું કામ લાવ્યો છે?' બાબુલાલ હતપ્રભ થઇ સવાલ કર્યો 'મારે તમારી ગુલામીની ધૂંસરી ફગાવી દેવી છે.' રાજુએ મક્કમ અને મૃદુ ઇરાદો વ્યક્ત કર્યો .

'મતલબ કે તારે નોકરી કરવી નથી એમ જ ને? કોઇ ચેનલ તને વધારે પગાર આપી હાયર કરવાની છે. એટલે તું બાબુલાલ સામે ટણી કરે છે?' રાજુએ કરેલ અણીથી બાબુલાલ પંખીની માફક ઘવાઈને તરફડિયા મારતા હતા.

'બાબુલાલ, હું નોકરી ન છોડું તો હું શું કરું? તમે મારી જગ્યાએ હો તો તમે શું કરો? 'આવ નહીં,આદર નહીં, નહીં નયનોમે નેહ તે ચેનલને નોકરી ન કરીયે રાજુ,બોસ ભલે દે ચાર પ્રમોશન.' કોઇ લોકગીતની પંક્તિ ઉલટાવીને રાજુ બોલ્યો. 'બખડજંતર' ચેનલના બોસ બાબુલાલ બબૂચકના દિમાગની બતી જલી.

'મતલબ કે નોકરી છોડવાનું કારણ તને પ્રમોશન મળતું નથી એ છે?' બાબુલાલે ખાતરી કરવા પ્રશ્ન પૂછ્યો.

'બાબુલાલ, હું તમને કયાં એંગલથી માળી લાગુ છું? હું અહીં ઘાસ કાપવા આવું છું. તમારી સગલી સ્ટેલા ટાઇપિંગ કરવા એ પણ કોન્ટ્રેકટચ્યુઅલ એપોઇન્ટમેન્ટ પર હતી. આજે ચાર પ્રમોશન લઇને પર્સનલ સેક્રેટરી બની છે.... મને તમે પંદર વરસથી પાડાનો પાડો જ રાખ્યો છે. મારે પ્રમોશન લેવા જેન્ડર ચેઇન્જ કરાવવી પડે તો હું રાજુમાંથી રાજશ્રી બનવા રેડી છું' આટલું બોલતાં રાજુએ વરસોની યાતનાનો ઊભરો આંસુ મારફત ઠાલવી દીધો.

'રાજુડા, તું પ્રમોશન આપવા લાયક છે ખરો? તું લગભગ ડામીસ છે.' બાબુલાલે રાજુની 'ખૂબી' ગણાવવી શરૂ કરી.

'ડામિસને પ્રમોશન ન અપાય તેવું કયા નિયમમાં લખેલ છે.' રાજુએ દલીલ કરી.

'રાજુ, તે પાડેલા ભંગાર ફોટાને લીધે પ્રેસ કાઉન્સિલનો ઠપકો સાંભળવો પડ્યો.' બાબુલાલે રાજુની બીજી ખૂબી જણાવી.

'મેં તો તમારી સૂચનાનું પાલન કરેલ.' રાજુએ બચાવ કર્યો.

'આપણી પછી ચાલુ થયેલ ચેનલ ટોપ ટેનમાં છે. આપણે લાસ્ટ ટેનમાં છે.' બાબુલાલ બગડ્યા .

'તેને માટે મેનેજમેન્ટ જવાબદાર છે.' રાજુએ નિષ્ફળતાનું ઠીકરું બાબુલાલ પર જ ફોડયું. બાબુલાલ સમસમી ગયા.

'રાજુ, તે ચેનલનું નામ વટાવીને વેપારી પાસે ખંડણી ઉઘરાવી ચેનલના નામ પર પાણી ફેરવી દીધું.' બાબુલાલે ભ્રષ્ટાચારનો આરોપ મુકયો.

'તમે પગાર ન વધારો તો મારે ઘર ચલાવવા કંઇક તો કરવાનું કે નહીં? મીડિયાની કાળી બાજુ છે. તમેય મંત્રીને કરોડો રૂપિયાનું બૂચ માર્યું છે.' રાજુએ રોકડું પરખાવ્યું.

'રાજુ તું સત્તાપક્ષનો ચમચો થઇ તારા રિપોર્ટમાં હિન્દુ -મુસ્લિમ કરે છે.' બાબુલાલે કોમી આરોપ મુકયો.

'સમર્થ કો નહીં ગુંસાઇ' રાજુએ તુલસીદાસની ચોપાઇ લલકારી.

'રાજુ, તું વુમનાઇઝર છે.' બાબુલાલ રાજુ પર લંપટતાનો આરોપ મુકયો.


'બાબુલાલ, હું તમારી ચેમ્બરમાં આવ્યો ત્યારે તમે સ્ટેલા સાથે વળી કયો સત્સંગ કરતા હતા?' રાજુએ બાબુલાલને આરોપીના કઠેરામાં મુક્યા.

'રાજુ, તે હરીફ ચેનલ સાથે હાથ મિલાવી ચેનલની રેવન્યુ ઘટાડી.' બાબુલાલે રાજુ પર નમકહરામીનો આરોપ મુક્યો.

'બાબુલાલ, તમે મને પ્રમોશન ન આપવું પડે તેટલે આરોપો ઉપજાવી કાઢ્યા છે.તમે મને પ્રમોશન નહીં આપો તો હું તમારી પત્નીને સ્ટેલા સાથેની રાસલીલાની જાણ કરીશ. પુરાવા મારી પાસે છે.' રાજુની ધમકી કે ભપકી કામ કરી ગઇ. નકારા, નિઠલ્લા, નકામા, નકારાત્મક રાજુને કેમેરામેનમાંથી ચીફ કેમેરામેનનું પ્રમોશન આપ્યું, જેમાં રાજુનો પગાર ત્રણ રૂપિયા નેવ્યાંશી પૈસા વધી ગયો.!

વલો કચ્છ
ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સૌથી મોટી મૂડી સદ્ગુણ



મનુષ્યનો જન્મ તો સહજ હોય છે. પરંતુ માનવતા તેને ખૂબ પ્રયત્નથી પ્રાપ્ત કરવી પડે છે. આ માનવતા શા માટે દેખાડવી છે? જવાબ છે: સ્વથી સર્વના કલ્યાણ માટે. જરૂર છે ખરા અર્થમાં ધનિક અને સમૃદ્ધ બનવાની. ધનિક એટલે શું? માત્ર તુચ્છ ધન હાંસલ કરી લેવું તે? ના. મનુષ્ય પાસે સૌથી મોટી મૂડી સદ્ગુણોની છે. જેની પાસે જેટલા સદ્ગુણ કે તેટલો જ વધુ ધનિક. કારણકે ધન તો સોનાની લંકાના અભિમાની રાજા રાવણ પાસે હતો જો તેનો પણ સર્વનાશ થઈ જાય તો હાડમાસના માનવની શું વિસાત? માનવીની ઔકાત રજૂ કરતી એક કાફી જોઈએ. દર્પણ તરીકે કામ કરતી આ કાફીના શબ્દો છે:

*એ ભંધા લે ફિકર; રખ ડર તું ધીલ અંધર,*
*રાવણ જેડા રૂડી રેઆ; સે નાંએ ઠેકાણું કર. અયે.*
*ક્યાંથી આવે ને કિડા વિંએતો; તેંજો વિચાર કર,*
*ગંધે પાણીજી પેધાસ તોજી; ઈ આય તોજો ઘર. અયે*
*કુડા કમ કરેમેં નવરો; નાંએ ધણીજો ડર,*
*જડેં પુછાંધે હિસાબ તોકે; ઈડાઢો અવસર. અયે.*
*તોજો મુંજો કરે કરે ને; પાપ પોટલા ભર,*
*નાંએ કરેજા કમ તો કરીએં; પાપી પુરા ખર. અયે.*
*બંધગીમેં ત બરો અચેતો; વરિ અચે નંધર,*
*જોડા જમજા જડેં લગધા; તડેં પોંધી ખબર. અયે.*
*લખુ ડનેસેં જુડે ન માડુ; ઈડેહ પાંઈજે ઘર,*
*પાણી પૂર વિંઆંઇયેં અંધા; એડો ભે કધર. અયે.*
*ધોરો મોં ગિનીને જાણે; વિંઆં ધણીજે ઘર,*
*અંબા ભરોસે વિસનજી ચેતો; સાધુ સેવા કર. અયે.*

સમૃદ્ધ એટલે? ઘરબાર, ધનવર્ષા વૈભવ? ના. સાચા સંબંધોની પારસમણી. સત્કર્મો થકી ઊભા થયેલા સંબંધો જેના જેટલા વધુ તે વ્યક્તિ એટલી જ સમૃદ્ધ. આજકાલ અભદ્ર કૃત્યોને કરવામાં યુવાઓ પોતાની જાતને સ્માર્ટનેસ અને બોલ્ડનેસ તરીકે બતાવે છે. સીનસપાટા, ધુમ્રપાન, પરિજનોની વાતનો અનાદર અને ઉદ્દેશ્યવિહીન ઉમર વિતાવતો યુવા પોતાને અવનતિની દિશામાં જોતરી દે છે. તો આ માટે આખું ઉઘાડતી એક કચ્છી કાફી આ સંદર્ભે માણીએ.

*વાવારે ભન્યો ખેલ ખાસો, નટડી ધુનિયાજો તમાસો.*
*અનિતિસેં ધન ભેરો કરીંતા, લોઇ માંસજો પાસો,*
*હથ ફેરેને હલ્યા વેંધા, જડેં ઇંધો કાલજો ફાંસો.*
*ટીલા ટબકા ખૂબ કરેને; મનકેં ડીન ધીલાસો,*
*કુત્તા નાંએ ઇતતિર થજા; હકડી હાણ બેઓ હાંસો. વાવારે.*
*કુડી રાંધમે મચ્ચા રેંતા; ભેઠ બધીને હુલાસો,*
*રામજે નાંજો સોં ખણેતા; જીંધગી પાણી પતાસો. વાવારે.*
*મોહ જંજાલ વિસનજી છડેને; કર ગુરુ ઘર વાસો,*
*ખત ચોરાસી ફાટી વેંધો; થીંધો હક્કમેં ખુલાસો. વાવારે.*

અંતે, મનુષ્યનું જીવન કેવું હોવું જોઈએ? તેનો જવાબ આપશે અન્ય એક કાફી. સદ્વ્યવહાર, સદાચાર અને શિષ્ટાચારની વાત રજૂ કરતી કચ્છી કાફી સૌને માટે,

### દોહરો

*રાતજો વેલો સુમિરે, વેલો ઉથિયે વીર;*
*બર બુધી અને ધન વધે, સુખમેં રહે સરીર.*
*મિઠડારે આંકે સચી જ ચાંતોડે આઉં એ રાગમાં.*
*પેલા પરોડમેં ઉથી કરેને, આંઈ રામકે રટ્યો વલાઉં, મિઠડા રે આંકે...*
*માપેજી આંઈ સેવાજ કજા; નકાં પોય પાઈધા ધાંઉં,*
*ઇનીંજો ઉપકાર આય આંતે; આંઇ ભુલી મ વેજા ભાઉં, મિઠડારે આંકે...*
*કેં સેં પણ આંઈ કજીઓ મ કજા; આંઈ દુઃખ મ ડીજા જરાઉં,*
*કુટુંભમેં પણ કલેસ મ કજા; આંઈ વેર મ કજા વલાંઉં, મિઠડા રે આંકે...*
*પોય પાછો આંઈ ખ્યાલજ કજા; કુરો કેણું આય પાઉં?*
*ધુનિયામેં પણ ધોસ્તી રખજા; આંઈ વેર મ કજા વલાંઉં, મિઠડા રે આંકે...*
*જેડો વખત તેડો વિચારજ રખજા; ઇવ્યો ત ન ઈ પાંઉં,*
*નારણજી હી સચ્ચો..સુણાયો; આંઇ ખોટી મ કજા ગિલાઉં, મિઠડા રે આંકે...*

ભજનો, કવિતા, સંગર, લોકગીત, સલોકા, પિરુલિ, બાવની, કહેવતો અને બીજું તે કેટલું બધું,..! આ તમામ સર્જનોએ કચ્છી ભાષાને ઊંચાઇ બક્ષી છે. કચ્છી સાહિત્યનું અમીયલ સ્વરૂપ છે કાફીઓ. તેની મજા જુઓ કે લખપતમાં જેનો કુબો છે તેવા પીર ગૌશ મોહમ્મદે વિષ્ણુ અવતાર શ્રીકૃષ્ણ પર પોતાને કૃષ્ણદાસ ગણાવી 'કચ્છી કાફી'ઓ આપી છે. તેમનું જેવું કલામય આરામગાહ છે એવી જ રસમય કાફીઓ છે, આ કંઠસ્થ સાહિત્ય કાળના પ્રવાહમાં ગર્ત થાય એ પહેલા દુલેરાય કારાણીનો સાહિત્ય વૈભવ ગ્રંથે તેને સંગ્રહિત કરી લીધું છે. તેના સાભાર સાથે ફરી બીજા એપિસોડમાં કોમી એકતાના એ મિસાલને નિહાળીશું.

# ટ્રમ્પનું વેરા કપાતનું બિલ પસાર થવાની સાથે ટૅરિફનો અમલ નજીક આવતા પુનઃ સોનામાં તેજીનો સંચાર

ગત ગુરુવારે અમેરિકી કૉંગ્રેસમાં પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનું વેરામાં જંગી માત્રામાં કપાત અને ખર્ચ અંગેનું બિગ બ્યુટીફૂલ બિલ પસાર થઈ જતાં અમેરિકાના દેવામાં વધારો થવાની ભીતિ સપાટી પર આવતા ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હતું. તેમ જ આગામી નવમી જુલાઈથી અમેરિકી ટૅરિફનો અમલ શરૂ થશે કે પછી ફરી મુદતમાં વધારો કરવામાં આવશે તેની અનિશ્ચિતતા વચ્ચે વૈશ્વિક બજારમાં સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું અને ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧.૯ ટકા જેટલો વધારો નોંધાયો હતો.

એકંદરે ગત સપ્તાહના અંતે અમેરિકાના જાહેર થયેલા જોબ ડેટા અનપેક્ષિતપણે મજબૂત આવ્યા હતા અર્થાત્ રોજગારીમાં નોંધપાત્ર ઉમેરો થયો હતો. જોકે, આ વૃદ્ધિમાં સરકારી ક્ષેત્રોમાં રોજગાર વૃદ્ધિ વધુ હતી, જ્યારે ખાનગી ક્ષેત્રમાં આઠ મહિનાનો સૌથી ઓછો વધારો થયો હોવાથી આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર આવતા સોનાના સુધારાને વધુ ટેકો મળ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહ દરમિયાન સોનામાં તેજીનું વલણ જોવા મળ્યું હતું. જોકે, ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવા છતાં પ્રવર્તમાન ચોમાસાની મોસમ, લગ્નસરાની પૂરી થયેલી મોસમ અને નજીકના ભવિષ્યમાં કોઈ સપરમાં દહાડા ન હોવાથી એકંદરે સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ સુસ્ત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું કે સપ્તાહ દરમિયાન માત્ર છૂટીછવાઈ રોકાણલક્ષી માગ જ જોવા મળી હતી.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૭મી જૂનના રૂ. ૯૫,૭૮૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫,૯૫૧ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૯૫,૮૮૬ અને ઉપરમાં રૂ. ૯૭,૪૮૦ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૩૭ અથવા તો ૧.૨૯ ટકા વધીને રૂ. ૯૭,૦૨૧ની સપાટીએ બંધ રહ્યા હતા. જોકે, ગત સપ્તાહ દરમિયાન સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરો ઘટવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એકંદરે ગત



સપ્તાહે અમેરિકાની રાજકોષીય ખાધની ચિંતા સપાટી પર આવવાની સાથે ટૅરિફની અનિશ્ચિતતાનો ઉમેરો થતાં સોનાને સલામતી માટેની માગનો ટેકો મળ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત ગુરુવારે અમેરિકી હાઉસે ટ્રમ્પના મોટી માત્રામાં વેરા કપાતના અને ખર્ચ અંગેના બિલને પસાર કર્યું હતું. આ બિલ પસાર થવાથી આગામી દાયકામાં અમેરિકાની રાજકોષીય ખાધમાં ત્રણ ટ્રિલિયન ડૉલરનો વધારો થવાની શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. વધુમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ટૅરિફ અંગે જણાવ્યું હતું કે વેપારી ભાગીદાર દેશોને પત્ર મારફતે ટૅરિફની જાણ કરવામાં આ રહી છે. જોકે, ગત સપ્તાહે અમેરિકામાં જૂન મહિનામાં રોજગારીમાં ૧,૪૭,૦૦૦નો ઉમેરો થયો હતો અને બેરોજગારીનો દર ૪.૧ ટકાના સ્તરે રહ્યો હતો. આમ એકંદરે જોબ ડેટા મજબૂત આવ્યા હોવાથી સોનામાં તેજી મર્યાદિત રહી હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે હાલની ફુગાવા અને બેરોજગારીની સ્થિતિને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ વ્યાજદર જાળવી રાખે તેમ જણાય છે. વધુમાં ગત જૂન મહિનામાં અમેરિકાનાં જાહેર થયેલા સર્વિસીસ ડેટાને ધ્યાનમાં લેતા નવાં ઓર્ડરોમાં બાઉન્સબૅક જોવા મળ્યું હોવા છતાં સર્વિસીસ ક્ષેત્રે રોજગારીમાં આ વર્ષમાં અત્યાર સુધીમાં ત્રીજી વખત ઘટાડો નોંધાયો છે.

વધુમાં અત્યાર સુધીમાં અમેરિકાની માત્ર ત્રણ ટ્રેડ ડીલ થઈ છે જેમાં બ્રિટન, ચીન અને તાજેતરમાં થયેલી વિયેટનામ સાથેની ડીલનો સમાવેશ થાય છે. ભારત સાથે વાટાઘાટો થઈ રહી છે, જ્યારે દક્ષિણ કોરિયા અને જાપાન સાથેની વાટાઘાટો અટકી હોવાના અહેવાલ છે. વધુમાં યુરોપિયન યુનિયન નવમી જુલાઈ પહેલા ટ્રેડ ડીલ થઈ જવાનો લક્ષ્યાંક રાખે છે, પરંતુ સાથે સાથે કોઈપણ ટૅરિફની રાહતનો અમલ તાત્કાલિક ધોરણે થાય તેના પર તેઓ ભાર મૂકી રહ્યા છે. જોકે, હવે બજારની નજર આગામી નવમી જુલાઈથી ટૅરિફનો અમલ થશે કે નહીં તેની સ્પષ્ટતા માટે વાણિજ્ય વિભાગ તરફની જાહેરાત પર સ્થિર થઈ હોવાનું વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૩૩૦૦થી ૩૫૫૦ ડૉલર આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૪,૯૦૦થી ૯૮,૯૦૦ની રેન્જમાં રહેવાની ધારણા મુકાઈ રહી છે. દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનામાં સલામતી માટેની માગને ટેકે હાજરમાં ભાવ આગલા બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૩૩૬.૩૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૧ ટકા વધીને ૩૩૪૬.૬૦ ડૉલર આસપાસ રહ્યા હતા. વાસ્તવમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનું ટૅક્સ કટ બિલ પસાર થવાની સાથે ટૅરિફના અમલની તારીખ નજીક આવી રહી હોવાથી સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળ્યો હોવાનું એક્ટિવ ટ્રેડ્સનાં વિશ્લેષક રિકાર્ડો ઈવાન્ગેલિસ્ટાએ જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકી વહીવટીતંત્રએ વ્યક્તિગત ધોરણે ટ્રેડ ડીલની નીતિમાં ફેરફાર કરીને વેપારી ભાગીદાર દેશોને ટૅરિફ અંગે પત્ર લખવાનું શરૂ કર્યું છે. નોંધનીય બાબત એ છે કે ગત બીજી એપ્રિલના રોજ અમેરિકાએ ૧૦થી ૫૦ ટકા સુધીના રેસિપ્રોકલ ટૅરિફની જાહેરાત કરી હતી, પરંતુ ત્યાર બાદ ટૅરિફ ઘટાડીને ૧૦ ટકા કરવાની સાથે મુદત નવમી જુલાઈ સુધી લંબાવી હતી. એકંદરે અમેરિકાના પે રૉલ ડેટા જોતા અર્થતંત્ર નબળું પડી રહ્યું હોવાનું જણાય છે, પરંતુ સ્થગિત ન થયું હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ પર નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં કપાતનું દબાણ હળવું રહેશે, એમ યુબીએસના વિશ્લેષકે જણાવ્યું હતું.

# રમકડાંના ઉત્પાદનને પ્રોત્સાહન આપતી સ્કીમ ટૂંક સમયમાંઃ પીયૂષ ગોયલ

નવી દિલ્હીઃ દેશમાં રમકડાંના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવતી સ્કીમને સ્થાનિક ઉદ્યોગ સાથે સલાહમસલત થયા બાદ અંતિમ ઓપ આપવામાં આવશે, જેના થકી દેશમાં ઉત્પાદન વધવાની સાથે સાથે નિકાસને પણ પ્રોત્સાહન મળશે, એમ વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે તાજેતરમાં જણાવ્યું હતું. અત્રે ટોય એસોસિયેશન ઑફ ઈન્ડિયા (ટાઈ) દ્વારા યોજાયેલ બિઝનૅસ ઈન્ટરનેશનલ બી ટૂ બી એક્સપો ૨૦૨૫ના ઉદ્ઘાટન પ્રસંગે ગોયલે જણાવ્યું હતું કે રમકડાંના ઉત્પાદન માટે અમે ટૂંક સમયમાં એક સ્કીમ લાવી રહ્યા છીએ.

જોકે, સરકારના આગામી સહાયક પગલાંઓ નિકાસ પ્રોત્સાહનરૂપે નહીં હોય, પરંતુ ઉત્પાદન તથા રોજગાર વૃદ્ધિલક્ષી પગલાં હશે. વધુમાં તેમણે સ્કીમ સમજાવતા કહ્યું હતું કે આ સ્કીમનો મુખ્ય હેતુ ભારતીય રમકડાં ઉત્પાદકોને ડિઝાઈનની વૈવિધ્યતાની ક્ષમતા, ઉત્પાદનની ગુણવત્તા સાથે પેકેજિંગ અને બ્રાન્ડ બનાવવાની ક્ષમતામાં વધારા સાથે વૈશ્વિક કક્ષાનાં રમકડાં ઉત્પાદકો તરીકે આગળ લાવવાનો છે. એક સમય એવો હતો જ્યારે ભારતીય રમકડાં ઉદ્યોગ આયાત નિર્ભર હતો, હવે માત્ર સ્થાનિકમાં ઉત્પાદન જ નથી થતું, પરંતુ વિશ્વના ૧૫૩ દેશોમાં નિકાસ પણ કરીએ છીએ, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે આ બદલાવ સતત નીતિવિષયક ટેકા, ગુણવત્તા અંગેના ધોરણોનો અમલ અને સ્થાનિકમાં ઉત્પાદકોના ક્લસ્ટરને મજબૂત બનાવવા જેવાં પગલાંઓને આભારી છે. ક્વૉલિટી કન્ટ્રોલ ઓર્ડરનો અમલ થતાં દેશમાં ક્વૉલિટી અંગેની જાગરૂકતા આવી અને તેને કારણે સ્થાનિક રમકડાં ઉત્પાદકો વૈશ્વિક બૅન્ચમાર્ક હાંસલ કરી શક્યા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે ભારતની ૧.૪ અબજની વસતી વિશાળ બજાર પૂરું પાડે છે, જે ઉત્પાદન વૃદ્ધિ માટે કુદરતી પ્રોત્સાહિત કરે છે. વિશાળ વૈશ્વિક બજાર હાંસલ કરવા માટે ગોયલે ઉદ્યોગને સારા બ્રાન્ડિંગ પર, આકર્ષક પેકેજિંગ પર અને ઉત્પાદનની ડિઝાઈનની શ્રેષ્ઠતા પર ભાર મૂકવા જણાવતા ઉમેર્યું હતું કે જો આ ત્રણ પરિબળો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય રમકડાંઓ સારુ કાંઠું કાઢે તેમ છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે રમકડાં ઉત્પાદનમાં સંશોધનાત્મક વિકાસ કરી રહેલા સ્ટાર્ટઅપ્સને પ્રધાનમંત્રી મુદ્રા યોજના તરફથી નોંધપાત્ર ટેકો મળી રહ્યો છે. આ સિવાય પ્લેગ્રો ટોય્ઝ ઈન્ડિયાનાં પ્રમોટર મનુ ગુપ્તાએ જણાવ્યું હતું કે ભારતીય રમકડાંની નિકાસમાં વધારો કરવાની પ્રચૂર તકો છે.

તે જ પ્રમાણે ગ્રેટર નોઈડા સ્થિત લિટલ જિનિયસ ટોય્સ પ્રા. લિ.નાં સીઈઓ કુમાર ગૌતમે જણાવ્યું હતું કે અમારા ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને તેમાં પણ લાકડાંના શૈક્ષણિક રમકડાં અથવા તો સોફ્ટ ટોયઝની સારી માગ જોવા મળી રહી છે.

# વિદેશી હૂંડિયામણની અનામત ૪.૮૪ અબજ ડૉલર વધી

મુંબઈઃ ગત ૨૭મી જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૪.૮૪ અબજ ડૉલર વધીને ૭૦૨.૭૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૧.૦૧ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૯૭.૯૩ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

અત્રે નોંધનીય બાબત એ છે કે અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ રહી હતી. જોકે, ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા સમયાંતરે ડૉલરમાં વેચવાલીનું દબાણ રહેતાં અનામતમાં ઘટાડો થતો રહ્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી



અસ્કયામતો ૫.૭૫ અબજ ડૉલર વધીને ૫૯૪.૮૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવા અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧૫.૮ કરોડ ડૉલર વધીને ૧૮.૮૩ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧૭.૬ કરોડ ડૉલર વધીને ૪.૬૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

જોકે, સપ્તાહ દરમિયાન માત્ર સોનાની અનામત ૧.૨૩ અબજ ડૉલરના ઘટાડા સાથે ૮૪.૫ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

# ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીએ ₹ ૧૭ તૂટ્યા, અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે ટીન સિવાયની તમામ ધાતુઓમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર કિલોદીઠ રૂ. એકથી બેની વધઘટ જોવા મળી હતી. જોકે, આજે ટીનમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ વધુ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૭નો ઘટાડો આવ્યો હતો.

ગઈકાલે ટીનમાં કિલોદીઠ રૂ. ૧૪નો ઉછાળો આવ્યા બાદ આજે વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ વધ્યું હતું. તેમ જ ઊંચા મથાળેથી વપરાશકાર ઉદ્યોગની માગ પણ મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૭ના ઘટાડા સાથે રૂ. ૨૯૩૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૮૩૭ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૮૫૯, રૂ. ૮૪૮, રૂ. ૬૦૪, રૂ. ૨૫૪ અને રૂ. ૧૮૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઔદ્યોગિક વપરાશકારો, સ્થાનિક ડીલરો અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ઝિન્ક સ્લેબ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૨૬૧ અને રૂ. ૧૩૪૦ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૭૫ અને રૂ. ૯૨૩ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૬૦ અને રૂ. ૨૧૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતા સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૯૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સપ્તાહના અંતે હાજરમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની અને નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવકો સામે સ્ટોકિસ્ટોની લેવાલી પાંખી રહી હતી. તેમ જ રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે મર્યાદિત માગ વચ્ચે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૨થી ૩૯૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૬થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. એકંદરે વર્તમાન જુલાઈ મહિના માટે સરકારે ખાંડનો ઓછો ક્વૉટા જાહેર કર્યો હોવા છતાં વેપારો આકર્ષાતા ન હોવાથી મહિના દરમિયાન સંપૂર્ણ ક્વૉટાનું વેચાણ થઈ જવાની ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૧૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



# પાંખાં કામકાજે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ



મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે આંતરરાષ્ટ્રીય બજારોના અહેવાલોની ગેરહાજરી તેમ જ સપ્તાહના અંતને કારણે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત પાંખાં રહ્યાં હોવાથી હાજર ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે માત્ર રવાનગીના છૂટાછવાયાં કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૪૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦, પતંજલિ ફૂડ્સના જેએનપીટી બંદરથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૯૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૫ તથા નવભારતના આરબીડી પામોલિનના રૂ.૧૧૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે ગુજરાતમાં ગોંડલની મંડીમાં બે હજાર ગૂણી તથા રાજકોટની મંડીમાં બે હજાર ગૂણી મળી કુલ ૪૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૧૦માં અને રૂ. ૧૦૦૦થી ૧૧૬૦માં થયાના અહેવાલ હતા.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સિંગતેલના રૂ. ૧૪૧૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૭૫માં થયા હતા.

# ખાંડ ક્ષેત્રમાં ઉદ્યોગનું કદ વધીને ₹ ૧.૩ લાખ કરોડનું થયુંઃ પ્રલ્હાદ જોશી

નવી દિલ્હીઃ દેશમાં ખાંડ ક્ષેત્રમાં ઉદ્યોગનું કદ વધીને રૂ. ૧.૩ લાખ કરોડનું થયું છે. તેમ જ આ ક્ષેત્ર ગ્રામીણ સમૃદ્ધિ અને દેશની ઊર્જા સલામતીને પણ આગળ ધપાવી રહ્યું હોવાનું કેન્દ્રીય અનાજ ખાતાના પ્રધાન પ્રલ્હાદ જોશીએ તાજેતરમાં જણાવ્યું હતું.

અત્રે નકો ઑપરેટિવ સુગર ઈન્ડસ્ટ્રીઝ કોન્ક્લેવ અને નેશનલ એફિસિયન્સી એવૉર્ડ સેરેમની ૨૦૨૫'ને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ ભારતીય ખાંડ ક્ષેત્રનું કદ વધીને વાર્ષિક રૂ. ૧.૩ લાખ કરોડની સપાટીએ પહોંચ્યું છે અને આ ક્ષેત્ર ઈથેનોલ બ્લન્ડિંગ અને ઈંધણમાં આત્મનિર્ભરતા જેવા સુધારાઓ સાથે ગ્રામીણ સમૃદ્ધિ અને ઊર્જા સલામતીને આગળ ધપાવી રહ્યું છે. આ ક્ષેત્રનો વિકાસ ભારત માટે ટકાઉ અને આત્મનિર્ભર ભવિષ્યને કેવી રીતે આકાર આપી રહ્યો છે તે જોવું પ્રેરણાદાયક છે.

નોંધનીય બાબત એ છે કે આ કાર્યક્રમનું આયોજન નેશનલ ફેડરેશન ઑફ કો ઑપરેટિવ સુગર ફેક્ટરીઝ લિ. દ્વારા કરવામાં આવ્યું હતું. જેની સ્થાપના વર્ષ ૧૯૬૦માં થઈ હતી અને દેશભરમાં તેના સભ્યો પથરાયેલા છે. તેનો મુખ્ય ઉદ્દેશ દેશની સહકારી ખાંડ મિલોને ચેતનવંતી રાખવાનો છે. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં ૧૧ વર્ષમાં સરકારના સાનુકૂળ નીતિવિષયક પગલાંઓને કારણે દેશની ઈથેનોલની ઉત્પાદન ક્ષમતાં ચાર ગણી વધીને વર્ષે ૧૮૧૦ કરોડ લિટરની થઈ હોવાનું એક વરિષ્ઠ અધિકારીએ જણાવતા ઉમેર્યું હતું કે ઈથેનોલની ઉત્પાદન ક્ષમતા વધતાં હવે પેટ્રોલમાં ઈથેનોલની ભેળવણીની ટકાવારી જે વર્ષ ૨૦૧૩માં ૧.૫૩ ટકા હતી તે વધીને ૧૯ ટકાના સ્તરે પહોંચી છે. આથી દેશની અંદાજે રૂ. ૧.૧૦ લાખ કરોડના વિદેશી હૂંડિયામણની બચત થવાની સાથે શેરડીના ખેડૂતોને પણ તેનો લાભ મળ્યો છે.

# છ દેશોથી આયાત થતાં પૉલિઈથિલિન પર એન્ટિ ડમ્પિંગ તપાસ

નવી દિલ્હીઃ વાણિજ્ય મંત્રાલય હેઠળના એકમ ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ દ્વારા કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ્સ એસોસિયેશન ઑફ ઈન્ડિયાની ફરિયાદને ધ્યાનમાં લેતાં કુવૈત, મલયેશિયા, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને યુએઈથી આયાત થતાં પૉલિઈથિલિનની એન્ટિ ડમ્પિંગ તપાસ હાથ ધરી છે. અરજદારે આક્ષેપ કર્યો છે કે આ દેશોથી ડમ્પ થઈ રહેલા લિનિયર-ડેન્સિટી પૉલિઈથિલિન (એલએલડીપીઈ) થી સ્થાનિક ઉદ્યોગ પર માઠી અસર પડી રહી છે. નોંધનીય બાબત એ છે કે એલએલડીપીઈનો ઉપયોગ મુખ્યત્વે પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઉદ્યોગમાં કાચા માલ તરીકેથી લઈને પેકેજિંગ ફિલ્મ, પ્રોફાઈલ, વાયર અને કેબલમાં થતો હોય છે.

ડીજીટીઆરના નોટિફિકેશન અનુસાર અરજદારે આયાતી માલના ડમ્પિંગને કારણે સ્થાનિક ઉદ્યોગને થયેલા નુકસાન અંગેના પર્યાપ્ત પુરાવાઓ આપ્યા છે અને ઑથૉરિટીએ એન્ટિ ડમ્પિંગ તપાસ હાથ ધરી છે જેથી ઉદ્યોગને થયેલી નુકસાનીની આકારણી કરી શકાય.

જો તપાસના અંતે સ્થાનિક ઉદ્યોગના હિત નોંધપાત્ર સ્તરે જોખમાઈ રહ્યાં હોવાનું ફલિત થશે તો ડીજીટીઆર દ્વારા એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવાની ભલામણ કરવામાં આવશે. જોકે, ડ્યૂટી લાદવા અંગેનો અંતિમ નિર્ણય નાણાં મંત્રાલય દ્વારા લેવામાં આવતો હોય છે.



વિસાવદરના નવા ચૂંટાયેલા ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાની ભવ્ય વિજય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટમાં મવડી ચોકડીથી રૈયા રોડ સુધી યોજાયેલી આ યાત્રામાં આપના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઇસુદાન ગઢવી પણ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર– પ્રવિણ સેદાણી, રાજકોટ)

# પોરબંદરમાં બે દિવસથી વરસાદનો કેરઃ શહેર-જિલ્લામાં બે થી ચાર ઈંચ વરસાદ ખાબક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોરબંદર શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી સતત વરસાદ વરસી રહ્યો છે. શુક્રવારે ૨-૩ ઈંચ વરસાદ નોંધાયા બાદ શનિવારે સવારથી જ ધોધમાર વરસાદ પડ્યો હતો. શહેરમાં બે ઈંચ વરસાદને કારણે હોસ્પિટલના પીએમ રૂમ નજીક, ચોપાટી, વિલા સર્કિટ હાઉસ નજીક, રાજીવનગર અને બોખીરા વિસ્તારમાં પાણી ભરાયાં હતાં. વિલા સર્કિટ હાઉસ પાસે પાણી ભરાતા પોરબંદર મ્યુનિસિપલ કોર્પોરેશને પાણીના નિકાલની કામગીરી શરૂ કરી છે.

જિલ્લાની વાત કરીએ તો રાણાવાવ તાલુકામાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો. બરડા પંથકના કુણવદર, બગવદર, ખાંભોદર, રામવાવ, ભેટકડી અને શિંગડા સહિતનાં ગામોમાં ૩-૪ ઈંચ વરસાદ પડ્યો હતો. આ વિસ્તારોમાં ચારે તરફ પાણી જ પાણી જોવા મળી રહ્યા છે.

સતત વરસાદને કારણે અડવાણા નજીકનો સોરઠી ડેમ છલકાવાની તૈયારીમાં છે. બરડા પંથકમાં નદીઓ, તળાવો અને વોકળા છલકાઈ ગયાં છે. આ પરિસ્થિતિથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ■

# રાજકોટમાં પાણી ભરાતા હોય તેવા સ્થળે સીસીટીવીથી નજર રખાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં હજુ માત્ર ૧૬ ઇંચ વરસાદ નોંધાયો છે, ત્યારે શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ, માધાપર ચોકડી, ગ્રીનલેન્ડ ચોકડી, ગોંડલ ચોકડી, પરસાણા ચોક અને વાવડી સહિતના વિસ્તારોમાં મસ મોટા ખાડા જોવા મળી રહ્યા છે. રાજકોટ જેવા સ્માર્ટ સિટીમાં ઠેર ઠેર જોવા મળતા આ ખાડાઓ અને ક્યારેક નવનિર્મિત સ્પીડ બ્રેકર વરસાદી પાણીમાં તણાયા હોવાના દ્રશ્યો સામે આવતા મનપાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી ગઈ હતી.

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરાનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, રોડ રસ્તાને લઈ લોકોને અગવડ ન પડે તે માટે અધિકારીને તાત્કાલિક અસરથી કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. ગુરુવારના રોજ માત્ર ચાર ઇંચ વરસાદ પડતા જ રાજકોટ શહેર પાણીમાં ગરકાવ થઈ ગયું હતું, ત્યારે વરસાદી પાણીના નિકાલ અંગે પણ સૂચના આપવામાં આવી હોવાનું કમિશનરે જણાવ્યું હતું. શહેરમાં વિવિધ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણી પર હવે કમાન્ડ એન્ડ કંટ્રોલના સીસીટીવીથી પણ નજર રખાશે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે કમિટીની મીટિંગમાં અધિકારીઓને ફિલ્ડમાં રહેવા સૂચના આપી હતી.

કમિશનર તુષાર સુમેરાએ પણ વોર્ડથી માંડી ઝોન કક્ષાના અધિકારીઓને ચાલુ વરસાદે વિસ્તારોમાં ફરવા અને ઓફિસમાં ન બેસવા સૂચના આપી હતી. આ પ્રયાસથી વરસાદ વચ્ચે પ્રશ્નોના શક્ય હોય ત્યાં સુધી ઓન રોડ જ ઉકેલ આવે તેવી વ્યવસ્થા ગોઠવવાનો હેતુ છે. ડેપ્યુટી કલેક્ટર કીર્તન રાઠોડ દ્વારા વોર્ડ નંબર ૭-અમાં સફાઈ કામદારો સાથે મીટિંગ કરવામાં આવી હતી. બાંધકામ, ડ્રેનેજ, ગાર્ડન અને મેલેરિયા વિભાગની હાજરીમાં સફાઈ અને નાના મોટા પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ કરવા સૂચના આપી હતી. ■

# સૌરાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૪૦ ટકા વરસાદઃ ૮૦ ટકા વાવેતર થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યમાં ચોમાસાએ જમાવટ કરી છે. સૌરાષ્ટ્રમાં ૪૦ ટકા અને રાજ્યમાં એકંદરે ૩૯ ટકા વરસાદ વરસી ગયો છે અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં જળસંગ્રહ વધીને ૫૮ ટકાએ પહોંચ્યો છે. સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં આ વર્ષે વહેલી વાવણીથી અત્યાર સુધીમાં ૮૦ ટકા વાવણી થઈ ગઈ છે.

મળતી વિગત પ્રમાણે, સૌરાષ્ટ્રમાં સિઝનના સરેરાશ ૩૦ ઈંચ સામે ૧૨ ઈંચ એટલે કે ૪૦ ટકા વરસાદ વરસી ગયો છે. કુલ ૧૪૧ ડેમોમાં ૫૭.૫૭ ટકા એટલે કે ૫૨૬૨૨ એમસીજીટી જળસંગ્રહ થયો છે જે ગત વર્ષ કરતા ૩૦,૦૦૦ એમસીજીટી વધારે છે. ઉપરાંત હાલ ૧૨ ડેમો ઓવરફ્લો થયા છે અને ખરીફ ઋતુમાં ગત વર્ષે સૌરાષ્ટ્રમાં ઓક્ટોબર સુધીમાં ૩૭.૮૫ લાખ હેક્ટરમાં વાવેતર થયું હતું, આ વર્ષે ૩૦ લાખથી વધુ હેક્ટર જમીનમાં બીજ રોપાઈ જવા સાથે માત્ર ૨૦ ટકા વાવણી બાકી રહી છે.

અત્યાર સુધીમાં રાજકોટ જિલ્લામાં છ ઈંચથી વધુ વરસાદ પડી ગયો છે અને તેના કારણે ૮૭ ટકાથી વધારે વાવેતરની કામગીરી પૂરી કરી દેવામાં આવી છે. ચાલુ વર્ષે રાજકોટ જિલ્લામાં સૌથી વધુ મગફળીનું ૩,૦૧,૩૮૨ હેક્ટર, કપાસનું ૧,૧૬,૯૯૪ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે. તાલુકાની દ્રષ્ટિએ મગફળીમાં ગોંડલ, જસદણમાં વધુ વાવેતર કરવામાં આવ્યું છે. જ્યારે કપાસમાં ગોંડલ, રાજકોટ તાલુકાનો સમાવેશ થાય છે. સૌથી ઓછું વાવેતર મઠનું એક હેક્ટર એક માત્ર જસદણમાં, રાજકોટ તાલુકામાં મકાઈનું ૧૬ હેક્ટર, વિંછીયામાં દિવેલાનું ૩૪ હેક્ટરમાં, જેતપુરમાં ૯૦ હેક્ટરમાં ડુંગળી અને પડધરીમાં ૩૦ હેક્ટરમાં શેરડીનું વાવેતર થયું છે. જ્યારે જેતપુરમાં ૧૨૦ હેક્ટર અને ઉપલેટામાં ૩૫ હેક્ટર મળી કુલ ૧૫૫ હેક્ટરમાં મરચી, પડધરીમાં ૭૦ હેક્ટર અને વિંછીયામાં ૧૦૧ હેક્ટર મળી કુલ ૧૭૧ હેક્ટરમાં બાજરીનું વાવેતર કરવામાં આવ્યું છે. ભાવનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૩,૩૧,૬૫૬ હેક્ટર જમીનમાં વાવેતર થયું છે. આ વાવેતર પૈકી ૫૬ ટકાથી વધુ જમીનમાં માત્ર કપાસની જ વાવણી કરવામાં આવી છે. તો ૧,૦૪,૨૧૬ હેક્ટરમાં મગફળીનું વાવેતર કરાયું છે તેમ ખેતીવાડી વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. ■

# મહુવા માર્કેટ યાર્ડમાં સફેદ ડુંગળીના ભાવ વધતાં ખેડૂતો ખુશ થયા

અમદાવાદઃ ભાવનગર જિલ્લાના મહુવા માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો પોતાની વિવિધ જણસી લઈને વેચાણ માટે આવ્યા હતા. ખેડૂતોને સારા ભાવ મળતા ખુશ થઈ ગયા હતા. મહુવા માર્કેટિંગ યાર્ડમાં છેલ્લા ઘણા સમયથી લાલ તેમજ સફેદ ડુંગળીની પણ આવક નોંધાઈ રહી છે. યાર્ડમાં થયેલી હરાજીમાં લાલ ડુંગળીના ભાવ ૧૦૪ રૂપિયાથી લઈને ૩૦૫ રૂપિયા સુધી રહ્યા હતા. ૭,૫૩૨ કટ્ટા લાલ ડુંગળીનું વેચાણ કરવામાં આવ્યું હતું. માર્કેટિંગ યાર્ડમાં ડુંગળી સફેદ ૧૪૫ રૂપિયાથી લઈને ૨૬૮ રૂપિયા સુધી રહ્યા હતા. શુક્રવારની સરખામણીએ તેના ભાવમાં ૬ રૂપિયાનો વધારો નોંધાયો હતો. ૮,૦૯૨ કટ્ટા સફેદ ડુંગળીનું વેચાણ કરવામાં આવ્યું હતું. મહુવા માર્કેટિંગ યાર્ડ ખાતે બાજરીની પણ ૩૨૧ કટ્ટાની આવક નોંધાઈ હતી, તેના ભાવ ૩૪૧ રૂપિયાથી લઈને ૫૭૬ રૂપિયા સુધી રહ્યા હતા. સોયાબીનના ૧ કટ્ટાની આવક નોંધાઈ હતી, જેના ભાવ ૭૫૪ રૂપિયા સુધી રહ્યા હતા. એરંડાની પણ ૧ કટ્ટાની આવક નોંધાઈ હતી તેના ભાવ ૧,૨૧૦ રૂપિયા સુધી રહ્યા હતા. સફેદ તલના ભાવ ૧૩૩૫ રૂપિયાથી લઈને ૧,૯૯૩ સુધી રહ્યા હતા. કાળા તલની પણ આવક નોંધાઈ હતી, તેના ભાવ ૧,૮૦૦ રૂપિયાથી ૩૧૭૨ રૂપિયા સુધી રહ્યા હતા. ૮૧૮ કટ્ટા તલનું વેચાણ કરવામાં આવ્યું હતું. ચણાનો ભાવ ૧૦૮૧ રૂપિયાથી લઈને ૧,૧૧૧ રૂપિયા સુધી રહ્યો હતો. ■

# મુંદરાના ચકચારી કસ્ટોડીયલ ડેથ કેસમાં સામેલ ત્રણ આરોપીની જામીન અરજી નામંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વર્ષ ૨૦૨૧ના કચ્છના મુંદરામાં બનેલા ચકચારી કસ્ટોડિયલ ડેથ કેસમાં જિલ્લાની નામદાર અદાલતે ત્રણ આરોપી એવા તત્કાલીન પોલીસ લોકરક્ષક ગફુરજી પીરાજી ઠાકોર, તત્કાલીન પોલીસ કોન્સ્ટેબલ કપીલ અમૃતલાલ જોશી અને આરોપીઓને આશ્રય સહિતની મદદગારી કરવાના આરોપસર પકડાયેલા નરવિરસિંહ ગણપતસિંહ સરવૈયાની નિયમિત જામીન અરજી નામંજૂર કરી દીધી હતી. આ ઉપરાંત વારંવાર જામીન અરજીઓ રજૂ કરીને અદાલતનો કિંમતી સમય બગાડવા બદલ આ ત્રણેય સાહેદો જિલ્લા કાનૂની સેવા સતા મંડળ સમક્ષ બે-બે હજાર રૂપિયા જમા કરાવે તેવો આદેશ પણ કરાયો હતો.

રાષ્ટ્રીય સ્તરે ભારે ચર્ચાસ્પદ બનેલા આ કસ્ટોડિયલ ડેથ કેસમાં જામીન ઉપર મુકત થઈ ચૂકેલા ત્રણ આરોપીનો મુદો આગળ ધરીને પોતાને પણ સમાનતાના ધોરણે જામીન મળવા જોઈએ તેવી માગણી સાથે ગફુરજી ઠાકોર, કપીલ જોષી અને નરવિરસિંહ સરવૈયા માટે અદાલત સમક્ષ જામીન અરજી મુકાઈ હતી. બન્ને પક્ષની દલીલો સાંભળી સમાનતાના ધોરણે તહોમતદારો જામીનના હકકદાર ન હોવાના તારણ સાથે એડાપ્ટ ત્રણેય આરોપીઓની નિયમિત જામીનની અરજી નામંજૂર કરી હતી. સુનાવણી દરમ્યાન આરોપી પક્ષે કરાયેલી દલીલોનું ખંડન કરતી રજૂઆત સરકાર પક્ષ દ્વારા કરાઈ હતી જયારે ફરિયાદ પક્ષે પણ વાંધા લીધા હતા. ન્યાયાધીશે વારંવાર અરજીઓ સાથે આરોપીઓ બે મહિનાથી દલીલ ઉપર રહેલાં કેસને આગળ વધવા દેતા ન હોવાના તારણ સાથે આ ત્રણેય જણની જામીન અરજી નામંજુર કરવા સાથે તેઓ પ્રત્યેક બે-બે હજાર રૂપિયા જિલ્લા કાનૂની સેવા સતા મંડળ સમક્ષ જમા કરાવે તેવો આદેશ કરાયો હતો. સુનાવણીમાં સરકાર પક્ષે કેસ માટે ખાસ નિયુકત સરકારી વકીલ રાજકોટના અનિલ આર. દેસાઈ તથા ફરિયાદ પક્ષ વતી ડી.વી. ગઢવી સાથે વાય.વી. વોરા, એ.એન.મહેતા, એચ.કે. ગઢવી અને એસ.એસ. ગઢવી ઉપરાંત ચારણ ગઢવી સમાજના ભુજના તમામ ધારાશાસ્ત્રીઓ હાજર રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત જાન્યુઆરી ૨૦૨૧માં ઘરફોડ ચોરીના કથિત ગુનામાં મુંદરા પોલીસે ત્રણ ગઢવી યુવકોને ઉઠાવીને, પોલીસ મથકમાં ગોંધી રાખીને અમાનુષી અત્યાચાર ગુજારતાં બે યુવકોનું મોત નીપજ્યું હતું, એકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ મામલે તત્કાલિન પી.આઈ પઢિયાર સહિત પાંચ પોલીસ કર્મી, જીઆરડીના બે જવાનો અને સમાઘોઘાના પૂર્વ સરપંચ સહિત દસ શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. ■



જૂનાગઢમાં મોહરમના પર્વની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવે છે. મોહરમના પર્વ પર શહેરના અલગ અલગ વિસ્તારમાં કલાત્મક તાજિયાનું નિર્માણ કરવામાં આવતું હોય છે. જૂનાગઢના નવાબે ભેટમાં આપેલી ચાંદીની સેજ પડમાં આવ્યા બાદ આ તમામ તાજિયા પડ઼માં આવતા હોય છે.
(તસવીર– હરેશ સોની, જૂનાગઢ)

# આર.ટી.ઓના નામે બોગસ સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી, મોબાઈલ ફોન હેક કરીને બૅન્ક ખાતામાંથી રૂ.૩,૦૫,૭૧૬ બારોબાર ઉપાડી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ હાઇપર એક્ટિવ થયેલા સાયબર અપરાધીઓ લોકોને છેતરવા માટે અવનવા કીમિયા અપનાવતા રહે છે તેવામાં પૂર્વ કચ્છના પંચરંગી ગાંધીધામ શહેરમાં દવાઓના વિતરક એવા યુવકને આર.ટી.ઓનું ઈ-ચલણ ભરવાના નામે બોગસ સોફ્ટવેર ઇન્સ્ટોલ કરાવી, સ્માર્ટફોનને હેક કરી લઈને ૧.૪૯ લાખ રોકડા તથા ૧.૫૬ લાખની બારોબાર બનાવેલી લોન ઉપાડી લીધી હોવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવતાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

ગાંધીધામના નવી સુંદરપુરી રહેતા નવીન કાનજી સથવારાએ એ-ડિવિઝન પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૨૫-૬ રોજ તેઓને અજાણ્યા વોટ્સએપ નંબર ઉપરથી આરટીઓ ઇ-ચલણ ૫૦૦.એપીકે નામના થર્ડ પાર્ટી એપ્લિકેશનની લિંક આવી હતી. આ લિંક જોઈને આરટીઓનું ચલણ ભરવાનું બાકી હશે તેમ માનીને તેમણે એ લિંક પરનું બોગસ સોફ્ટવેર સ્માર્ટફોનમાં ઇન્સ્ટોલ કર્યું હતું, જેને ખોલતાં વેંત તેમનો મોબાઇલ ફોન હેક થઇ ગયો હતો.

જે મોબાઈલ નંબર તેમના બેંક ખાતા સાથે લીંક હતો, એ ખાતામાંથી પહેલાં રૂ.૧,૪૯,૦૦૦ બારોબાર 'ડેબિટ' થઇ ગયા હતા!. જાણબહાર તેમના ખાતામાંથી રૂ.૧,૫૬,૭૧૬ની લોન મંજૂર કરાવી કુલ રૂ. ૩,૦૫,૭૧૬ સાયબર ક્રિમિનલ દ્વારા ઉપાડી લેવાયા હતા. ગાંધીધામ એ ડિવિઝન પોલીસે આ ફરિયાદના આધારે અજ્ઞાત શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે અને કોઈ પણ થર્ડ પાર્ટી સોફ્ટવેર પોતાના મોબાઈલ ફોનમાં ઇન્સ્ટોલ ન કરવા અપીલ કરાઈ છે. ■

# ભાવનગરમાં સગીરા સાથે શારીરિક અડપલા કરનાર આરોપીના જામીન નામંજૂર

ભાવનગરઃ ૬ માસ પૂર્વે ભાવનગર શહેરની એક શાળામાં અભ્યાસ કરતી ૮ વર્ષ અને ૭ માસની સગીરા સાથે સ્કૂલમાં રિક્ષા ચલાવતા રિક્ષા ચાલકે શારીરિક અડપલા કરતા આરોપી સામે પોક્સો સહિતનો ગુનો નોંધાયો હતો. આ કામના ફરિયાદીની દિકરી સગીર વયની એક શાળામાં અભ્યાસ કરતી હોય અને આ કામના આરોપી પંકજભાઈ ચંદુભાઈ ધોળકીયા ઉ.વ.૪૪ રહે. ભરતનગર શિવનગર જૂના ત્રણ માળીયા બ્લોક નં. ૧૨/એ, રૂમ નં. ૨૨૫૪, શંકર ભગવાનના મંદીર પાસે, ભાવનગર નામના શખ્સ પણ સ્કુલમાં રિક્ષામાં બાળકોને સ્કુલે લેવા તથા મૂકવા માટેની ચલાવતો હોય અને આ કામના આરોપીની રિક્ષામાં સ્કુલે જતી હોય તે દરમ્યાન ગઈ તા. ૨૨/૩/૨૦૨૫ ના સાંજના સ્કૂલેથી ઘરે જતા હતા તે દરમ્યાન ભાવનગર શહેરના ગાયત્રીનગર વારાહી સોસાયટી પાસે રિક્ષા ઉભી રાખી સગીરા સાથે શારીરિક અડપલા કર્યા હતા. આ બનાવ અંગે ભોગ બનનાર સગીરાની માતાએ ઘોઘા રોડ પોલીસ મથકમાં આરોપી પંકજભાઈ ચંદુભાઈ ધોળકીયા સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધ્યો હતો અને આરોપીને ઝડપી લીધો હતો. આરોપીએ જેલમાંથી મુક્ત થવા માટે પોતાના વકિલ મારફતે ભાવનગરના ચોથા એ.ડી. સેશન્સ જજ સ્પે. (પોક્સો એક્ટ) જજ જે.જી. દામોદ્રાની કોર્ટ જામીન અરજી ચાલી જતા સરકારી વકીલ ગીતાબા પી. જાડેજાની અસરકારક દલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓ વિગેરે ધ્યાને રાખી આરોપીની જામીન અરજી અદાલતે ના-મંજૂર કરી ફગાવી દીધી હતી. ■

# વડોદરામાં શાળા બાદ હોટલને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી, પોલીસ દોડતી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી શાળાઓને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી રહી છે. જો કે ૫ જુલાઈ શનિવારે હોટલને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં હડકંપ મચ્યો હતો. ૫ જુલાઈની સાંજે વડોદરામાં લોર્ડ્સ રિવાઈવલ હોટલને બૉમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. જે અંગે હોટલ મેનેજર દ્વારા સયાજીગંજ પોલીસને જાણ કરાઈ હતી. ઘટનાની જાણ થતાં જ સયાજીગંજ પોલીસ સહિત બૉમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસ દ્વારા હોટલમાં રહેલા તમામ ગેસ્ટને તાત્કાલિક સુરક્ષિત બહાર લવાયા હતા. હોટલના તમામ ૪૮ રૂમની તપાસ કરાઈ હતી. જોકે તપાસ દરમિયાન કોઈપણ શંકાસ્પદ વસ્તુ ન મળી આવતા પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરામાં બે અઠવાડિયામાં દિવસમાં ચાર જેટલી શાળાઓને પણ બૉમ્બની ધમકી મળતાં દોડધામ મચી હતી.

શહેરની સમા વિસ્તારની નવરચના, ગુજરાત રિફાઇનરી શાળા, મોટનાથ રોડ પર આવેલી સિગ્નસ ઇન્ટરનેશનલ શાળા અને દિવાળીપુરા વિસ્તારની ડી.આર.અમીન શાળાને બૉમ્બની ધમકી ઈ-મેઈલમાં મળી હતી. પોલીસ અને બૉમ્બ સ્ક્વોડની ટીમ શાળાએ દોડી ગયા હતા. શુક્રવારે ૪ જુલાઈના રોજ સવારે હરણીમાં આરડીએક્સ મૂક્યો છે અને ગમે ત્યારે બ્લાસ્ટ થશે તેવી ધમકી મળી હતી. ત્યાર બાદ તમામ બાળકોને રજા આપી દેવાઈ હતી. અને તપાસ કરતાં કશું જ હાથ લાગ્યું ન હતું. શાળાને બૉમ્બની ધમકી મળતાં શાળા તેમજ વાલીઓમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વડોદરામાં એક પછી એક શાળા અને હોટલને બૉમ્બની ધમકી મળી રહી છે પરંતુ પોલીસ હજી ધમકીભર્યા ઈમેલ કરનાર સુધી પહોંચી શકી નથી. ■

# ભાવનગરના ઘોઘા અને તળાજામાં અડધાથી પોણો ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના ઘોઘા અને તળાજામાં અડધાથી પોણા ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે જેસર અને પાલિતાણામાં વરસાદના હળવા ભારે ઝાપટાં વરસી ગયા હતા.

ભાવનગર શહેરમાં દિવસ દરમિયાન છૂટાછવાયા વરસાદી ઝાપટાં વરસ્યા હતા. જ્યારે જિલ્લાના ઘોઘા અને તળાજામાં ધીમીધારે વરસાદ વરસ્યો હતો.

શનિવારે સાંજના ૬ વાગ્યા સુધીમાં ભાવનગરના ઘોઘામાં ૧૪ મિ.મી., તળાજામાં ૧૮ મિ.મી. ,પાલીતાણામાં ૪ મિ.મી. અને જેસરમાં ૩ મિ.મી .વરસાદ નોંધાયો હતો. ■




પીટી જાડેજાના સમર્થનમાં રાજકોટમાં ક્ષત્રિય સમાજની રેલી યોજાઈ હતી. ક્ષત્રિય આગેવાનોએ કલેક્ટરને આવેદન આપ્યું હતું. (તસવીર– પ્રવિણ સેદાણી, રાજકોટ)